**णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स**

**आयओ गुरुबहु माणो**

# ગુરુદેવ

## વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજા

## ગુણાનુવાદ શ્રેણિ

## યાદ આવે મોરી મા – સદ્ગુરુ – આદિ પ્રવચન ધારા

= પ્રવચનકાર ગુરૂ ભગવંતો =

ગચ્છાધિપતિ પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય રાજયશસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રી ઉદયકીર્તિસાગરસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય કલ્યાણબોધિસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય ઉદયવલ્લભસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય સંયમબોધિસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. મુનિરાજ શ્રી સંયમચંદ્રવિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી રાજપ્રેમવિજયજી મ.સા.

પ્રિયમ્

= અવતરણ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com

સંવત ૨૦૭૭

"પ્રથમ" બુધવાર. DATE 07 07 2021

# યાદ આવે મોરી "મા"

આજે ગુણાનુવાદ નથી, પણ સમગ્ર શાસ્ત્રો નો દરેક-વાત ગુણાનુવાદ છે. પ્રવચન નથી, પણ સમગ્ર શાસ્ત્રો ની દરેક વચન પ્રવચન છે.

આપણા મહાપુરુષો એ કદિ આત્મકથા-લખી નથી. આત્મકથાની વાત દૂર છે, ગ્રંથ લખ્યા પછી ગ્રંથના અંતે પ્રશસ્તિ રૂપે પોતાના સંક્ષિપ્ત વર્ણન પણ નથી લખ્યા. ઈતિહાસકારો, સંશોધકો ને ઘણી બધી ફરીયાદ છે આપણા મહાપુરુષો માટે. આત્મ-કથાની વાત ક્યાં છે, સંક્ષિપ્ત વર્ણનની વાત ક્યાં છે, ગ્રંથના અંતે ઘણા એ પોતાનું નામ પણ નથી મુક્યું. શાક્ટ શતક ગ્રંથ યાદ આવે એમાં લખ્યું છે,

लज्जंति जाणिमोहं सप्पुरिसा नियय नामगहणेण ।

સત્ પુરુષ એ જે પોતાનું નામ લેવામાં પણ શરમાય. છતા... આજે વાત કરવી છે, મોરી "મા" ની, મારી "અમ્મી"-ની, મારી "માતાની", અને જ્યારે વાત જ મોરી "મા" ની છે તો એમાં "મા" અને બાળક બંને આવવાના. આમ જુઓ તો વ્યક્તિગત વાતો આવશે, જે ધારા-છેલ્લા ત્રણ-ચાર દિવસથી ચાલ્યા કરે છે, એ સહજ રૂપે આવશે. અને દરેક બાળક પાસે પોતાની ધારા આ દિવસોમાં હોય જ. આમ જુઓ તો વ્યક્તિગત વાત છે. અને આમ જુઓ તો "મા" ની જ વાત છે. કારણકે વ્યક્તિ માં જે ગત છે, એ "મા" સિવાય બીજું કંઈ જ નથી.

એક "મા" હતી, નખશીખ "મા", ખરેખર "મા", ખુબ પરિશ્રમપૂર્વક એણે પ્રસવ-કર્યો. પ્રસવમાં પીડા ન હતી પણ પરિશ્રમ જરૂર હતો, પણ સાથે પ્રસન્નતા એટલી હતી, જેમાં પરિશ્રમ ભુલી જવાય. અપાર પ્રસન્નતા સાથે "મા" એ,

બાળક ને જન્મ આપ્યો. એ બાળકને નવડાવ્યો, ધોવડાવ્યો ધવડાવ્યો, રમાડ્યો, એ બાળકને છાતી સરસો ચાંપ્યો એ બાળકને ખોળે લીધો. એ બાળકને ખોળામાં સુવડાવ્યો. એ બાળકનું બધી જ રીતે જતન કર્યું એ બાળકને ઠપકો આપ્યો એ બાળકને તમાચો માર્યો, અને એ બાળકને ફરી તેડી પણ.

"મા" ને બાળક વગરનો, બાળક ને "મા" વગર ચાલતું નહિ. "મા" ના ખોળામાં બાળક રમતો. "મા" ના ખોળામાં બાળકને સ્વર્ગ લાગતું, અને બાળક, "મા" ને હેરાન પણ કરતો. બાળક "મા" આગળ દલીલ કરતો, "મા" આગળ ઊંચે અવાજે બોલવું, કે સામે બોલવું, ત્યાં સુધી તો બાળક ...અભાગ્યો નહતો થયો. પણ "મા" થી જુદો અભિપ્રાય આપવો, એ પણ સૂક્ષ્મ દ્રષ્ટિએ, સામે બોલવા જેવું જ હતું. "મા" ને ન ગમતું, "મા" ને ન ગમ્યું એ બાળક ને ડંખતું, પણ બાળક "મા" સાથે હંમેશા એ જ રીતે વર્ત્યો જે રીતે "મા" સાથે વર્તાય. કહેવામાં બાળક "મા" ને ગુરુ માનતો રહ્યો, ગુરુ કહે એ જ થશે,
ગુરુ કહે એ જ કરાય,
ગુરુ એ કહ્યું એ સિવાય બીજું કશું ન કરાય. અને કહેવામાં બાળક જેને "મા" માનતો રહ્યો, "મા" ને બધું કહેવાય. "મા" ને જે લાગે એ કહેવાય. અતિ વિનયનું આવરણ લગાડવું,
સારું દેખાડવું,
સારું બનાવવું,
સારા સાબિત થવું, એ બાળકને કદી ન આવડે. "મા" ને કોઈક વાત ન પણ ગમતી, પણ

"મા" ને બાળક ગમતો હતો. રમાડતા.. રમાડતા
બાળક ની લાત વાગી મય તો એ લાત પગલાં
લાગી એ જ તો "મા" નું માતૃત્વ હોય છે.

"મા" એ ભણાવ્યો,
"મા" એ ગણાવ્યો,
"મા" એ કંઈક લાયક બનાવ્યો,

અને લોકોને એ કંઈક લાયકમાં ભગવાન લાગવા-
લાગ્યા. એ આટલામાં કંઈક લાગવામાં એ ભગવાન-
લાગે તો, ખૂંડા ને કાંઈક લાગે એ સુધી-
પહોંચાડનારા માં શું લાગવું જોઈએ (?)

"મા" એ બાળકને બોલતા શીખવાડ્યું,
લોકો ને લાગ્યું કે બાળક બહુ સરસ બોલે છે.
લોકો ને ખબર નથી કે એક "મા" બાળક ને
બોલતો કરવા માટે જે પરિશ્રમ લે છે, એના-
કરતા લાખ ગણો પરિશ્રમ, એ "મા" એ
બાળક ને મુનવાણી બોલતો કરવા માટે લીધો હોય
છે. અને એના વિના મુનવાણી એ સેમ્યક-
બોલવી એ શક્ય જ નથી.

બોલનાર હજાર છે, બોલાવનારા હજારો નથી!

[ચાલનાર હજાર છે, ચાલે હજાર છે, પણ પ્રેરણા આપનાર,
પ્રોત્સાહન આપનાર, પીઠબળ આપનાર અને બેને
હાથ પકડીને, સાચવી સાચવી ને ચલાવનાર હજારો
નથી.]

વક્તા હજાર છે, પણ વક્તમાં વચનનું
પાલન કરનાર હજારો નથી.

લેખક દેખાય છે, લખાણ દેખાય છે, પણ લેખક પોતે કોઈક નું લખાણ હોય છે, એ દેખાતું નથી.

## લેખક ના લેખક દેખાતા નથી !

લેખક એ પોતે "મા"ની એક ચોપડી હતી, જીવતી ચોપડી. જેને "મા" એ પોતાના લોહીની શાહી થી લખી હતી. "મા" એ અપાર પરિશ્રમ કરીને એ ચોપડી લખી. "મા" એ દિવસે પણ લખી રાતે પણ લખી, ઉજાગરા કરીને પણ લખી, જૈફ વયે પણ લખી, નાદુરસ્ત તબિયતે પણ લખી, અને પોતે SERIOUS હતી તો પણ લખી. "મા" લખે જ ગઈ... લખે જ ગઈ... લખે જ ગઈ... લખે જ ગઈ... લખે જ ગઈ... "મા" ના અક્ષર, "મા" ના મરોડ, "મા" ની શૈલી, "મા" નું માધુર્ય, "મા" ની પ્રસ્તુતિ, બધું જ લાજવાબ ! પણ એ કાગળ હલકો હતો, એટલે મોંઘો એવો ઉઠાવ ન આવ્યો. છતાં લોકો ને કાંઈ ખબર પડે નહિ, એટલે લોકો ને લાગે કે આનાથી વધારે ઉઠાવ બીજો કયો હોય શકે ? પણ લેખક ને તો ખબર છે, કે આપણો ઉઠાવ છે ને, એ રદ્દી ના પેપર સાથે કિલો બંધ વેચાવા જેવો છે. છતા આપણે વેચાવા ની બદલે વંચાય રહ્યા છીએ, એનું કારણ આપણી હોંશિયારી નથી પણ એ "મા" ની હસ્તકળા, અને હૈયાકળા છે.

લહિયાઓ બહુ મહેનત કરી ને હાથ પોથીઓ લખતા અને એ પોથી ની અંદર છેલ્લે વર્ણન કરતા કે અમે કેટલી મહેનત કરીને

આ પોથી લખેલી. આજે જુની પુસ્તક પ્રતો, તાડપત્રીઓ, હજાર શ્લોક પ્રમાણ, બે હજાર, અઢી હજાર, ત્રણ હજાર, સાડા ત્રણ હજાર, ચાર, પાંચ, સાડા પાંચ હજાર પોથીઓ, સાડા પાંચ હજાર શ્લોક પ્રમાણ પોથીઓ, એમાં છેલ્લે લહિયાઓ પોતાનો - અનુભવ લખે. એક common શ્લોક ઘણી - બધી પોથીઓમાં મળે.

भग्ना पृष्ठि: कटी ग्रीवा ।

તમને આ પ્રત દેખાય છે, અક્ષર દેખાય છે, તાડપત્રીઓ દેખાય છે, કાગળ દેખાય છે, લાકડાની પાટી દેખાય છે, બંધન દેખાય છે પણ જે નથી દેખાતુ એ અમે તમને કહીએ છીએ, કે આ પોથી છે ને, એ લખતા.. લખતા અમારી કમર - ભાંગી ગઈ, અમારી પીઠ ભાંગી ગઈ, અમારી ડોક રહી ગઈ,

भग्ना पृष्ठि: कटि-ग्रीवा ।

જો એક સ્થુળ, ભૌતિક, કાગળની તાડપત્રીની પોથી લખવા માટે આટલી બધી મહેનત પડતી હોય, એને આટલી બધી પીડા એમાં વેઠવાની હોય, તો એ "મા" એ જીવતી પોથી લખવા માટે - કેટલી પીડા વેઠી હશે. "મા" ની પીડા "મા" જ જાણતી હશે.

એક શ્લોકમાં એવું કહ્યું છે, કે આટલી.. આટલી.. આટલી વ્યક્તિ બીજા ની પીડા જાણી શકતી નથી,

परपीडां न जानन्ति ।

એમાં તો વ્યક્તિઓના પ્રકારોમાં એક પ્રકાર બાળક પણ કહ્યું છે. બાળક, "મા" ની પીડા ના સમજી શકે. છતા "મા" ની મમતા, "મા" નું હેત,

"મા" નો પ્રેમ, "મા" નું વાત્સલ્ય, "મા" ની હોંશ, "મા" ની ધગશ, એણે કદી પીડા ની - પ્રતિતી જ ન થવા દીધી.

લહિયાઓ પોથી લખે ને એમાં છેલ્લે સુચના લખે કે મેં આ પોથી બહુ મહેનતથી લખી છે ને તમે એને સાચવજો

जलाद्रक्षेत् ० रक्षेत् शिथिलबन्धनात्

તમે આને ~~પાણ~~ પાણીથી બચાવજો. તમે આને જીવજંતુ થી બચાવજો, તમે આને ઉધઈથી બચાવજો, ~~તમે~~ તમે આને શિથિલ બંધન એટલે કે ઢીલું - બાંધવાથી બચાવજો, બધી અમારી મહેનત પાણીમાં જશે, તમે જો આને સાચવી નહિ તો. લહિયાઓની લખવાની જવાબદારી હોય છે, સાચવવાની જવાબદારી હોતી નથી. લહિયાઓ લખીને સોંપી દે, સાથે સાથે સુચના આપી દે કે ભાઈ સાચવજો આ રીતે.

** "મા" ની જવાબદારી માત્ર લખવાની ન હતી,
** "મા" લખી ને છુટી નથી થઈ,
** "મા" એ કદી પોથી સોંપી દીધી નથી,
** "મા" એ જે જતનથી લખ્યું છે, એ જ જતનથી
** "મા" એ જતન પણ કર્યું છે.
** "મા" એ પોથી ને મોહ ના જળથી બચાવી.
** "મા" એ પોથી ને કષાયોના કીડા થી બચાવી.
** "મા" એ પોથી ને વિષયોની ઉધઈથી બચાવી.
** "મા" એ પોથી ને સંયમની શિથિલતા થી બચાવી.

ફેર પણ "મા" ના મનમાં એક સંવેદના રહી કે, મારી પોથી ને કંઈ પણ થવું ન જોઈએ. પોથી ને સાચવવા માટે, જ્ઞાન ભંડારમાં મુકવામાં આવે, પોથીમાં ઘોડાવજની પાપડ઼ મુકવામાં આવે,

પોથી ને બરાબર બાંધવામાં આવે.

** "મા" એ પોથી ને હંમેશા ગુરુકુલવાસના ટીનભંડારમાં રાખી.

** "મા" એ પોથીમાં હંમેશા વૈરાગ્યના ઘોડાવજ ના પાવડર પુર્યા.

** "મા" એ પવિણતી નું PACKING કરવામાં કોઈ જ કસર બાકી રાખી નહિ.

"મા" ને ખબર હતી કે પોથી ને લખવી એટલે, પોથી ને લઈને બેસીએ ને એના ઉપર કલમ આપણે ચલાવે રાખીએ, એટલે પોથી લખાય, એવું નહિ, કદાચ એવું છે છતા, એમા ઘણા બધા પ્રકારો હોય છે, પોથી ત્યાં પડી હોય, પોથી પુઠામાં હોય, હું અહીંયા જ પણ કરતી હોઉં-એનાથી પોથી લખાતી જ હતી. "મા" ખરેખર "મા" હતી ને, "મા" જેટલી SOFT હતી, એટલી "મા" HARD હતી. "મા" દેવી હતી, "મા" મહાસતી હતી, અને એની સાથે સાથે "મા" સિંહણ પણ હતી. બાળકે ઘણી વાર એ "મા" નું સિંહણ નું સ્વરૂપ જોયું છે, એ સિંહણ ની ગર્જના સાંભળી છે, ને એ બાળક ના રોમ-રોમ ટટ્ટાર થઈ ગયા છે. બાળક જોતો રહ્યો આવી મારી "મા"! આમ જોઈએ તો "મા" કંઈક કરી રહી હતી, હકીકતમાં "મા" ધવડાવી રહી-હતી, "મા" સિંહણનું દુધ પીવડાવી રહી હતી!

થોડા વરસો પહેલાની વાત, એક બહુ મોટો પ્રસંગ ભારત ભરના શ્રીમંતો ના ધાડા ઉતરી પડે એવો પ્રસંગ, ગુરુદેવની મુખ્ય નિશ્રા, જાહેર થઈ ગયેલો પ્રસંગ. જાહેર થઈ ગયેલી નિશ્રા.

જેની અંદર કરોડો નું ફંડ થવાનું હતું. એવો પ્રસંગ દિવસો નજીક આવી રહ્યા છે. જોનું કોઈ હોય તો અંદર ગલગલિયા થાય, ઉછળકૂદ થાય. જિંદગીમાં કદી એ નથી મળ્યો એવો યશ મળવાનો. દિવસો નજીક આવી રહ્યા છે. થોડા અંતરે જવાનું છે, નીકળવાનો દિવસ નજીક આવી રહ્યો છે ને "મા" ને ખબર પડી, કે આ પ્રસંગ જેના માટે થઈ-રહ્યો છે, એમાં જે કરોડો ના FUND થવાના છે, એમાં જે એક મોટું દાન જે વ્યક્તિ આપી રહી છે, એનું અત્યંત અશુધ્ધ દ્રવ્ય છે જે સ્થાનને ભ્રષ્ટ-કરી નાખે. મોટા- મોટા માથાઓ, મોટા- મોટા-શેઠિયાઓ, જેના ભલભલા મહાપુરુષો વિનય કરવાનું ચુકે નહિ, એવા મોટા માથાઓ અને એમને આ "મા" એ કહી દીધું કે તમારે જો એમના પૈસા લેવાના છે, તો હું આવવાની નથી. જિંદગીમાં-જેમને કદાચ કોઈ ભડવીર મળ્યો ન હતો, આવી સિંહ ન હતી મળ્યો, આવી સિંહ ગર્જનાની જેમણે કદાચ કલ્પના ન હતી કરી. આમ તેમ ગલ્લા-તલ્લા ઘણા ચાલ્યા, "મા" ની સ્પષ્ટ વાત. સમ-મવર માં કશું બાકી ન હતું, ને "મા" કશું પણ સમજવા તૈયાર ન હતી.

જે દિવસે બાળક જોઈ રહ્યાં કે "મા" ના દિલમાં જિનશાસન પ્રત્યેની ભક્તિ કેવી છે. "મા" જે નમુત્થુણં કરે, "મા" જેમ SPRING ની જેમ ખમાસમણા ઓ આપે, "મા" જે સ્તવનો ઉપર સ્તવનો બોલે! એ ભગવાનની ભક્તિ કરવા એક દિવસ "મા" ગઈ હતી. બપોરનો સમય હતો. દેરાસર બાજુ જાણી, "મા" એ સમય આપ્યો હતો, બારસા વાગે મને લેવા આવજે ને

બાળક લેવા ગયો હતો, ને બાળક દરવાજે ઉભો રહી ગયો હતો, ને "મા" ની જે ભક્તિ, "મા"-ની જે માત્ર વિદાય, જવાનું છે. બાળક તો-ધબાધબ.. ધબાધબ નીકળી જાય પણ, એ "મા" હતી. જે ભગવાનને ભેટતી.. ભેટતી.. ફરી.. ફરી બળી.. બળીને વંદન કરતી, વળતા પગે ફરી ફરી ખમાસમણા દેતી, ભગવાન સાથે હૈયાની વાત કરતી, ભાગે નીકળતા.. નીકળતા.. પાછા પગલે દસ મિનિટ થઈ જાય! એમની ભક્તિ કેવી!

મોટા મહાત્માઓને પણ લાગ્યું હશે કે એમને કોઈ બાધા નો મળ્યો. જે લાગવું હોય તે લાગે. મારું માનવું હોય તો મારી પાસે આવો, આવતા બંધ થઈ જાય, એનો મને કોઈ વાંધો-નથી, મને તમારી કોઈ જ અપેક્ષા નથી, પણ તમારી ભૂલથી મારા ભગવાનનું સ્થાન ભ્રષ્ટ ના થઈ જાય, એની મને ચિંતા છે. "મા" એ ઘણા સમજાવ્યા હતા, પોતાને લાવવા માટે નહિ, પવિત્રતા માટે, શુદ્ધિ માટે, તેઓ ન સમજી-શક્યા તો "મા" ન ગઈ, "મા" શાંતિથી જ્યાં હતી ત્યાં બેસીને આ ના આ શબ્દો હતા. મારે આ પાપ લઈને જવું નથી. બાળક જોઈ રહ્યો હતો એ "મા" ની સિંહ ગર્જના, "મા" ના દિલમાં વહેતી જિનશાસનની સંવેદના. "મા" ન ગઈ, એનો "મા" ને કોઈ જ રંજ ન હતો પણ આ પવિત્રતા જઈ રહી છે એનો "મા" ને રંજ હતો ને એ દિવસોની અંદર "મા" એ આ બાળક ને કહ્યું હતું, તુ આ વિષય ઉપર લખ. લખી લખી ને બાળકે "મા" ને એ વિષયની નોટ આપી હતી. એ દિવસો યાદ આવે, બાળકે એક કાવ્યનું

પુસ્તક લખ્યું હતું. તપાસવા માટે એક પંડિતજી પાસે ગયું હતું. અને પંડિતજી એ પોતાના એક STUDENT સાધ્વીજી ભગવંત ને પણ તપાસવા આપ્યું. પંડિતજી એ પુસ્તક બાળક પાસે પાછુ લાવ્યા ને કહ્યું કે મેં પણ તપાસ્યું છે ને આગળ આગળ આગળ પણ તપાસ્યું છે. બાળકે કહ્યું કે તપાસ્યું છે તો પછી એમનું નામ હોવું જોઈએ, કારણકે-એમણે મહેનત કરી છે ને. બાળક નામ લખીને "મા" ને બતાવવા ગયો ને, "મા" ના સીધા શબ્દો તારી ચોપડીમાં જો સાધ્વીજી નું નામ આવ્યું છે, તો તારી ચોપડી CANCEL. બાળક મંત્રમુગ્ધ-થઈ ને જોતો રહ્યો.

"મા" એ માત્ર વિજાતીય તત્વથી જ નથી બચાવ્યા. "મા" એ વિજાતીયના નામ સુદ્ધાથી બચાવ્યા છે. એક પુસ્તક હતું જેની અંદર, વડિલો-ના નામ અને ફોટા હતા, અને એની સાથે, PRESS વાળાએ ભક્તિથી "મા" નો ફોટો પણ મુકી દીધો, "મા" પંકજ ઉપાશ્રય અમદાવાદમાં બિરાજમાન હતી, PRESS વાળા આવ્યા છે, PROOF લાવ્યા છે, PRESS વાળા "મા" ને બરાબર-ઓળખે નહિ, સદ્ભાવ ખરો, બહુમાન ખરું, પણ પુરો પરિચય નહિ. PRESS વાળાએ-PROOF કાઢી ને સીધું એ પાનું બતાવ્યું, જેને એમ કે "મા" બહુ ખુશ થઈ જશે ને "મા" એ કહ્યું, જો આમાં આ ફોટો આવ્યો છે તો આ ચોપડી CANCEL! સ્તબ્ધ થઈને PRESS વાળા જોઈ રહ્યા, અમારી હાલત કાપો તો લોહી ન નીકળે એવી. શાસનના કામ કરવા સાથે મને કેટલી ભલાઈ મળી, મારું કેટલું નામ થાય ને

DATE

મારા કેટલા ફોટા આવે, એવો "મા" એ વિચાર
નો નથી કર્યો, પણ કોઈ ફોટો મુકતું હોય તો
એને અટકાવવામાં કોઈ કસર છોડી નથી. "મા"
એ શાસ્ત્રોનો પુર્નઉદ્ધાર કર્યો છે ને હજાર કેટલા
શાસ્ત્રો નું પુનઃ પ્રકાશન કરાવ્યું છે, "મા" ના
પોતાના નામના શતાધિક ગ્રંથો આવે છે, એકસો
આઠ ગ્રંથો, જેની અંદર "મા" નું ચિંતન, "મા"
ની અંતરંગધારા, એ જોવા મળે.

અનેક હજાર કેટલા, પુસ્તકો, શાસ્ત્રો,
પોથીઓ, પ્રતો, આના પ્રકાશનો કરાવનાર એવી
કોઈ વ્યક્તિ, જે આ કાળમાં હોય કે જે હજાર-
ગ્રંથી, એકમાં પણ પોતાનો નાનો STAMP SIZE
નો ફોટો પણ ન મુકવા દે એ મારી "મા" હતી!

વરસો પહેલાની વાત, ચોમાસુ-
પુરુ થયું છે ને નજીકમાં મોટું તીર્થ છે ને-
તીર્થ માંથી પોષ દસમી ની વિનંતી આવી છે
રાજસ્થાનની ધરતી હતી, જંગલ. વચ્ચે ઘરો નહિ.
સંઘના ગુરુભક્તો એ વિનંતી કરી, ગુરુદેવ આપણે
સંઘ લઈને જઈએ છ'રી પાલિત સંઘ, અત્યારે-
સામુહિક યાત્રા થશે. આપને જવાનું જ છે, વચ્ચે
બધે લીલુંછમ થઈ જશે, હર્યું ભર્યું થઈ જશે, લોકો-
ની ભીડ થઈ જશે. બાળક જેવું કોઈ હોય તો વિચારે
કે ઠેમ.. ઠેમ.. અને મમ..મમ થઈ જશે. જવાનું
જ છે ને SPECIAL વિહાર એ નથી કરવાનો,
ને આપણા જે દિવસો છે એમાં જ ARRANGEMENT
કરવાનું છે. "મા" એ પ્રેમથી ન પાડી, કોઈને
કશું સમજાય નહિ કે આત્મા ના જ્ઞાની હોય.
અને "મા" ની એ લાગણી કે મારા બાળકો,

એ આ રસોડા, એ આ વિભૂતિઓ, એ આ બાહ્ય ભાવો, આની અંદર રગદોળાય એ મને ના પાલવે. મારે એમ ને એમ જવું છે, મારે સંઘ લઈ-ને જવું નથી. "મા" એ કદી પણ પોતાના ભક્તોની ચિંતા નથી કરી, "મા" એ પોતાના નામની - ચિંતા નથી કરી, "મા" એ પોતાની પ્રસિદ્ધિની ચિંતા નથી કરી, "મા" એ પોતાની અનુકૂળતાની ચિંતા નથી કરી, "મા" એ પોતાના કાર્યોની એ એટલી ચિંતા નથી કરી, જેટલી "મા" એ પોતાના બાળકોની ચિંતા કરી છે. કઈ રીતે મારા બાળકોનું જતન થાય, કઈ રીતે એની રક્ષા થાય, કઈ રીતે - એનું યોગ થાય, કઈ રીતે એનું ક્ષેમ થાય, કઈ રીતે એની પરિણતિ સુરક્ષિત થઈ જાય, એની ચિંતા સતત આ "મા" એ કરી છે.

સિત્તેર વર્ષના વિશાળ સંયમ પર્યાયની અંદર, પાલીતાણા જેવા મહાતીર્થની અંદર, એ "મા" એ માત્ર ને માત્ર બે ચોમાસા કર્યા, એ પણ થોડા જનહિતાર્થે કર્યા છે, પોતાના ઉમ-ળકાથી નથી કર્યા. છેલ્લું ચોમાસુ, લગભગ આઠ વર્ષ પહેલા "મા" એ પાલીતાણાની અંદર કર્યું. બરાબર NEXT YEAR ની "મા" પાસે OFFER હતી, કે ગુરુદેવ, અમારા પરિવાર-તરફથી આપની નિશ્રામાં, પાલીતાણાની અંદર, આવતા વર્ષે, ચોમાસુ + ઉપધાન + નવ્વાણું કરાવવી છે ગુરુદેવ આપ નિશ્રા આપો. ગુરુદેવ ના-વર્ષોના બંધન! ગુરુદેવની આટલા વર્ષોનો સંબંધ! મારા બા આપને ગુરુ માને ને બાની ઉંમર હવે નેવું એ પહોંચી, ગુરુદેવ આટલી ભાવના છે, બધો લાભ અમારો. ગુરુદેવ -

પાલીતાણા માંથી વિહાર કર્યો છે. અમદાવાદ પધાર્યા છે. એમને એક શાંત ક્ષેત્રમાં, શાંત ચોમાસું કર્યું છે કારણકે એ "મા" ને એના બાળકોની ચિંતા હતી.

એ "મા" ની સિંહ ગર્જનાઓ ગગાવવા-જેવું ને તો એ સાંજ પડી ગય. એ "મા" ની ખુમારી, એ "મા" નું ખમીર, એ "મા" ની-નિસ્પૃહતા, એ "મા" ની અંતરની સરળતા, જ્યાં કોઈ સંબંધ નથી, કશું લાગતું વળગતું નથી, એમને જે દીક્ષા લઈ રહ્યા છે તો એ પોતાની-પાસે નહિ, પોતાના ગ્રુપમાં નહિ, પોતાના નહિ, પોતાના શિષ્યના નહિ, ગુરુભાઈ ના નહિ, પોતાના સમુદાય ની અંદર નહિ, પોતાના પક્ષ ની અંદર પણ નહિ, પણ જેને તદ્દન વિરોધી પક્ષ કહેવાય, એવા પક્ષ ની અંદર એક વ્યક્તિ દીક્ષા લઈ રહી છે, વર્ષો પહેલાની વાત. એ ભાઈને માથે દેવું, દેવાં ના કારણે દીક્ષા લેવામાં રુકાવટ, એમને "મા" એ અંગુલી નિર્દેશ કરી ને એમનું દેવું ચુકતે કરાવ્યું, મારા શાસનમાં દીક્ષા લે છે! પિતાએ દીક્ષા લીધી, પુત્રોએ, પુત્રોની માતા એ દીક્ષા લીધી છે, પરિવાર આખો દીક્ષીત થયો એ સમયની વાત. આજે કદાચ ચાલીસ-પચાસ વર્ષોના વાણા વાઈ-ગયા. એ સમયે એવી સગવડ નહીં, એવી વ્યવસ્થાઓ નહિ, જેને નાના.. નાના દીકરા છે, દીક્ષીત થયા છે, ભણાવવા છે, પંડિતજી છે, પણ પગારની વ્યવસ્થા નથી, જે પોતાના શિષ્ય નથી, આશ્રિત નથી, કશું નથી પણ ગુરુદેવનું એ દરિયાદિલ, પિતામુનિ ને કહી દીધું તમે જેને દીકરાને ભણાવો, એને જે જરૂર થાય એ

બધી જવાબદારી મારી !

કરોડો અબજોના શાસનના કામ કરી દેવા અને તકતીઓ લગાડવી સહેલી છે, પણ આવા પડદા પાછળના, જુદા પક્ષના, જુદા સમુદાયના આ મહાત્મા માટે એકાંત વાત્સલ્ય ને હિત બુદ્ધિ રાખવી, એમની ઉન્નતિની ચિંતા કરવી અને - એમની ચિંતામાં રહેલા મહાત્માને ચિંતા મુક્ત કરવા, આ વિશાળતા મારી "મા" ના અંતરમાં વહેતી હતી.

"મા" એ શું કર્યું છે, એ નહીં પુછો - "મા" એ શું નથી કર્યું એ પુછો.

સર્જન બધાને દેખાય છે, સર્જક દેખાતા નથી !

એ જે મૌન પ્રવચન હોય છે, જે અસ્તિત્વ મુખર હોય છે. એ જે આંખોની અંદર ગુણોનો સાગર પડ્યો હોય છે, એ મુખ મુદ્રા, આગમ મુદ્રાનું - પ્રતિબિંબ હોય છે. એ પવનની અંદર, રગેરગની અંદર, રોમેરોમની અંદર, જે શ્વાસ-શ્વાસની અંદર, જે લીપી હોય છે, જે શબ્દો હોય છે, જે અક્ષરો હોય છે, જે અનુભૂતિનો સાગર - હોય છે, એ ઉકેલવાની, પરખવાની આપણી ક્ષમતા નથી હોતી.

એ દિવસોની વાત, "મા" ને રાતે ક્યાં હતા, ઊંઘ ન હતી આવતી. રાતે સ્થાન ફેર કરવા માટે, દૂરી જગ્યાએ "મા" રાતવાસો કરવા જતી, બપુક્યાં ક્યાંક. સાંજે "મા" જતી સવારે પાછી આવતી. બાળક વળાવવા જતો, સૌ એક ડગલા -

ચાલીને ઉભો રહેતો, "મા" જતી હોય, અને બાળક-ની આંખમાં આંસુ આવી જતા. એક રાતનો વિયોગ પણ બાળકથી સહન ન હતો થતો ને હવે બાળકને લાગે છે કે, આખી જિંદગી હવે રાત બની ગઈ છે. અને એમાં પછી પણ રાત હશે કે સવાર એનો-કોઈ ભરોસો નથી.

એ દિવસોની વાત, "મા" એ ક્યાંક, કદાચ સવાસો-અઢીસો કિલોમીટર જઈને પાછા આવવાનું હોય, "મા" ની ઈચ્છા હતી કે-બાળક આટલું બધુ ચાલ.. ચાલ કર્યા કરે એની બદલે, સરસ ભણે, સરસ લખે. "મા" આદેશ-કરતી કે તારે અહીંયા રહેવાનું છે. બાળક-આદેશ સ્વીકારતો ને બાળક પછી ખૂબ રડતો. કારણકે "મા" હવે મહિના-દોઢ મહિના-બે મહિના, ત્રણ મહિના સુધી મળશે નહિ. હવે બાળક વિચારે છે કે, "મા" ક્યાં સુધી નહિ મળે ?

એ દિવસોની વાત, બાળક નવો-સવો હતો, ડોળી ની પાછળ બાળક દોડતો, ડોળીની અંદર "મા" બેઠેલી હોય, ડોળી FAST ચાલે ને ડોળીની સાથે રહેવું હોય તો FAST ચાલવું પડે. બાળક દોડતો ડોળી ની પાછળ... પાછળ, હજુ એની ઉપધિ કંઈ SET નહતી થઈ, કંઈક ને કંઈક છુટી જતું. પણ જો બાળક એ બાંધવા ઉભો રહે ને તો ડોળી ક્યાંય નીકળી જાય. એટલે બાળક શું કરે, કોણી થી ને, બગલથી ને ડોકથી ADJUST કરી.. કરી ને... જકડી.. જકડી ને ડોળી પાછળ દોડે જાય... દોડે જાય... એ "મા" જતી રહી તો પછી

ના મળે. ક્યારેક એવું બને કે, ઉપધિ એટલી - બધી છુટી ગઈ હોય કે, ઉભા રહી ને બાંધ્યા - સિવાય કોઈ છુટકો જ ના હોય. બાળક ઉભો રહેતો, ઉપધિ બધી બરાબર બાંધતો, લાચાર - આંખે, ડોળી ને જતી રહેતી જોઈ રહેતો. એના - પગ ઢીલા પડી જતા. એને એવું બધું જતું રહેતું હોય એવું લાગતું. હવે આખા રસ્તે "મા" નહિ મળે એ. નિરાશા એને ઘેરી વળતી. પછીનો આખો વિહાર બગડી જતો. પછી મણે એ ઢસડાતો... ઢસડાતો... ચાલતો, અને "મા" છેક મુકામે જઈને મળતી.

હમણાં બાળક ઉપાશ્રયની એક-બારી એ ઉભો હતો. અને એની નજરની સામેથી એની "મા" ની પાલખી જઈ રહી હતી. બાળક લાચાર આંખે એ પાલખી ને જોઈ રહ્યો હતો. પહેલા પગ ઢીલા પડી જતા હતા, હવે બાળકને એવું લાગી છે કે બધા શરીરના સાંધા છુટા પડી રહ્યા છે. પહેલા ઉપધિ છુટી રહી હતી, હવે સાંધા છુટી રહ્યા હતા. હવે આગળનો વેઆખો વિહાર, બગડી જવાનો હતો. બાળક જોઈ રહ્યો છે, પાલખી જઈ રહી છે. મણે બાળકનું બધું જ લુંટાઈ ને જઈ રહ્યું હોય એવું બાળકને લાગી રહ્યું છે. પહેલા એટલું તો નક્કી હતું કે, ગામે પહોંચી ને મુકામે પહોંચી ને તો "મા" મળશે જ ! હવે એ જ ખબર નથી કે "મા" ક્યા ગામે ગઈ છે.

"મા" ને ક્યા શોધવી ?

DATE

બાળકને થોડા દિવસો પહેલા "મા" એ કહ્યું હતું,
કે હું આ બધાને કહું છું કે મને નવકાર આપો
ને પાણી આપો, પણ આ લોકો માનતા જ નથી.
"મા" નો કહેવાનો ભાવ એ હતો કે, હવે મારે-
ઔષધી વાપરવી નથી અને ઔષધી વપરાવવાનો
FORCE (આગ્રહ) છોડી દો. "મા" નો કહેવાનો
ભાવ એ હતો કે, તુ મારી પક્ષ લે, મને મદદ
કર, આ બધાને સમજાવ, આવી ઉભો રહે.
મને નવકાર અને પાણી સિવાય બીજું કાંઈ જોઈતું
નથી, મારી ઈચ્છા પુરી કરવામાં તુ મારી મદદ કર.
પણ બાળક તો બધાના પક્ષમાં હતો. બાળક-
"મમ્મી" જતી રહે, "મમ્મી" છુટવાય જાય, એ
મન નો ન હતો, એ વિચારી શકે એમ પણ ન
હતો અને બાળકે તો એક આગ્રહ રાખ્યો.
"મા" એ કહ્યું બસ હવે દસ-બાર દિવસ છે ને
બાળકે એ વાત ને પણ હસવામાં કાઢી નાખી!
"મા" નું શરીર ઢીલું પડ્યું હતું જર્જરીત થયું હતું,
પીડિત હતું. "મા" એ નક્કી કરી લીધું હતું કે
હવે મારે વિધિપૂર્વક આ શરીરને છોડી દેવું છે.
"મા" એ ઝુંપડુ છોડી ને રાજમહેલમાં જવાનું હતું!
"મા" ની ઈચ્છા એ જ હતી પણ બાળક એના માટે
તૈયાર ન હતો. બાળક એટલું જ ઈચ્છતો હતો કે
"મા" ફરી જુવાન થઈ જાય, રોગમુક્ત થઈ જાય.
અને "મા" હંમેશા સાથે રહે એટલું જ નહિ,
બાળકતો "મા" ને જુવાન જ માનતો હતો. બસ
રોગી જતા રહે ને વાત પૂરી થઈ જાય. "મા" ને
ખબર હતી આ વાત શક્ય જ નથી. "મા" એ
શરીર છોડી દેવું હતું, પણ બાળક એના માટે
હરગીઝ તૈયાર ન હતો, બાળક કેટલો સ્વાર્થી
હતો!

લગભગ સોળ વર્ષ પહેલાની વાત, રાણકપુર તીર્થની
અંદર "મા" એના પરિવાર સાથે બિરાજમાન હતી,
સવારમાં પ્રભુ ભક્તિ થઈ રહી હતી, "મા" ને સમુહ-
ભક્તિ ના ફાવે. "મા" ને PERSONALLY ફાવે
ONE TO ONE. "મા" નો પરિવાર, ચૌમુખજી ના
આ બાજુના ભગવાન પાસે ભક્તિ કરી રહ્યો હતો,
"મા" ચૌમુખજી ના બીજા ભગવાન પાસે હતી.
એ દિવસે ભક્તિમાં બાળક એક સ્તવન બોલ્યો,
"મા" એ ગ્રહ્યું હશે,
"મા" ને ગમ્યું હશે,
"મા" એ સાંભળ્યું હશે બરાબર,
"મા" ઉપાશ્રયમાં આવી, બાળક જ્યારે એની પાસે
આવ્યો, ત્યારે "મા" એ એને એટલું જ કહ્યું,
મને સમાધિ આપજે ! બાળક તરત બોલી ઉઠ્યું કે
આપ તો પોતે જ સમાધિમાં છો ને "મા" -
તરત બોલી ઉઠી, એમ કહી ને છુટી જવાનું !
બાળક અવારનવાર એની "મા" ને કહેતો કે તને
હજુ ઘણા બધા વર્ષો બાકી છે, પણ આપણે હવે
હમણાં થી અંતિમ આરાધનામાં એકદમ ડુબી જવાનું,
બાળકને ટેવ હતી કે કુટેવ હતી. એ બહુ ખુલ્લા
દિલે "મા" સાથે વાત કરતો અને કહેતો કે,
"મા" હવે હજુ સુધી આ બધી વ્યવહારી -
રાજવી બરાબર નથી, ભલે પ્રશસ્ત વ્યવહારી
હવે બધું છોડી દેવાનું, બાળક છે ને "મા" ને
સંપૂર્ણ નિર્લેપ થઈ જવાની શાણી સલાહ આપી
રહ્યો હતો. પણ છેલ્લા દિવસોમાં જ્યારે "મા"
બરાબર સંપૂર્ણ નિર્લેપ થઈ ગઈ, ત્યારે બાળકને
પોતાનું કાંઈ ખુંચવાતુ લાગતુ હતુ, બાળક થી એ
સહન ન હતુ થતુ. બાળકને ઉંડે.. ઉંડે એવી
લાગણી થતી હતી, કે ના "મા" આ રીતે -

સંપૂર્ણ નિર્લેપ ના થઈ જવી જોઈએ. પાણી ની મોટી મોટી વાતો કરવી સહેલી છે, પણ નીચે રેલો આવે, ત્યારે ખબર પડે. બાળક "મા" ના જીભ પણ બાળકો સાથે વાતો કરવી "મા" ને સ્તવન-વગેરે સંભળાવતો ને સાથે બાળક સલાહ આપતો કે "મા" કે વૈરાગ્યના ગ્રંથો, કે અંતિમ આરા-ધનાના ગ્રંથો, કે પયન્ના આગમો, "મા" એનો સ્વાધ્યાય જુદ કરવો જોઈએ હવે. પણ "મા"ને સ્તવનો સાંભળવાની ઈચ્છા હતી ને બાળક સંભ-ળાવતો.

એક દિવસ બાળક સ્તવનો સંભળાવી રહ્યો હતો ને "મા" બોલી ઉઠી, લગભગ મહિના પહેલાની વાત, કે સ્તવનો સાંભળી લીધા. હવે મને પયન્ના આગમો સંભળાવ. જેની અંદર-અંતિમ આરાધનાની અર્ક ભર્યો છે, અમૃત ભર્યું છે. એવા આગમ સુત્રો,

★ ચતુઃશરણ પયન્ના સુત્ર
★ મહાપચ્ચક્ખાણ સુત્ર !
★ આઉર પચ્ચક્ખાણ પયન્ના સુત્ર !
★ ચંદવિજ્જય પયન્ના સુત્ર !
★ આરાધના પયન્ના સુત્ર !
★ મરણ સમાધિ પયન્ના સુત્ર !

બાળકે "મા" ને લગભગ એક હજાર જેટલી આગમની, ગાથાઓ સંભળાવી. બાળકની એમ કે "મા"ની ભૂખમાં આ તબિયતમાં ખબર નહિ પડે, કંટાળશે નહિ, ગભરાશે નહિ, કદાચ બોજ થશે. બાળક અનુવાદ.. અનુવાદ.. અનુવાદ... અનુવાદ.. બોલતો

હતી ને, "મા" એ કહ્યું કે ગાથાઓ પણ સારી હોય છે. મૂળ ગાથા બોલ ને પછી અનુવાદ બોલ. "મા" એ એક ઉંમર કરેલી CREME અંતિમ-આરાધના ની આગમિક મૂળ ગાથાઓ સાંભળી અને એનો અનુવાદ સાંભળ્યો ને આત્મમાત્ર એક ભોગ હતો. "મા" ના તો ઘણા બધા બાળકો હતા, ને બધા જુદ-જુદ સમાધિપ્રદ "મા" ને સંભળાવી રહ્યા હતા.

મરણ સમાધિ પયન્ના આગમ નું શ્રવણ ચાલુ હતુ, સો ગાથા.. બસો.. ત્રણસો.. ચારસો.. પાંચસો... સવા પાંચસો... લગભગ સાડા પાંચસો સુધી ગાથા થઈ ને પછી ~~મા~~ "મા" ની સ્થિતિ થોડી લથડી. મરણ સમાધિ પયન્નાની સો... સવાસો ગાથા બાકી રહી. મરણ સમાધિ અધુરી-રહી, પણ મરણ સમાધિ પૂરી મળી. બાળકના મનમાં ઘુમરાતુ હતુ, "મા" એ કહ્યું હતું મને સમાધિ આપજે. "મા" ગઈ ને એની આગલી રાત ની વાત. શ્રાવકો "મા" ને સ્તવનો સંભળાવી રહ્યા હતા, રાત નો ત્રણ થી પાંચ વચ્ચેનો સમય હતો. બાળક "મા" પાસે બેઠો હતો, શ્રાવકો એ એક • ગીત પુરૂ કર્યું ને, બાળકને વિનંતી કરી કે, સાહેબ આપ સંભળાવો. બાળક એક સ્તવન બોલ્યો,

" દીઠો પાસજી સુખદાઈ "

"મા" ને સંભળાવેલું છેલ્લું સ્તવન, થોડી વાર થઈ, સ્તવન સંભળાવ્યું ત્યારે "મા" થોડી ઉંઘમાં કે ઘેનમાં હતી. થોડી વારે "મા"

DATE

મગી. "મા" ના પ્રયાસ અને ઈશારાથી ખ્યાલ આવ્યો, કે "મા" ને પડખું ફેરવું છે. બાળકે બધાને સાથે લઈને પ્રયાસ કર્યો, થોડું અઘરું પડતું હતું, WARD BOY એ કહ્યું કે, બહુ - અઘરું છે આ, સોય બહુ ખુલી છે આડઆડ નાખી છે, તમે રહેવા દો. બાળકે એક ઓશિકા જેવું લઈને જેને વીંટીથી કહેવાય, "મા" ને - જરાક ફેરવી ને એ નીચે મુકી દીધો, "મા"ને સારું લાગ્યું. બાળક છેક "મા" ના માથા પાસે ગયો. બાળકે પ્રેમથી "મા" ના માથે હાથ ફેરવ્યો, અને બાળકે "મા" ને કહ્યું ગુરુ મહારાજ આપે મને કહ્યું હતું ને, કે મને સમાધિ આપજો. ગુરુ મહારાજ સાંભળો.

બાળકે સંક્ષિપ્ત આરાધનાની - વિધિ કરાવી, આગમિક ગાથાઓ, થુંટેલી અને એનો અનુવાદ,

जे मे जाणंति जिणा...

अरिहंतो मह देवो....

जइ मे हुज्ज पमाओ.....

વગેરે.. વગેરે! અને "મા" એ સંક્ષિપ્ત આરાધના કરી, પ્રાય: એ છેલ્લી હતી, પછી નવકાર, સીમંધર - સ્વામી, અને અરિહંતનો જાપ પ્રાય: સંભળાવવામાં આવ્યો. આ SECOND LAST રાતની વાત.

છેલ્લી રાત, આઠ.. સાડા આઠનો સમય થયો છે, બાળક "મા" પાસે બેઠો છે. "મા" ના ઘણા બધા બાળકો સરસ જાપ સંભળાવી રહ્યા છે. ચતુર્વિધ સંઘની હાજરી છે ને બાળકને વિચાર આવ્યો કે પાછલી રાતે ઓછાજણ

હશે, વધુ લાભ મળશે. એમ ગણી થોડી વાર આરામ કર્યું.
બાળક ઉપર આવ્યો, બાળક ભોળો થયો, બાળકની
જગ્યા બરાબર "મા" ની ઉપર. જાપ સંભળાઈ
રહ્યો છે, બાળક થોડો સુતો છે, થોડો જાગતો છે.
સવારે પોણો કલાક થયો ને સીમંધર સ્વામી-
ભગવાનના હળવા જાપની જગ્યાએ અરિહંત નો તીવ્ર
જાપ ચાલુ થયો ને બાળક ને આશંકા થઈ.
બાળક ઉતરીને તરત નીચે આવ્યો, અને દરવાજે
જ એક શ્રાવકે કહ્યું કે હું આપને બોલાવવા
જ આવતો હતો ને બાળક ની આશંકા સાચી હતી,
સ્થિતિ ગંભીર હતી.

ડૉક્ટર આવી હોલ ભરાઈ ગયો
"મા" નો અરિહંત ની તીવ્ર ધુન ચાલુ થઈ.
એનો અર્થ બાળક સમજતો હતો, પણ સ્વીકારવા
તૈયાર ન હતો, બાળક "મા" ને હરગીઝ ગુમાવવા
તૈયાર ન હતો, બીજા કદાચ કોઈ અરિહંત સંભળા-
વનાર ન હોત તો બાળક કદાચ સંભળાવી દેત,
પણ બાળકની એક ઈચ્છા હતી કે "મા" બચવી
જોઈએ. બાળકને "મા" એ વર્ષો પહેલા એક
ખાસ મંત્ર આપ્યો હતો, જે મંત્ર "મા" ના પોતાના
આરોગ્ય માટે હતો, જે મંત્ર ની અંદર વિશિષ્ટ-
લબ્ધિધર મહર્ષિઓની વાત હતી. જેમના સ્પર્શમાં
ઔષધિ, જેમના શરીરના મેલમાં ઔષધિ, જેમના-
મળમુત્રમાં ઔષધિ, જેમના શ્લેષ્મમાં ઔષધિ.
પ્રાય: સૂરીમંત્રના અંશ રૂપે મંત્ર. જેની અંદર-
"મા" નો પોતાનો ઉલ્લેખ, લગભગ સવા નવ-
સાડા નવ વર્ષે બાળકે એ જાપનો પ્રારંભ કર્યો.
સ્થિતિ એવી હતી કે અનુભવીઓને પાકુ લાગતું હતું
કે બસ હવે પાંચ-દસ મિનિટ અને વાત પુરી.

OXY-METER આંકડો બતાવતું હતું, OXYGEN - નીચે જઈ રહ્યું... જઈ રહ્યું.. જઈ રહ્યું.. જઈ રહ્યું છે, ૬૦... ૫૮... ~~૫૭~~ ૫૫... ૫૩... ને બાળકની ભ્રુવ ઊંચી થાય. બાળક હવે તીવ્રતમ પ્રણિધાન સાથે જપ કરે, મૂળ કારણ "મા" નું આયુષ્ય, જીભ પણ કારણ હશે, બાળક ને તો શું ખબર પડે. પણ બાળકને પાકી શ્રદ્ધા એ મણે બેસની ગઈ તીવ્રતમ પ્રણિધાન સાથે જપ, અને પંચાવને આવેલો આંકડો, ૬૦.. ૬૫.. ૭૦.. ૭૫.. ૮૦.. ૮૧.. ૮૨.. ૮૩ ૮૪ એ પહોંચી જપ ને બાળક મણે મોત ઉપર- વિજય મળ્યો હોય ને ગયેલી "મા" પાછી મળી ગઈ હોય, એવા આનંદ સાથે એના જપને આગળ ધપાવે. એ ૮૫... ૫૫ નો ઉતાર ચઢાવ... ઉતાર ચઢાવ ઉતાર.. ચઢાવ... ઉતાર... ચઢાવ... એકધો કલાક- પોણો કલાક- કલાક.. દોઢ કલાક.. બે કલાક.. સવા બે કલાક... અઢી કલાક.. પોણા ત્રણ કલાક.. ત્રણ કલાક.. સવા ત્રણ કલાક.. સાડા ત્રણ કલાક.. એમને લાગતુ હતુ કે થાકે છે હવે આવી જઈએ, એમની કદાચ જગવાની CAPACITY ન હતી, એમને લાગ્યું કે આ તો ફરી ચડી જપ છે ને, આમ આંખો પહોળી કરીને અનુભવી એ જોઈ રહ્યા હતા, કે આ શક્ય કઈ રીતે છે પાછળથી - WARD BOY એ કહ્યું હતુ, કે મારા જિંદગી માં મેં આવા ઘણા કેસો જોયા પણ, એક વાર આંકડો નીચે ગયા પછી, ફરી ઊંચો ગયો હોય, એવું મેં જિંદગી માં પહેલી વાર જોયું. બાળક પાંચ- સવા- પાંચ કલાક સુધી સતત એ જ જપ કરતો રહ્યો. વચ્ચે બાળક ને પણ એવી વિનંતી થઈ કે તમે જરા સંધારી જપ, પછી બોલાવીએ. બાળકને સંધારવાની અનુકૂળતા ન હતી, એ સાંભળવાની અનુકૂળતા પણ

ન હતી, એંશી થયા, જે પાંત્રીસ થઈ, જે ચાલીસ-
થઈ, બાળકની બાજુમાં એના ભાઈ હતા, ભાઈને
બાળકે કહ્યું કે અબ "ગુરુ મહારાજ" પાસે, "ગુરુ મહા-
રાજ ને" કહો, "ગુરુ મહારાજ" જાગો છો ને, સાંભળો-
છો ને, સાવધાન છો ને, બાળકના ભાઈ "ગુરુ-
મહારાજ" પાસે ગયા, "ગુરુ મહારાજના" કાન પાસે-
જઈ ને રાડો બોલ્યા, "ગુરુ મહારાજ" જાગો છો ને,
સાંભળો છો ને, સાવધાન છો ને, "ગુરુ મહારાજ"-
અરિહંત માં જ મન રાખજો, અને બારણું સાંભળ્યું,
અને "મા" એ છેલ્લો શ્વાસ છોડયો !

હલચલ મચી ગઈ, ડોક્ટરને બોલાવાયા, સુવા ગયેલા બધા દોડી આવ્યા. અરિહંતની તીવ્ર ધુન ચાલુ થઈ, તીવ્રત્તમ ધુન ચાલુ થઈ. ડોક્ટરે-તપાસીને પરિણામ કહી દીધું.

## બાળકનો ધ્રુવ જતો રહ્યો !

બાળક બહુ સ્યાણો છે. બાળકને ખબર છે કે અહીંયા કંઈ કસ નથી. અહીંયાં-દુર્ગંધી વાતાવરણ છે, અહીંયા તીર્થંકર નથી, અહીંયા સમવસરણ નથી, અહીંયા કેવળજ્ઞાની નથી. અહીંયા શાશ્વતા જિનાલય નથી.

## "મા" ને તો નંદીશ્વર દ્વીપ ગમે !

## "મા" ને મહાવિદેહ ગમે !

## "મા" ને વિહરમાન જિનેશ્વરો ગમે !

DATE

"મા" ને સમવસરણ ગમે !

"મા" ને તીર્થંકરોની દેશના ગમે !

"મા" ને દેવલોકના શાશ્વતા-અશાશ્વતા જિનાલયો ગમે !

"મા" અહીંયા શા માટે આવે ?

"મા" સમુદ્ઘાતનું કષ્ટ કરીને અસંખ્ય યોજન નીચે અહીંયા આવે, આવું પણ બાળકથી વિચારી શકાય ખરું ? "મા" જ્યારે હાજર હતી ત્યારે બાળકે એવું કદી વિચાર્યું હતું કે, "મા" નીચે રૂમમાં છે, ત્યાંથી ઉભી થાય ને આગળ આવે ને - દાદરા ચઢી ને ઉપર આવે ને મારા રૂમમાં, મારી જગ્યા એ મને મળવા આવે ? એ બાળકે કદી એવું ન હતું વિચાર્યું, એ બાળક એવું ન વિચારી શકે તો બાળક એવું કઈ રીતે વિચારી શકે "મા" હવે ત્યાંથી મને મળવા આવે ! એને એ પણ શા માટે આવે આવા ઠેકાણા વગરના બાળક પાસે.

બાળક બધું સમજે છે. પણ - બાળક બહુ સ્વાર્થી છે. બાળકને "મા" ને છેલ્લી વાત કરેલી જ કરવી છે. "મા" તારો બહુ ઉપકાર, તે મને આ ભવમાં તારો પુત્ર બનવાની CHANCE આપી "મા" ! તારો બહુ ઉપકાર, હવે એક CHANCE "મા" આપ, હવે તારા સુપુત્ર બનવું છે. તારા સાચા શિષ્ય બનવું છે, તારા સપના પુરા કરીને, તને RESULT આપવું છે. તારા મુજ પર એવું સ્મિત એવું છે, નાદાની માં કરેલી ભુલો, બાળપણ, બચપન, એની સુધારવાની

એને ફરી કદી ના કરવાની, તારા મુખ ઉપર -
શાશ્વત સ્મિત લાવવાની, એક હવે નક્કી -
"મા" મેં ઈચ્છી છે.

## ||"મા" આપીશ ||

યાદ આવે મોરી "મા", યાદ આવે મોરી "મા" !
"જન્મ દાતા", "જનની" મોરી, યાદ આવે મોરી "મા" !
કેવી માયાળુ "મા", કેવી પ્રેમાળુ "મા" !
જનમ દાતા જનની મોરી યાદ આવે મોરી મા

x x x x

# "પ્રથમ"

DATE 25 07 2021

સમુદાય, ગચ્છ, GROUP, નામ, એ બધી વ્યવસ્થા હોય છે. વ્યક્તિનો દેહ, મુખ મુદ્રા, આકૃતિ, વગેરે અવસ્થા હોય છે. વ્યવસ્થા અને અવસ્થા ના આધારે પ્રગટેલી જ્યોતિ, એ આસ્થા હોય છે. વર્તમાન કાળમાં, વ્યવસ્થા માં અને-અવસ્થામાં, આસ્થાને બાંધી ને બેઠા હોઈએ છીએ જ્યોતિ સુધી આપણે પહોંચી શકતા નથી. એ જ્યોતિ સુધી આપણે પહોંચ્યા નથી તો, ભલે-સદ્ગુરુ ની અંદર જ્યોતિ પ્રગટેલી છે, પણ આપણે ત્યાં સુધી નથી પહોંચ્યા, માટે આપણા માટે એ જ્યોતિ નથી. અને એ આપણા માટે જ્યોતિ નથી તો પછી વ્યવસ્થા ને અવસ્થાના કોડિયા આપણને મળવા છતા, આપણા આત્માને તાત્વિક-પ્રાપ્તિ એ કોઈ જ લાભ નથી.

* વ્યવસ્થા આદરણીય છે.
* અવસ્થા વંદનીય છે.

એનું એક જ કારણ છે કે એ આસ્થાનું કેન્દ્ર છે. આસ્થાનું આલંબન છે આસ્થા નો આધાર છે. આસ્થા સ્વરૂપ જ્યોતિ સાથે આપણને લેવા દેવા નથી. તો વ્યવસ્થા અને અવસ્થા આપણા માટે વ્યર્થ છે.

સદ્ગુરુ ને સમજ્યાનો પ્રયાસ આ સપ્તાહ ની અંદર આપણે કર્યો છે. આનંદ ઘનજી મહારાજ કહે છે,

મેતો અનંતવાર વીણ સમજ્યો.

DATE

સદ્ગુરુ ને નથી સમજ્યા માટે જ અનંતવાર આપણે મર્યા છીએ. હવે ના મરવું હોય, એક જ ઉપાય છે, સદ્ગુરુ ને બરાબર સમજી લો. આપણે ક્રિયા ને સમજ્યા છીએ, ઉપકરણો ને સમજ્યા છીએ, પ્રસંગો ને સમજ્યા છીએ, અવસરો ને સમજ્યા છીએ, તિથી ને સમજ્યા છીએ, પણ જે બધાના હાર્દ સ્વરૂપ, ભાવ સ્વરૂપ, એક અપેક્ષા એ, એ બધાના આત્મા સ્વરૂપ, સદ્ગુરુ ને આપણે - સમજી શક્યા નથી.

એક વ્યવહારીક તિથી હોય છે જે - જ્યોતિષ ચક્ર ના પરિભ્રમણને આધારિત હોય છે. એક નિશ્ચય તિથી હોય છે, જે જ્યોતિ ના - પ્રાગટ્ય ને આધારે હોય છે. વ્યવહાર ચોમાસી - ચૌદસ આપણને પંચાંગ જ આપી શકે છે. દિવસો જશે અષાઢ મહિનો આવશે, અને ચૌદસ આવશે, ચોમાસી ચૌદસ આવી જશે. વ્યવહાર ચોમાસી ચૌદસ! પંચાંગ માત્ર આપણને આપી દેશે. નિશ્ચય ચોમાસી ચૌદસ, આપણને માત્ર સદ્ગુરુ આપી શકે.

## ★ સદ્ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે! ★

★ જ્યાં ઈર્યાસમિતિ નો ઈન્દ્રધ્વજ છે.!
★ હૈયાધારણ ના હાથી છે.!
★ અંધારીતા ના અશ્વો છે!
★ મહાનંદની મંડળીઓ છે!
★ સમતાની શરણાઈઓ છે!
★ સાધનાની સુરાવલીઓ છે!
★ નીજાનંદ ના નગારા છે!

★ નિર્ગ્રંથતા ના નૃત્યો છે !
★ ગરીમા ની ગહુલીઓ છે !
★ વ્રત શુધ્ધિના વધામણા છે !
★ પરિણતિ ના પ્રવચનો છે !
★ પ્રશમ ની પ્રભાવના છે !
★ જીતેન્દ્રિયતા નો જમણવાર છે !

સદ્‌ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે. ઘણા-બધા મહાત્મા આવી ગયા અને આવશે પણ, આપણા જીવનમાં સદ્‌ગુરુ નથી આવ્યા, ત્યાં સુધી, હજુ સુધી આપણે ત્યાં ચોમાસાનો પ્રવેશ જ નથી થયો, ને પ્રવેશ જ નથી થયો તો આગળ ની તો કોઈ સવાલ જ નથી !

સદ્‌ગુરુ એ નિશ્ચય ચોમાસી ચૌદસ છે !

સદ્‌ગુરુ જીવનમાં આવે અને ચોમાસુ બેસી જાય છે, ને અનાદિ નો અંતરનો ઉકળાટ શમી જાય છે.

આત્માની અનાદિની તરસ તૃપ્તિમાં પરિણમે છે !

આનંદ.. કિલ્લોલ.. બધે હરીયાળી.. બધે જ - લીલુંછમ થઈ જાય છે.

સદ્‌ગુરુ એ નિશ્ચય પર્યુષણ છે !

આત્મામાં ઠરવું આનું નામ પર્યુષણ ને સદ્‌ગુરુ જીવનમાં આવે એટલે, આત્મા પોતાના આત્મામાં ઠરી જ જાય છે.

સદ્‌ગુરુ નું ભુવનમાં આગમન થાય એટલે શાશ્વત અઠ્ઠાઈ મહોત્સવ ચાલુ થઈ જાય છે. સદ્‌ગુરુ-ભુવનમાં આવી જાય, એટલે આઠ ભવથી વધારે આગળનો સંસાર હોતો નથી. અને એ આઠ ભવો ધર્મના રંગે રંગાયેલા હોય છે, માટે સદ્‌ગુરુ નિશ્ચય પર્યુષણ છે.

★ **સદ્‌ગુરુ એ નિશ્ચય સંવત્સરી છે!**

સદ્‌ગુરુ ભુવનમાં આવે ને, એટલે બ્રહ્મનું બારસા સૂત્ર, એ સતત અંદર ગુંજતુ થઈ જાય છે. સદ્‌ગુરુ ભુવનમાં આવે એટલે, ભવો-ભવના પાપો નું પ્રતિક્રમણ થઈ જાય છે. સંવત્સરી એ ધાર્મિક પર્વ ની સમાપ્તિ હોય છે, સદ્‌ગુરુ એ આખા ભવચક્ર ની સમાપ્તિ હોય છે.

★ **સદ્‌ગુરુ એ નિશ્ચય શાશ્વતી ઓળી હોય છે!**

★ **સદ્‌ગુરુ એ નિશ્ચય આયંબિલ તપ હોય છે!**

સદ્‌ગુરુ આવે અને વિભાવોની-વિગઈઓ નો ત્યાગ થઈ જાય છે.

★ **સદ્‌ગુરુ એ નિશ્ચય પ્રદક્ષિણા હોય છે!**

પ્રદક્ષિણા નો અર્થ છે,
પ્રગતો દક્ષિણો યત્ર।
જ્યાં જમણું અંગ ભગવાનની તરફ જ રહે. જમણા નો એક અર્થ છે અનુકૂળ જ્યાં

જિન આત્મા જિનાજ્ઞા ને અનુકૂળ જ રહે એને પ્રદક્ષિણા કહેવાય. યોગપદની વિધિમાં આપણે પ્રદક્ષિણા દઈએ. સદ્‌ગુરુ એ નિશ્ચય પ્રદક્ષિણા છે, જ્યાં આત્મા [redacted] જિનાજ્ઞા ને અનુકૂળ જ રહે છે.

★ સદ્‌ગુરુ એ નિશ્ચય જપ છે !

જાપપદમાં આપણે માળા ગણીએ, બધા જ વિશ્વના મંત્રોનું ફળ આપણને જેના આધારે મળે છે, એનું નામ છે સદ્‌ગુરુ ! બધા જ મંત્રોના સાફલ્ય નો આધાર છે, સદ્‌ગુરુ! આગમમાં સ્પષ્ટ કહ્યું,

आयरिय नमुक्कारेण विज्जा मंता य सिज्झन्ति ।

તમે આચાર્ય ને નમસ્કાર કરો તો એના દ્વારા, વિદ્યા અને મંત્રો તમારા જીવનમાં સિદ્ધ થાય, માટે સદ્‌ગુરુ નિશ્ચય જપ છે.

★ સદ્‌ગુરુ નિશ્ચય કાયોત્સર્ગ છે !

કારણકે, જીવનમાં સદ્‌ગુરુ આવે તો, એટલે દેહાધ્યાસ બધો રવાના થઈ જવાનો, સમાપ્ત થઈ જવાનો, એક જ વિકલ્પ બચ્યો હોય છે.

★ સદ્‌ગુરુ એ નિશ્ચય સિદ્ધચક્ર પૂજન છે !

કારણકે આધ્યાત્મિ બધા જ મનોરથો ની સિદ્ધિ સદ્‌ગુરુ ના આધારે જ થાય છે.

★ સદ્ગુરુ એ નિશ્ચય સ્વસ્તિક છે !

દિવાળી માં આપણે સાથિયા કરીએ, સદ્ગુરુ નિશ્ચય સ્વસ્તિક, જે મોક્ષ માર્ગમાં - આપણને ડગલે ને પગલે, મંગળ નું સર્જન કરે - છે.

★ સદ્ગુરુ એ નિશ્ચય દિવાળી છે !

જે કળિકાળની અંધારી રાતે પણ, જ્ઞાનના દીવા પ્રગટાવી દે છે. જે એવી મીઠાઈ આપી દે છે જેનાથી માત્ર મોઢું મીઠું નથી થતું, આત્મા નો પ્રદેશે- પ્રદેશ મીઠો થઈ જાય છે. જે અનાદિકાળના આત્માના કષાયો ના લઘર વઘર - વાઘા ની બદલે, વિરતી ના નવા વસ્ત્રો પહેરાવે છે.

★ સદ્ગુરુ એ નિશ્ચયથી નુતન વર્ષ હોય છે !

જે આત્મામાં મહામાંગલિક બની ને - પધારે છે. સદ્ગુરુ જ્યારે જીવનમાં આવે છે, ત્યારે ખરા અર્થમાં નુતન વર્ષની પ્રભાત પ્રગટે છે. જ્યાં સુધી જીવનમાં સદ્ગુરુ નથી, ત્યાં સુધી આત્માના અનંતા વર્ષો વીતતા જાય છે, પણ નવું વર્ષ નથી આવતુ. એ નું એ જુનુ વર્ષ એના - જીવનમાં આવતુ હોય છે.

સદ્ગુરુ જીવનમાં આવે એ દિવસે ખરા અર્થમાં નુતન વર્ષની પ્રાપ્તિ થાય છે.

## ★ સદ્ગુરુ એ નિશ્ચય જ્ઞાન પંચમી છે !

સદ્ગુરુ જીવનમાં આવે ને અનાદિનું મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, એ મતિ જ્ઞાન, અને શ્રુત જ્ઞાનમાં પરિવર્તિત થઈ જાય છે. સદ્ગુરુ ની કૃપા, સદ્ગુરુ નો વિનય, એ ચૌદ-પૂર્વનું બીજ હોય છે. પરમાવધી જ્ઞાન, એની પ્રાપ્તિ પણ સદ્ગુરુ ની કૃપાની અવધીમાં હોય છે. મન:પર્યવ જ્ઞાન નો આધાર સંયમ હોય છે, અને સંયમ નો આધાર સદ્ગુરુ હોય છે. કેવળજ્ઞાન માગે અનાદિ કાળ થી પ્રગટવા માટે મથતું હોય છે, અને સદ્ગુરુ ના આગમનની સાથે એનું પ્રાગટ્ય થઈ જાય છે. માટે- સદ્ગુરુ નિશ્ચય જ્ઞાન પંચમી હોય છે.

## ★ સદ્ગુરુ નિશ્ચય પરાવર્તન હોય છે !

મહાત્મા ને આપણે લઈ ગયા, ત્યાં પગલા કરાવ્યા, વ્યાખ્યાન કરાવ્યું, કારતક- પુનમ-નું પ્રવચન થઈ ગયું, પટ જુહારી લીધો. આપણે ત્યાં ના ત્યાં રહ્યા તો એ વ્યવહાર પરાવર્તન છે. આપણે બદલાઈ ગયા, આપણું આમુલચૂલ પરિવર્તન થઈ ગયું, આત્માનો જીર્ણોદ્ધાર થઈ ગયો, એ આપણું ખરું પરાવર્તન છે, ને એ સદ્ગુરુ ના આગમનથી જ થાય છે. જીવનમાં સદ્ગુરુ આવે, ત્યારે ખરું પરાવર્તન થાય છે, માટે સદ્ગુરુ નિશ્ચય પરાવર્તન છે.

આપણી પાસે પર્વો નથી, આપણી પાસે તિથીઓ નથી, આપણી પાસે સંવત્સરી નથી,

આપણી પાસે પર્વોના ચિત્રો હોય છે. આપણે આખી જિંદગી ચિત્રો લઈને બેઠા હોઈએ છીએ, આપણને લાગે બધું થઈ ગયું. આપણે બધુ-સરસ કર્યું. પૈસા-પૈસા આપણને મિથ્યા સંતોષ થાય છે, પછી મિથ્યા અસંતોષ થાય છે કે આપણે આરતું .. આરતું કરીએ કશું ફળ કેમ-નથી મળતું, એમ આરતું કર્યું, જેમારામાં હજુ કોઈ ફેરફાર કેમ નથી થતો ? જ્ઞાની ઓ-આપણને પ્રતિપ્રશ્ન પુછે છે કે ચિત્રની આરતી થી પેટ ભરાય ખરું ?

સદ્ગુરુને સમજવાનો પ્રયાસ-કરવો છે !

- ☆ સદ્ગુરુ એ હરેક સાધનાનું સાધનાત્વ છે !
- ☆ સદ્ગુરુ એ હરેક પર્વનું પર્વત્વ છે !
- ☆ સદ્ગુરુ એ હરેક તિથીનું તિથીત્વ છે !
- ☆ સદ્ગુરુ એ શાસ્ત્રનું શાસ્ત્રત્વ છે !
- ☆ સદ્ગુરુ એ હરેક સાધકનું સાધકત્વ છે !
- ☆ સદ્ગુરુ એ ચૈતન્ય છે !
- ☆ સદ્ગુરુ નથી તો જે છે એ મડદુ છે !

આપણે આખી જિંદગી વિક્રમ-રાજાની જેમ કહાય મડદુ ઉપાડીને ચાલતા-હોઈએ છીએ, જેમાં વિકૃતિના વેતાળો આવે છે તો એ મડદુ પણ રહેતું નથી. આપણે કહાય આખી જિંદગી સદ્ગુરુ વગર આપણા આત્માને છેતરતા રહીએ છીએ, આખી જિંદગી આપણે પૂરી કરી નાખીએ છીએ, જ્ઞાનીઓની દ્રષ્ટિમાં-શરૂઆત પણ થઈ હોતી નથી.

આપણી એક જ તકલીફ છે, આપણને નરક-નિગોદ ફાવે છે, આપણને ભવ ભ્રમણ ફાવે છે, ૮૪ લાખ યોનિઓ ફાવે છે, દુઃખની પરંપરા ફાવે છે, સદ્ગુરુ ફાવતા નથી! આપણને સદ્ગુરુ જોઈતા જ નથી, આપણે વકીલ વગર કેસ જીતી જવો છે, DOCTOR વગર શરીર સારુ કરી દેવું છે.

સદ્ગુરુ વગર આપણે મોક્ષે પહોંચી જવું છે!

તે શક્ય જ નથી!

ગુરુદેવની પ્રથમ માસિક તિથિના આલંબન રૂપ, આ સદ્ગુરુ સપ્તાહની અંદર, ગુરુદેવના પ્રસંગો, ઘટનાઓના માધ્યમે આપણે પ્રયાસ કરવો છે, આપણા જીવનની અંદર સદ્ગુરુ નું-આગમન થાય, અને આપણી દરેક તપસ્યા સાચી તપસ્યા બને, દરેક ક્રિયા સાચી ક્રિયા બને, દરેક દાન સાચું દાન બને, દરેક સામાયિક સાચી સામાયિક બને. દરેક સાધના સાચી સાધના બને, એના માટે પ્રયાસ કરવો છે.

★ સદ્ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે જ્યાં ઈર્યાસમિતિ નો ઈન્દ્રધ્વજ છે!

આજથી લગભગ સત્તર વર્ષ પહેલાની ઘટના, મુંબઈથી વિહાર કરીને ગુરુદેવની-સાથે, બરોડા મુકામે અમે જઈ રહ્યા હતા. વચ્ચે સુરત આવ્યું, સુરતમાં રોકાણ થયું, ગુરુદેવની સાથે રોજ અલગ-અલગ જીનાલયોમાં જવાનું થાય. ગોપીપુરામાં અમારી સ્થિરતા હતી, ગુરુદેવ માટે આવું

સ્થાન મળે જ્યાં અનેક પ્રાચીન જિનાલયો હોય
અને ભાગે એક મહોત્સવ જેવું ગુરુદેવ ને લાગે.
ગુરુદેવ સાથે અમે બધા એક જિનાલયે ગયા, પાછા
આવી રહ્યા હતા ગોપીપુરાની ઉપાશ્રય. એના બે
દરવાજા હતા, એક આ બાજુ હતો, અને એક પેલી
બાજુથી ફરીને આવીએ એટલે મુખ્ય દરવાજે આવે.
ગુરુદેવની સાથે અમે ઓલા દરવાજાની પાસે આવ્યા
ને મેં જોયું કે ત્યાં આંકડો લગાડેલો છે, ગુરુદેવને
ફરવું પડશે, હું જરાક ઝડપ કરીને આગળ પહોંચી
ગયો ને પેલો આંકડો, જે જરા મોટો હતો, એને
મેં જોરથી ... જોરથી ફરાવી ફરાવીને દરવાજો મેં
ખોલી નાખ્યો, ને કહ્યું ગુરુદેવ પધારો. ગુરુદેવે
નારાજ થઈ ને કહ્યું, કે તે શા માટે આ આંકડો
ખોલ્યો ?

મેં તમને ઈર્યાસમિતિના ઈન્દ્રધ્વજની વાત કરી છે!

કોઈ ELECTRIC વસ્તુ ત્યાં ન હતી. આપણી
દ્રષ્ટિ એ જેને વિરાધના કહીએ એવું કોઈ પણ-
દેખીતી દ્રષ્ટિ એ ન હતું. ગોચરી નો એક દોષ
આવે છે, અમે ગોચરી ચર્યા કરીએ ને એમાં
એક દોષ આવે છે,

उग्घाडकवाडउग्घाडणाड ।

આજે દેશકાળ એવા થઈ ગયા અત્યારે ન છૂટકે
ગોચરીમાં અપવાદ લેવો પડે છે. તમારો દરવાજો બંધ
હોય ને એ અમારી માટે ખોલો ને એનો પણ
અમને દોષ લાગતો હોય છે. દરવાજો કુદરતી રીતે
જ્યાં ખુલ્લો હોય ત્યાં અમારે ઉત્સર્ગથી ગોચરી
જવાય, આજે અમે એમ કરવા જઈએ સાંજ પડે,
ગુરુકુલવાસ હોય, ગચ્છ હોય, બાળ, વૃદ્ધ, ગ્લાન

વગેરે મહાત્માઓ હોય, ફીન યોગી સીદાય. આજે અમારે અપવાદ લેવો પડે છે ગોચરીમાં. ગુરુદેવ-આત્રા જે અપવાદ લેવા માંગતા ન હતા. ગુરુદેવ નારાજ થઈ ગયા. ગુરુદેવે મને કહ્યું કે, હવે હું-અહીંયાથી નહિ જઉં, દરવાજો ભુલી ગયો છે, SHORT-CUT મળી છે, નહિ તો ફરી ને જવાનું છે. ૭૫-૭૭ વર્ષની એ સમયે ગુરુદેવની ઉંમર ને, પોતે હું બીજુ વાર આવુ ના કરું ગુરુદેવના નિમિત્તે, એના માટે ગુરુદેવ એ દરવાજેથી ના ગયા, ફરીને ગયા. હું તમને પુછુ કે ઇર્યા સમિતિ ક્યારે પાળવાની ? ક્યારે પાળવાની હોય ? આપણે ચાલીએ ત્યારે ઇર્યા સમિતિ પાળવાની હોય, આટલી આપણી સમજ-આપણે પાળીએ કે ન પાળીએ એ બીજા નંબર ની વાત. ઇર્યા સમિતિ નું પાલન બેઠા-બેઠા પણ કરવાનું છે, એક આંગળી પણ હલાવીએ એમાં પણ ઇર્યા સમિતિ-નું પાલન કરવાનું છે, આવું આપણને સમજાય ?

ગુરુદેવે અમને વાચનાઓ આપી છે, હિતશિક્ષા ઓ આપી છે, સંયમની ઉંચા માં ઉંચી-પ્રેરણાઓ આપી છે, પણ એના કરતા પણ આગળ-વધીને ગુરુદેવે અમને સંયમનું આલંબન આપ્યું છે, જીવંત આલંબન ! અને જે આલંબન થઈને અમે જે શીખીએ, એ માત્ર વાચનાથી અને પ્રેરણાથી ના શીખી શકાય. આપણે બધા બાળ જીવો, ષોડશક-પ્રકરણ ની અંદર હરીભદ્રસૂરી મહારાજા સ્પષ્ટ કહે છે,

स्वयमपि च सदाचार- स्सदग्रतो नियमतः सेव्यः।

બાળ જીવો હોય એને બાહ્ય ચારિત્ર ની દેશના આપવી, જે બાળ જીવને પણ એવી એવી વાત કરે, ભાવ શુદ્ધ રાખવો, આચાર પાળવાની જરૂર નથી, શાસ્ત્ર કહે છે કે એ એમના ગુરુ નથી, એમના દુશ્મન છે.

બાળ યુવને બાહ્ય આચારના પ્રાધાન્ય વાળી દેશના આપવી, NUMBER 1 ! બીજા નંબરમાં કહ્યું, કે - તમારે પણ એમની સામે, એ આચારનું અવશ્ય પાલન કરવું. બાળ યુવોને કહેશો ને કહાય એનું તમારા યુવનની અંદર પાલન નહિ હોય, તો તેઓ નહિ સમજે, એ ફરી ફરીને ત્યાં આવશે. તમે શા માટે આમ કરો છો ?

★ સદ્ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે,
જ્યાં હૈયાધારણના હાથી છે !

હું તમને કહું કે આજે સેંકડોની સંખ્યામાં દીક્ષા- થતી હોય. YOUNGSTERS મોટો ભાગ હોય - દીક્ષા લેવામાં ! MAXIMUM પંદર અને પચ્ચીસ વર્ષની વચ્ચે, દીક્ષાઓ થતી હોય છે. વૈરાગ્ય પણ હોય છે, ઉલ્લાસ પણ હોય છે, અને એ સ્થિતિની અંદર આપણને લાગે કે આત્મા તરી ગયા, કામ થઈ ગયું, આપણે આટલું નથી કરી શકતા, એ લોકોએ દીક્ષા લઈ લીધી, આ ઉંમરમાં લઈ લીધી, હું કહું છું, બધી વાત સાચી.

દીક્ષા લેવાય છે એના પાયામાં પણ સદ્ગુરુ હોય છે, અને દીક્ષા પળાય છે એના પણ પાયામાં સદ્ગુરુ હોય છે.

પિંડવાડાની અંદર અમારું ચોમાસુ હતું. વીસ-પચ્ચીસ મહાત્માઓના પરિવાર સાથે ગુરુદેવ બિરાજમાન હતા. મહાત્મા માનસિક રીતે જરાક ઢીલા પડ્યા હતા. દિવસો જતા હતા. છદ્મસ્થ યુગ, કર્મના ઉદયો થાય, અરતિનો ઉદય એમની વધી,

DATE

એમને થયું કે હું દીક્ષા નહિ પાળી શકું. ચોમાસું પુરુ થવા આવ્યું, ચોમાસાનો છેલ્લો દિવસ, આવતી કાલે વિહાર છે, આગલી રાતે મહાત્મા એ નક્કી કર્યું, આવતી કાલે સવારે હું જતો રહીશ.

છેલ્લી રાત છે, મહાત્માઓ સાથે આટલો સમય રહ્યા, બધા સાથે પ્રેમ - લાગણી - ગુરુ માટે, સહવર્તીઓ માટે, મહાત્મા અંતરથી ખુબ સારા પણ એવો કર્મનો ઉદય. બધા મહાત્મા - સંથારી ગયા છે, રાતના દસ... સાડા દસ.. પોણા અગિયાર... અગિયાર.... એવું થયું છે મહાત્મા - આજે સુવાના MOOD માં નથી.. એક એક મહાત્મા પાસે જઈને એમના દર્શન કરી રહ્યા છે. ગુરુદેવ - ની નજર પડે છે, ગુરુદેવ એમને બોલાવે છે, મહાત્મા એમની પાસે જાય છે, ગુરુદેવ પ્રેમથી માથે હાથ ફેરવે છે. માટે તેમને હૈયાધારણની વાત કરથી છે.

એમને અહીંયા આવ્યા એ પણ ગુરુદેવ ના હાથના કારણે, એમને સ્થિર થયા, ગુરુદેવ ના - હૈયાધારણ ના કારણે. એમને કંઈક આગળ વધી શક્યા, ગુરુદેવના હૈયાધારણ ના કારણે. આવું તો કોઈક RARE મહાત્મા ને થાય. પણ આવો વિચાર પણ ન આવે, આજે એકવીસ વર્ષ મને સંયમમાં થયા, એકવીસ વર્ષ માં એકવીસ SECOND માટે પણ નહિ, એ POINT એક સેકન્ડ માટે પણ નહિ, સેકન્ડ ના એકવીસ મા ભાગ માટે પણ નહિ, કદી એવો SILENT વિચાર પણ આ TYPE નો ન આવ્યો હોય, એનું કારણ આ ગુરુદેવનું હૈયાધારણ, આ ગુરુદેવનું વાત્સલ્ય !

સાચુ કહું, ક્યારેક કોઈ સંયમનું માર્ગદર્શન લેવા-આવે કે સાહેબ દીક્ષા લઈ જ લેવી છે પણ, આખી જિંદગી નો સવાલ છે ને એટલે આમ જરા વિચાર આવી જાય કે, આખી જિંદગી !

ચાલો સામાયિક લીધી ૪૮ મિનિટે પુરી થાય, પૌષધ લીધો એક દિવસે પુરો થાય, ઉપધાનમાં જેટલા, ૪૭ દિવસે અમારી મોક્ષ છે એટલી ખબર હોય, મુચ ધાતુ છે, મોક્ષના મુળમાં, જેનો અર્થ છે છુટવું ! મોક્ષ નો SIMPLE અર્થ છે, છુટવું ! આ તમારી ભાષામાં, બાકી તો સંયમ એ જ મોક્ષ છે !

એને મને આવી વાત કરે કે સાહેબ, આખી જિંદગીનું છે એટલે.... ! આમ પોતાની વાત કરવી એ સારું નહિ, પણ કોઈને લાભ થતો હોય, પ્રસંગ ઉપયોગી હોય તો એવો એકાંત પણ નથી કે PERSONAL વાત ના કરવી, અને હું PERSONAL વાત કરું, એવા મુમુક્ષુ ને, હું એમને એમ કહું કે આખી જિંદગીની વાત તો હવે ઓછી છે મને એક ચિંતા છે, મારા પોતાના માટે, એને એમ થાય કે ચાલો કોઈ આપણો સાચી જગ્યા એ-આવ્યા છીએ, આ પણ મારા જ વિચાર ના છે તો હું એને એ જરૂરી ચિંતાની વાત કરું, કે આપણે જીવીએ ત્યાં સુધી તો સંયમમાં છીએ, આવતો ભવ એ દેવલોક નો મળે તો એમાં સંયમ-ના હોય, એ ગુણસ્થાનક ના હોય, આ ચર્યા ના હોય, આ જીવન ના હોય, અવિરતિમાં હોઈએ. આ કઈ રીતે સહન થાય ? હવે આગળ વધી ને ધારો કે NEXT ભવ મનુષ્યનો હોય,

DATE

તે આઠ વર્ષે દીક્ષા મળી પણ જાય, તો પણ એ
આઠ વર્ષ સુધી તો અવિરતિમાં રહેવાનું ને, એ
આઠ વર્ષ હું અવિરતિમાં કેવી રીતે રહીશ ? મને
આ ચિંતા છે. આ કઈ રીતે ACCEPT થાય ?
આ કઈ રીતે BARE થાય ?
કઈ રીતે આપણે સહન કરી શકીએ ?
કઈ રીતે પરિસ્થિતિ સ્વીકારી શકીએ ?

કે આપણે અવિરતિમાં છીએ, મને આની ચિંતા છે. અને તમે આખી જિંદગી આ કેવી રીતે પાળવું, આના વિચાર કરો છો, કારણકે તમે સંયમને સમજ્યા જ નથી. હું તમને કહું છું કે આ વિચાર, આ મારી ચિંતા એના મૂળમાં કોઈ હોય તો એ આ ગુરુદેવ છે, એમનું પીઠબળ છે, એમનું વાત્સલ્ય છે, એમની કાળજી છે, એમનું અનુશાસન છે. દીક્ષા બહુ ઉલ્લાસથી આપવી, પંચવસ્તુક ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજ સ્પષ્ટ કહે છે,

जो आयरेण पढमं पव्वावेउण नाणुपालेइ ।

કે પહેલા તો બહુ આદરથી, ઉલ્લાસથી દીક્ષા આપે, અને પછી બરાબર અનુપાલન ના કરે, બરાબર અનુશાસન ના કરે,

સેહે સુત્તવિહીઈ,

શાસ્ત્રને વફાદાર રહીને જે શિષ્યોનું યોગક્ષેમ ન કરે.

सो पवयणपच्चणीओत्ति ।।

તે જિનશાસનનો દુશ્મન છે. પોતાની વાહ-વાહ કરવા, જયજયકાર કરવા, પરિવાર વધારવા, દીક્ષા આપી દેવી ને બજારમાં નાખવા. તમારી રીતે તમે મોટા થઈ જાવ, તમારી રીતે તમારું ઘડતર તમે કરી લો, મારે ઘણા કામ છે, મારે શાસન-પ્રભાવના છે, મારે ભક્તો છે, મારે પ્રસંગો છે,

મારા મેં ઉપાડેલા કાર્યો છે. મારી પાસે તૈયારી માટે સમય નથી, ધારોકે કોઈની આવી વૃત્તિ છે, તો શાસ્ત્ર સ્પષ્ટ કહે છે. કે એ ગુરુ નથી. એ જિનશાસન ના દુશ્મન છે.

ગુરુદેવે ઉજાગરા કરી કરીને મુમુક્ષુઓને વૈરાગ્ય ના ધાવણ પાઈ-પાઈને દીક્ષા માટે તૈયાર-કર્યા. ગુરુદેવે એક એક શિષ્ય ને દીક્ષા માટે તૈયાર કરવા માટે જે જહેમત ઉઠાવી છે, એમે નજર સામે જોઈ!

અમારા સંયમબોધિ સૂરીશ્વરજી મહારાજ, એમણે પોતે, ગુરુદેવના ઉપકારને યાદ કરતા અમને કહ્યું હતું. કે હું ગુરુદેવની પાસે રાતે જતો, રાતના નવ થી બાર. ગુરુદેવ ઉજાગરો કરીને મને સમજાવે, બધું જ અફલાતુન સમજાવે ને, મારી દર વખતે છેલ્લી વાત હોય, બધી વાત સાચી પણ મને ભાવ નથી. મારા જેવો હોય તો કદી આવા ઉજાગરા કરે નહિ ને એક ઉજાગરો કર્યો હોય ને આવો જવાબ મળે તો બીજુ વાર-એને SMILE થી વધારે કશું આપે નહિ. ગુરુદેવ હાર્યા નથી, ગુરુદેવ થાક્યા નથી. દિવસો ના દિવસો સુધી, અમારા એ આચાર્ય ભગવંત કહે, ગુરુદેવે કોઈની પાછળ મહેનત નહિ કરી હોય, એટલી મારી પાછળ કરી હશે. દર વખતે અફલાતુન વૈરાગ્યના-ધાવણો ગુરુદેવ પાયને છેલ્લે જવાબ મારો હોય કે મને ભાવ નથી. ગુરુદેવ મહેનત કરતા રહ્યા... કરતા રહ્યા... કરતા રહ્યા... અને આજે જિનશાસનના એક મહાપ્રભાવક આચાર્ય, એ શ્રી સંઘને મળ્યા, મૂળમાં ગુરુદેવનું આ હૈયાધારણ!

DATE

મહાત્માને અરતિ થઈ ગઈ છે. નક્કી કર્યું. ને ગુરુદેવે પુછ્યું, ને મહાત્મા ત્યાં "મા" ની આગળ, હવે તો કેવી રીતે છુપાવાય! પેટ છુટી વાત કરી, એ રાતે એક કલાક ગુરુદેવે એમને બેસાડયા, આજે એ વાતને સોળ.. સોળ.. સિત્તેર.. સિત્તેર... વર્ષ થઈ ગયા, બસ એ રાત, એ એક કલાક, એ ગુરુદેવનું વાત્સલ્ય, એ સમઅવટ, એ - હૈયાધારણ, અને મહાત્મા સંયમમાં સ્થિર થઈ ગયા.

☆ સદ્ગુરુ એ નિશ્ચય પ્રવેશ છે,

જ્યાં અલગારીનાના અશ્યો છે!

અલગારીતા! આપણે કંઈક ભપકામાં સમજીએ - છીએ, કંઈક આડંબરમાં સમજીએ છીએ. છગન-મગનના ઘરે ગયો, ઘણા વર્ષે ગયો હતો, દીકરો આવ્યો, મગનનો દીકરો અંદરથી બહાર આવ્યો, છગને કહ્યું આ તારો દીકરો છે, આવો સરસ છે, આવો ગલગોટા જેવો, મગને ઠાવકા મોઢે કહ્યું કે આ તો કાંઈ નથી એનો ફોટો મોજે!

આપણી પાસે છે ને કાંઈક બનાવવાની વાત છે, કાંઈક ઉજવવાની વાત છે, કાંઈક કરવાની - વાત છે, આપણી પાસે હોવાની વાત નથી, જેને TO BEING કહેવાય કે NATURAL BEAUTY કહેવાય, જ્યાં સહજ સૌંદર્ય હોય! આઠ વરસ-પહેલાની ઘટના, પાલીતાણામાં નવ્વાણું કરવા માટે ગુરુદેવ પાસે આગ્રહ થયો, ગુરુદેવે સંમતિ આપી. ઉપધાનની વિનંતી હતી, પાલીતાણામાં ગુરુદેવે - સંમતિ આપી. પ્રશ્ન આવ્યો કે બોઈ વચ્ચે શું કરશું?

દશેરાથી ઉપધાન છે, ઉનાળામાં નવ્વાણું છે, વચ્ચે શું કરશું ? કંઈક ઉભુ કરીએ, કંઈક - આયોજન, કંઈક ચોમાસુ, કંઈક થવું જોઈએ ! પ્રશ્ન લઈ જનારા, પ્રશ્ન લઈને ગુરુદેવ પાસે - ગયા ને ગુરુદેવનો આટલો જવાબ હતો, આપણે એમ ને એમ રહીશું.

અજ્ઞાની હોય છે, સુખી થવા માટે - ધમપછાડા કરે છે, મહેનત કરે છે, આકાશ- પાતાળ - એક કરે છે.

જ્ઞાની એમ ને એમ સુખી હોય છે !

મારે, તમને અણગારીતા ની વાત કરવી છે ! કંઈક મારે ઉભુ કરવું છે, કંઈક આયોજન કરીને મોટી ભીડ ભેગી કરીને, અને મારે મારાપણું સિદ્ધ - કરવું છે તો હકીકતમાં હું બહુ જ પછાત છું. મારું અસ્તિત્વ છે જે, એ બધાની વગર પણ છે, એ બધા સાથે જે અપેક્ષિત છે, એ એ બધા વગર વધારે ઉંચુ છે, આની મારી પાસે પ્રતિતી નથી તો હકીકતમાં હું કશું સમજ્યો જ નથી. અષ્ટાવક્ર ગીતાની અંદર,

एवमेव यथासुखम् ।

આ પછી જે અણગારીતા ની વાત કરી, મને એમ - થાય કે ગુરુદેવમાં મેં અષ્ટાવક્ર ગીતા વાંચી છે.

- ☆ કેવી એમની સહજતા !
- ☆ કેવી એમની અકિંચનતા !
- ☆ કેવી એમની આનંદ !

ગુરુદેવ ઘણા વર્ષોથી વ્યાખ્યાન, ખાસ

આપતા ન હતા. કોઈ પ્રસંગ હોય, આપવું પડે એ વસ્તુ જુદી છે. અમારી દીક્ષાથી ગુરુદેવે વ્યાખ્યાન છોડી દીધું હતું. ગુરુદેવ ઉપાશ્રયમાં પાટ ઉપર બેઠા હોય, વાંચતા હોય, ભજતા હોય, પ્રાયઃ-કરીને મૌન હોય, કંઈ આડંબર, કંઈ ભપકો, ચાલો PRESS માં આ કરી દો, બહાર આ કરી દો, આવી પ્રસિદ્ધિ કરી દો, કશું જ નહિ. હવે મને શબ્દો નથી મળતા કે આ કશું જ નહિ, એમાં જે સૌંદર્ય ખીલેલું હોય છે, એ ક્યા શબ્દો થી વર્ણવું.

આજે છે ને બહુ સરસ મઝાનો સંયોગ છે. આજે ગુરુદેવના નિમિત્તે સદ્ગુરુ સપ્તાહનો ત્રીજો દિવસ તો છે જ. આજે અમારા ગુરુદેવ-ના ગુરુદેવ જેમને કહી શકાય, એવા સિદ્ધાંત-દિવાકર ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરીશ્વરજી મહારાજ, એમનો ૮૯મો જન્મદિવસ પણ છે, આજે એમની-વીસમી માસિક પુણ્યતિથિ પણ છે. આજે એ મહા-પુરુષો, એમ થાય કે એ બેની વાતો ની જે ભેગી ઘટનાઓ છે, એની પણ વાત કરું.

આજ થી વીસ વર્ષ પહેલાની વાત - મુંબઈ, અંધેરી ખાતે અંજનશલાકાનો પ્રસંગ, લગભગ-એમ ૧૫૦ મહાત્માઓ, ચોથા માળે ગોચરી માંડલી અગાસી ની અંદર બેસે ને જે માહોલ! ગચ્છાધિપતિ-શ્રી અને ગુરુદેવશ્રી બીજા માળે બિરાજમાન! બે માળ ચડીને ગોચરી માંડલીમાં આવવું પડે માટે બીજા માળે જ એક રૂમની અંદર બંને મહાપુરુષો ગોચરી વાપરે. ગચ્છાધિપતિશ્રી ગોચરી વાપરી રહ્યા છે, પાટ ઉપર બેઠા છે, ગુરુદેવશ્રીની ગોચરી આવી,

ગુરુદેવશ્રીનું આસન નીચે પાથરેલું છે, પાત્રા મુકેલા છે, મહાત્મા જે ગુરુદેવશ્રીને કહ્યું છે, પધારો વાપરવા, તેઓ શ્રી રૂમમાં આવ્યા, ગચ્છાધિપતિ-શ્રીના જે શિષ્ય એમને પીરસી રહ્યા હતા એમણે ગુરુદેવશ્રીને જોઈને કહ્યું સાહેબ પધારો. સાહેબ-સાથે પાટ ઉપર પધારો, અને ગુરુદેવ શ્રી-સહજ રૂપે બોલ્યા, અમે સાહેબના ચરણોમાં ! ગુરુદેવશ્રીનું આગળનું વાક્ય હતું, સાહેબ ક્યાં, અને હું ક્યાં ? બહુ અઘરું છે !

ગુરુ પ્રત્યે બહુમાન ભાવ જગાવો, હજુ સહેલો છે, પણ જે માત્ર બે જ વર્ષ દીક્ષા-પર્યાયમાં મોટા છે. હું કહું છું આજે કોઈની દીક્ષા થાય ને અને એમનાથી બે વર્ષ મોટા-મહાત્મા હોય એમનો પર્યાય ને આજે દીક્ષા થઈ એમનો પર્યાય આમાં ગુણાકાર, ભાગાકારનો-કેટલો ફેર આવે ? NORMAL ભાષામાં કહીએ તો સાતસો.. સાડા સાતસો ગણો ફેર આવે. હવે આમનો બે વર્ષનો પર્યાય થયો ને આમનો ચાર વર્ષનો પર્યાય થયો. હવે કેટલો ફેર આવ્યો. આમનો DOUBLE (બમણો) પર્યાય ! હવે-આમનો દસ વર્ષનો પર્યાય થયો ને આમનો બાર વર્ષનો પર્યાય થયો, હવે કેટલો DIFFER-ENCE (ફરક) આવે ? અને એક મહાત્મા-હોય, જેમનો બાવન વર્ષનો પર્યાય હોય, અને બીજા નો પચાસ વર્ષનો પર્યાય હોય, હવે RATIO કાઢો. ALMOST SIMILAR કહેવાય ! આપણાથી પાંચ પંદર વર્ષ મોટા ગુરુભાઈ હોય, એમના માટે આપણને જે બહુમાન ભાવ, સામાન્યથી ન જાગી શકે. પણ જેવો બહુમાન ભાવ, જેવા સમર્પણ-

ભાવ, જેવો ગુરુ તુલ્ય ભાવ, એ એમને ન મળે, કે ગુરુદેવને, બાસઠ વર્ષનો ચારિત્ર પર્યાય, વર્તમાન હોવા છતા, સિત્તેર વર્ષના સંયમ પર્યાયી ગચ્છાધિપતિશ્રી માટે હતો.

ગુરુદેવનો પચાસ વર્ષનો પર્યાય અને ગચ્છાધિપતિશ્રી નો બાવન વર્ષનો એ સમયે પર્યાય, પાટ ઉપર સામે સામે બેસી ને વાપરી તો જોયાં- કશું વેજુગતું નથી, કશું ખોટું નથી, સાહેબ- એક મહાન આચાર્ય, ગુરુદેવ એક મહાન આચાર્ય, અને જ્યારે આમંત્રણ મળી રહ્યું છે, પધારી ને સહજ જે અંદરથી નીકળી અમે સાહેબના ચરણોમાં, અમે સગી આંખે જોયું છે. ગુરુદેવ, સાહેબની વંદન કરે, અમે સગી આંખે જોયેલું છે, છેલ્લા બે-ત્રણ વર્ષની અંદર જોયેલું છે. સાહેબના પગનો અંગુઠો લઈને ગુરુદેવ બંને આંખોમાં લગાડે, આ દ્રશ્ય અમે જોયું છે. હું તમને કહું છું- આ ઘટનાની અંદર બે વસ્તુ આંખે ઉડી ને વળગી, એક બાજુ સાહેબની પરાકાષ્ટાની ગરિમા અને બીજુ બાજુ પોતે પણ પરાકાષ્ટાના ગુણ ગરિમાના સ્વામી હોવા છતા, ગુરુદેવનું જે નમ્રત્વ, જે સમર્પણભાવ- એ આજે મારા વાંચલ છે, આજે મારા નિશાહાના છે, અને જે પરમ ગુણવાન છે એમના પ્રત્યે એમના ચરણોની અંદર બાળક જેવી અકિંચનતા, અમે નજરની સામે જોયું છે.

SIMS HOSPITAL ની અંદર- ગુરુદેવ બિરાજમાન હતા, તબીયત ઘણી જ ખરાબ હતી, દોઢ-બે વર્ષ પહેલાની ઘટના. ગુરુદેવની શાતા પુછવા માટે હું ગયો હતો, ROOM ની અંદર

કોઈક શ્રાવક દ્વારા ગચ્છાધિપતિશ્રી સાથે કંઈક વાત થઈ રહી હતી, આમ પરિસ્થિતિ છે, આમ છે વગેરે. સાહેબ શ્રાવક દ્વારા માર્ગદર્શન આપતી રહ્યા હતા ને એ વખતે સાહેબની સાથે જે - મહાત્મા હતા, એમણે કહેવડાવ્યું, કે સાહેબ - અત્યારે આપની લખેલી ચોપડી વાંચી રહ્યા છે. ગુરુદેવે લખેલી સુધા ભોગીનું એક પુસ્તક - સાહેબ વાંચી રહ્યા હતા, ને જ્યાં આ શબ્દો સાંભળ્યા, ગુરુદેવના મુખમાંથી શબ્દો નીકળી - પડ્યા કે સાહેબ મારા જેવા બાળકનું વાંચે છે! ગુરુદેવ નો ભાવ એ કે સાહેબ મારી "મા" તુલ્ય, હું એમના બાળક તુલ્ય ને "મા" ની કેટલી - મહાનતા, કે બાળકનું લખેલુ પુસ્તક વાંચે. ઉલ્લાની અંદર ગુરુદેવના શબ્દો સાહેબ ક્યાં ને હું ક્યાં, હું સાહેબ સાથે ન બેસુ. હું સાહેબ - ના ચરણોમાં.

આજથી ત્રણ વરસ પહેલાની ઘટના, એની સમાંતર મને મૂકવાનું મન થાય ને, મહાપુરુષો એમના કેવા અનુત્તરો હોય છે, એક બાજુ આ ઘટનાને બરાબર યાદ રાખજો, મગજમાં એક બાજુ ગોઠવી દેજો ને હવે બીજું ઘટના તમે જુઓ, ઓપેરા સોસાયટીની અંદર ગુરુદેવનું ચોમાસુ નક્કી થઈ ગયું છે, જય બોલાઈ ગઈ છે, બધુ જ નક્કી થયા પછી, સાહેબે એમને સાથે બોલાવ્યા છે, બધું જ નક્કી થયેલું, ગુરુદેવ સાહેબની નિશ્રા - માં ચોમાસુ કરવા માટે સાબરમતી પધાર્યા છે, પ્રવેશનો દિવસ છે. જબરદસ્ત સામૈયું છે સાહેબ નું ગૌરવ થાય, હજારો લોકોને સાહેબના દર્શન થાય, માટે બહુતો એ સાહેબને મોટી -

શિબિકા ની અંદર લીધા છે. સાહેબ એમાં બિરાજમાન થયા છે. સરસ મજાનું સોનેરી સિંહાસન છે, દબદબો છે. દર વર્ષે છેલ્લા પાંચ- સાત વરસથી ભક્તો ના શિષ્યોના આગ્રહને માન આપીને, સાહેબ એના ઉપર બેસતા. આપણા જેવા ને- ગલગલિયા થઈ જાય, એની અંદર સાહેબ દસ- વૈકાલિકનો, વિતરાગ સ્તોત્ર નો પાઠ કરતા.

## સાહેબ, બહાર પણ અંદર હતા!

પણ આજુ સામૈયું સાહેબ આ રીતે શિબિકામાં- બેસતા. સાબરમતી ના ચોમાસના પ્રવેશની અંદર, સામૈયું થોડું ચાલ્યું અને સાહેબે કહ્યું, કે મને નીચે ઉતારી દો. પેલા ભક્તો ચમક્યા, શિષ્યો- ની સામે જોયું, શિષ્યોએ કહ્યું કે શું થયું- સાહેબ હજુ તો શરૂઆત થઈ છે, હજુ તો વાર છે, મને નીચે ઉતારો. થોડી રેકજક ચાલી- હશે, થોડો સમય ગયો છે. અને સાહેબ ઉપાશ્રય નજીક આવ્યો, હજુ તો શરૂઆત થઈ છે, હજુ તો ઘણું ફરવાનુ બાકી છે, સાહેબ નીચે ઉતરીને ઉપાશ્રયમાં જતા રહ્યા, શિષ્યોને ખુબ જ આશ્ચર્ય, સાહેબે આ વખતે શા માટે આમ કર્યું? સાહેબ- બેઠા છે, બહારથી આવ્યા એટલે થોડા સ્વસ્થ- થયા, અને શિષ્યોએ પુછ્યું કે સાહેબ, શા માટે આ વખતે આપે આવું કર્યું? હજુ સામૈયું- આખું ફરવાનું હતું, બધાનો આટલો ઉલ્લાસ છે, બધા આપના માટે આવ્યા, એ લોકોને આપને ઉચકી ને ફેરવવાનો દિવસ, આખા વર્ષમાં એક વાર હોય. સાહેબ, આપ શા માટે ઉતરી ગયા? અને સાહેબે આટલું જ કહ્યું, હેમચંદ્રસૂરી મહારાજ

એ મારા સમોવડિયા છે, એ વિશિષ્ટ જ્ઞાની છે.
એ શાસનના મહાન પ્રભાવક છે. એ નીચે હોય,
અને હું ઉપર હોઉં, એ મને સારું ન લાગ્યું,
માટે હું નીચે ઉતરી ગયો.

ગુજરાતથી મુંબઈની અમારી વિહાર-
યાત્રા હતી, મુંબઈ તરફ જતા પહેલા શાહપુર-
અમે પહોંચ્યા છીએ, "માનસ મંદિરમ તીર્થ" છે
ત્યાં આસપાસ મહાત્માઓની ત્યાં ગચ્છાધિપતિશ્રી-
ની નિશ્રામાં સ્થિરતા છે, અનેક આચાર્ય-
ભગવંતો છે, પાંચ દીક્ષાનો મહોત્સવ છે. કેટલાક
મહાત્માઓ અમને શાહપુર ગામમાં લેવા આવ્યા.
કેટલાક મહાત્માઓ એક કિલોમીટર.. બે-
કિલોમીટર ... એઠી કિલોમીટર ... લેવા-
આવ્યા. પૂજ્ય રત્નસુંદરસૂરી મહારાજ જેવા પણ
કેટલુંય ચાલીને ગુરુદેવને સામે લેવા આવ્યા.
આનંદ ... આનંદ ... આનંદ .. થઈ ગયો છે.
વર્ષો પછી મહાત્માઓનું મિલન થયું છે.
સામૈયું ચાલી રહ્યું છે, સામૈયું આગળ
પહોંચતા.. પહોંચતા... પહોંચતા... જ્યાં માનસ-
મંદિરમ્ ના ઉપાશ્રયે આવ્યા, આગળ ગુરુદેવ
છે, અનેક આચાર્યો છે, અમે પણ ઘણા-
બધા શિષ્યો છીએ, બીજા પણ ઘણા બધા-
મહાત્માઓ છે. અને અમે જ્યાં પહોંચ્યા ને એ
દૃશ્ય જોઈને અમે સ્તબ્ધ થઈ ગયા. ગચ્છાધિ-
પતિશ્રી પોતાના રૂમ ની અંદરના આસનથી,
પોતે ઉભા થઈને, એક મહાત્માનો હાથ પકડીને
ગુરુદેવ ને સામે લેવા આવ્યા છે. ઉપાશ્રયના
હૉલના બારણા સુધી આવ્યા છે. એ બારણું
વટાવી ને બહાર પરસાળ સુધી આવ્યા છે,

DATE

એ પરસાળમાં ઠેઠ દાદરા સુધી આવ્યા છે, ગુરુદેવ જોતા રહી ગયા, ગુરુદેવ આભા થઈ-ગયા. ગુરુદેવની આંખો ભીની થઈ, ગુરુદેવ સીધા સાહેબના પગમાં પડીને, પંચાંગ પ્રણિપાત-વંદન કરીને, ત્યાં સાહેબના પગમાં ગુરુદેવે માથુ-મુકી દીધું ને આ દ્રશ્ય જોનારા બધા સ્તબ્ધ-થઈ ગયા !

એ સમયે કોલ્હાપુરથી એક-ગુરુભક્ત સાહેબ ને વંદન કરવા આવ્યા હતા ને સાહેબ-ના શિષ્યને ગુરુભક્તે વાત કરી કે સાહેબ આ જિનશાસનનું ઔચિત્ય ! આ તો એવું દ્રશ્ય, આ તો એવી ઘટના, આગે કોઈ ફિ હોય ને, પોતાના ઘરેથી નીકળી ને, COMPOUND માં આગળ જઈને, ટેમ નું પોતે સ્વાગત કરવા જાય. આવું-દ્રશ્ય, આવું જિનશાસનનું ઔચિત્ય, એ ભાઈના જીવનમાં ધર્મ એટલો બધો ન હતો, એ દિવસથી એ ધર્મમાં બહુ જ સ્થિર થઈ ગયા. ધર્મમાં એ દિવસથી એ ઘણા આગળ વધી ગયા. આવું એ જિનશાસનનું ઔચિત્ય હોય તો, જિનશાસનથી ઉંચું આ દુનિયામાં બીજું કશું જ નથી.

સાત વરસ પહેલાની ઘટના ! મુંબઈમાં દર્શા સંઘની બહાર સમુદાય નું સંમેલન હતું. દોઢસો આસપાસ મહાત્માઓ ભેગા થયા છીએ. ઉનાળાની SEASON છે, મહાત્મા ગોચરી ગયા છે. ગોચરી-વહોરીને આવ્યા છે, ગુરુદેવની પાસે મહાત્મા એ તરપણી મુકી છે. તરપણીમાં કેરીનો રસ લાવ્યા છે. મહાત્મા ગળગળા થઈને ગુરુ મહારાજને કહે છે કે આજે આપે વાપરવું પડશે. જિંદગીની અંદર જેમણે

કેરીનો રસ વાપર્યો નથી. એ એક ભાવના કે સંઘ એક થઈ જાય ત્યાં સુધી મારે કેરીનો રસ બંધ! એ મહાપુરુષો અંદરથી વ્યથિત હતા, આ સંઘર્ષો- આ ઝઘડાઓ, આ ભેદ, આ સંક્લેશ, એ આ- શાસનની અપભ્રાજના, મહાપુરુષોના અંતરમાં આ વ્યથા રમતી રહી, અમારા હિમાંશુસૂરીશ્વરજી મહારાજ મારે સંઘ એક ન થાય ત્યાં સુધી આયંબિલ અને- હજારો ને હજારોની સંખ્યામાં એ મહાપુરુષે આયંબિલ કર્યા.

ગુરુદેવના સંયમ જીવનના આગળની વાત કરું. શરીર નબળુ, તબિયત ઢીલી. પાચન- શક્તિ નબળી, ભારે વસ્તુ ન વાપરી શકે. સાદુ- પણ માપસર, બહુ નજીવી માત્રામાં વાપરી શકે. દાદા ગુરુદેવ ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, એ સમયે એમનું નામ ભાનુ વિજયજી મહારાજ સાહેબ, એમને ચિંતા સતાવતી રહેતી કે આ હેમચંદ્ર વિજયજી વાપરતા નથી, અને જે વાપરી શકે એનો ત્યાગ કરીને બેઠા છે, પણ એ ત્યાગની અંદર ગુરુની છુટ હોય, ગુરુનો અપવાદ હોય, ગુરુ આજ્ઞા કરે તો જે વસ્તુનો ત્યાગ હોય એને વાપરવામાં ત્યાગ તુટતો નથી હોતો. ભાનુવિજયજી મહારાજ સાહેબે એ સમયે આજ્ઞા કરી દીધી, ગોચરી લાવનારને, હું છુટ આપી રહ્યો છું, હેમચંદ્ર વિજયજી ને તમારે કેરીનો રસ વપરાવાનો. ગુરુદેવનો જે વૈરાગ્ય, ગોચરી માંડલીમાં ગુરુદેવ બેઠા છે, જે મહાત્મા પિરસી રહ્યા હશે એમણે વાત કરી કે સાહેબ આપના માટે છુટ આપી છે, આપે રસ વાપરવાનો છે, અને ગુરુદેવની આંખ માંથી શ્રાવણ અને ભાદરવો વહેવા લાગ્યા. ગુરુદેવ ઉભા થઈ ગયા,

ગુરુદેવ ઝુણામાં જતા રહ્યા, ગુરુદેવ ધ્રુસકે ને ધ્રુસકે
રડવા લાગ્યા, એક બાજુ ગુરુ ની આજ્ઞાનો ભંગ-
પણ નથી કરવો, અને બીજુ બાજુ આ રાગનું-
નિમિત્ત, આ પુણ્યના ચટકા, આ આપણા મનને
ડહોળવું, આત્માની અંદર રાગનું પ્રદુષણ ફેલાવવુ,
આ પણ મને મંજુર નથી. ધ્રુસકે ને ધ્રુસકે-
ગુરુદેવ રડી રહ્યા છે, મહાત્માઓ સ્તબ્ધ થઈને-
જોઈ રહ્યા છે, વાત SUPREME COURT માં-
પહોંચી, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે. અને વાત
કરીકે આ રીતે આદેશ થયો, સમર્પિત શિષ્ય, ગુરુ-
ભક્ત શિષ્ય, ગુરુની આજ્ઞા ઉત્થાપે નહિ એવા-
શિષ્ય. ઉત્થાપે તો કહી દે મન હું નથી વાપરતો,
એવી વાત નથી. એક બાજુ પરાકાષ્ઠાનો વૈરાગ્ય છે
ને બીજુ બાજુ ગુરુદેવની આજ્ઞા છે. અને એ
હેમચંદ્ર વિજયજી એ ધ્રુસકે ને ધ્રુસકે રડી રહ્યા છે,
મારે કેરીનો રસ વાપરવો નથી. અને પ્રેમસૂરી-
શ્વરજી મહારાજએ પોતાના શિષ્ય ભાનુવિજયજી ને
બોલાવી ને કહ્યું કે, જો ભાઈ તારો ભાવ સારો
છે, પણ આ હેમચંદ્ર વિજયજી એમનો જે વૈરાગ્ય છે,
જે કેરી વપરાવી ને તમારે એમનું લોહી બનાવવું છે,
એજ કેરી વાપરી ને જે બળાપો થશે, એમનું ઉલ્ટાનું
લોહી બનવાની બદલે બળી જશે, માટે આ આગ્રહ
કરવા જેવો નથી. અને ફરીથી ORDER છુટ્યો, કે-
ભાનુવિજય એ તમને આપેલી છુટ પાછી લઈ લીધી છે,
ત્યારે ગુરુદેવને સાંત્વના થઈ.

એક બાજુઆ સંસાર છે જે ન મળવાના
કારણે રડે છે. અને બીજુ બાજુ આવા ગુરુદેવજી
મળી રહ્યું છે મારે જોઈતું નથી, આ મુદ્દે રડે.
વર્ષો ના વર્ષો વિતી ગયા, એ જ તબિયત, એ જ

હોજરી, કદાચ તબીયત વધારે બગડી છે. ગુરુદેવ કેરીનો એક ટુકડો કે રસનું એક ટીપું લેવા તૈયાર નહિ, સેવા કરનાર મહાત્મા એટલી લાગણી, ગુરુદેવ આપે વાપરવું પડશે. અને ગુરુદેવે સાફ ના પાડી, મહાત્મા ત્યાં રડી પડ્યા, પણ ગુરુદેવ પોતાના એ નિયમમાં મક્કમ રહ્યા.

બીજે દિવસ થયો મહાત્મા ગોચરી લાવ્યા છે. ગચ્છાધિપતિ શ્રી ને ગોચરી બતાવી છે. ગચ્છાધિપતિશ્રી એ સમયે નીચે, ગુરુદેવ શ્રી ઉપર, ગોચરી બતાવી, ગચ્છાધિપતિ શ્રી એ પાતરી લીધી, પોતાની ગોચરી માંથી, કેરીનો રસ પાત્રીની અંદર ભર્યો, અને મહાત્માને કહ્યું કે આ તમારા ગુરુજી ને આપી દેજો. મહાત્મા ને હર્ષ નો અનુભવ થયો છે. અને મહાત્માએ તરત કહ્યું કે આ તો અમારા ગુરુદેવ શ્રીને બંધ છે. ગચ્છાધિપતિ શ્રી બોલ્યા, કે એમના શરીરે નબળાઈ ઘણી છે. એમને આ વાપરવાની જરૂર છે, એમને કહેજો કે મેં આપ્યું છે. એટલે એ વાપરી લેશે. હજુ મહાત્મા ને મુંઝવણ હતી કે મારા ઉપર ગુરુ મહારાજ ને વિશ્વાસ - બેસશે કે નહિ, સાથે ના એક મહાત્માને આગળ કર્યા, અને કહ્યું કે આપ જરા સુર પુરાવજો મારી વાતમાં, ગચ્છાધિપતિશ્રી એ આગળ કહ્યું કે હું તમને નિયમ આપુ છું, જે દિવસે તમારા ગુરુ મહારાજ કેરીનો રસ ન વાપરે, એના બીજા દિવસે તમારે ઉપવાસ કરવો. મહાત્મા એ હાથ જોડ્યા, ગચ્છાધિપતિ શ્રી એ નિયમ આપ્યો, મહાત્મા એ પાત્રી લઈને ઉપર ગયા, સાથે પેલા મહાત્માને લઈ ગયા, ગુરુ મહારાજ ને બધી વાત કરીને, ગુરુ મહારાજ- બોલ્યા કે તું મજાક કરે છે ને? મહાત્મા એ કહ્યું

કે પુછો, એ મહાત્મા પણ મારી સાથે હતા, - એમને પુછો. પેલા મહાત્મા એ કીધું કે બસ સાહેબે કહ્યું છે ને, હવે વિચાર નહિ કરવાનો, અને ગુરુદેવે એ પાત્રી નો રસ વાપરી લીધો.

ઘણી બધી વાતો, દીક્ષા પહેલાથી, ગુરુદેવ અને સિધ્ધાંત દિવાકર ગચ્છાધિપતિશ્રી, હું કહું છું, ગચ્છાધિપતિશ્રી નું ગચ્છાધિપતિત્વ જેટલું એમના જ્ઞાન ને ગીતાર્થતા ને આભારી હતું એના કરતા અનેક ગણું એમના વાત્સલ્યને આધારિત - હતું. એમના વાત્સલ્યની ઘટનાઓ મેં ગુરુદેવના - સહેલ્લમાં કહી, અમે સાડા છસ્સો સાધુઓ નો - સમુદાય, અને સાડા છસ્સો એ છસ્સો સાધુઓને આવા ગચ્છાધિપતિ શ્રી ના વાત્સલ્યના અનુભવો થયા હોય, જેમાં મારા જેવા પણ બાકાત ન હોય ને, આજે પણ એ ઉપકાર ને વાત્સલ્ય ને યાદ કરીએ, પોતાની ૮૪ વર્ષની ઉંમર હોય ને, મારા જેવા નાના સાધુ માટે, એ મહાપુરુષ, એક મોટા સંઘના ટ્રસ્ટીને કામ સોંપે, કે તમારે આમની તબિયત નું ધ્યાન - રાખવાનું, REPORT કરાવવાનો, દવા કરાવવાની, અને મને બધા REPORT આપતા રહેવાનું કે, મારા જેવા શરમથી પાણી ... પાણી થઈ જાય, કોઈ એવી મારી લાયકાત નહિ.. એવા કોઈ ગુણો નહિ, દોષો ની ભંડાર હું, અને સાહેબનું આવું વાત્સલ્ય, આવા માત્ર મારા અનુભવ નહિ, દરેક દરેક સાધુ - ઓની અનુભવ !

આજે એ ગચ્છાધિપતિશ્રી નો જન્મ દિવસ, એટલી પ્રાર્થના, અને મહાપુરુષો ને કરીએ, અમારા જીવનમાં આપશ્રી નો જન્મ થાય.

DATE

અમારા આચારમાં આપનો જન્મ થાય.
અમારા વિચારમાં આપનો જન્મ થાય.

તો જ અમારો આ જન્મ નવા વર્ષમાં સફળ થશે. એવી ભાવના સાથે, આજે આટલું રાખીએ.

—— x —— x —— x —— x ——

## પૂજ્ય મુનિરાજ શ્રીપ્રેમવિજયજી મહારાજ સાહેબજી

સદ્‌ગુરું પ્રણિદધ્મહે DATE 26 07 2021

સોમવાર

આજે ગુરુદેવના ગુણોનું દર્શન આપણે કરીએ. ગુરુદેવનો સિત્તેર વર્ષનો ચારિત્ર પર્યાય, આઝાદી-ની બધી ચળવળો પણ જોયેલી, ખુબ અનુભવી, ખુબ શાસનના વિશિષ્ટ કાર્યો કરનારા, સંયમની વિશિષ્ટ પરિણતિ કેળવનારા, દાદા ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમના પડખા સેવનારા. બહુ કૃપા પ્રાપ્ત કરનારા.

શાસનની અંદર છે ને, શક્તિઓ બધી એ એટલી કામ ન લાગે. જબરદસ્ત શક્તિઓ આજે પણ મહાત્માઓમાં હોય છે. ગુરુદેવે થોડા મહિના પહેલા, ગોદાવરી સંઘમાં નાના મહાત્માને પ્રેરણા કરી, કે શક્તિની પરીક્ષા કરો તમે, કેટલી ગાથા ગોખી શકો છો. મહાત્માએ પણ બહુ જબરદસ્ત ક્ષયોપશમથી દોઢસો ઉપર ગાથા એક જ દિવસમાં ગોખી કાઢી. શાસનની અંદર શક્તિઓ ઘણી છે, પણ શક્તિ સાથે, વિશિષ્ટ શાસનભક્તિ ના હોય, ગુરુભક્તિ ના હોય, તો એ શક્તિ છે એ શાસનનું સત્યાનાશ વાળે. ગુરુદેવ પાસે શક્તિઓ ખુબ હતી, અમને દૌલત નગરથી પધારેલા મહાત્માએ વાત કરી કે, પૂજ્ય નરવાહનસૂરીશ્વરજી મહારાજ સાહેબ, એ સમયે પોતે મુનિ. અને છઠ્ઠો કર્મગ્રંથ કરવા માટે તલસતા હતા. સીધો JACK ન લાગ્યો તો વાંકેથી લગાડાવ્યો, એ જ બતાવે છે કે ગુરુદેવની એ વિષયમાં કેટલી MASTERY હશે. ગુરુદેવ બધું મોઢે ભણાવતા હતા. ચોપડીની જરૂર એમને પડતી ન હતી. અને છઠ્ઠો કર્મગ્રંથની અંદર ખાસ કરીને એ ગણિત ખુબ આવે. ગુરુદેવ છેલ્લા સમય સુધી, એ મોટા-મોટા ગણિત મોઢે બહુ સહેલાઈથી, આપણા જેવા

કોઈ લઈને બેસે કાગળ, અને ગણતરી કરવા બેસે, હું વિશ્વાસથી કહી શકું કે ગુરુદેવ તમારાથી પહેલા જવાબ લાવી દે.

એ સમયમાં શતાવધાન ખુબ જ અઘરા ગણાય. અત્યારના સમયના શતાવધાન જુદા, એ સમયના જુદા. જેની અંદર પાંચ-પાંચ-દસ-દસ આંકડાની સંખ્યાને, પાંચ-પાંચ-દસ-દસ-આંકડાની સંખ્યાથી ગુણવાના, અને કોઈ કાગળ-પેનની મદદ વગર ગુણવાના. મોઢે ગુણવાના! એ સમયે બાજુમાં કોઈ સતત ઘંટ વગાડતુ હોય. આપણને પુરેપુરા વિઘ્નો એ પુરા પાડી રહ્યા-હોય. અને એ સમયે એનો જવાબ યાદ કરવાનો. અને સૌ વસ્તુઓને યાદ રાખવાની છે ને, એની અંદરમાં આવા જવાબો પણ યાદ રાખવાના પાછા. ભાત ભાતની વસ્તુઓ હોય એમાં સ્પર્શેન્દ્રિય દ્વારા-અવધાન કરવાના, તમારા હાથમાં વારાફરતી-ત્રણ ચાર પુંઠા આપે. એ બધાના સ્પર્શ ને તમારે ધારી લેવાનો, પછી તમને પુછવામાં આવે કે પચાસમાં નંબરમાં તમને કઈ વસ્તુ-આપવામાં આવી હતી, અને ત્યારે યાદ કરીને કહી-દેવાનું કે આવું ખરબચડા સ્પર્શ વાળુ પુંઠુ હતું, પચાસ નંબરમાં. તો ગુરુદેવે આવા શતાવધાન-એ સમયમાં કર્યા હતા. એક વાજો મ્હોટે કાર્યક્રમ યોજવાની અણી ઉપર હતો, તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી, ધીરજલાલ ટોકરશી એ એમને કરાવતા હતા. અને છેલ્લા સમયે એક શ્રાવકે આવીને સાહેબને વાત કરી, પ્રેમસૂરી દાદાને કે આવા નાના.. નાના સાધુઓને શતાવધાન કરાવશો ને તો એ એમના ભાવિષ્ય માટે સારું નથી.

હાલ આપણા બધા જે રત્નો છે એને ખાનગી - રાખવા જેવા છે. અને પ્રેમસૂરી દાદાના મનમાં વાત બેસી, અને એ કાર્યક્રમ મુલત્વી રખાયો. નાના ~~વર્ષે~~ પાયે પછી એ કાર્યક્રમ થયો. ગુરુદેવની જે પ્રતિભા હતી, શક્તિ જબરદસ્ત હતી, સાથે એનું પાચક તત્વ !

અમારા સંસારની અંદર છે ને પૈસો મળી જાય, અને એ પચે નહિ, તો જે દશા થાય. અમારે ક્યારેક - ક્યારેક એવું થઈ જાય ને, ભટકવાનું, શ્રીમંતો સાથે. ગુરુદેવ કહે છે કે વ્યક્તિઓ બધી સારી હોય છે, ક્યારેક કોઈક વ્યક્તિના એવા - એવા અનુભવ - થાય ને, અને પાછળથી ખબર પડે, કે આ શ્રીમંત હતા, અને પછી ગુરુદેવને એનો તાળો મળી જાય. બસ આ આને કારણે થયું હશે! વ્યક્તિ ખરાબ એમ નહિ, પણ પૈસો બહુ છે - એ પચાવવો અઘરો. ખાલી પૈસો નહિ, કંઈપણ હોય. કંઈક અંદરમાં શક્તિ છે. કોઈક કળા છે, કોઈ ખાનદાન છે, સત્તા છે, કોઈ પદ છે. આ બધી વસ્તુઓ છે ને ખુબ જોખમી. મને ખુબ ભય લાગે, મને ગુરુ મહારાજ માટે આશ્ચર્ય લાગે, કે આ પદ, આ પ્રસિદ્ધિ, એની વચ્ચે - કઈ રીતે ન્યારા રહી શકાય ? અમે ગુફામાં જઈને બેસી જઈએ, ચોપડી લઈને ભણવા - બેસી જવું છે, અંતર્મુખ બની જવું છે, અને એ બધાથી ભાગ્યા કરીએ, છતા અઘરું લાગે. ગુરુદેવ - બધાની જ વચ્ચે બેસતા કાયમ, અને કેટલું બધું ચાલતુ હોય ને ગુરુદેવ પોતાનામાં મસ્ત થઈ ગયા - હોય, બોલવવા પડે, યાદ કરાવવું પડે, એ રીતે

ઓળઘોળ થઈને કંઈક લેખન, કંઈક વાંચન, એકાગ્રતા એવી હતી કે ગમે ત્યાં આવી જાય. ક્યારેક થાક લાગે ને આરામ કરવો હોય તો પણ બધાની હાજરી ની અંદર, અવાજમાં પણ ઘસઘસાટ સુઈ ગયા હોય. વાંચન, લેખન માં પણ ક્યારેય એમ ગુરુદેવના મોઢે એમ નથી સાંભળ્યું કે થોડી શાંતિ રાખો. તો આ શાંતિ એમની અંદરથી જ મળી જતી હતી.

ગુરુદેવે શ્રુતના જબરદસ્ત કાર્યો કર્યા. અને દિનચર્યાની અંદર જાપને એમણે સ્થાન આપ્યું હતું. આચાર્ય પદ પછી એ સવારે પહેલા જાગીને, ત્રણ વાગે ઉઠીને જાપ પુરો કરીને પછી વિહાર-વગેરે કાર્યક્રમ એ રાખતા, અને એ સિલસિલો બાર વર્ષ ચાલ્યો. આ જાપ એ વસ્તુ એવી છે ને કે આપણું દિવસનું SCHEDULE હોયને એ કંઈક ને કંઈક - કંઈક ને કંઈક કાર્યોથી રોકાયેલું હોય, ગુરુદેવમાં આ મેં જોયું હતું ખાસ કરીને, આ બાર વર્ષનો સિલસિલો પુરો થયો, પછી ગુરુદેવે બપોરના જાપ શરૂ કર્યા. તો રોજ પોતાના કાર્યમાં વ્યસ્ત હોય અને સમય થાય, અને બધુ મુકીને જાપ કરવા બેસી જાય. ક્યારેક ના છુટકા નું શાસનનું કામ હોય, તો એ કામ ચાલે તો જાપ થોડો મોડો થાય. અને એના કારણે વાપરવાના SCHEDULE બધા બદલાય જાય. ધારોકે જાપનો આખો સમય એ કોઈ અગત્યના શાસનના કાર્યમાં ગયો, ને હવે સાંજની ગોચરી નો સમય થઈ ગયો, તો ગોચરી વાપરી ને તરત પાછા જાપમાં બેસી જાય. ક્યારેક રાતના સુવા ના સમય સુધી બધું ચાલ્યુ-

હોય, કોઈ શિષ્યનું, સંઘનું કે શાસનનું, એ બધા કાર્યો લઈને બેઠા હોય, થાકેલ હોય તો રાતે સૂવાની વેળાએ ગુરુદેવ જાપ લઈને બેસે, અને લગભગ એક-દોઢ કલાક જાપ ચાલે. તો-આ રીતે નિષ્ઠાપૂર્વક જે કરવામાં આવે ને, ટેકપૂર્વક કરવામાં આવે એનું ફળ મળે.

ગુરુદેવ મને કહેતા હતા કે આવી રીતે જે પણ સંકલ્પ કરતો હતો એ ફળતા હતા. જેમ એ વાત મને પાછળથી, અનાયાસે જાણવા-મળી હતી, ગુરુદેવ સ્વયં ના કહે. બન્યું-હતું એવું કે, લગભગ પાંચ-છ વર્ષ પહેલા, અહીંયા પરિમલની અંદર, ગુરુદેવે જે શ્રુત-મંદિર ઊભું કર્યું છે. જ્યાં મોટા પાયે બધા હસ્તલેખિત પ્રતોના કામકાજ ચાલી રહ્યા છે. ત્યાં સિધ્ધાંત મહોદધિ, પ્રેમસૂરીશ્વરજી મહારાજની પ્રતિષ્ઠાનો પ્રસંગ હતો અને એ જ સમયે પ્રભુજી એની અંજનશલાકા નાના પાયે, જે મોટા ઠાઠથી કરવામાં આવે એવી નહિ, પણ સંક્ષિપ્ત વિધિ જે બતાવી, એ માગકે દિવસની અંદર, એ ગુરુદેવ સ્વયં કરવાના હતા. એ સમયે-ગુરુદેવના સંસારી ભાઈ, ધરણેન્દ્ર ભાઈ, એમણે વાટકી આપી હતી. સોનાની, હિરા જડિત વાટકી, જેનાથી આચાર્ય ભગવંતો અંજન કરે, એ અંજન માટે, જે અંજન ચૂર્ણ જેમાં લેવામાં આવે, એના માટે કિંમતી, ઉત્તમ દ્રવ્યોથી બનેલી વાટકી આપી હતી. ગુરુદેવ લગભગ વિહારોમાં, રાત્રે જ્યાં-સૂવાનું હોય ત્યાં, બે-ચાર સાધુ આપી નંબર લગાડતા હતા, મારા પુણ્યોદયે, મને બધું સોંપ્યું હતું. કે આ વાટકી છે વગેરે. અડધી રાતનું આ

વિધાન હોય, ગુરુદેવ એ રાતોમાં સુતા જ ના હોય, પોતે એ બધી ભાવધારાઓમાં પ્રવાહિત થયા - હોય. અને એ કપડાની સેટ, એ ઉપકરણોના સેટ, એ બધી અલગ રાખ્યી હોય. રાજાધિરાજ જેવી વેશ હોય, અને બધી તૈયારી માં બેઠા કાર્ય વિધિ વિધાન પુરુ કર્યું, અને પછી પાછું બધું બદલ્યું મુક્યું સરખું. એને એમાં મને વાટકોની કશી ખબર નહિ, વાસક્ષેપ ના વાટકામાં મુકવાની હતી, મને એવું ધ્યાન કે મેં તો મુકી દીધી. અને ત્યારે તો કશી વાત ના આવી. પૂજન તો પતી ગયું પછી એની જરૂર ન હતી. પછી પાછી આપવા માટે કોઈ કારણસર ગુરુદેવને યાદ - આવ્યું હશે, તો ગુરુદેવે જોઈ તો દેખાઈ નહિ. ખુબ કિંમતી વાટકી હતી. અને મને પુછ્યું, મેં કીધું એ તો લગભગ રાખી હતી અંદર, ના મળી!

ગુરુદેવ ને એમ કે વાટકી બીજાની છે, અને પાછી આપવાની એટલે ગુરુદેવ ને ભાર કે શોધવાની ને પહોંચાડવાની. કિંમતી- વસ્તુ ગેરવલ્લે થય, એનો દુર ઉપયોગ થાય, અસંયમ માં થય. અને થોડા થોડા દિવસે ગુરુદેવ- મને પુછે કે ઓલી વાટકીનું શું થયું છે મેં કહ્યું ગુરુ મહારાજ એવું એ વજનનું બીજું તો કશું યાદ નથી, વાત પણ પાછળથી આવી, અત્યારે એની કોઈ સ્મૃતિ છે નહિ. પછી ક્યારેક- ક્યારેક - બે ચાર મહિને- ચાર છ મહિને આઠ- દસ મહિને એકાદ વાર યાદ કરે, કે ઓલી વાટકી મળી નથી હજુ! મને તો એમ લાગે કે આપણાથી ધ્યાન ન રહ્યું ને જતી રહી. અને પછી થોડા વરસ પહેલા, લગભગ દોઢેક

વર્ષ પહેલા, ગુરુદેવની જાપ ઉપર શ્રદ્ધા ખુબ, અને એમાં પણ વાંચનમાં આવ્યું હશે, કોઈ- શાંતિ સૌરભ વગેરેમાં આવ્યું હશે, કલિકુંડ- પાર્શ્વનાથ ભગવાનનો અજબ-ગજબનો પ્રભાવ, અને એમાં કિસ્સા બધા વર્ણવ્યા, ગુરુદેવને આ બધા માં ખુબ નિષ્ઠતા! એટલે ભણનારા હોય- ને રસીયાઓ, એમને પણ ગુરુ મહારાજ જાપ બરોબર પહેરાવે, કે આરતી જાપ કરવાની.

કાળ ફરી ગયા એના લગભગ- દસ-પંદર દિવસ પહેલા, ચંદ્રગ્રહણ હતું, અને ગુરુદેવે ખાસ કહ્યું, કે આ ચંદ્રગ્રહણ કેટલા વાગે છે? ગુરુદેવે કોઈ મહાત્મા પાસે જઈને પછી જોવડાવ્યું, અને કહ્યું કે તારે આ જાપ- કરવાનો, અને ક્યારે ન સાંભળેલો એવો નવો- જાપ ગુરુદેવે આપ્યો, ને આની ૧૦૮ માળા- ચંદ્રગ્રહણના સમય દરમ્યાન શરૂ કરવાનું, અને તો ત્યારે પુરુ કરવાનું, નહિ તો અનુકૂળતાએ પુરુ કરવાનું. અને પા કલાક નો પણ જાપ- નહિ કરનારો એવો હું, મને ગુરુ મહારાજે બેસાડી દીધો, અને ૧૦૮ માળા ગણાવડાવી. ગુરુ મહારાજની જાપ પ્રત્યેની અનુભવ સિદ્ધ વાણી. આ વાટકી ના પ્રકરણ પરથી ગુરુદેવની આંતરિક જાપની સિદ્ધિ એના મને દર્શન થયા. ગુરુ- દેવને કલિકુંડ પાર્શ્વનાથ ભગવાનની આસ્થા- એકદમ દ્રઢ બની ગઈ, અને ગુરુ મહારાજે- એમનો જાપ શરૂ કર્યો, અને એમાં સંકલ્પ શું છે? આ મળી જાય એમ નહિ પણ આ વાટકીનો જે મેળ નથી બેઠો, તેની છે એની વાટકી- એને પાછી પહોંચવી જોઈએ. ગુરુદેવના એ

સગા સંસારી ભાઈ. ગુરુદેવનું પુણ્ય એટલું - જબરદસ્ત ને આ જિનશાસન આરાધના ટ્રસ્ટ - એને ૪૧ વર્ષ થયા. ૨૦૩૪ ની અંદર, દશેરાના દિવસે શુભ મુહૂર્તે જિનશાસન આરાધના ટ્રસ્ટના એક માધ્યમે, ગુરુદેવે શાસનના કાર્યો શરૂ કર્યા, સાત ક્ષેત્રના ટોચ કક્ષાના કાર્યો.

આ ગુણાનુવાદની અંદર છે ને, ગુરુદેવના આવા, મેરુ મહોત્સવના, ૧૦૮ દીક્ષાર્થી - ના વરઘોડાના, ૧૦૮ ભુવનભાનુ સૂરી મહારાજ - સાહેબના પારણા નિમિત્તે લાલબાગની અંદર કરેલા પ્રસંગો, આ ચાર પાંચ કિસ્સા જો ન કહેવામાં આવે ને તો તમને બધું અધુરું લાગે, એમની ઝાંખી પણ ન થાય, એવા જબરદસ્ત મોટા પાયે, જે મહોત્સવો, જે મહાત્માઓ, જે શ્રાવકો, જે સ્થાનિક લોકો, વર્ષો પછી પણ એને યાદ - કરતા. બધા વિસ્મિત થઈ જાય.

ઠેઠ ટ્રેનની લાઈન છે ને એ મેરુ મહોત્સવમાં ખંભાત સુધી બેઠી ગયા. કેમ તો આટલા માણસો આવવાના છે એટલે. એક લાખ માણસ જે સમયના મેરુ મહોત્સવમાં. આખા ખંભાતની જે છત્તીસ કોમ, એનું સ્વામી - વાત્સલ્ય ત્રણ ટાઈમનું, ને આપણે કલ્પી ન શકીએ એવી વસ્તુ, કે આવી વસ્તુ તો બની જ ના શકે. આજે પણ બધા ખંભાતમાં યાદ કરે કે ત્યારે આ મહાત્મા એ જે મહોત્સવ કર્યો - હતો એ કલ્પી ન શકાય એવો હતો. તો જે વિશિષ્ટ પુણ્યની શક્તિ જે ગુરુદેવની હતી, એ આ જિનશાસન આરાધના ટ્રસ્ટના માધ્યમ

DATE

દ્વારા, એ બધી રીતે ફલિભુત થઈ. ગુરુદેવનું આ જિનશાસન આરાધના ટ્રસ્ટ ના કાર્યો ના-પ્રભાવે, ટચ્ચિ કક્ષા નું પુણ્ય હતું. ગુરુદેવ-ખુદ કહેતા હતા, આ છેલ્લા એક મહિનાની વાત કરું, સોના જેવા ટ્રસ્ટીઓ આ ટ્રસ્ટ ને મળ્યા ને, માટે આવું કામ થયું. આ ટ્રસ્ટમાં નામ વગેરેની કોઈ ને અપેક્ષા જ ન હતી, પોતે નોકરચાકર ને કાર્ય કરવાનું, એ રીતે ટ્રસ્ટી બનવાનું એવા ટ્રસ્ટીઓ.

એમાંના એક ગુરુદેવના સગા-સંસારી નાના ભાઈ, પુંડરિક ભાઈ, અને એ એવા હનુમાન ભક્ત, છેલ્લી ઘડી સુધી, ગુરુદેવની કોઈ પણ વાત નો થોડો પણ અસંતોષ આવવા નથી દીધો પોતાના દીકરાને શીખવે, વર્ષો પહેલાની વાત તમને કહું, ગુરુદેવ પોતે કહેતા કે, પુંડરિક ભાઈએ પોતાના દીકરા શ્રેયેશ ને કહી રાખ્યું છે, કે ગુરુદેવ કહે કે ચોપે-માળેથી એ હજાર ની નોટનું બંડલ ફેંકી દેવાનું છે ગટરમાં, તો વિચાર નહિ કરવાનો ઘડ દઈને ફેંકી દેવાનું. તો આ રીત ની TRAINNING આ રીત નો સમર્પણ ભાવ, એમના માં હતો, તો શાસનના આટલા કાર્યો કરી શક્યા.

ગુરુદેવે આ ધરણેન્દ્ર ભાઈ ને જ વાટકી આપવાની હતી એ મળી જાય, એવા સંકલ્પ સાથે જાપ ની શરૂઆત કરી. અને બહુ જ ટુંક સમયમાં, એ કબાટ ના એકદમ આગળના ભાગ માંથી મળી આવી. જ્યાં એ હોય તો કોઈ પણ હિસાબે મળી જ ગઈ હોય. સામે

પડેલી હોય ને દેખાઈ ના હોય એવું બની જ ના શકે.
અને તરત જ એ પરચો મળી ગયો. કલિકુંડ-
પાર્શ્વનાથ દાદા પ્રત્યેની ગુરુદેવની જે નિષ્ઠા, જે
શ્રદ્ધા, જે સંકલ્પ બળ! જાપ પ્રત્યેની આસ્થા,
એ સૂરી મંત્ર ના હોય, એ માણિભદ્ર વીર ના હોય,
એ વિવિધ તીર્થો ના હોય. ભગવાનો ના હોય,
કાઉસગ્ગો હોય. આ કાયોત્સર્ગ, ધ્યાન, જાપ એ
ગુરુદેવ ને વળગેલા હતા. આ બધાનો સુયોગ થવો
એ અઘરો હોય છે. આજો દિવસ જાપ કરનારા-
પણ મળશે, પણ એમની પાસે જ્ઞાનના ક્ષેત્રે
એવી વિશેષ પ્રગતિ નહિ હોય.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ ની ઓઘો
બાંધવા માટે હંમેશા પડાપડી થતી, અને સાહેબને
એક વાર એમ થયું કે બોલી બોલાવો. બોલી
તમે રાત્રિ સ્વાધ્યાય કેટલો કરશો, જે વધારે
કરે એને આપીએ ઓઘો બાંધવાનો આદેશ!
ગુરુદેવને પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસેથી મળેલા
રાત્રિ સ્વાધ્યાય ના આ સંસ્કારો, જ્ઞાનના બધા-
યોગોમાં શ્રેષ્ઠત્વમ કોઈ યોગ હોય, એ ગુરુદેવના
મતે, પોતાની સફળતાનું કોઈ રહસ્ય હોય,
SECRET હોય તો એ રાત્રે કરેલો સ્વાધ્યાય જ
દિવસે શું હોય, ધારોકે તમને પંક્તિ આવડે છે.
તમે થોપડી લઈને બેઠા ને પંક્તિ નું પુનરાવર્તન
શરૂ કર્યું તો તમને ખબર જ નહિ પડે કે તમે
ક્યાં અટકો છો. તમે ગોખતા ને ભૂલ પડી તો
થોપડીમાં જોઈ લીધું, તો આમાં કોઈ બુદ્ધિની કે
સ્મરણ શક્તિ ની પરીક્ષા ન થાય. આપણને -
અંદરનો રસ ન મળે, ક્યાસ ન નીકળે,
પરીક્ષા ન થાય કે આપણને સૂત્ર આત્મસાત્

DATE

થયું છે કે નથી. રીતે તમે ચોપડી ખોલવાના-
નથી, રાતે તમે એનો પાઠ શરૂ કર્યો, એટલે
બધું ચિત્ર સામે આવી જાય કે, ચિત્ર કેવું છે,
એક ભૂલ પડે, તો એ ગાડી અટકી એ અટકી-
એ આગળ ના ચાલી શકે. જો સૂત્ર એકદમ-
આત્મસાત ન થયું હોય તો રાત્રિ સ્વાધ્યાયમાં ન-
બોલી શકો. રાત્રે જે થાય એ એકદમ PERFEC-
TION વાળુ હોય એ જ થઈ શકે. અને રાત્રિ-
સ્વાધ્યાય, જે કરે અને રોજ ચાલુ રાખે એને-
સૂત્રો ઉપર જોરદાર MASTERY આવી જાય !
ગુરુદેવે આ રાત્રિ સ્વાધ્યાયનો વારસો આપ્યો,
પોતે તબિયત થી ખુબ નબળા હતા, એક
જ્યોતિષે ગુરુ મહારાજ ને કહ્યું હતું કે તમારું
૬૮ વર્ષ નું આયુષ્ય છે, અને ગુરુ મહારાજને
આના ૩૫ વર્ષ પહેલા T.B થયેલો હતો,
શરીર બહુ જ સુકાઈ ગયું હતું, એ વખતે
T.B. એટલે બહુ ભયાનક રોગ ગણાતો.
ત્યારે ગુરુ મહારાજ ને લાગતું હતું કે મારું ૬૮-
વર્ષ નું આયુષ્ય કઈ રીતે હોય શકે ? એને
તેઓ આશ્ચર્ય માનતા હતા. તો એવા નબળા-
દુબળા, પાતળા શરીરે, વજન એકદમ ઉતરી ગયેલું,
પણ સ્વાધ્યાય તમે જુઓ તો ખલખલતા હાંડી જાય-
જેવો ઘોષ પૂર્વક નો રાત્રિ સ્વાધ્યાય, ગુરુદેવનો
હતો.

ગુરુદેવના અંતરમાં એવી ભાવના કે
પ્રેમસૂરી દાદાનો ઓઘો બાંધવાનો આદેશ મારે લેવો
છે, એની સાથે સ્વાધ્યાય નો અંતરમાં એવો
ક્ષયોપશમ પણ જોશે, પ્રેમસૂરીદાદા કહેતા હતા -
મહાત્માઓની, કે તું હેમચંદ્ર વિજય જેવો ક્યારે
રાત્રિ સ્વાધ્યાય કરીશ ?

આ ગ્રંથો જે અહિંયા મુકેલા છે જેમાં કર્મ-પ્રકૃતિ, નામનો પદાર્થ પ્રકાશમાં એક ગ્રંથ છે. પદાર્થ પ્રકાશ એ ઘણા બધા ગ્રંથોની SERIES છે. જેની અંદર જીવવિચાર, નવતત્ત્વ, દંડક, લઘુ-સંગ્રહણી, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, અને બીજા પણ ઘણા બધા ગ્રંથો, એમના જુદા-જુદા ભાગો એ પદાર્થ પ્રકાશની SERIES માં-લીધેલા છે.

કર્મપ્રકૃતિની જે- ચાર ચોપડીઓ છે પદાર્થ-પ્રકાશની SERIES ની અંદર, એક વાર વ્યાખ્યાન પછી લઈને બેસે, તમને થશે કે આ આવો વિષય ભણવાનો ? જે પાના તમે અહીંયા ભણી ને જાય, તો તમને થશે કે આ વિષયની કેટલી બધી કહેવાય. એવા વિષયો ની ગુરુ મહા-રાજે વર્ષો સુધી ઉપસ્થિતિ રાખી, ઘોષ પૂર્વકના સ્વાધ્યાય કર્યા, અને પોતે કેટલાય મહાત્માઓને ભણાવ્યા. તમને એક નાનકડો દાખલો આપુ વર્તમાન માં કેટલા બધા આચાર્ય ભગવંતો, જેમના તમે નામ આપુ તો તમને આશ્ચર્ય થઈ જાય, કે આ સમુદાયના ગચ્છાધિપતિ છે કિર્તીયશસૂરીશ્વરજી એમને માઉન્ટ આબુ માં મળ્યા હતા, અને ગુરુદેવ પાસે ખાસ આવીને એમનો ઉપકાર માનતા હતા કે આપની પાસે હું જીવવિચાર ભણ્યો છું. એ વખતે ગુરુદેવની આ બધામાં MASTERY હતી, માટે જ ગુરુદેવે બનાવેલી જે NOTES હતી, એમાંથી પદાર્થ-પ્રકાશ ની SERIES ના પ્રકાશન થયા. આજે જીવવિચાર વગેરે ની આઠ થી દસ આવૃત્તિ થઈ ચુકી છે. એની માંગ હજુ આવી જ રહી છે. મોટા ભાગના -

મહાત્માઓ, પોતે એમાંથી ભણેલા છે. કોઈને પણ ભણવા હોય તો તરત હેમચંદ્રસૂરી મહારાજે લખેલી પદાર્થ પ્રકાશ મંગાવે, અને એમાંથી પાઠ આપે.

કર્મ પ્રકૃતિ ના અઘરા પદાર્થો જેને તમે કડકડાટ બોલે રાખો છો, જેવું તમારું નવકાર-કે લોગસ્સ સુત્ર હોય, એ તમે બોલતા હો, MINIMUM TIME માં સ્પષ્ટ ઉચ્ચાર પૂર્વક તમે બોલી જાવ, એ રીતે ગુરુદેવ આ કર્મ પ્રકૃતિ નો સ્વાધ્યાય કડકડાટ કરતા, ઘોષપૂર્વક સ્વાધ્યાય કરતા, કર્મ પ્રકૃતિ ગ્રંથ એ સાડા પાંચ કલાકે પુરો થતો. અતિશય વૈરાગ્ય, અતિશય મન ઉપર કાબુ, અતિશય ગુરુ પ્રત્યેની લાગણી, અતિશય ભગવાન-પ્રત્યેની ધગશ, એ બધું જો ના હોય ને, તો તમે આ TRY કરી જુઓ રાત્રિ સ્વાધ્યાય, એ તમારા માટે ખુબ જ અઘરો બની જશે. આલં-બન વગર પોતાના બળે કરવું એ પણ બહુ અઘરું હોય છે. અને ગુરુદેવે એ ઓઘો-બાંધવાની બોલીમાં સાડા પાંચ કલાક નો રાત્રિ સ્વાધ્યાય બોલ્યા, અને આદેશ એમણે લીધો. ગુરુદેવે આ રીતે આદેશ લઈ ને સાડા પાંચ-કલાકનો ઘોષ પૂર્વક સ્વાધ્યાય કર્યો. તમે વિચાર કરો પ્રતિક્રમણ પછી સાડા-પાંચ કલાક, એ પણ પાછુ સળંગ બોલવાનું.

અમે અહીંયા એક કલાક વ્યાખ્યાન માં બોલીએ ને, અને પછી એટલી બધી વારના મારા અનુભવ, માત્ર થોડી વાર બેઠા હોઈએ, આમ બોલવાના હોશકોશ ન હોય, બોજ આમ

ઘેરાતી હોય, અડધો કલાક સુઈ જઈએ પછી કાંઈક સ્વસ્થતા મળે. આજનું વિજ્ઞાન પણ કહે છે કે તમે છ કલાકની મજુરી કરો, અને એક કલાક NON STOP બોલો, એ બંને શ્રમ સરખા હોય છે.

યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબના એ સ્વાધ્યાયો એવા, રાતે કલાકે કલાકે માત્રુ કરવા જવું પડે. અને શિષ્યોની એ પરઠવવા માટે પડાપડી હોય, એના માટે બોલી બોલાવવામાં આવે. અને ગુરુદેવે એવા સ્વાધ્યાય વગેરે ના વિશિષ્ટ આલંબનો લઈ ને બોલી બોલીને, આખી રાત જાગતા જ રહ્યા, એક કલાક કદાચ સુઈ જાવ ને પાછો જાગું જ નહિ તો. સાહેબ જગાડે ને હું જાગુ નહિ તો. આખી રાત એકે જ બેઠક વડિલ આચાર્ય ભગવંત નો લાભ લેવાનો છે. અને આ યશોદેવસૂરીશ્વરજી મહાત્મા કેવા, પ્રેમસૂરીશ્વરજી - મહારાજ કહેતા આ તીર્થંકરનો જીવ છે, એવું કહેતા, એવા યશોદેવસૂરીશ્વરજી મહારાજ! એ રાઈ મુહપત્તિ કરીને જતા હોય, અને પ્રેમસૂરીદાદા પાછળ થી હાથ જોડે, એમાં પ્રેમસૂરીદાદા એ એવું હતું કે આ જીવમાં કઈ પ્રકારની યોગ્યતા છે.

એકાદ વાર જીવનમાં એવું બોલાઈ ગયું યશોદેવસૂરીશ્વરજી મહારાજથી, એક વાર ચાતુર્માસ ની જય બોલાવવા માટેની સભા બેઠી-હતી. વિવિધ સંઘના અગ્રણી ઓ આવી રહ્યા-હતા ને જય બોલાવી રહ્યા હતા. પ્રેમસૂરીદાદાને એવું કાંઈક સુઝ્યું હશે ને જોગે કોઈક સંઘ-વાળા ઓ ને કહ્યું કે, તમારે ત્યાં યશોદેવસૂરી આવશે. અને યશોદેવસૂરીજી એ એવું કે આ

સંઘ વાળા, મારી વિનંતી નથી કરતા. જે લોકોનો ફલાણા મહાત્માનું નામ લઈને આવ્યા છે, જેમનું ચોમાસુ માંગી રહ્યા છે. અને એમને કંઈક કહેવા જેવું લાગ્યું અને, એમણે સહજ-રીતે કહ્યું કે આ શ્રાવકો તો આ મહાત્માની-માંગણી કરી રહ્યા છે. આવું એમનાથી ક્યારેય નહિ તો એક વાર બોલાઈ ગયું, અને પ્રેમસૂરી-દાદા એ કહ્યું કે તારે મારું માનવું છે કે શ્રાવકોનું માનવું છે. ત્યારે યશોદેવસૂરી-મહારાજને એકદમ ખ્યાલ આવ્યો, કે મારાથી-આ સહસા બોલાઈ ગયું, જિંદગી માં ના નીકળે એવું વચન મારાથી નીકળી ગયું. આમ જોવા-જાવ તો બહુ મામુલી વસ્તુ છે. પણ મારો આવો બુદ્ધિ અભિપ્રાય નીકળ્યો કઈ રીતે!

ઓશા ગુરુદેવે આ પ્રસંગનું વર્ણન કર્યું હતું, કે હું સાક્ષી હતો ત્યાં, પચ્ચીસ-પચાસ વાર, મિચ્છામિ દુક્કડં ... મિચ્છામિ-દુક્કડં, સાહેબના પગે પડી પડીને મિચ્છામિ-દુક્કડં. જે ગુરુ પ્રત્યેનો સદ્ભાવ! અને ગુરુ-શિષ્ય ની જોડી હતી! સ્વયં યશોદેવસૂરી સ્વરજુ-મહારાજ સાહેબ અને એમના શિષ્ય ત્રિલોચન-સૂરી સ્વરજુ મહારાજ સાહેબ, આ આપણા વડવા-ઓ, આપણી જૈન પરંપરાઓ, જિનશાસન ના-મહાપુરુષો કેવા પરિણતિ વાળા હતા, ગુરુ ના સેવક બનીને સમર્પિત બનીને રહેતા હતા! એક વિચાર આડો અવળો આવે ને અંદર થી-ત્રાસ .. ત્રાસ થઈ જતો હતો. એમને એમ લાગતું હતું કે અમે મોક્ષ માર્ગ માંથી ફેંકાઈ ગયા, આ ઉપાસનામાં અમે ઊણા ઉતર્યા, હવે

આમારું શિષ્યત્વ જેને કલંકિત કર્યું. મોટા ગુરુદેવ એમને કહેતા કે પ્રેમસૂરી દાદા, યશોદેવસૂરી-સ્વરૂપ માટે કહેતા કે તીર્થંકરનો જીવ છે, અને ત્રિલોચનસૂરી છે એ ગણધર નો જીવ છે. ત્રિલોચન-સૂરી મહારાજ સાહેબની પણ એવી જ અંતરની લાગણી, ગુરુદેવે એમના પડખા સેવેલા અને બધું આંખે જોયેલું. યશોદેવસૂરી મહારાજ સાહેબ આમ-છે એકદમ વિશિષ્ટ પ્રતિભા, અને આમ સંસાર-ને ભોગવી ને આવેલા એટલે આમ સિંહ જેવા દેખાય, આમ મોટા.. મોટા વાળ એમના! અને કડકાઈ પણ એવી એમની! એકદમ ચુસ્ત આચાર નું-પાલન આપણને દેખાઈ આવે.

ત્રિલોચનસૂરી મહારાજ સાહેબ વરસી-તપનું બિયાસણું કરીને સાંજના સમયે બેઠા છે. અને પાણી વાપરવું છે, પોતે આચાર્ય છે, આમ જુઓ તો સમોવડિયા કહેવાય. આચાર્ય પદની વિધિ બતાવી કે જે પોતાના ગુરુદેવ હોયને એ પોતે પોતાની પાટ ઉપર, એ નૂતન આચાર્ય પદે આરૂઢ થયેલા આચાર્ય ભગવંત ને બેસાડે, અને સ્વયં રહી મુહપત્તિ કરીને વંદન કરીને સંઘ સમક્ષ એ મૂક સંદેશ આપે, કે આ આચાર્ય ભગવંત છે એ મારા તુલ્ય થયા છે, ભલે એ મારા-શિષ્ય છે, પણ એ હું પણ એમને વંદન કરતો હોઉં, તો તમારે મારાથી આમને બિલકુલ ઓછા નહિ સમજવાના. એવી આ વિધિ બતાવી તો એ કક્ષા એ પહોંચેલા, અને આવા આચાર્ય ભગવંત ત્રિલોચનસૂરી સ્વરૂપ મહારાજ સાહેબ પોતાના ગુરુ પાસે રજા માંગે છે કે સાહેબ પાણી વપરાશે.

बहुवेलाङ पुच्छिअ अह्नां पुच्छेज्ज पत्तेयं।

ધર્માચાર્ય બહુમાનકુલકમાં એ લખ્યું છે, કે આપણે જે નિમેષ-ઉન્મેષ કરીએ છીએ, જે શ્વાસ લઈએ છીએ, અંદર લોહીનું પરિભ્રમણ ચાલે છે, એવી જે પણ નાની...નાની ક્રિયા થઈ રહી છે, જેમાં ગુરુ નો આદેશ લેવો શક્ય નથી, એ ચોવીસ કલાક માટે એક સાથે રજા લઈ લેવી-જોઈએ, પૌષધ કરીએ તો, ત્યારે બહુવેલ સંદિસાહુ, અને બહુવેલ કરશું, આની MEANING એ છે, કે વસ્તુ અમે પુછવા નથી આવી શકવાના, છીંક આવી, બગાસુ આવ્યુ, ઉધરસ આવી, તો એ બધાની રજા નહિ હોય તો અત્યારે આ ગુરુ આજ્ઞા પૂર્વક નું કઈ રીતે થશે, અને એ એ નહિ હોય તો અત્યારે આરાધકતા કઈ રીતે રહેશે.

## પરતંત્રતા સ્વીકાર્યા વગર આરાધના શક્ય જ નથી.

ગીતાર્થ ગુરુભગવંત ગમે તેવા હોય, ચૌદ પૂર્વી હોય, કેવળજ્ઞાન નથી થયું, ત્યાં સુધી ગુરુ ની બીનશરતી શરણાગતિ, સમર્પિતતા એ જો ના હોય, તો એ આપણો નિસ્તાર શક્ય નથી. ત્રિલોચનસૂરી મહારાજ સાહેબ એ પાણી વાપરવાની રજા માંગી છે. આ સામાચારી નું, આ વિધિ નું આચાર્ય પદે પહોંચેલા પણ કેવું અતિશુદ્ધ પાલન કરે છે.

ડગલે ને પગલે જે આજ્ઞા ઉત્થાપી, જે માર્ગદર્શન લે જ નહિ, જેને આ બધાની જરૂર જ નથી લાગતી, પોતાની રીતે દાનો આપવા-છે, પોતાની રીતે તપો કરવા છે, પોતાની રીતે

DATE

માંગવું છે એમના જેવા ઉપાદાન ધર્મની અંદર બીજું કોઈ નથી. આપણે આ બધું આપણી મત માટે સમજવાનું છે, અંદર આત્મ નિરીક્ષણ કરીએ, કે હું મારી ઇચ્છાથી કેટલું કરું છું, અને દેવ-ગુરુની આજ્ઞા સ્વીકારીને કેટલું કરું છું. આજ્ઞાપૂર્વક નું એક રૂપીયા નું દાન, એ કરોડ-રૂપિયા ના આજ્ઞા વગરના દાનથી વધી જાય છે, આવું શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું છે. તમે કોઈ તપ કરો, તમે કોઈ જ્ઞાન ભણો, તમે તમારી રીતે બધુ કરી નાખો, એના કારણે જ આપણી આરાધના સફળ નથી થતી, અને શાસનની અનેક-સમસ્યાઓ, આજે ઉભી થઈ ગઈ છે.

યુવાનો મોટી સંખ્યામાં, જે પાલી-તાણા રહીને, એના આસપાસના ગામોમાં રહીને, જે જે કામો કરી રહ્યા છે. જે સમસ્યાઓ શાસન ઉપર આવી છે એને જાણવા માટે, જે રીતે કામે લાગ્યા છે. એ બધી સમસ્યાઓના મુળમાં જો કોઈ હોય ને, તેઓ એ શું કાર્ય કર્યું એ તમે જાણો, પચ્ચીસ-ત્રીસ યુવાનો રહીને આસપાસના ગામોમાં, જે લોકો એમને ખબર નથી કે-આપણા સિદ્ધગિરિ ઉપર કેવા કેવા આક્રમણો-આવી રહ્યા છે, એને જાણવા માટે આ યુવાનો જે સેવા કરી રહ્યા છે. આ બધાના મુળમાં જો કોઈ હોય તો એ આપણી અસમર્પિતતા છે, આજે આપણી રીતે બધું આપણે કરવું છે એના કારણે આપણા તીર્થો જોખમમાં મુકાય છે. અને હું કહું એ બધી બીજા ત્રીજા નંબરની વાત છે, આપણી મત તો આપણને આપણી લાગી છે ને! આપણે એમને એમ જ બધું કરીએ છીએ

તો એ કરેલા નો કોઈ અર્થ જ નથી. આપણે
આખુ બાંધણું કર્યા જ કરશું, આવા અનેક ભવો
કરશું, પણ આપણો મોક્ષ ક્યારે થશે? જ્યારે
આપણે આવા મહાપુરુષો જેવા સમર્પિત થઈશું -
ત્યારે આ ધારાને ભુલી શકશું. બાકી બધો
અહંકાર છે, આપણું માનીતું છે, સ્વચ્છંદતા છે.

આપણે જે કરીએ છીએ એની અંદર
તીર્થંકરની આજ્ઞા, એવું ભુલે ચુકે નહિ માનતા-
કે અમે આ શાસનની આરાધના કરી, આપણે
કોઈને તોડી નથી પાડવા, વ્યવહાર પણ એક માર્ગ
છે, એનાથી જ બધા આગળ વધતા હોય છે.
પણ એકલો વ્યવહાર ચાલે જ શાનો, ચાલે જ
શાનો, અને એની અંદર આપણે નિશ્ચય સાવ
ભુલી જઈએ, એમાં પ્રાણ જ ના પુરાય. ભાવ-
વગરનું એ બધું થઈ જાય, તાત્વિક દ્રષ્ટિ એ-
જોવા જાવ તો જ્ઞાનીઓને એમ થાય કે આટલું
બધું કર્યા પછી પણ, પેલા બ્રાહ્મણો જેવું થાય,
સ્વયંભવ બ્રાહ્મણ યજ્ઞ કરી રહ્યા હતા, જે મહાત્મા
આવીને કહી ગયા..
अहो कष्टं अहो कष्टं तत्वं न ज्ञायते परम्।
જબરદસ્ત તમે કષ્ટ કરી રહ્યા છો, કેટલો બધો
વ્યય કર્યો, આટલી બધી સંપત્તિનો, આટલી બધી
શક્તિઓનો, આટલા બધા માણસો કામે લાગેલા છે,
આટલો મોટો યજ્ઞ કરી રહ્યા છો, આનો કશો જ
અર્થ નથી. આમાં કોઈ તત્વ નથી, કદાચ જ્ઞાની-
ને એવું થઈ જાય, આપણે જે પણ કરીએ છીએ
એને મુકી દેવાની વાત નથી, આપણે જે સામાયિક
કરીએ છીએ તે ઉત્તમ છે, દાન- શીલ- તપ- ભાવની
જે આરાધના છે એ જબરદસ્ત છે, એકદમ સારી

(હસ્તાક્ષર)

છે, ફક્ત એમાં નીચે SIGNATURE ની જરૂર છે. તમે ગમે તે લખીને આપી દો કાગળ ની - અંદર, નીચે હસ્તાક્ષર ના હોય તો એની કશી મતલબ નથી. હવે- ગુરુ ની મહોર છાપ એમાં- લાગી કે નહિ, અને એ જ કાગળ હોય એ જે ઈશ્વર ની પણ બની શકે, જે કરોડો- અબજોના પણ બની શકે. આપણી નાનામાં નાની આરા- ધના પણ એ પરતંત્રતા પૂર્વકની.

ત્રિલોચનસૂરી મહારાજ સાહેબે પુછ્યું, સાહેબ પાણી વપરાશે. અને સાહેબને શું સુઝ્યું હશે, સાહેબે કહ્યું સૂર્યાસ્ત તો થઈ ગયો. સાહેબને બન ઉપયોગ છે, ત્રિલોચનસૂરી મહારાજ સાહેબને પાક્કી ખબર છે, આ સુરજ સામે દેખાય છે, અસ્ત થયો નથી, બોલો શું કરવાનું? મોટા ગુરુદેવશ્રીએ અમને દીક્ષા ની પૂર્વેથી એ જબરદસ્ત ધાવણ પાયા છે, સમર્પણ ના! કેટલી બધી વાર વાચનામાં, કાને ને પગલે, PERSONAL હિતશિક્ષામાં કાને ને પગલે, એક મુદ્દાની કાર્યક્રમ બનાવી આ પોતાના માટે કહેવાનું હોય ને એટલે આપણને લાગે કે આ તો અનુગતુ કહેવાય, પણ આપણને એ ગુરુ ભગવંત તત્વ નહિ આપે તો કોણ આપશે?

ગુરુદેવ કહે એક મુદ્દાનો કાર્યક્રમ બનાવો,

આપ જેમ કહો તેમ!

ગુરુદેવના એક શિષ્ય, જેમનું ગુરુ મહારાજ વર્ષો સુધી વાચનામાં એમની હાજરી આપતા. પોતાના

તમામે તમામ શિષ્યમાં જે NUMBER-ONE -
કહેને આપતા. મોટી ઉંમરે જેમણે દીક્ષા લીધી,
હિતવર્ધન વિજયજી મહારાજ સાહેબ એમનું નામ.
મોટી વયે દીક્ષા લીધી એટલે એમની પાસે સેવાની
અપેક્ષા શું હોય, પણ એમનો જીવન મંત્ર હતો,
કંઈ પણ હોય, આપ કહો એમ. આ મંત્ર-
શબ્દના કારણે, એ જીવન જીવી ગયા, સાચી
આરાધના કરી ગયા. ગુરુદેવના હૃદયમાં વસી ગયા.
ગુરુદેવ તો બધાના હૃદયમાં હોય, પણ ગુરુ ના -
હૃદયમાં જે વસ્યા હોય, એ ધન્યાતિધન્ય કહેવાય.
અને એના કારણે જ્યારે ગુરુદેવે કંઈ પણ વાત કરી
તો, કહે કે ક્યાં કરશો ચોમાસુ, આમની સાથે
જશો ? વૃદ્ધ હોય એટલે એમ લાગે કે આમને
સંઘાટક તરીકે મોકલીએ એટલે બીજુ કોઈ ચિંતા-
નહિ, અંદર ભાવના જુઓ એ મહાત્માની બાળક
જેવી લાગણી, અને કહે કે મારી ઈચ્છાતો ગુરુદેવ
આપને એક પળ છોડવાની નથી, બધી વાત -
પોતાની રજૂ કરે, અંદર ની લાગણી છે એ બધી
ઉભરાય ને બહાર આવે, અને ગુરુદેવ એમનું
બધું સાંભળતા હોય હસે કહે છે, છેલ્લું વાક્ય એમનું
હોય કે આપ કહો એમ. બસ ગુરુદેવ આપ કહો
એમ, આપની ઈચ્છા હશે તો કરીશું.

ગુરુદેવના મહાનિશીથ ના જોગ સારી
રીતે થઈ જાય તો, એમનાથી તપ થાય નહિ
ઉંમર ના કારણે, ખોરાક એટલો બધો લેવાય નહિ,
બાવન આયંબિલ કરીને મહાનિશીથના જોગ કરવાના,
IMPOSSIBLE વસ્તુ, અને હિતવર્ધન મહારાજ -
સાહેબ ને ખબર પડી, કે ગુરુદેવના જોગ થઈ જવા
જોઈએ, એમનું સરસ થઈ જાય એ નિમિત્તે મારે

માસક્ષમણ કરવું છે આવી ઉત્કૃષ્ટ એમની ભાવના, આ માસક્ષમણ ને બધું છે ને, એમને એમ થઈ જાય, આવી લાગણી થી કરવું ને એની અનંતગણી નિર્જરા અને પુણ્યબંધનું કારણ બને છે. અંદરમાં ગુરુ પ્રત્યેનું સમર્પણ, અંદરના તાર જોડાયેલા. અને ગુરુદેવ આ પ્રકારના સમર્પણને કારણે, પહેલો નંબર એમને આપતા.

ગુરુદેવે આ રીતે શાસ્ત્ર સ્વાધ્યાય કરીને પ્રેમસૂરી દાદાને ખુશ કર્યા. ઘણી ઘણી બાબતો છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × × ×

# "પ્રિયમ"



DATE

આપણી પાસે સાધના નથી, તપસ્યા નથી, ક્રિયા નથી, આપણી પાસે કદાચ એના ચિત્રો માત્ર છે. ચિત્ર આમ જુઓ તો કંઈ જ કામના નથી, પણ સંભાવના છે કે ચિત્ર જીવંત બની શકે, ચિત્ર-કાર્યશીલ બની શકે, ચિત્ર કાર્ય કરી શકે, ચિત્ર-આપણું કલ્યાણ કરી શકે. શરત એટલી જ કે-એમાં ચૈતન્ય ઉમેરાય અને,

★ એ ચૈતન્યનું નામ સદ્ગુરુ છે !

★ મોક્ષ માર્ગે મુકાતા પ્રત્યેક પગલાની ગતિ સદ્ગુરુ છે!

★ દરેક તપસ્યાનું ભાવ પચ્ચક્ખાણ એનો ઉજાસ સદ્ગુરુ હોય છે.

★ દરેક આચાર એની નિશ્ચય ચર્યા, સદ્ગુરુ હોય છે!

★ સદ્ગુરુ એ દરેક સાધનાનું કેન્દ્રબિંદુ હોય છે !

તમે કોઈપણ ક્રિયા કરો, ચૈત્યવંદન કરો, સામાયિક લો, દેવવંદન કરો, દીક્ષા લેવાની વિધિ હોય, પૌષધ ની વિધિ હોય, ઉપધાન ની વિધિ હોય, પ્રતિક્રમણ હોય, કોઈ પણ તમે વિધિ કરો, પહેલા શબ્દો કયા આવે ? સૌથી પહેલા શબ્દો,

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !

સદ્ગુરુ ની ઈચ્છા એ દરેક સાધનાનું કેન્દ્રબિંદુ છે. અને આપણે સદ્ગુરુ ને ભુલી ને, છોડીને, બાજુમાં કરીને, માળિયે મુકીને, અભરાય એ ચડાવી ને,

ઉપેક્ષા કરીને, સાધના કરવા માંગીએ છીએ
આ જ આપણી મોટી મૂર્ખતા, મોટી કમનસીબી
છે.

બહુ સરસ એમની વાત હતી એ -
શાસ્ત્રોના પાનાની અંદર, એક શ્લોક માં બધું
છે,

भववार्धिं तितीर्षन्ति, सद्गुरुभ्यो विनाऽपि ये।

ભવસાગર તો તરી જવો છે, પણ સદ્‌ગુરુ વગર ભવ-
સાગર તરવો છે.

जिजीविषंति ते नूनमायुष्कर्मविवर्जिता: ॥

તેઓ આયુષ્ય કર્મ વગર જીવવા માટે ઈચ્છે છે.
હોડી વગર દરિયો તરી જવા ઈચ્છે છે, જે શક્ય
જ નથી.

ગુરુદેવનું મુલ્યાંકન, મારા જેવા
શિષ્યો કરે, ભક્તો કરે, એ વાત જુદી છે.
આજે એવું મન થાય, ન શિષ્યો, ન ભક્તો,
ન જૈનો, ન સંઘની વ્યક્તિ, એવી કોઈ
વ્યક્તિ, એમની વાત કરવી છે. જેમણે ગુરુદેવનું
મુલ્યાંકન કર્યું.

ગુરુદેવનું શ્રુતોદ્ધાર નું કાર્ય ચાલ્યા-
કરે, નવા-નવા શાસ્ત્રો, એમનો પુર્નઉદ્ધાર થયા
કરે ને, પુર્નઉદ્ધાર માટે, અલગ અલગ વ્યક્તિનું
ગુરુદેવ પાસે આવવાનું થાય! કોઈ PRESS વાળા
હોય, કોઈ તાડપત્રી વાળા હોય, કોઈ હસ્તલેખન
વાળા હોય, કોઈ તાંબા ઉપર કોતરી દેતા હોય,
એવી વ્યક્તિ હોય, ગુરુદેવના શિષ્યો થોડા
જોડાયેલા હોય. અમદાવાદના એક PRESS વાળા,
પોતે જૈન નહિ, પટેલ જાતિના. અને ગુરુદેવ પાસે

આ નિમિત્તે જોવવા જવાનું થાય. ગુરુદેવ એક બીજું કાર્ય કરાવતા હતા, કે તાંબાની PLATE હોય, જેના ઉપર આપણા આગમો, શાસ્ત્રો કોતરાય તો, તાંબાના દીર્ઘ આયુષ્યથી, એ આગમો પણ-દીર્ઘાયુષી થઈ જાય. ગુરુદેવની આવી ભાવના! ગુરુદેવે ખુબ જ જહેમત ઉઠાવી છે. ગુરુદેવે-આખી દુનિયાના ~~સાર~~ સારા માં સારા કાગળોના SAMPLES મંગાવ્યા છે, અને આખી દુનિયામાં-જે સૌથી BEST કાગળ ગુરુદેવને લાગ્યો, જે ન ફાટે, જેમાં ન ઉધઈ લાગે, જેને પાણીની અંદર ડુબાડી ને રાખો તો પણ કાંઈ જ ના થાય, એવી શાહી પણ એવી પસંદ કરી કે જે નીકળી ના-જાય, અને CHEMICAL વાળા પાણી ની અંદર એ કાગળ ને દિવસો ના દિવસો સુધી ડુબાડી રાખવામાં આવે તો એને કશું જ ના થાય.

* ગુરુદેવે જે જહેમત ઉઠાવી છે તે એ અમે નજરની સામે જોઈ છે!

આવા જુદા જુદા વિકલ્પોમાં આગમોને, શાસ્ત્રોને પાંચસો થી હજાર વર્ષ સુધી સુરક્ષિત કરી-દેવા માટેની જે ગુરુદેવની મહેનત. અને એ નિમિત્તે આવા લોકો આવે એમને કાંઈ ઉપદેશો-આપવાના હોય નહિ, વ્યાખ્યાન આપવાના હોય નહિ, હિતશિક્ષા આપવાની ના હોય, તો કામ પુરતુ કામ હોય. એ લોકો પણ કામથી આવ્યા હોય તો, પ્રાય: બીજુ-કોઈ વાત ન હોય, એ લોકો કામ પતાવી ને જાય. જે ભાઈ તાંબાની PLATE નું કાર્ય કરતા હતા તે, એ એકવાર પેલા PRESS વાળા ભાઈ ની ઓફિસે ગયા. એમની ઓફિસે આવ્યા છે, બેઠા છે,

DATE

એમની કાંઈક વાત ચાલી રહી છે ને એમની નજર પડી, કે આ ફોટો તો સાહેબનો છે, પટેલ ભાઈ છે, એમની PRESS છે. આજે પણ અમદાવાદની અંદર એ PRESS છે. એને એમને પુછયું કે સાહેબનો ફોટો તમારી પાસે ક્યાંથી ? તમે તો જૈન નથી, ને પેલા PRESS વાળા ભાઈએ કહ્યું, કે હું જૈન નથી, હું પટેલ છું, હું સ્વામી-નારાયણ સંપ્રદાયનો છું, આ મારા PRINTING-ના કાર્યના કારણે મારે ઘણા બધા સંતોને મળવાનું થયું છે, આજ સુધીમાં હું સો થી વધુ સંતો ને મળ્યો છું, જૈન સંતોને પણ મળ્યો છું, સ્વામી નારાયણ સંતો ને પણ મળ્યો છું.

- પણ આ મહારાજ જેવા સંતમેં જીંદગીમાં કહી પણ જોયા નથી ! માટે આ મહારાજનો ફોટો મેં રાખ્યો છે. !

છ સે વર્ષ પહેલાની ઘટના, નડિયાદ મુકામે ગુરુદેવના સંસારી પરિવારે, વીસ વિહરમાન જિનેશ્વર ભગવંતો નું સરસ મજાનું જિનાલય-બનાવ્યું. અંજનશલાકા પ્રતિષ્ઠા નો મહોત્સવ-હતો. ઉપાશ્રય ની અંદર વિધાન કરવાનું હતું, GROUND ની અંદર STAGE PROGRAM વગેરે-રાખેલું હતું. મહાત્માઓએ રોકાવું ક્યાં ? જેઓ વ્યવસ્થા કરતાં હતા તેઓએ તપાસ કરી એક નવું મકાન ત્યાં બની રહ્યું હતું, હવે મકાન ખાલી છે, મોટા-મોટા અંદર FLATS છે, એ જગ્યા-ગુરુદેવને માફક આવશે, ગુરુદેવનો આખો-પરિવાર એમાં આવી જાય, ને બધાને અનુકૂળતા

રહેશો, એ ભાઈને એમને મળવા ગયા. BUILDER જે ધડ દઈને ના પાડી દીધી. વ્યવસ્થાપકો એ વિચાર્યું કે, કંઈક બીજું ગોતશું. ગુરુદેવ હવે ગામ ના ઉપાશ્રયે છે, હવે બીજું મળ્યું નથી, બધા વિચારે છે, શે પણ છે. જેમણે ના પાડી હતી એ દોડતા આવ્યા, માફી માંગી, મારી ભૂલ-થઈ ગઈ. સંત માટે હતું ને મેં ના પાડી! પધારો, મારે જ ત્યાં તમે સંતો ને લાવો! એમના BUILDINGમાં નીચે જે FLATS, બેને DUPLEX, એની અંદર ગુરુદેવનો પરિવાર આવી ગયો.

રોજ એ ભાઈ ગુરુદેવની પાસે આવે, ગુરુદેવના આશીર્વાદ લે. જરા વાર બેસે, ગુરુદેવ જપ કરતા હોય, ભજતા હોય, વાંચતા હોય-એ જોવે. એક હું બહાર કોઈ કારણસર નીકળી રહી હતી, ને એ ભાઈ બહાર ઉભા હતા! મને એ ભાઈ વાત કરે કે તમારા ગુરુ મહારાજ એ સાક્ષાત ભગવાન સમાન છે. જેને જિનશાસન-નો કોઈ પરિચય નથી, જેને જૈન સંત નો કોઈ-પરિચય નથી, જેને જૈનત્વ નો કોઈ પરિચય નથી, જેણે ધડ દઈને પહેલી વારમાં ના પાડી દીધી કે, અહીંયા આ બધુ ના જોઈએ. અને એ જ માણસ ગુરુદેવના પરિચયમાં થોડા આવ્યા પછી એ કોઈ ભોર માણસ હતા, એ કોઈ અલગ-માણસ હતા, એને કાંઈ ખબર પડતી ન હતી ને ભાઈ ને અંબઈ ગયો એવું નહિ. BUILDER તો હતા સાથે, HIGH COURT ના મોટા વકીલ હતા. અને એ ગુરુદેવના માત્ર ~~સર્વસ્વ~~ -મહોત્સવના દિવસો દરમ્યાનના, શેકાળના નાના

DATE

પરિચય આપી, ગુરુદેવની પ્રીતિ કળી જાય, એમને પામી જાય. એને મને કહે ને જે કહેતાં કહેતા એના રૂંવાડા ખડા થાય છે. એમના શબ્દો-

★ તમારા ગુરુ મહારાજના રોમે રોમે ભગવાન છે!

કેમ આપણે કેમ પાછળ છીએ, આમાંથી કદાચ આપણને આપણો જવાબ મળી જાય કે કેમ આપણને હજુ આવી પ્રતિતી નથી થતી, સંવેદન નથી થતું. આ માત્ર ગુરુદેવ માટે નહિ, જિનશાસનના કોઈ ગુરુ ભગવંત માટે આપણને આવી લાગણી નથી ને માટે આપણા જીવનમાં સદ્ગુરુ નથી માટે તાત્વિક દ્રષ્ટિએ આપણા-જીવનમાં એક પણ સાધના નથી. માટે તાત્વિક દ્રષ્ટિ એ એકપણ તપસ્યા નથી. માટે તાત્વિક દ્રષ્ટિ એ એક પણ ક્રિયા નથી, માટે તાત્વિક દ્રષ્ટિ એ મોક્ષ યાત્રા નથી, માટે તાત્વિક દ્રષ્ટિ એ મોક્ષ માર્ગ પણ નથી.

મોક્ષે જવું છે કે

મને જવાબ આપો! જવું છે નથી જવું કે

પહેલું કામ આ કરો, જીવનમાં સદ્ગુરુ લાવો!

જે આવે ને છવાઈ જાય,

જે આવે ને આપણે એમના થઈ જઈએ,

જે આવે ને આપણે ગાંડા થઈ જઈએ !

જે આવે ને આપણે દુનિયા ભુલી જઈએ !

જ્યાં સુધી આ નહિ થાય ત્યાં સુધી આપણને મોક્ષ તો નથી મળવાનો, મોક્ષ માર્ગ પણ નથી મળવાનો, મોક્ષ યાત્રાનું પહેલું-પગલું કે પહેલું પગથિયું પણ આપણને મળવાનું નથી.

પહેલું કામ એ કરો, જીવનમાં સદ્‌ગુરુ લાવો !

એમનું આધિપત્ય આપણ ઉપર છવાવા દઈએ !

એમને સમર્પિત બની જઈએ, દીક્ષા લેવાય ન લેવાય એ બીજા નંબરની વાત છે. જીવનમાં-સદ્‌ગુરુ નથી આવ્યા, દીક્ષા લેવા છતા, આત્માનું કલ્યાણ થવાનું નથી, જીવનમાં સદ્‌ગુરુ આવી ગયા, ભાવના છે, ઝંખના છે, રડો છો તમે રોજ-સંયમ મને ક્યારે મળે, સંયોગ તમારા એવા છે, સંયમ તમે લઈ શકતા નથી, જીવનમાં સદ્‌ગુરુ-આવી ગયા, તમારો મોક્ષ નક્કી છે. રોજ આટલું કરવાનું છે, આટલું ન કર્યું હોય એને અનંત કાળ વિતી ગયો, આટલું કરીએ, વાત પુરી થઈ જશે. સંસારને તરી જવા માટે આનાથી-વધારે બીજુ કોઈ જ અપેક્ષા નથી !

## પરમ પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ.

ગુરુદેવની ગુણગંગા

DATE

આજનો આ માહોલ, આજની આ એક પળ, બાહ્ય દ્રષ્ટિથી અમારા ભગવાન જેવા પરમ-ગુરુદેવ, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, આપણને બધાને રડતા મુકી ને હસતા.. હસતા પરલોકની વાટે ચાલી નીકળ્યા.

એમના જીવનનું વર્ણન કરવું પણ, અડધો કે કલાકમાં શક્ય નથી. આ એક ભીની.. ભીની પળ છે. કરુણ સભર પળ છે. જેમણે એમની સાથે આંતરિક સહવાસ માણ્યો હોય, એમને ખબર પડે કે ગુણાત્મક વ્યક્તિત્વ શું હોય છે. બાહ્ય દ્રષ્ટિએ કદાચ, બાહ્ય આરાધનાઓ, સાધનાઓ, શાસન પ્રભાવનાઓ અનુષ્ઠાનો વગેરે ખરી. પણ આંતરિક જે એક એવી દ્રષ્ટિ હોય છે, કે જે ગુણાત્મક પાસા ઓને પકડી, ને આંતરિક બહુમાનભાવ પ્રગટ કરતી હોય છે. બધાની અંદર આવા સહજ ગુણો નથી હોતા, માત્ર અમારા ગુરુદેવ છે માટે નહિ પણ બેંતાલીસ.. બેંતાલીસ વર્ષના જે પડછાયા સેવ્યા છે, અને બુદ્ધિથી અને-અંતરથી જે અનુભૂતિ કરી છે, આ અનુભૂતિ એ શબ્દો દ્વારા વ્યક્ત થાય છે.

## મહાપુરુષોના જીવન મહાન જ હોય છે!

પણ કેટલીક વ્યક્તિઓને ઓળખવી, પરખવી, જાણવી, માણવી બહુ જ મુશ્કેલ હોય છે. પોતાની ઓળખ તેઓ ક્યારે પણ પોતે આપતા નથી. પણ તેમના બાહ્ય કાર્યો જ નહિ, પણ આંતરિક ગુણાત્મક વ્યક્તિત્વની સુવાસ

સહજ રૂપે ચારે બાજુ ફેલાતી હોય છે. એવા-
અમારા ગુરુદેવ, હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ,
૮૯ વર્ષની જેમની ઉંમર, ૭૦ વર્ષનો નિર્મળ,
નિષ્કલંક, નિરતિચાર, નિર્દોષ જેમનું ચારિત્ર-
જીવન. એવું એક વ્યક્તિત્વ હતું કે જેમની
પાસે બધાને આવવું ગમે, બેસવું ગમે, એમની
મુદ્રા ને ભણી આપણે જોયા જ કરીએ, સૌમ્ય-
મુદ્રાને, એમની પાસેથી ખસવાનું મન જ ના-
થાય.

કોઈ એક ભાઈએ મને કીધું, કે
મહારાજ સાહેબ એ આપણી સામે જોઈને જરાક-
SMILE આપે ને, તો આપણા સાડા ત્રણ-
કરોડ રૂંવાડા ઉભા થઈ જાય. ખરેખર આવું પ્રેમાળ
હાસ્ય, જેમના મુખ ઉપર તરવરતુ હતું, જેમની
આંખોની અંદર, નિર્વિકારિતા તો હતી, પણ-
પ્રત્યેક માટે જે પરમ વાત્સલ્ય હતું, માત્ર શિષ્યો-
પ્રશિષ્યો જ નહિ, શ્રાવકોને પણ ખસવાનું મન
ન થાય, જોયા જ કરવાનું મન થાય, એવું સરસ
મજાનું એ વ્યક્તિત્વ, સ્વભાવ પણ જેમનો
સૌમ્ય, મુખ મુદ્રા પણ જેમની સૌમ્ય, શબ્દો
પણ જેમના મીઠા અને મધુરા, તમને એટલો તો
ખ્યાલ છે કે હું જૂઠું નહિ બોલુ, બેતાલીસ-
વરસમાં સાહેબના મુખ ઉપર, ક્યારેય ક્રોધની
રેખા મેં જોઈ નથી. ક્રોધના નિમિત્તો ડગલે ને
પગલે બધાને મળતા હોય છે, અમારા જેવા
શિષ્યો તરફથી પણ ક્યારેક અપરાધ ભાવી થતા
હોય છે. અને પણ અમારા શિષ્યોને કદાચ
ગુસ્સામાં ખખડાવી નાખતા હોઈએ છીએ. પણ
ગુરુદેવની આ એક વિશેષતા, જિંદગીમાં ક્યારેય

પીઠ ઉપર ક્રોધની રેખા જોઈ નથી, કે એમના મુખમાંથી એક પણ આડો અવળો શબ્દ સાંભળવા મળ્યો નથી. કુટુંબની ખાનદાની કહો, કુટુંબની સંસ્કારિતા કહો, જે કહો તે, આજે ૭૦ વર્ષ પણ, મારા તમારા ઘણા દુશ્મનો પણ હશે. ઈર્ષ્યા-કરનારાઓ પણ હશે, ટાંટિયા ખેંચનારાઓ પણ હશે. આપણું અશુભ ચિંતન કરનારાઓ પણ હશે, પણ આ ગુરુદેવ એ એક એવા અજાત-શત્રુ હતા, તો આજે તમે પુછો કે ગુરુદેવને-કોઈના પ્રત્યે શત્રુતા હતી, કે કોઈને ગુરુદેવ પ્રત્યે શત્રુતા હતી, કે અસદ્ ભાવ હતો ? આખી-દુનિયામાં તમને એક વ્યક્તિ પણ એવી નહિ મળે, કારણકે એક વ્યક્તિ સાથે એમણે-અસદ્ ભાવ કેળવ્યો નથી, અસદ્ વ્યવહાર પણ કેળવ્યો નથી, અસદ્ શબ્દનો પ્રયોગ પણ કર્યો નથી. આ એમના જીવનની એક મોટી સાધના છે. ગુરુદેવ એ એક અજાતશત્રુ હતા, અને એના જ કારણે, આજે તમે જુઓ છો કે આ પાટ ઉપર, કેટલાય સમુદાય ના-આચાર્ય ભગવંતો પણ પધાર્યા છે.

યશોવિજયસૂરી મહારાજ આજે સવારે ૬ વાગે પધાર્યા, આંખમાં અશ્રુબિંદુ હતા, એમની પોતાની પણ TREATMENT ચાલતી હતી, મારે આવવું હતું ગઈ કાલે પણ આવી ના શક્યો, આજે પણ અમારા જેવા નાના સાધુ ઓનો સાંત્વના આપવા માટે આવા ભગવાન જેવા મહાન આચાર્યો, સામે ચાલી ને પધારે આ બહુ મોટી જિનશાસનની વિશેષતાઓ છે. ઘણા ઘણા આચાર્ય ભગવંતો છે, ગુરુદેવના-

DATE

ગુણોને પણ આપણે વચ્ચે - વચ્ચે લઈશું.

પૂજ્ય આચાર્ય વિક્રમસૂરીશ્વરજી મહારાજ સાહેબ ના સમુદાયના, રાજયશસૂરીશ્વરજી મહારાજ જ્યારથી અમારા ગુરુદેવ માંદગીમાં પટકાયા છે. છેલ્લા એક મહિનામાં એમના ચારથી પાંચ કાગળ મારા ઉપર આવી ગયા, આ પત્રોમાં પણ ગુરુદેવ પ્રત્યેનો જે ભક્તિભાવ, મૈત્રી ભાવ, વાત્સલ્યનો ભાવ, ચિંતાનો ભાવ, શાસનનું એક રત્ન આજે માંદગી ના બિછાને પડ્યું છે, પરમાત્માને પ્રાર્થના આખી દુનિયાએ કરી- પણ કુદરતના નિયમો એ અફર હોય છે. બહુ-જ ચિંતા સાહેબ કરતા હતા ને કુદરતી આજે- આપણી વચ્ચે પધાર્યા છે, ગુણાનુવાદ ની સભામાં આપણે સાહેબને હવે સાંભળશું !

---

## પૂજ્ય ગચ્છાધિપતિ શ્રી રાજયશ સૂરીશ્વરજી મહારાજ

### સ્વર્ણિમ યાદો

DATE

પરમ મંગલમય, પરમાત્માના શાસનમાં કોઈને કોઈ મહાન ઘટનાઓ બનતી જ જાય છે. એક-પછી એક એવા આત્માઓ આવે છે, કે હેમચંદ્રાચાર્ય મહારાજ એમ કહે છે,

कृती कृतयुगादिभिः।

એ ઉંચો કાળનો ચોથો આરો હશે એની ના નહિ, પણ પરમાત્મા તારા શાસનમાં પંચમ-કાળમાં પણ એવા મહાત્માઓ છે, જે ચોથા આરાને યાદ કરીને રડવા કરતા, પાંચમાં આરામાં મહાપુરુષોને યાદ કરીને આરાધના કરવી ઘણી સારી છે. એટલા માટે પંચમ કાળમાં પણ- એક.. એક.. એક.. આવા આત્માઓ આવે છે.

પરિચય તો અમારો આ સમુદાય-સાથે ઘણો જુનો છે, જ્યારથી કમલસૂરી મહારાજે- લબ્ધિસૂરી મહારાજ અને દાનસૂરી મહારાજને એ બંને ને પટ્ટધર સ્થાપ્યા, ત્યારથી આ પુણ્યરેખા ચાલી જ રહી છે. આમ તો વ્યવસ્થા માટે જુદુ-જુદુ થાય છે, પણ ન અમારા ભુવનભાનુ સૂરી મહારાજ- જુદુ સમજતા હતા, ન અમારા જયઘોષસૂરી- મહારાજ જુદુ સમજતા હતા. બધા એક જ- સમજતા હતા, કે આ બધો મહાન પરિવાર- એક જ છે. હવે જુદી વાત છે શહેર મોટું હોય એટલે POST- OFFICES વધતી જાય! પણ આ બધો એકતા નો ભાવ છે. અને એનાથી જ આપણે આગળ ચાલીએ, ઘણા ઘણા એવી રીતના આપણને મળે છે, કે એ મહાપુરુષો માં બે ખુબીઓ હોય છે. એક ખુબી એ કે સૌને સમાવી લેવા, અને બીજુ ખુબી એ સૌમાં સમાઈ જવું.

આ બંને વસ્તુઓ આપણે બે મહાપુરુષોમાં જોઈ છે. અને હેમચંદ્રસૂરી મહારાજ એટલે એમનો-અવાર નવાર.. અવાર નવાર.. પરિચય થયા જ કરે.

દાદરમાં હતા, ત્યારે અમારું સાથે-સાથે ચોમાસુ હતું, આરાધના ભુવન અને જ્ઞાન-મંદિર, ત્યાંના પણ ઘણા ઘણા પ્રસંગો છે. વાત એવી બની હતી કે, એમનું ચોમાસું-વાલકેશ્વર હતું ને, અમારા ગુરુદેવ ઉપધાન-તપ માટે ભાયખલામાં હતા, હેમચંદ્રસૂરી-મહારાજ ને ખુબ શાસન પ્રભાવના કરવાના ઉમળકા ને એમણે નક્કી કર્યું, કે મારે હિન્દુસ્તાન ભર-ના બધા જ દીક્ષાર્થીઓનું બહુમાન કરવું છે. પણ એમણે કહ્યું એમ, કેટલાને હાથ જોડતા કે નમસ્કાર કરતા નથી આવડતા પણ પગ પકડતા આવડે છે. એટલે અમારા ગુરુ મહારાજ પાસે-પત્ર આવ્યો કે સાહેબ હું આ કરી રહ્યો છું, આપના આશિર્વાદ જોઈએ. અત્યારે લગભગ-૩૮ થી ૪૦ દીક્ષાર્થીઓના નામ આવી ગયા છે, ભવ્યાતિભવ્ય કાર્યક્રમ કરવાનો છે. એમણે કહ્યું કે હેમચંદ્ર ડરીશ નહિ એકસો ને આઠ થશે! અને ખરેખર સૌથી પ્રથમ વખત આખું મુંબઈ ગાંડુ બન્યું, છેક ધોબી તળાવ થી માંડીને-ચોપાટી સુધીનું જે એક મહાન રથયાત્રા નીકળી એ મુંબઈના ભુવનનો એક મહાન ઐતિહાસિક-પ્રસંગ હતો. અને આટલી મોટી રથયાત્રાની અંદર એમણે કહ્યું, અને ગુરુ મહારાજને કહ્યું, કે-આપના આશિર્વાદ ફળ્યા છે, એકસો આઠ ના એકસો અગિયાર થયા છે પણ હું તો આપે આપેલી FIGURE જ લખવાનો છું.

આવી રીતની પરસ્પરની ભાવના, અને આવી રીત નો પરસ્પર નો ભાવ, અને મારા ગુરુદેવની નિશ્રામાં જ હેમચંદ્રસૂરી પુ એ આખો કાર્યક્રમ કર્યો. પરસ્પરનો પ્રેમ એવો હતો કે ન પુછો વાત. આ તો પરસ્પરના પ્રેમ અને નિઃસ્વાર્થ ભાવ ની વાત છે.

જીવનમાં એમને વૈરાગ્ય એટલા માટે, અમને એવું સાંભળવા મળ્યું છે, કે એમનું ENGAGEMENT (સગાઈ) નક્કી થઈ ગઈ હતી. એમનું જેમની સાથે થવાનું હતું એવા સ્વયંપ્રભાશ્રીજી, જેમણે પણ દીક્ષા લીધી, અને અમારા સાધ્વીજીઓ સાથે બોરીવલીમાં રહ્યા હતા. હમણાં જ જાણવા મળ્યું કે એમનો પણ બે મહિના પહેલા જ કાળધર્મ થયો. કહેવાની વાત એ છે કે આવો સાચો પરસ્પર નો પ્રેમ કે બંને એ દીક્ષા લઈ લીધી, આ બહુ મોટી વાત છે. અત્યાર ના કાળમાં પણ વિજય શેઠ અને વિજયા શેઠાણી ની યાદ અપાવે એવા પાત્રો છે.

તે સમયે મુંબઈના વરઘોડા માં ચોપાટી થી ધોબી તળાવ સુધી એક લાખ ધર્મીઓ, જૈનમ્ જયતિ શાસનમ્ ના નાદની ગર્જના કરી હતી. એટલે એમને સાર વિચારો ને ગ્રહણ કરવામાં કોઈ વાંધો કોઈ છોછ હતો નહિ.

એક વાર જૈન નગરમાં જયઘોષસૂરી મહારાજ પાસે હું ગયો હતો, અને ત્યાં

હેમચંદ્રસૂરી મહારાજ પણ હતા, મેં કહ્યું કે મહાત્માની તબીયત સારી રહેતી નથી, જેનો-આત્મા સબળો હોય છે એ એનું શરીર ઘણી-વાર નબળું હોય છે. એટલે આ એક એવું COMPENSATION હોય હતું, જેમની શાતા-પુછ્યા વગર તો જવાય જ નહિ, અમારા એક મહારાજ પણ ત્યાં હતા, તે વજને સૌથી પહેલું-મને બાબા ભુવનમાં યાદ રહેશે, એમનું એક-સુત્ર એવું કે,

" આખું વિશ્વ હિંસા મુક્ત બને "

હિંસા મુક્ત વિશ્વ, આ આખી દુનિયાને હિંસા મુક્ત બનાવી. આપણે માગીએ છીએ ચારે બાજુ હિંસા-ઓ ચાલે છે, ચારે બાજુ અત્યાચારો ચાલે છે. પણ સમજવાનું એ છે કે આજનું સુત્ર, આજનું સ્વપ્ન એ કાલે સાકાર થઈ શકે છે. એ આપણી પાસે નિરંતર એના પ્રયત્નો હોય તો! દરેક પાસે અહિંસા ને ફેલાવવા માટે ના ક્ષેત્રો છે જ, આપણે ચારે બાજુ આ સંસ્કારો ને ફેલાવી તો શકીએ જ, જેની જેટલી પહોંચ!

હમણાં જ મેં એક જણ ને કહ્યું હતું કે બણે પેલો POP છે એ FRENCH છે ને CHRISTIAN ધર્મ નો અનુવાદ કરે છે, પણ તેઓ ઈરાન ગયા ને ત્યાં કહ્યું કે આપણે યુધ્ધો બંધ કરવા છે. આવા વિચારો પણ દુનિયા માં ચાલે છે. આવા વિચારોને એ પ્રબળ કરવા-દેશો, તો આપણે નાના LEVEL ઉપર પણ કામ કરવાનું છે, અને મોટા LEVEL ઉપર પણ

પહોંચવાનું છે અને જેની પહોંચ ચોરા LEVEL ઉપર હોય ને એ ત્યાં પહોંચશે તો સમજુ લેવું, કે હમેશા નિરાશા ની અંદર પણ એક આશા અમર હોય છે.

એને આપણે સૌ મળી ને નક્કી કરીએ કે કલિકાલ સર્વજ્ઞ ને તો ભૈયા નથી, એમણે દેશમાં અઢાર દેશની અમારી પળાવી, આ આપણા હેમચન્દ્ર મહારાજ છે, એમણે પણ - આપણને આ સુત્ર આપ્યું છે, હિંસા મુક્ત - વિશ્વનું આ SINCERITY થી અનુસરીએ તો એનો રસ્તો નીકળશે, નીકળશે, ને - નીકળશે. આખરે તો દુનિયાને હિંસાથી અટકવું પડશે આ હકીકત છે, આ વાત ભલે વહેલી કે મોડી, પણ આ વાત ઉપર આવવું જ પડશે.

છેલ્લે એટલું જ કહીશ તેઓ અમારા ઉપર ખુબ જ સ્નેહ રાખતા હતા, જ્યારે જ્યારે પણ મળીએ ત્યારે ખુબ પ્રેમથી મળતા હતા! આખું વિશ્વ હિંસા મુક્ત બને એવી એમની - ભાવનાને આપણે સૌ સાકાર કરીએ.

x x x x

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ-સૂરીશ્વરજી મહારાજ !

DATE

(અતીતની અટારીએ)

એક બાજુ સંસારનું પ્રિય પાત્ર દેખાય ને મન ત્યાં ઠરી જાય, ને બીજુ બાજુ પ્રેમસૂરીદાદા-ની, સંસારમાં ક્યાં સુધી બેસી રહેવું છે, અને ભુવનભાનુ સૂરી મહારાજ ની હાકલ ધ્રુજાવી દે એવી દેશનાઓ સાંભળી ને ઘડીકમાં એમ થાય કે-દીક્ષા લેવી છે, અને ઘડીકમાં એમ થાય કે-પરણવું છે. આ રાગ અને વિરાગ ના ઝોલે-ઝોલા ખાતા હતા, અંતે ગુરુદેવની જીત થઈ. ભુવનભાનુસૂરી મહારાજ, પ્રેમસૂરીદાદાની જીત થઈ, વૈરાગ્ય ભાવ દ્રઢ કર્યો, દીક્ષા લેવાનો સંકલ્પ કર્યો, અને પોતાના પ્રિય પાત્રને જ્યારે વાત-કરી,

કે મારા દીક્ષા લેવાના ભાવ થયા છે.

સગપણ થઈ ચૂક્યું છે, અડધા લગ્ન થઈ ચૂક્યા છે, સંસાર માંડવાની તૈયારી છે. અને એમાં તમારી-તરફથી એ વિઘ્ન આવ્યું. અમારી તરફથી એ એમ થાય કે આ મુહૂર્ત એટલું શુભ ભાવના વાળુ હતું, કે ગુરુદેવ એ આજ ન ડગ્યા હોત તો, તો આજે અમારા માના કોઈ પણ અહીંયા ન-હોત.

વિશેષતા હું તમને કહું કે જ્યારે વાત કરી પોતાના પ્રિય પાત્રને કે દીક્ષા ની-ભાવના થઈ છે, ત્યારે એ કાળની મર્યાદા, એ કાળનું શીલ, એ કાળની જે સૌજન્યતા, એક પળની પણ વિચાર કર્યા વગર, પોતાની જિંદગી નો પણ વિચાર કર્યા વગર, આવા-સરસ્વતી બહેને એક લીટીમાં કહી દીધું, તમે ખુશી થી જઈ શકો છો. તમારા આત્માની

DATE

આરાધના કરી શકો છો. હું તમારા માર્ગમાં ક્યાંય પણ અડચણરૂપ બનવા માંગતી નથી.

## પ્રેમ અને લાગણીના તાંતણે બંધાયેલા હતા !

પણ હું કહીશ તો તું શું કરીશ ? આવો પ્રશ્ન કોઈને પણ સહજ થઈ જાય. મારા આજની આ MOMENT પર દીક્ષા ના કોઈ ભાવ નથી. પણ એટલું તમને ASSURANCE આપુ છું, ખાત્રી આપું છું, હવે આ ભવમાં મારે બીજું-સગપણ કોઈની સાથે કરવાનું નથી.

એક અબળા ની અંદર આવુ સત્ય, જેને આપણે અબળા કહીએ છીએ, એની અંદર આવું શીલનું પ્રચંડ સત્વ, આર્ય દેશની સન્નારી જેને એક વાર મનથી પણ વરી હોય, હવે આ ભવમાં બીજા કોઈને વરે એ વાતમાં કોઈ માલ નથી. મને દીક્ષાના ભાવ-નથી, પણ હું બીજુ વારતો નહિ જ પરણું ! આવું દિવ્યસત્ય, શીલ, અને સંસ્કારીના જે આત્મા ની અંદર ધરબાયેલી હોય, એના ઉપર-જ પ્રેમસૂરીદાદા ની દ્રષ્ટિ થાય છે. ગુરુદેવ પર દાદાની જે દ્રષ્ટિ પડી, હીરા પારખુ હોય એ હીરા જોતા જાય ને કેટલા ગુણ કેટલા દોષ એ ખબર પડી જાય તરત જ.

પ્રેમસૂરીદાદાની આ દ્રષ્ટિ હતી, દીક્ષા વખતે પાંચ પાંચ દીક્ષામાં સૌથી નાની ઉંમર હોવા છતા પણ, બધા જ PROTOCOLS બધા જ સિધ્ધાંતો, બધી જ મર્યાદાઓ,

classmate

નીતિ નિયમો, ગુરુ ને આધીન છે એ સમજથી.
પાંચ દીક્ષામાં સૌથી નાના હીરાભાઈ હતા, અને
દીક્ષા વખતે સૌથી મોટા ગુરુ મહારાજ હીરાભાઈને
કર્યા, શેનાથી કર્યા ?, શા માટે કર્યા ?, આજે
અમે કોઈને કરવા જેવીએ તો હોજણી નથી -
ભય. ગુરુ મહારાજ પક્ષપાતી છે, આ પૈસાવાળો
છે ને એટલે એમને સૌથી મોટા કરી દીધા,
આવું કાંઈ ને કાંઈ બોલે જાય.

પણ પ્રેમસૂરીદાદાનું બ્રહ્મતેજ, સત્ય-
એ હતું, એમનું માનવું હતું કે આ હીરો એ
ભવિષ્યમાં જિનશાસનને ચાર ચાંદ લગાડે એવો
હીરો થવાનો છે એના પ્રતીક રૂપે સૌથી નાના
હોવા છતા, એમને સૌથી મોટા કર્યા, તો કોઈએ
ક્યાંય પૂછ્યું કે આ કરી નથી. જ્યારે આવું-
પ્રેમસૂરીદાદાનું દીક્ષા પહેલાનું VISION હોય,
આપણને એમ થાય કે આવા મહાપુરુષો, જિન-
શાસનની એક પુણ્યાઈ છે, કે આવા મહાપુરુષો
મળ્યા, અને એમને પણ જિનશાસન મળ્યું
આજે ઘણા ઓછા સમયમાં એમના ઘણા ગુણોને
વિચારવાના છે, અમે તો ખુબ મળ્યું છે, ખુબ
માણ્યું છે, ખુબ અનુભવ્યું છે, અંતરના-
અંતર થી પડઘાઓ સેવ્યા છે, એમના ભાવો
ને ઝીલ્યા છે, શબ્દોમાં વર્ણન થઈ શકે
એવું કાંઈ છે જ નહિ. પણ થોડું થોડું બધાને
કંઈક ભાન મળી જાય, કે આ જિનશાસનની
અંદર આ કોઈના પત્યા નથી, અને -
RESORTS HOUSEFULL થયા નથી. બાબાઓ
HOUSE FULL થયા નથી. આવી વિષય, વાસના-
ઓની ચિનગારી ને લઈને ફરનારા, એમને

DATE

કદાચ કલ્પના પણ ન હોય કે, ૭૦ વર્ષના દીક્ષા
પર્યાયમાં જેમને કોઈ વાસના, વિકારો, જેય ને
કોઈ અસદ્ કલ્પનાઓ, ઉભી પણ થઈ નથી,
આવું વિચારવું પણ આપણા માટે શક્ય છે,
એના જ કારણે, આવી ઓરાઓ બનતી હતી,
એમની આસપાસની ઓરામાં તમે જેસી મળો,
તમે પોતે પણ નિર્વિચાર, નિર્વિકાર બની જાવ,
આ ૭૦ વર્ષના નિર્વિચાર અને નિર્વિકાર ઓરા
નો પ્રભાવ હતો, પુછી લો અમારા પચાસ-
સાધુઓને, કોઈ ને પણ એક મિનિટ ખસવાનું
મન થતું ન હતું. બધા ને થતું હતું કે-
આપણે આ સાહેબની સેવા કરીએ, આપણે
આમ કરીએ, આપણે તેમ કરીએ, એક મિનિટ
પણ જેમને ખસવાનું મન થતું ન હતું.

એકવાત સમજુ રાખજો, અહંકારી
માણસ પાસે કોઈ પણ જવા તૈયાર થતું નથી,
અને નમ્ર માણસ પાસેથી કોઈ ખસવા તૈયાર-
થતું નથી. અમારા ગુરુદેવની અંદર એવી
નમ્રતા હતી, એટલી સૌજન્યતા હતી, એટલું-
વાત્સલ્ય સભર એમનું નેતૃત્વ હતું, કે ગમે-
તેવી વ્યક્તિ ને એમ થાય કે બસ એમની
પાસે બેસી જ રહીએ, એમનો સહવાસ આપણે
માણતા જ રહીએ, આવું અદ્ભુત વ્યક્તિત્વ,
પ્રેમ-ભુવનભાનુ સૂરીશ્વર મહારાજનું જે કોહિનુર-
રત્ન, આપણી પાસે થી છિનવાઈ ગયું છે
કર્મ, કાળ અને કુદરતની સામે આપણે બધાં જ
લાચાર છીએ. ગુરુદેવે આપણને બધા ને તો
છોડી ને ગયા છે પણ એમના ઉચ્ચ આદર્શો
એમના કાર્યો, એમની ભાવનાઓ, આપણી-

DATE

પાસે મુકીને જ ગયા છે. એમનું પ્રવચન - આપણી સાથે જ છે.

આજે આપણી સાથે પધારેલા - ઉદયકિર્તી મહારાજ, જે અમારા તપાગચ્છાધિપતિ, મનોહર કિર્તી સૂરીશ્વરજી મહારાજ, જેઓ ૯૩ વર્ષના છે. સમસ્ત તપાગચ્છના જે અધિપતિ છે. એમના પરમ વિનિત શિષ્ય રત્ન ઉદયકીર્તિ મહારાજ ને આપણી વિનંતી કરશું.

× × × × ×

પૂજ્ય ઉદયકીર્તિ સાગર મહારાજ સાહેબ ! {ગુણોનું ઉપવન}

DATE

તપાગચ્છાધિપતિ આચાર્ય ભગવંત અહીં પધારવાના હતા, એમણે ઈચ્છા દર્શાવી એમ નહિ, પ્રયત્ન પણ કર્યો, પણ ડોક્ટર સુધીર ભાઈ, V. C. SHAH સાહેબ અને પાર્થિવભાઈ મહેતા, એમણે સ્પષ્ટ સુચના આપી જ્યાં ઘણા લોકો ભેગા થયા હોય ત્યાં અત્યારે જવા જેવું નથી. કેસો-ઘટયા નથી, TESTING ઓછું થયું છે.

પરમાત્માના શાસનમાં સંયમ લે એ દિવસથી જ દરેકે દરેક સંયમી આત્મા, આત્મ-નિર્ભર હોય છે. જે આદર્શો પ્રભુ મહાવીરના હતા એ આજે સમગ્ર વિશ્વ એ અપનાવવા પડ્યા છે. આચાર્ય ભગવંતને પહેલી વખત મળવાનું થયું, એ સમયે હૃદયની અંદર જે ભાવો આવ્યા, ઘણી વખત વ્યક્તિની સુંદરતા કરતા એની સરળતા હૃદયને સ્પર્શી જાય છે. સોનામાં સુગંધ ભળે એમ, એ દિવ્ય વ્યક્તિની અંદર સુંદરતા પણ હતી, અને સરળતા પણ હતી. ભલે અહીંયા ૩૨ થયા છીએ, ભલે અહીંયા આચાર્ય ભગવંત નથી-પણ હું કહું છું કે આચાર્ય ભગવંત અહીંયા-વિદ્યમાન છે, અને વર્ષો સુધી વિદ્યમાન રહેશે. પચાસ-પચાસ શિષ્યો-પ્રશિષ્યોની અંદર એ-દર્શન કરવામાં આવે તો આચાર્ય હેમચન્દ્ર સૂરીશ્વરજી મહારાજના દર્શન થાય થાય ને થાય !

પચાસ-પચાસ સંસારી આત્માઓને વાસનાઓમાંથી મુક્ત કરીને વૈરાગ્ય સભર બનાવવા માટે, સરસ્વતી ની સાધના અનિવાર્ય રૂપે જરૂરી છે. સંસારમાં પણ સરસ્વતી અને સંયમ લીધા પછી પણ સરસ્વતી દેવીની સાધના એમણે કરેલી,

એના વગર આ બધું શક્ય નથી. જેમના જીવનની અંદર, તપાગચ્છાધિપતિ શ્રી એ સવારે પત્ર લખાવ્યો. એમાં એમણે ભારપૂર્વક જણાવ્યું કે, પાંચ "સ" ઉપર જેમનું જીવન હતું.

પહેલા નંબરમાં સંયમ, સંસારમાં પણ હતું ને પરમાત્માના શાસનની પ્રવ્રજ્યા લીધા પછી પણ સંયમની સાધના, બીજા નંબરમાં જેમના જીવનની અંદર, સરસ્વતી ની પ્રાપ્તિ થયા પછી, સ્વાધ્યાય ઉપર ખુબ જ ભાર આપેલો છે. જ્યારે પણ ગુરુ ભગવંત પાસે જવાનું થાય, કોઈ પણ ગુરુ ભગવંત જાય ત્યારે સ્વાધ્યાયની, ધ્યાન અને જ્ઞાનની વાત ! સંસારી પાસે ની વાત કેવી એ તમને ખબર હશે. જ્ઞાન કેવું આત્મસાત્ કર્યું હશે! જેમના શબ્દો ની તાકાત, જેમના સંયમની તાકાત જેમના આત્મા ની તાકાત કેવી જબરદસ્ત, બોલવાનું કામ તો હું પણ કરું છું, તમે પણ કરો-છો, સંસારમાં દરેક દરેક વ્યક્તિઓ કરતી હોય છે, પણ એમના મુખમાંથી નીકળેલા શબ્દોની તાકાત કેવી છે !, અને તમારા શબ્દોની તાકાત કેવી છે એ આ પંક્તિમાં ખુબ સુંદર રીતે સમજાવ્યું છે,

કુછ લોગોં કી કુછ બાતોં મેં ફરક ઈતના હોતા હૈ

કોઈ દિલમેં ઉતર જાતે હૈ,

કોઈ દિલસે ઉતર જાતે હૈ !

એમની વાણી જ્યારે દિલમાં ઉતરે, પછી જ સંયમના

બોધ પ્રગટ થાય, એના વગર શક્ય જ નથી. સંયમની સાથે સ્વાધ્યાય ઉપર જબરદસ્ત પ્રભુત્વ હતું, ને સાથે સાથે, એમના જીવનની અંદર, સમતા નામની જે ગુણ હતી ને, જે એમણે આત્મસાત્ કરેલો, બહુ કઠીન છે હોં! હું અને તમે જે શાંત દેખાઈએ છીએ ને એ - DUPLICATE સ્વરૂપ છે, ORIGINAL નથી. કોઈ કાંકરીચાળો કરે ને પછી જે સમયે સમતા રાખીએ ને, ત્યારે એ સમતા નો ગુણ ઉજાગર કર્યો કહેવાય.

## સમતા ગુણ જેમના રોમે-રોમે હતો!

જેની કેટલાય આત્માઓને જેમણે સમાધિ આપી, એ પુણ્યશાળી આત્મા પોતે - સમાધિની અંદર, નવકાર મંત્રની ધુન ની અંદર, સમાધિ પણ આમ જોઈએ ને, એકે વાર - આવેલા, બસ આમ એમને જોયા જ કરીએ, આ મહાપુરુષની તાકાત એ છે, ખાલી તમે એમને નિહાળો, પાપ, તાપ અને સંતાપ ખતમ થઈ જાય, એવું એમનું અદ્ભુત આત્મિક વ્યક્તિત્વ હતું, અને જ્યારે આ ચાર ચીજો - આત્મસાત્ થઈ હોય ને, એ આત્મા મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી પરમાત્મા પાસે જાય! કારણ વર્તમાનમાં મહાવીર સ્વામી પરમાત્માના શાસન-ની અંદર જે મહાવીર.. મહાવીર.. મહાવીર... પછી એને સીમંધર સ્વામી પરમાત્મા મળે! એ સીમંધર સ્વામી ભગવાન પાસે જેમના તપા-ગચ્છાધિપતિ એ કહ્યું, આઠ વર્ષની ઉંમરે દીક્ષા લે, નવ વર્ષે કેવલી બને, આત્મા નું કલ્યાણ કરે.

અને મોક્ષની પ્રાપ્તિ કરે એવા મારા અંતરના-રોમે રોમે થી આશિર્વાદ છે.

છેલ્લે, તમે અને મેં જોયું, બે દિવસ પહેલા અને કાલે ટીવી હતા, અત્યારે તો મને અને તમને ખબર છે સ્વ. શબ્દ લાગી ગયો, મારું કહેવું એવું છે કે સ્વ. શબ્દ લાગે ને એની પહેલા સ્વની રમણતામાં ઉતરી જવાનું. સ્વ.-શબ્દ આપણને સૌ ને લગાવાની એક વચન, અમારા કૈલાસસાગર સૂરીશ્વરજી મહારાજનું વાક્ય હતું,

સ્વમાં વસ,
પરથી ખસ,
આટલું બસ!

જે વાક્ય જેમણે આત્મસાત કરેલું, અને એ આત્મસાત કરેલી વ્યક્તિ, ભલે આપણે એમને અત્યારે જોઈ શકતા નથી, પણ જે આપણને જોતા હોય, એમના જીવનની અંદર જે સંયમના ગુણો હતા, સાધનાના ગુણો હતા, આરાધનાના ગુણો હતા, યત્કિંચિત ગુણો આપણને આપે, આપણા જીવનમાં ઉતરે, ને આપણે એ ગુણો ને આત્મસાત કરીને માનવભવ ને સફળ કરીએ એ જ મંગળ શુભકામના!

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ-સૂરીશ્વરજી મહારાજ ! {બે દિવસોની વાત}

દીક્ષા લીધા પછી, દરેક વ્યક્તિના પુણ્ય અલગ-અલગ હોય છે, કોઈનું પૈસાનું પુણ્ય હોય, કોઈનું સત્તાનું પુણ્ય હોય, પુણ્ય પણ તરહ-તરહ ના હોય છે.

અમારા ગુરુદેવનો વૈરાગ્ય જબરદસ્ત હતો, દીક્ષા મળી, સંયમ મળ્યું, સ્વાધ્યાય મળ્યા, ઉંચી QUALITY ના ત્રણ ત્રણ ગુરુદેવો મળ્યા,

* પ્રેમસૂરીશ્વરજી મહારાજ,
* ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ, અને
* પદ્મવિજયજી મહારાજ !

આ જગતમાં, આ સદીમાં જે જોડ કહી શકાય, એવા ત્રણ ત્રણ ગુરુ નો યોગ જે વ્યક્તિ ને એક સાથે મળ્યો હોય, એ કેટલી પુણ્યશાળી વ્યક્તિ કહી શકાય ! આ બધું મળ્યું સાથે એક MINUS એવો મોટો હતો ને, કે શરીરનું પુણ્ય એમની ન હતું.

દીક્ષા લીધી ત્યારથી જ અશાતા-વેદનીય કર્મ, મણી બારે ખાંગે એમના ઉપર-તૂટી પડ્યું હોય, આજે જેને CANCER કહેવાય છે, એવું ૫૦-૫૫-૬૦ વર્ષ પહેલા T.B. કહેવાતો હતો, અને પચાસ-પંચાવન વર્ષ પહેલા એમને T.B. થયેલો. ત્યારથી શારિરીક DOWN FALL અને અશાતા વેદનીય કર્મનો ઉત્કર્ષ થતો ગયો. જેમ જેમ અશાતા વેદનીય કર્મ વધતું ગયું, તેમ તેમ તેમની સાધનાની ધાર પણ તીક્ષ્ણ થતી ગઈ. મહાપુરુષો ની આજ વિશેષતા છે.

સંકટો આવે, કષ્ટો આવે, દુઃખો આવે, તકલીફો આવે, આફતો આવે, જેમ જેમ એમનું સત્વ પણ તેજ થતું જાય, અને તેમ તેમ તેમની આરા પણ વધારે ને વધારે વિશુદ્ધ થતી જાય. આવા-મહાપુરુષો ના દર્શન !

## માંદગી પણ એમને મહોત્સવ બની !

માંદગી મહોત્સવ એટલા માટે બની કે માંદગી ની અંદર એક ઠેકાણે રહેવાનું થાય, ને પિસ્તાલીસે પિસ્તાલીસ આગમો ના સાંગોપાંગ અભ્યાસ થાય. બીજું પ્રેમસૂરીદાદા ને એમના માટે બહુ જ ચિંતા હતી. આવી રીતે મેં સંસારમાંથી કાઢ્યો ખરો, પણ-આવો માંદલો ને માંદલો રહે, એ સારૂ નથી, ગમે તે રીતે કરીને એને સાજો કરો. દિવસ-રાત પ્રેમસૂરી મહારાજ- ભુવનભાનુ સૂરી મહારાજ ને ચિંતા રહેતી હતી, પન્યાસ ચંદ્રશેખર વિજયજી, એ-સમયે તો મુનિ જ હતા, એને કહેતા હતા કે આ ખાવાની ચોર છે, ખાવાનું એને દુર ભાગે છે, આને ખવડાવવું એટલે નવ નેજે પાણી નીકળી જાય, બે વરસ ના બાબા ને ખવડાવવું સહેલું છે પણ આને ખવડાવવું, કારણકે મનમનની માન્યતાઓ આ ખાઈશ તો વાયુ થશે, આ ખાઈશ તો પિત્ત થશે. આ ખાઈશ તો કફ થશે. આવી માન્યતાઓ મનમાં એવી ઘુસી ગઈ હતી, તેવખતના ચંદ્રશેખર વિજય મહારાજ, અને અમારા ગુરુદેવ, એ બંને ની આત્મીયતા, એમની પ્રેમ, એમની લાગણી, સગ્ગા ભાઈ ને ક્યાંય ટપી જાય એવી, પ્રેમસૂરીદાદા એમ કહેતા હોય મ તું હેમચંદ્ર ની-સેવામાં મ, એને ખાતો કર, એને સાજો કર,

એને તગડો કર, આવું પ્રેમસૂરીદાદા કહેતા હોય - ત્યારે એમને કેટલી બધી ચિંતા હોય. ચંદ્રશેખર - વિજય મહારાજ કેટલા હોંશિયાર હોય, કે એકલા ભય બગાડ્યા ગુરુદેવને જવડાવવા માટે, એયાનું ઝડ્ડ, અઈએ તો આમ થાય ને તેમ થાય, ચંદ્રશેખર વિજય મહારાજ એમનો હાથ પકડી - બાંધતા હતા. એક પણ શબ્દ બોલવાનો નહિ ને હું કહું એમ કરવાનું. અને હું આપુ તે ખાવાનું. આવી રીતે એમની સેવાઓ થઈ.

પ્રેમસૂરીદાદાને એક વાર થયું કે આ તો જવાનો હશે છે. જિંદગીમાં આચાર્ય - ભગવંતો ને એક અધિકાર છે, કે પોતાના - પાત્રા ની અંદર રહેલું પોતાનું એંઠું, કંઈ પણ રોટલી, દાળ, ભાત, શાક હોય એ સાધુ ને આપી શકે. આવા ગચ્છાધિપતિ આચાર્ય ભગવંતના પાત્રાનું એંઠું લેવા માટે સાધુઓ પડાપડી કરતા - હોય. પણ બગાડ્યા પ્રેમસૂરીદાદાનો એક નિયમ હતો, એ પોતાનું એંઠું પણ જિંદગીમાં ક્યારેય - કોઈને આપતા ન હતા. NOW OR NEVER. આંદગીમાં ગુરુદેવનો કદી કશું વાપરે નહિ. પેટ - એકદમ નબળું દુબળું, દૂધ તો જિંદગીમાં વાપરેલું નહિ. અને પ્રેમસૂરી મહારાજ ના પાત્રા ધોવા માટે - ગુરુદેવ ગયા હશે. અને પ્રેમસૂરીદાદાને તો ખબર જ છે આ તો કાંઈ જવાનો જ નથી. પ્રેમસૂરીદાદા એ કોઈ દિવસ કોઈને પોતાનું એંઠું, આપ્યું નથી. ચાર દ્રવ્યનો આહાર પ્રેમસૂરીદાદાના, રોટલી, દાળ, ભાત અને દુધ, દુધ થોડું એંઠું કરેલું, પ્રેમસૂરી મહારાજ ને ખબર છે કે આ કશું અડવાનો નથી, લેવાનો નથી, એટલે OFFER કર્યું, લે આ

દુધ પીશ ? આજી પાણી ભરીને દુધ એ કોઈ દર્દીને આપવામાં આવે તો કંઈક રોગો થઈ જાય, ઝાડા - થઈ જાય, પ્રેમસૂરીદાદા ને સો ટકા ખાતરી હતી કે આ લેવાનો નથી. અને જ્યાં OFFER કરી ત્યાં - ગુરુદેવ તો એટલા હોંશિયાર તે, પાણી લઈને ગટગટાવી ગયા. મને કહેતા હતા ગુરુદેવ, આજ તો તબિયત મારી નબળી, પણ પ્રેમસૂરીદાદા નું અતિશુદ્ધ - બ્રહ્મચર્ય એના પ્રભાવે છ મહિના સુધી મને કોઈ વ્યાધિ થઈ નથી. દુધની પણ એક તાકાત હોય છે.

એકવાર પ્રેમસૂરીદાદા એ એમને કહ્યું કે મ, તને આટલી બધી તકલીફ છે, મ ભાઈનુ ખંભાત જા !

जननी जन्मभूमिः च स्वर्गादपि गरीयसी ।

માતા અને માતૃભૂમિ એ સ્વર્ગ કરતા પણ ચડી જાય છે. એની માટી, એનું વાત્સલ્ય, ત્યાં હરવું - ફરવું, સ્વર્ગ પણ એની સામે કશું જ નથી. તુ ત્યાં જ અને તારી તબિયત AUTOMATIC સારી થઈ જશે. વિચાર કરો કે પ્રેમસૂરી દાદા ને એમના સ્વાસ્થ્ય માટે - ની ચિંતા કેટલી બધી હશે. ક્યારેક ચંદ્રશેખર - મહારાજ ને મોકલે, ક્યારેક પોતાની એંઠી દુધની - પાણી આપી દે, તો ક્યારેક ખંભાત મોકલી દે, મ ભાઈ તારી જન્મભુમિ છે. એ જન્મભુમિ નું પાણી પીશ ને ત્યાંનો થોડો ખોરાક જશે ને, તો તને સારુ થઈ જશે. આવી વાત કરીને ખંભાત મોકલ્યા, અને ખંભાત મોકલ્યા પછી ગુરુદેવે કહ્યું, જ્યાં સુધી ખંભાત રહ્યો ત્યાંનું પાણી અને ભોજન મળ્યું અને મને લગભગ સારું થઈ ગયું. ધરતી ની તાકાત હોય પણ એના કરતા વધારે તાકાત પ્રેમસૂરીદાદાના શબ્દોની હતી.

પ્રેમસૂરીદાદા એ જે કહ્યું કે જા, તને ત્યાં સારું
થઈ જશે, એ ગુરુદેવ સિધાવી ગયા, એ ગયાના
સારું તો એવું થયું, ગુરુદેવ કહેતા હતા, લગાતાર
ખંભાતમાં બે ચોમાસાં કર્યા. બે ચોમાસામાં -
સમરાદિત્ય ચરિત્ર ગ્રંથ, વ્યાખ્યાનની અંદર વાંચ્યા,
એક દિવસના ખાડા વગર સોળ મહિના સુધી,
રોજનું દોઢ કલાક વ્યાખ્યાન આપે. આનાથી વધારે
સારું શું થવું જોઈએ, એ કહો તો જરા! સોળ-
સોળ મહિના સુધી સમરાદિત્ય ચરિત્ર વાંચતા-
હોય, હૃદયની અંદર વૈરાગ્યનો ધોધ વહેતો હોય,
NIAGARA નો જેમાં જ્યારે સમરાદિત્ય ભણે,
તો ત્યારે જે શબ્દો છુટે, ભલભલાના હાંજા-
ગગડી ગયા વગર રહે નહિ.

નેમિસૂરી સમુદાય ના ગચ્છાધિપતિશ્રી
વિજય હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ, એમણે પણ
એક સરસ મજાનો સંદેશ, પત્ર દ્વારા આપણને
મોકલ્યો છે.

જૈન શાસનમાં એક મહાન પ્રભાવક
આચાર્યની મોટી ખોટ પડી છે. જૈન શાસનના દરેક
અંગોમાં એમનું મહત્વપૂર્ણ પ્રદાન છે. એક
ગચ્છાધિપતિ પણ આજે એમ કહેતા હોય, કે જૈન-
શાસનનું એક પણ અંગ એવું નથી, કે જેની
અંદર વૈરાગ્યદેશના દક્ષ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ-
નું વિશિષ્ટ કોટીનું યોગદાન ના હોય! સાતે-
સાત ક્ષેત્રોની અંદર, જેમણે પોતાના લોહીના-
ટીપે-ટીપા ને જેમાં નાખી દીધું છે. નાદુરસ્ત
તબિયત હોવા છતાં પણ જીવન ભર, એ શાસન-
ના કાર્યો માટે, શાસનની સાધના- આરાધનાઓ

ફરાવવા માટે, જે ઝઝૂમ્યા છે એ કલ્પના બહારનું છે. બાર વર્ષનો હું હતો સંસારી પણામાં, પારલા ની અંદર, ત્યારે સીમંધર સ્વામીના વ્યાખ્યાનો, સવારે ત્રણ - કલાક, અને બપોરે ત્રણ કલાક, ખોરાક એક રોટલીનો અને પાંચ-છ કલાક વ્યાખ્યાનો, સુકલકડી શરીર, હાડકાઓ દેખાય જાય, અને છતાં પણ - એમની વાણી, એમની વૈરાગ્યની ધોધ અસ્ખલિત રીતે વહેતો જ જાય... વહેતો જ જાય... એ દ્રશ્ય આજે મારી આંખ સામેથી ખસતું નથી.

એ આજે પણ અમને કોઈ રાત્રે પ્રવચન કરવાનું કહે તો અમે હાથ જોડીએ કે ના બાપુજી - ગરમી બહુ છે અમને નહિ ફાવે. જિંદગી માં ક્યારે પણ ગુરુદેવે પોતાના શરીર નો વિચાર, NEVER ક્યારેય કર્યો નથી. આવા ગુરુદેવશ્રી માટે તમામે તમામ ગચ્છાધિપતિશ્રીઓ ના સંદેશો આવ્યા છે.

## નેમિસૂરી સમુદાયના આચાર્ય ભગવંત - સંયમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ

### અનોખું વ્યક્તિત્વ

જગ્યા થોડી ટૂંકી છે, અને રહેવાની જ! હંમેશ માટે યાદ રાખજો,

જેમના અંતર બહુ મોટા હોય ને,

એમના આંગણા હંમેશા સાંકડા પડવાના ને પડવાના.

★ અને જેમના પુણ્ય બહુ મોટા હોય, એમના પ્રાંગણ ગમે તેટલા મોટા હોય, તોય હંમેશા નાના લાગવાના લાગવાના ને લાગવાના!

આ આટલો મોટો હોલ નાનો પડે ને એ જ એમની મોટાઈની નિશાની છે. આજે મારે સભાની સામે એમના ગુણાનુવાદ નથી કરવાના. અત્યારે આ ગણો કેટલો પણ ચતુર્વિધ શ્રી સંઘ અહીંયા છે, બધાના હૃદયમાં પૂજ્યશ્રીની એક છબી છે, એટલે કેટલા હૃદય અહીંયા હાજર છે ને એ દરેકમાં હેમચંદ્ર સૂરી મહારાજ છે, એટલે મારી સામે જેટલા પણ લોકો છે, એ બધી છબીઓ હેમચંદ્રસૂરી મહારાજની છે, એટલે ઘરના એવી છે કે એમની જ સામે એમના ગુણાનુવાદ કરવાના છે. એમની જ વાતો, સામે પણ એ જ, બોલવાનું પણ એમનું જ, કહેવાનું પણ એમને જ, સામે એક સરસ ફોટો છે, એક ભાઈ ગંગા પૂજા કરી રહ્યા છે.

ગંગાજળની લોટી ભરીને ગંગાને જ ધરી રહ્યા છે!

બસ આપણે પણ આ જ કરવાનું છે. એમની જ વાતો, એમના જ નામે ને એમની જ સામે!

ગંગા જળે, ગંગા પૂજા!

તમે જે ગયા હતા એમને છેલ્લા પાંચ વરસ, દસ વરસ, પંદર વરસ, વીસ વરસ, એની જાહોજલાલી નો સમય હતો. આપણે માટે ભાગે ગુરુ ભગવંતને ઓળખીએ છીએ ને, તો એમના પુણ્ય થી એની કાયાની પ્રતિભાથી, પણ એ તો વર્ષો પછી પ્રગટ્યું હોય છે. આપણે એમની સફળતાના એ સમયને આપણે પકડીએ છીએ, વાંદીયે છીએ, એનું સ્મરણ કરીએ છીએ, એનું મૂળ ક્યાંક બીજે હોય છે. એમનું મૂળ હતું, સાધનાના સ્વીકારમાં, અને ગુરુ-વચનના સ્વીકારમાં.

હમણાં જ આચાર્ય ભગવંતે વાત કરી કે એમણે બે ચોમાસા ખંભાતમાં કર્યા. થોડા વર્ષો પછી ફરી પ્રેમસૂરીદાદાએ કીધું, કે આ વર્ષે ખંભાત ચોમાસુ કર, ઈચ્છા થોડી ઓછી, એટલે સાહેબે કહ્યું કે ખંભાત જઈને શું કરીએ. બે-બે ચોમાસા કર્યા પણ ત્યાં કાંઈ લાભ થતો નથી. મતલબ-કે ત્યાં કોઈ નવી દીક્ષાઓ થતી નથી. ત્યાં પરિવાર વધતો નથી ખંભાત જઈને શું કરીએ? પ્રેમસૂરી-મહારાજે કીધું ભલે લાભ ન થતો હોય, તો પણ તમે આ વર્ષે ખંભાત કર અને તમને હું કહું છું કે, જેટલા જશો એનાથી બમણા થઈને પાછા-આવશો! ઈચ્છા ન હતી ખંભાત જવાની, પણ ગુરુ બોલ્યા એટલે સ્વીકારી લેવું. મારી જેવી હોય તો દલીલ કરે કે આપે એક વાર કીધું એટલે જઈ-આવ્યો, હવે પછી જઈશું. આપ મને બીજે ક્યાંય મોકલી દો ને. હરીભદ્રસૂરી મહારાજ ભણે છે કે, મંદ પુણ્યવાળા જીવો ને, ક્યારે પણ કુશલ-બુધ્ધિ જાગતી નથી. ગુરુ કહે એ સ્વીકારી લેવાનું છે એવી મતિ મંદ પુણ્યવાળા જીવોને જાગતી નથી.

ને સાહેબ તહત્તિ કરીને જંગલમાં ગયા, અને ખરેખર એવું બન્યું, કે પાંચ લાખ ચાતુર્માસ પ્રવેશ કર્યો, અને પાછા જ્યારે પ્રેમસૂરીદાદા ને વંદન કરવા-આવ્યા ત્યારે દસ લાખ હતા.

## ગુણવાન છે, ગુરુ વચન સ્વીકાર!

જેના નામ ઉપર મારી દીક્ષા છે, એમના જ વચન સ્વીકારથી મારી સાધનાનો અને પુણ્યનો ઉદય થવાનો છે, એ નિશ્ચિત છે.

ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજએ નમુત્થુણં ની સાધના આપી, બસ એ એક સાધના-ને વળગી રહ્યા, સંયમબોધિસૂરીશ્વરજી એ મને કહેલું, કે દહેરાસરમાં સાહેબ નમુત્થુણં-બોલે, તો એક ~~નમુત્થુણં~~ નમુત્થુણં બોલતા પોણો કલાક થાય. બસ ગુરુએ એક સાધના-આપી, એક સૂત્ર આપ્યું, કીધું કે આમાં ઉતરવાનું એટલે બસ ઉતરી જવાનું.

તમે તો ભૈયા હશો તમને દેશના આપતા હોય ત્યારે, તમે તો ભૈયા હશો-તમારી સાથે વાત કરતા હોય ત્યારે, તમારા પ્રસંગમાં છાયા આપી હોય ત્યારે, એ બધું જ પુણ્ય હતું. પુણ્યની ભીતર જે હતું એ આ હતું. મહાપુરુષોની વિદાય એટલી અઘરી નથી હોતી, કે એ બહુ પુણ્યશાળી હતા, એમણે-ઘણાં બધા કામો કરેલા, એ આ હતા... એ આ હતા... એ યાદ રાખજો કે નાયક-પણું છે ને એ બહુ અઘરું હોય છે.

તમારા પ્રસંગમાં નિશ્રા આપવી તો બહુ સહેલી છે.
સામૈયા થયા ઘણા ઘણા એ વરસમાં એ બહુ-
મોટી ઘટના નથી.

**જે દુર્લભ ઘટના છે તે એ નાયકપણું છે!**

આ પંચાવન શિષ્યો, સેંકડો શ્રમણી ભગવંતો,
પોતાના જ શબ્દ ઉપર ચાલતા હોય, એવા સેંકડો
શ્રાવક-શ્રાવિકાઓ, શ્રી સંઘો, આ બધા ના-
નાયક પદે રહેવું.

**ગુરુ છે તે એને હંમેશા રસોઈયાનું કામ કરવું પડે!**

રસોઈયા પાસે તીખું મરચું હોય,
ગુરુ ઘાણાજીરું હોય,
ખારું મીઠું હોય,
ખારું મીઠું હોય,

શરૂઆત માં ગળ્યું લાગે ને પાછળ થી નડે એવું-
ESSENCE હોય, શરૂઆતમાં સ્વાદ સારો ન લાગે
ને પાછળથી ગુણ કરે એવા પણ દ્રવ્યો હોય.
બધા જ પરસ્પર વિરોધી દ્રવ્યો ને ભેગા રાખી,
ને જે સ્વાદિષ્ટ વાનગી બનાવી જાણે, એ
રસોઈયો કહેવાય.

જેમ પોતાની છાંયા એ રહેલો-
ચતુર્વિધ શ્રી સંઘ, જેમાં કોઈ બહુ કુશળ હોય, કોઈ
બહુ જ શાંત હોય, કોઈ બહુ ઉગ્ર હોય, કોઈ
ગમે ત્યારે આડું ચાલે એમ હોય. કોઈક ની
સાથે કોઈને ન બને એમ હોય. કોઈક ક્યાંય
ન પોસાય એમ હોય. છતાંય એવા તમામે તમામ

પ્રતિભાવો ને એક માત્ર પોતાના નામની છાયા હેઠળ સંગોપી લેવી, એક માત્ર પોતાના પુણ્યની નીચે, એને એક સૂત્રે પરોવી દેવી. અને શ્રી સંઘની સામે એક બહુ ઉત્તમ ચીજ ની રજુઆત કરવી, આ કામ નાયક નું છે ને માટે જ નાયક-પણું બહુ જ દુર્લભ છે.

પુણ્ય દુર્લભ નથી, કોઈ કાર્ય-કરી લેવું એ પણ દુર્લભ નથી. દુર્લભ છે-નાયક પણું. તમે ન રાખી શકો પાંચ જુદા OPINION પણ પડે ને કુટુંબ માં તો પણ તમે અટવાઈ જાઓ, કે કોને સારું લગાડવું, અને કોને ખરાબ લગાડવું. કોઈક નું જ એવું પુણ્ય હોય છે જેમના પુણ્યની છાયાની નીચે વિધ વિધ જાતની પ્રતિભાઓ એક થઈ જાય છે.

આપણે તો એ જ પ્રાર્થના કરીએ કે આપના નામની એ છાયા, આપના એ પુણ્યની છાયા, આપના એ નાયકપણાની છાયા, શ્રી સંઘને સદૈવ ઉજળો રાખે, જેવો ઉજળો હતો-એના કરતા પણ સવાયો ઉજળો રાખે, આપના-એ ગુણો કોઈક અંશે, અમારામાં, આપના બધા જ ચાહનારામાં અવતરે જ અવતરે, એમના ચરણોમાં જુબ જ હૃદય સાથે ભાવાંજલિ. અમારા ગચ્છાધિપતિ પૂજ્ય હેમચંદ્રસૂરીજી મહારાજ, હમણાં જ સાહેબે કીધું બહુ જ જુના પરિચિત એમના, પણ સાહેબની એક અવસ્થા છે, કે સાહેબ આજે નથી પધારી શક્યા. પણ એમના ભાવો તો આપણી સાથે જ છે.

x x x x x

પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ - સૂરીશ્વરજી મહારાજ

(અશાતાના આક્રમણોમાં)

ગુરુદેવની અશાતા ની વાત આપણે કરી. સાધક આત્માઓની વિશેષતા એ હોય છે કે જેટલી અશાતા વધતી જાય એટલી સમતા વધતી જાય, બંનેની COMPETITIONS ચાલતી હોય, એમાં એમની સમતા ની સાધનાની જીત થાય.

જીવનના ચરમ સમય સુધી ગુરુદેવ - આ અશાતાની સાથે લડ્યા છે, ઝઝુમ્યા છે. અંદર શું થાય છે, એની આપણ ને ખબર નથી, બહાર ખબર પડવા દેતા નથી, આજ મહાપુરુષોની વિશેષતા હોય છે. કેટલાક નાનું મોટું કરી નાખે - અને કેટલાક ગમે તેટલું મોટું હોય એ નાનું કરી નાખે. જરાક માથુ દુખતુ હોય તો બધાનું માથુ ફેરવી નાખે. અને અમારા ગુરુદેવ જેવાને PROSTATE CANCER હોય, શરીરમાં વ્યાપેલું હોય, SPREAD થઈ ગયું હોય, દુખાવો પરાકાષ્ઠાનો હોય, અને મોઢા ઉપર તમે જુઓ, આજે એક વ્યક્તિ કહી નહિ શકે, કે સાહેબ કોઈ પીડાની અંદર, કોઈ - પણ પ્રકારે વ્યથિત હતા. મોઢાની રેખામાં ક્યારેય કોઈ ફેરફાર અમે જોયો નથી. એક તમને વિશેષતા કહું તો, પિસ્તાલીસ DEGREE ની ગરમી માં પણ એક પરસેવાનું ટીપું અમે ગુરુદેવના - શરીરમાં જોયું નથી, પરસેવાનો રૂમાલ રાખવાની એમને જરૂર પડી નથી. ભવિષ્યના કાળમાં જેઓ તીર્થંકર થવાના હોય ને એના અતિશયનો આ એક અંશ કહી શકાય. આપણે તો પરસેવે રેબઝેબ થઈ જઈએ, અને આવી અસહ્ય બીમારી ની અંદર પણ શરીરની શાતા માટે, સ્વાસ્થ્ય માટે, જે ડૉક્ટરો એ દિવસ રાત આકાશ પાતાળ વર્ષો સુધી એક કર્યા છે. એવા અમારા પ્રકાશભાઈ ગાલા, ઘાટકોપર ના -

DATE

દર મહિને લગભગ હાજરી, IMMERGENCY માં તરત હાજરી હરેક OPERATIONS માં હાજરી, ટુંકમાં કહું તો, એમને પુછ્યા વગર અમારા ગુરુદેવે કે એમે, ગુરુદેવની ઉપચાર પધ્ધતિમાં પણ એમને પુછ્યા વગર કશો ફેરફાર કર્યો નથી, પ્રકાશભાઈ ગાલા અને કિશોરભાઈ, જેમને મેં મારી એકસો આઠમી ઓળી વખતે સંબોધન કર્યું હતું અહીંયા ના સાધુ-સાધ્વીજી ઓના એક ભગવાન જેવા છે. કોઈ પણ સાધુ-સાધ્વીજી ભગવંત ને, કોઈ પણ ગચ્છ કે પંથ ના ભેદભાવ વગર, અડધી રાતે પણ જરૂર પડી છે ને પોતાની ગાડી લઈને તરત જ હાજર થઈ ગયા, એવા ડોક્ટર તો ખરા, SURGEON તો ખરા, હોસ્પિટલના માલિક તો ખરા, પણ સાથે સાથે એક શ્રુશ્રાવક અને પાંચ તિથિ ઉપવાસ કરનારા આવા ડોક્ટરશ્રી ને આપણે લાખ લાખ અભિનંદન આપીએ.

ગત વીસ ડિસેમ્બરના રોજ, એની પહેલા નાખેલું STAND એને કાઢવાનું OPERATION કરવાનું હતું, હેમાંગ ભાઈ એ OPERATION હાથમાં લીધું, STAND કાઢવાનું હતું પણ કેન્સર એટલું બધું SPREAD થઈ ગયેલું, ઓલિનાની સાથે ડોક્ટરે કહી દીધું કે અંદર નાખવાનું જે સાધન છે, એ અંદર આ કેન્સરના કારણે જતું જ નથી, એના કારણે પાછુ બધું બંધ કરી દીધું. ઓફિસ ના CHEMBER ની અંદર આવીને અમને લોકો ને બહુ પ્રેમથી કહી દીધું, હવે તો ભગવાન બચાવે. પાછા બે વરસ પહેલાની આ એક વાત છે. અમારું અંતર અમારા હાથમાં ન રહ્યું, ધ્રુસકે ધ્રુસકે અમે બધા રડી પડ્યા.

classmate

આજે જે સમય છે એની કલ્પના અમે પોણા બે વરસ પહેલા અમે કરી લીધી. રહેવાયું નહિ, ફક્ત ત્રણ-ચાર મહિનાની મહોલત આપી હતી. પણ એમાં-કોઈક ચમત્કાર સર્જાયો, અમદાવાદના જ એક ડોક્ટર સાહેબ, હોમિયોપેથી, જે પ્રવિણભાઈ આત્મારામ શાહ, એમના પ્રયત્નોથી સાહેબના નસીબમાં આવ્યા. આ પહેલાની એક ઘટના છે, પ્રવિણભાઈ, પ્રકાશભાઈ, અમદાવાદ ના નહિ, - ગુજરાતના નહિ પણ, ASIA ના WELL KNOWN DOCTOR, જનક ભાઈ દેસાઈ ની પાસે ગયા. - REPORTS બતાડ્યા, એમના શબ્દો હતા, કશું કરશો નહિ, બે મહિનાના મહેમાન છે. આવા AUTHENTIC DOCTOR જ્યારે કહેતા હોય કે બે મહિનાના મહેમાન છે, અને પોણા બે વરસ ઉપર નીકળી ગયા હોય, એની અંદર કોઈનો-બાહ્ય વ્યવહારિક પ્રભાવ હોય, મુખ્ય, તો આ એક ~~[illegible]~~ હિમાંશુભાઈ પટેલ કરીને હોમિયોપેથી - ડોક્ટર છે, હિમાંશુભાઈ પટેલ, એમની દવા એટલી બધી લાગુ પડી ગઈ, એટલા CONFIDANCE - સાથે એ દવા કરતા હતા, દર બીજે દિવસે ગુરુદેવની ફરિયાદ હોય આમ થાય છે, આમ થાય, આમ થાય છે, અમે લખી ને મોકલીએ, દવામાં CHANGE થઈ જાય. અને પંકજ સોસાયટીના એક તારકભાઈ કરીને છે, એટલા અપ્રમત્ત કે તરત - દવા લઈને આવી જાય, દવા ચાલુ થઈ જાય, ફરિયાદો બંધ થઈ જાય, આવા એક DOCTOR હિમાંશુભાઈ પટેલ, મારી ભાષામાં ગુરુદેવ ના - પરિપ્રેક્ષ્ય ની અંદર ભગવાન કરતા પણ વધારે માનું છું. વિશેષતા તો એ છે કે આજ સુધી નથી અમે હિમાંશુભાઈને મળ્યા, કે હિમાંશુભાઈ પટેલ નથી આજસુધી ગુરુદેવને મળ્યા.

અને એમણે પીણા બે વર્ષનું આયુષ્ય ખેંચી આપ્યું.
બીજું એક રહસ્ય એ છે, અંકલેશ્વરની અંદર, પચાસ કિલોમીટર દૂર એક વૈદ છે. અંધેરીના અમારા એક પરમ ભક્ત વિરેન્દ્રભાઈ એમના શ્રાવિકાને કેન્સર થયેલું. લીલાવતી હોસ્પિટલમાં ૩૫ કીમો થેરેપી ની TREATMENT અપાતી હતી, એટલી પીડા હતી, કે કહેતા હતા મને મારી નાખો, એમાં એમને ક્યાંકથી આ સમાચાર મળ્યા, કે આવા કોઈક વૈદ છે, તમે એની પાસે જઓ, ગયા, દવા કરી, વગેરે કિમો એ બે વરસ-એમની દવાથી ખેંચ્યા. એમણે મને વાત કરી, મારા મગજમાં કોઈક સાંકેતિક ભાષામાં આ વાત ઘુસી ગઈ. આ વૈદ એની જે વિશેષતા છે, એક તો વૈદ હોવા સાચે સાધક છે. DIVINE PERSON છે, કોઈ દિવ્ય સહાય છે અને બીજા નંબરની અંદર, પૂર્વ પરંપરાથી કેન્સરની દવા બનાવવા માટેની એક પધ્ધતિ એમની પાસે છે. PROFESSIONAL નથી, કોઈની પણ એક રૂપિયો લેતા નથી,

પોતે બહુ મોટા ખેતરના માલિક છે, મહોજલાલી થી રહે છે અને એમની દવા-ડોક્ટર ધર્મેશભાઈ, અને એમની પણ વિશેષતા આ જ કે નથી આજ સુધી એમને જમે બેયા, કે નથી આજ સુધી એમણે દર્દીને બેયા. ગુરુદેવના જે પીણા બે વરસ ખેંચાયા છે એના મૂળમાં ભગવાન જેવા આ બે ડોક્ટરો જે કામ કર્યું છે. એમને આજની પળે અંતરના અંતરથી ખુબ ખુબ નમન કરું છું. ગઈ કાલે ઓપરેટ કેમાંગભાઈ પટેલને મોકલ્યો. ઓહાયા જ

નવરંગપુરામાં છે, આપનું બહુમાન કરવું છે, પધારો, અને કોઈ બહુમાન નથી જોઈતું, મેં મારી ફરજ-બજાવી છે. હું એકાંતમાં જઈને ગમે ત્યારે-સાહેબને મળી આવીશ, અને એમના આશિર્વાદ લઈને આવીશ.

આ પ્રસંગે વિજયભાઈ રૂપાણી જે ગુજરાતના મુખ્યમંત્રી છે, એમણે પણ પત્ર મોકલ્યો છે. પૂજ્ય આચાર્ય કલ્યાણબોધી સૂરી મહારાજ સાહેબ તથા ગુરુભક્તો, પ્રખર રાષ્ટ્રવાદી અને સંસ્કૃતિપ્રેમી, વૈરાગ્ય દેશના દક્ષ, આચાર્ય વિજય હેમચંદ્રસૂરીશ્વરજીના કાળધર્મના સમાચાર સાંભળી, અત્યંત આઘાતની લાગણીનો અનુભવ થયો છે. તેઓશ્રીની અસ્વસ્થ તબિયત અંગે આપશ્રીએ આપેલા સમાચારથી, દર્શનાર્થે ઉપસ્થિતિ થવાની ઈચ્છા પૂર્ણ ન થઈ, અને આચાર્ય શ્રી આ દુનિયામાંથી વિદાય થયા. ધર્મ-સેવાની સાથે સાથે સંસ્કૃતિ સુરક્ષા અને સંસ્કૃતિ રક્ષાના એમના કાર્યો વંદનીય હતા. તપ, ત્યાગ-અને વૈરાગ્યની ભૂમિકાને, શ્રેષ્ઠતમ રીતે નીભાવી જાણનારા, આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરિ મહારાજ સાહેબને મારી નમ્ર હૃદયે, શ્રદ્ધાંજલિ પાઠવું છું. આપનો વિજય રૂપાણી ! તેઓ આવવાની ભાવના રાખતા હતા, સમાચાર પણ આવી ગયા હતા, પણ સંજોગોના કારણે આવી ન શક્યા. અને એમના પ્રતિનિધિ તરીકે, ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશના ઉપાધ્યક્ષ, વર્ષા બેન દોશી પણ આવેલા છે.

x x x x

# ગુરુ "હેમ" સંવેદના

DATE

જે હેમ જેવી તેજસ્વિતા ધારણ કરે તે ગુરુ હેમ

જે ચંદ્ર જેવી શિતળતા ને ધારે તે ગુરુ હેમ

જે પ્રેમની સાથે પ્રેમથી જોડાયા તે ગુરુ હેમ

જેમણે ભુવનભાનુના અજવાળા પથરાવ્યા તે ગુરુ હેમ.

જેમના ભુવનમાં જ્ઞાનનો જયઘોષ ગાજ્યો તે ગુરુ હેમ

જે કલ્યાણકારી વૈરાગ્ય દેશના પ્રદાન કરે તે ગુરુ હેમ.

જે મહામુલુ બોધિબીજ આપે તે ગુરુ હેમ !

જે અજય ચારિત્રનું પાલન કરનારા હતા તે ગુરુ હેમ !

જેમણે સંયમની પ્રભાવના કરી તે ગુરુ હેમ !

જે સૌમ્યતા ને ધારણ કરી અપરાજિત બનનારા હતા તે ગુરુ હેમ !

જેમને અરિહંત પ્રત્યે અનહદ પ્રેમ તે ગુરુ હેમ !

આપણને છોડી ને ચાલ્યા ગયા કેમ, ક્યાં ગયા હેમ !

ગુરુદેવ આવું ઘણી બધી વાર-બનતું હતું કે, અમને દસ-પંદર-વીસ દિવસ થયા હોય ને આપના વંદનાર્થે આવવું હોય, અને કોઈની પાસે પુછાવીએ કે સરનામું ક્યાં છે ?, અને પહોંચી જતા આપની પાસે, પાંચ મિનિટનો સત્સંગ મળે ને, એમ થાય કે બસ BATTERY CHARGE થઈ જતી. હવે અત્યારે આવવું હોય છે ગુરુદેવ, ક્યાં ગોતુ સરનામું ?

ઘણી વાર આપને પત્રો લખ્યા, પ્રશ્નો પુછાવ્યા, સમાધાન આપની પાસેથી-આવ્યા, હવે પત્ર પણ હશે, પ્રશ્ન પણ હશે, પત્ર લખાય ગયા પછી ખ્યાલમાં આવશે, પણ ઉપર લખવા માટે ક્યાં ગોતુ સરનામું !

ઘણી બધી વાર મનની મુંઝવણો આપના થકી આવી ને શાંત થતી હતી. ઘણી બધી વાર આપની કૃપા થી જે શાસનનું કાર્ય થતું હતું એના સમાચાર ગુરુદેવ આપને આપવાના હતા, હજુ આપની કૃપા થી શાસનની પ્રભાવના-એટલી જ થશે, પણ આનંદના સમાચાર આપવા માટે ક્યાં ગોતુ સરનામું ?

આપનો પ્રેમાળ હાથ કદાચ હવે માથા ઉપર નહિં ફરે !

DATE

આપની અમીની દ્રષ્ટિ, કદાચ હવે અમારી - ઉપર નહિ પડે !

આપનું સ્મિત હવે ક્યાં શોધવા જઈશું !

આપની સૌમ્યતા હવે કોની પાસેથી મેળવશું !

ગુરુદેવ અમારા બધા જ પ્રશ્નો માટે પણ છો, અમારી બધી જ ભાવના માટે પણ છો બધા જ શિષ્યો ને એક અનુભવ કાયમ થયો છે - કે જ્યારે આપની પાસે આવ્યા હોઈએ ને આપના બંને હાથ ઉપર કરીને જે રીતના આવકાર મળ્યો હોય, હવે એવો આવકાર ફરીથી લેવા માટે ક્યાં ગોતુ સરનામું !

કોઈ જગ્યો એ ગયા હોઈએ ને એક બહુ જ નાનકડા પરમાત્મા હોય, અને આપ બંને હાથ ઉપર કરી ને જે ભક્તિ સાથે, અમને એમ થાય કે ગુરુદેવ આપ પ્રતિમાનું કદ મોઈને નહિ, પરમાત્માનું પદ મોઈને ભક્તિમાં ગાંડા બનતા હતા, આવું ગાંડપણ ફરી મેળવાને ક્યાં ગોતુ સરનામું !

બસ બે મિનિટ માટે આંખો બંધ કરીને એ ગુરુદેવનો હસતો ચહેરો આંખો સમક્ષ લાવીએ, જે મુજાર વિંદ છેલ્લા ચોવીસ કલાકમાં આપણાં બધાના Whats APP પર જોયું હશે, એ જ સૌમ્ય મુજાર વિંદને આપણો નજર સમક્ષ લાવીએ. અને ગુરુદેવ સાથે ONE SIDER, એક તરફી વાત કરીએ ગુણાનુવાદ.

જ્યારે જે તરફી થતો હતો ગુરુદેવ, ત્યારે સત્સંગ હતો. હવે બેઉ તરફી થાય છે એટલે ગુણાનુવાદ છે.

ગુરુ સાથે બેઉ તરફી સંવાદ એટલે ગુણાનુવાદ !

ગુરુ સામે અશ્રુ ભીની ફરિયાદ એટલે ગુણાનુવાદ !

જ્યાં લાગણીના ઘોડાપુર ઉમટશે, વિના કોઈ અપવાદ-

-તે છે ગુણાનુવાદ !

ગુરુદેવ આપના જીવનનો સાક્ષાત પ્રસાદ એટલે ગુણાનુવાદ!

ક્યાં ગોતુ આપનું સરનામું ?

આંખો બંધ કરી, ગુરુદેવનો હસતો ચહેરો બે મિનિટ માટે નજર સામે લાવીએ અને પુછીએ ગુરુદેવ,
ક્યાં ગોતુ સરનામું ?
ક્યાં ગોતુ સરનામું ?
ક્યાં ગોતુ સરનામું ?

—×—×—×—×—×—

# પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ - - સૂરીશ્વરજી મહારાજ

DATE

ENGLISH માં એક બહુ સરસ મજાની વાત છે.

NO BODY CAN TOUCH THE WORDS

BUT WORDS CAN TOUCH EVERY HEART!

તમે શબ્દોને પકડી નથી શકતા, શબ્દોને સ્પર્શી નથી શકતા, પણ શબ્દ એ એક એવી ચીજ છે જે દરેક વ્યક્તિના અંતરને સ્પર્શી શકે છે. શબ્દોની એક તાકાત છે, સારી પણ છે, નરસી પણ છે.

શબ્દો શણગારી પણ શકે છે,

શબ્દો સળગાવી પણ શકે છે!

પણ અમારા ગુરુદેવના શબ્દોમાં એક એવું માધુર્ય, એક એવી મીઠાશ હતી, કે આપણને એમ-થાય કે ગુરુ મહારાજ બોલ્યા જ કરે... બોલ્યા જ કરે... અને પ્રવિણભાઈ કલાકો સુધી રોજ બેસતા, માત્ર એક જ આશય હતો ગુરુદેવ કાંઈ મીઠું, મીઠું, મીઠું, મીઠું બોલે, અને આપણને સ્વર્ગની કાંઈક અનુભૂતિ થાય, આવા ગુરુદેવ!

હમણાં જ મહારાજ સાહેબે વાત કરી, કે જે પુણ્ય, જે પ્રતિભા, જે પ્રભાવ દેખાય છે, એની પાછળ પ્રેમસૂરીદાદાના મુખની અંદર, એમની આજ્ઞાંકિતા, એમનો પ્રેમ વસેલો છે. પણ એના ફળ રૂપે પણ આપણે એવું જોઈએ કે એનું બાહ્ય ફળ પણ કેટલું છે. ગુરુની કૃપા

DATE

વરસની હોય, પોતાની યોગ્યતા પણ હોય, પણ સાથે એ પુણ્ય અને પ્રયત્ન ન હોય, તો એ શાસન-પ્રભાવના ના કાર્યો નથી થતા. આજ થી જ્યારે ૪૫... ૪૫.. વર્ષો પહેલા,

THERE WERE NO MOBILE PHONES
NO TECHNOLOGY,
NOTHING DOING,

કશું જ જ્યારે હતું નહિ, ત્યારે સાહેબે કીધું એમ ચોપાટી ઉપર 50,000 માણસો ને ભેગા કરવા, તેમની જમણવાર કરવો, અને ૧૦૮-દીક્ષાર્થીઓના એક સાથે બહુમાન કરવા, એ તેમની જબરદસ્ત કોટિની પુણ્યાઈ, અને પુરુષાર્થ-હતા. ખાવા-પીવાનું ભુલી જતા હતા. એ લાલબાગ-ની અંદર વિજય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજની એકસો આઠમી ઓળીનો વરઘોડો હતો. ગુરુદેવને એમ થયું કે આચાર્ય ભગવંત જલગાવ થી પધારે છે, આપણે એમની એકસો આઠમી ઓળીનો જબરદસ્ત મહાત્મ્ય મહોત્સવ કરીએ, અને એની પાછળ-ભાવના એક જ હતી, હું તો તપ નથી કરતો, પણ મારા ગુરુજી, આટલા બધા પ્રખર શિષ્યોના ગુરુ થઈ ને આવો પ્રચંડ તપ કરે છે, તો

LET THE WORLD KNOW

બધા ને ખબર પડવી જોઈએ.

WHO IS BHUVANBHANU SURI !

ભુવનભાનુસૂરી મહારાજ કોણ છે ! એ દુનિયાને ખબર પડવી જોઈએ ને દિવસ-રાત જોયા વગર એમણે ભાવજગતમાં ભુવનભાનુસૂરીશ્વરજીની એકસો આઠમી ઓળીની ઉજવણી કરી છે, એના ઈતિહાસ-આ યુગમાં ક્યારેય ભુંસાવાના નથી.

પાલિતાની અંદર, એક સાથે એકસો ને સત્તર દીક્ષાર્થીના વરઘોડા હોય, અને અજરમાન, આખું હિન્દુસ્તાન ઉમટ્યું હોય, પણ એની વિશેષતા એ છે, કે એ વખતે બાજુમાં - ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબ હતા, પોતાના સમુદાયના પણ નહિ, અને આજે તો સમુદાય-ની અંદર પણ થાય કે હું મોટો છું, મારી નિશ્રામાં થાય છે એટલે મારા સમુદાયના પણ બીજા મોટે ને બોલાવવાના નહિ. મારી મોટાઈ-ઓછી થઈ જાય, મારું મહાત્મ્ય ઓછું થઈ જાય, આવા મહાપુરુષોના મનમાં આવા કોઈ પણ મનના વિચારો આવતા નહતા. પણ નેમિસૂરી સમુદાય, ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ, મહેનત બધી જ પોતાની અને છતા ચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ સાહેબને બોલાવ્યા, આપ આવો, પધારો, નિશ્રા આપો, અને એમની નિશ્રામાં બધું જ કર્યું. હું તો કહું કે આ એકસો સત્તર દીક્ષાર્થીઓના બહુમાનની તૈયારી કરતા પણ આ જે વિશાળતા નો ભાવ છે ને એ BEYOND,
BEYOND,
BEYOND છે !

મુલુંડમાં અમારા સત્યબોધિની દીક્ષા વખતે, જ્યાં ચાલીસ-ચાલીસ હજાર માણસો

એક પંડાલ માં બેઠા છે, એવો સવારે નવ થી સાંજે છ વાગ્યા સુધી નો મેરૂ મહોત્સવ. ચાલીસ હજાર-માણસો સાથે નો ~~[illegible]~~ મહોત્સવ! આજથી લગભગ ત્રીસ વર્ષ થયા હશે, ત્યારે આ ઉપેન્દ્રભાઈ મારી બાજુમાં બેઠા હતા ને કહે કે આ માહોલ જોઈને કાકા મહારાજે આ જે આખું ઉભુ કર્યું છે, જે ભાવ સૃષ્ટિમાં જોવાઈ ગયા છે, મને લાગે છે કે આ કાકા મહારાજ, આવતા ભવમાં મોક્ષમાં જાય, તીર્થંકર થાય, એવું અદ્ભુત વાતાવરણ ઉભુ કર્યું છે.

૨૮ વર્ષ પહેલા ખંભાતની અંદર જે મેરૂ મહોત્સવ ઉજવાયો. આજે પણ લોક હૃદયમાંથી ભુંસાતો નથી. ત્રણ-ત્રણ દિવસનો મહોત્સવ હોય, ૩૫ કોમ ઉમટતી હોય, અઢારે આલમ, સાંજે - એક લાખ માણસ જમનાર હોય, અને બધાને - ગરમા-ગરમ ઢોસા! આ બધુ ક્યારેક આપણને થાય કે કોઈક ના પ્રયત્ન થી થાય. પણ આ પ્રયત્નો સાથે કોઈક પુણ્યાત્મા નું બીજ પડેલું હોય, બધી જ વસ્તુને પ્રચંડ પુણ્યના વિસ્ફોટ થી સહજ કરી નાખે એવા ગુરુદેવ, જેમણે ઐતિહાસિક કામો કર્યા છે. હજારો - હજારો આત્માઓને સીમંધર સ્વામી ભગવાન સાથે અનુસંધાન જોડી આપ્યું છે.

હું એક મારો દાખલો આપું, મને બાર વર્ષની ઉંમરે, ગુરુદેવે મને કહ્યું કે તારે જો સીમંધર સ્વામી પાસે જવું હોય તો, તો સીમંધર સ્વામી નો અઠ્ઠમ કર, હવે એ વખતે આપણી બુદ્ધિ કામ ન કરતી હતી એટલું સારું થયું! બુદ્ધિ કામ કરતી હોત તો મરી ગયા હોત. અઠ્ઠમ બાર વર્ષે કર્યો, અને આજે આટલા વર્ષો પછી પણ

અંતરમાં સીમંધર.. સીમંધર થાય છે એ ગુરુદેવનો પ્રભાવ! આવો એક હું નથી આવા હજારો - આત્મા છે. કે ગુરુદેવે હજારો આત્માઓનું - અનુસંધાન સીમંધર સ્વામી સાથે જોડી આપ્યું, એવા આ ગુરુદેવ!

એમને શ્રુતોદ્ધાર ક્ષેત્રે તો જેટલી વાત કરીએ એટલી ઓછી છે, જિનશાસન - આરાધના ટ્રસ્ટના અન્વયે, આ પુંડરિક ભાઈ.. વગેરે ના નેમ હેઠળ, એમના સમર્પણ ભાવ - હેઠળ, એક હજાર ગ્રંથોના ઉદ્ધાર, પાંચસો - પાંચસો નકલો, ભારત ભરના ભંડારોમાં ભેટ, અને જે આખો શ્રુત વારસો એનો પુર્નઉદ્ધાર કર્યો છે એમનાં મનમાં એક જ હતું કે - મૂર્તિ ખંડિત થશે તો બીજુ ઉભી થશે, એક - શાસ્ત્ર વિચ્છેદ થશે તો બીજા યશોવિજય, બીજા હરીભદ્રસૂરી બીજા હેમચન્દ્રસૂરી આપણે ક્યાંથી લાવશું, છેલ્લા ૪૦-૫૦ વર્ષોથી - દિવસ- રાત જોયા વગર, આખા જૈનશાસનમાં કોઈ કામ ન કરી શકે એવું અકલ્પનીય, અદ્ભુત, અને જેમણે શ્રુતોદ્ધાર નું જે કામ કરોડો કરોડો રૂપિયા ના ખર્ચે, અનેક સંઘોની સહાય થી, જે કર્યું છે એની માટે તો આપણે કોઈ શબ્દો વાપરી શકીએ એવી સ્થિતિમાં છીએ નહિ.

ઘણા ઘણા શ્રાવકો ને પણ આજે ભાવ્યું છે પણ બધા વતી આપણે કુમારપાળ ભાઈને વિનંતી કરીએ કે આ બધા ની ઈચ્છાને પુરી કરો.

# શાસનરત્ન શ્રી કુમારપાળ ભાઈ વી. શાહ

પૂજ્ય ગુરુભગવંતો, પૂજ્ય સાધ્વીજી ભગવંતો, મુરબ્બીઓ માતાઓ અને મિત્રો,

આમ તો એમ કહેવાય છે, કે વેદના-જ્યારે હોય ત્યારે વંદના આવતી નથી. વર્ષોના વર્ષો સુધી, પૂજ્યશ્રીના શરીરની અંદર, ભારે વેદના, પણ ભવ્ય વંદના આપણે જોઈ છે. એવા પૂજ્યશ્રીના પરમાત્મા યોગ્ય આત્માને હું અંતરના અંતરથી આજે વંદના કરું છું.

આમ તો મને એવું લાગે છે, શરીરથી એમની, આ વર્તમાન સંઘમાં અને વિશ્વમાં અનઉપસ્થિતિ છે, પણ ૭૦ વર્ષના સંયમ દરમ્યાન, સાધના દ્વારા, એમણે જે કંઈ પણ સર્જન કર્યું છે, એને તો વંદન કરીએ છીએ આપણે. એમણે પચાસ-પચાસ મુમુક્ષુઓને મુનિ બનાવ્યા, એ પ્રત્યેકના હૈયામાં, લગભગ હું જોઈ રહ્યો છું, વર્તમાન વિશ્વકલ્યાણ જિનશાસન, દરેકના હૈયામાં-જોડું છે. એટલે એમની ક્ષતિ થઈ છે, એમના જવાથી ક્ષતિ થઈ છે, એની વેદના અને વ્યથા જરૂર છે. પણ મને એમ લાગે છે કે એ ક્ષતિની સામે એમણે આપ્યું ઘણું છે! આપણને પચાસ-પચાસ, જે આચાર્ય ભગવંતો અને મુનિ ભગવંતો આપ્યા છે, એમના સૌના હૈયે, અને અંતરના અંતરથી સીમંધર સ્વામી ભગવાનને પ્રાર્થના કરું છું, કે પ્રત્યેક એમના મુનિ ભગવંતો અને આચાર્ય ભગવંતોના હૈયે મારું શાસન, મારો સમુદાય, એટલું જ નહિ, પણ આપણો સમુદાય, અમારો સમુદાય, એટલું આવી ગયેલું છે

પણ હવે ક્યાંય પણ ખામી દેખાતી હોય, ત્યાં હું ભીના હૈયે, અને બોધ ભીની ભાવના પૂર્વક-હું વિનંતી કરું છું, કે આપણા સૌના હૈયે, આપણું આ શાસન, આપણો આ સમુદાય, આવશે, એટલે આપણને એમ જરૂર લાગે છે, કે વિશ્વ કલ્યાણકર જિનશાસનની અંદર, હમણાં જે વાત થઈ, કે હિંસામુક્ત વિશ્વ બને, અને વિશ્વ હિંસામુક્ત બને, વૃત્તિ માંતો બધું લાવવું જોઈએ, લાવીએ આપણે, પણ એ પ્રવૃત્તિ માં લાવવું કપરું અને કઠિન હોય છે.

આ, આવી ભાવના કરનાર, એક માત્ર વૈરાગ્યદેશના દક્ષ, હેમચંદ્રસૂરી મહારાજ હતા. પણ હવે આ ભાવના પચાસ ના હૈયે, મે જાણી મય, આવશે, આવી ગઈ છે. મને કહેવા દો-કે આપણી શરૂઆત, વર્તમાનના જૈન સંઘમાંથી પણ અન્ન આહાર અને શાકાહાર સંપૂર્ણ રહે, આવે અને માંસાહારની નિવૃત્તિ થાય. આ પણ આપણે જો ઉપાડી લઈએ, તો આપણા સમાજમાંથી, સંઘમાંથી પણ, આ એક વાત ઉપાડવા જેવી છે, બહુ દુઃખ સાથે હું આ અંગુલી નિર્દેશ કરી રહ્યો છું, કે જૈન સંઘમાં અને જૈન સમાજમાં એમ કહેવાય છે. કે આ જૈનો શાકાહારી, આ જૈનો "આ" આહારી! એવી ગંભીર પરિસ્થિતિ નું નિર્માણ થઈ રહ્યું છે, થવાની શરૂઆત થઈ ગઈ છે, આના અંગેનો બધો જ પુરુષાર્થ કરવાની આપણી બધાની-જવાબદારી છે.

ફરીથી પૂજ્યશ્રી ના ચરણોમાં, બધા વતી, વંદના કરું છું.

# પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ

DATE

શિષ્યની પ્રાપ્તિ થઈ જતા ગુરુ બની જવું બહુ સહેલું છે. પણ ગુરુના ગુણોને પ્રાપ્ત કરવા બહુ કઠણ છે. ગુરુ એટલે ભારે અને, બધુ જ જે પચાવી જાણે એને ગુરુ કહેવાય. શિષ્યના ગુણોથી ગુરુ ગુરુ બનતા નથી હોતા, પણ શિષ્યોના દોષોને પચાવી જવાથી, ગળી જવાથી, LET GO કરવાથી, અને ભુલી જવાથી ગુરુ - ગુરુ બનતા હોય છે. અને આવું સાક્ષાત અમે ગુરુદેવની અંદર અનુભવ્યું છે.

મારો તો કોઈ શિષ્ય ગુનો કરે તો, મારો તો હજુ સ્વભાવ એવો છે કે યાદ રહી જાય. ગુરુદેવ પ્રત્યે અમે ભલે કેટલા પણ ભયંકર ગુના કર્યા હોય, ગુરુદેવે કોઈ દિવસ યાદ રાખ્યું નથી. ગુનાઓ ભુલી જવા, દોષો ભુલી જવા, શિષ્યોને માફ કરી દેવા. અને ઉપરથી વાત્સલ્ય વરસાવવું, આ ગુરુપણાની બહુ મોટી લાક્ષણિકતા અને વિશેષતા છે, જે અમારા ગુરુ છે એટલા માટે નહિ પણ ૨૨ વર્ષથી સાક્ષાત એવો અનુભવ કર્યો છે, કે ગુરુદેવ અમારા ઉપર રીસાયા હોય, અબોલા લીધા હોય કે મોઢા ઉપરની રેખા ફરી - હોય, એવુ અમે જિંદગીમાં ક્યારેય જોયું નથી.

આ ઓરા, આ તેજ, આ - ઉર્જા, આ બધાના કારણે જ આખી દુનિયા - ગુરુદેવ તરફ ખેંચાતી જ રહી છે. તીર્થંકર પરમાત્માની વિશેષતા એટલા માટે, બધા ખેંચાય છે, કારણ કે ભગવાને કોઈના માટે અસદ્ વિચાર કરેલો નહિ. પ્રેમસૂરી દાદા અને એમના આદર્શો ગુરુદેવના સાડા ત્રણ કરોડ રૂંવાડાની અંદર વસેલા -

એના વાચનામાં પ્રેમસૂરીદાદા નું નામ ન આવે એ વાચના - વાચના ન કહેવાય.

પિંડવાડા ની અંદર ચાતુર્માસનો નિર્ણય થયો હોય, અને કોઈક નવો પ્રેમસૂરી પાછા ભવ... પ્રેમસૂરી પાછા ભવ... પ્રેમસૂરી પાછા ભવ... અમે તમને વિનંતી નથી કરી આવા છાપાઓની અંદર, જાહેરની અંદર, અને આપણા સુશ્રાવકો સાહેબજી આપે પાછા નથી જવાનું, આપ કહો તો આપણે ખુલાસો આપી દઈએ. પિંડવાડા જૈન સંઘે આપને વિનંતી કરી છે ને - અમારે આપને ઠાઠમાઠ થી લઈ જવાના છે અમે પહેલા પાને છાપામાં આપી દઈએ. તમારે એમને લઈ જવાના હોય તો છાપામાં આપવાની શી જરૂર છે ભાઈ! ગમે તે માણસો, ગમે તે બોલે એની અસર આપણે લેવાની ના હોય. આવા ને આવા ગુણોની એ જ પરંપરા મારા ગુરુદેવની અંદર આખી ને આખી વણાયેલી હતી. એમના માટે તો કોઈ બોલી શકે એમ નહતું પણ ગુરુદેવની એક વિશેષતા એ હતી, દૂધમાં જેમ કીધું ને, કે જે બધામાં સમાઈ જાય ને બધાને પોતાનામાં સમાવી લે, એ યથાર્થ વાક્ય હતું. ગુરુદેવ માટે કોઈને અસદ્ભાવ નહિ, ને ગુરુદેવને કોઈના માટે અસદ્ભાવ નહિ. એ આ ગુરુપણાનું અદ્ભુત લક્ષણ, આ ગુરુદેવમાં અમે ઝળહળતું જોયું છે એટલે જ માત્ર - શિષ્ય વર્ગ નહિ, માત્ર ભક્ત વર્ગ નહિ, એક વખત એમની આંખમાં આંખ તમે પરોવી લો, એક વખત એમની પાસે બેસી જાઓ, એ અમને કહેતા હતા, દીક્ષાની શરૂઆત

ની અંદર, અમારું મન પણ વિચલિત થઈ જતું હતું. ગુરુદેવના શબ્દોમાં અમને પણ ક્યારેક - વિષયોના આવેગો આવી જતા હતા, ક્યારેક - કષાયોના આવેગો પણ આવી જતા હતા. પણ - અમે પ્રેમસૂરી દાદા પાસે જઈને બેસી જઈએ ખાલી, એટલે દસ મિનિટમાં બધુ OK થઈ જાય.

વિચલીત અને ડામાડોળ મન પણ સ્થિર થઈ જાય!

આવી ને આવો અનુભવ ગુરુદેવ પાસે બેસીને ફક્ત મને નહિ, શિષ્યો ને નહિ, ભક્તો ને નહિ, અનેક લોકો ને થયો છે, થયો છે ને થયો જ છે. તમારી પાસે જીવો માત્ર માટે સદ્ભાવ નું ઝરણું વહેતું હોય, તો તમારી પાસે આવનારા દરેક ને એની ઠંડક નો અનુભવ થયા વગર રહેવાનો જ નથી.

અમારા ગુરુદેવ એવા હતા, એમની સેવા કરવાની ઝંખના દરેકે- દરેક ને હોય, - પચાસે- પચાસ ને, પણ છેલ્લા ઘણા ય વર્ષોથી, અમારી સાથે, અમારી ગુરુદેવની સેવામાં, મને થોડો લાભ મળ્યો. અપરાજિત મહારાજે પણ ભરપુર સેવા કરી છે. અપરાજિત મહારાજ એટલે સેવા-ના એક MASTER કહેવાય. સંસારી પણામાં પણ એમણે એમના માતુશ્રી ની જે સેવા કરી છે ને, એ જોવા જેવી છે. હું અનુભવી છું, સાક્ષાત દ્રષ્ટા-છું ને કહાય એમ કહું, કે એમની "મા" ની સેવાના પ્રભાવે જ એમને દીક્ષા મળી છે. દીક્ષા ક્યા કારણે કોને મળી જાય એ કહી શકાતું નથી, પણ આપણે અનુમાન તો કરી શકીએ જ-

છીએ. અનુમાનની પ્રીતિ એ પણ ખબર પડે કે છેલ્લા કેટલાય વર્ષોથી, ગુરુદેવની સેવા અપરાજિત મહારાજે પણ કરી છે, ત્યાં સુધી તમે BELIEVE ના કરો કે તમે તો, ઘરડા થશો ને ત્યારે-WARD BOY પણ તમને મળશે કે નહિ. છોકરા-ઓ કહી દેશે કે રોજના પાંચ હજાર ભેગે તો પાંચ હજાર લઈ લેજે, પણ તમે એમને કદાચ હાથ પણ નહિ અડાડો, અત્યારે કોઈ WARD BOY ની જરૂર નથી, મહાત્મા થાય છે કે ઠલ્લા થાય, આ અપરાજિત મહારાજ એવા કે ઠલ્લા થાય તો હાથથી પણ લઈ લે, અને પ્યાલામાં નાખી દે, કોઈ સુગ નહિ, કોઈ શરમ નહિ. આવું છેલ્લા બે વર્ષથી કૃપારત્ન વિજય મહારાજે પણ એમણે સેવા કરી. ભાવપ્રેમ વિજયજી મહારાજે પણ એમણે સેવા કરી. રત્નબોધિ વિજયજી-મહારાજે પણ એમણે સેવા કરી, અને એ-સિવાય પણ ત્યાંના તમામ સાધુઓએ પોતાની શક્તિ મુજબ સેવા કરી. આ ભગવાન જેવા ગુરુદેવની સેવા કરવાની ઇચ્છા કોને ના હોય! પણ વ્યવસ્થાના ભાગ રૂપે જે બે-ચાર જણ રાખ્યા હોય તેઓએ કરી, બાકી તો બધાના-સેવા કરવાના ભાવ નહતા એવું નહતું. વ્યવસ્થા-ના ભાગ રૂપે ન કરે, પણ ભાવ તો બધાના ઉછળતા ને ઉછળતા જ હતા!

ગુરુદેવને છેલ્લા પર્યાય સુધી કદાચ પીડા રહી હશે, પણ સેવામાં ક્યારે પણ કોઈ પણ ખામી રહી નથી, એવા મહાન-પુણ્યશાળી ગુરુદેવ, છેલ્લે સુધી મેં તમને કીધું, છેલ્લા ૭૨ કલાકનો અખંડ, સેંકડો

classmate

સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ની સાથે સમુહ ની અંદર અરિહંત ની અખંડ ધુન, જેમને ૭૨ કલાક સુધી અખંડ સાંભળવા મળી, એવું સમાધિમય, પરમ પંડિત મરણ, બીજું કયું હોય શકે ?

આમ તો તમે કદાચ BELIEVE નહિ કરી શકો, તમે માંદા પડશો ને તો છોકરો- અને વહુ તમને બજારમાં નાખી દેશે, કોઈ- નજીક નહિ આવે, નજર અંતર પણ નહિ પુછે, અને છેલ્લા બે- બે વર્ષ થી ક્યારથી કેન્સર DETECT થયું, બરોડાથી અમદાવાદ લાવ્યા, ત્યાર થી અખંડ, એક પણ દિવસના BREAK વગર, અમારા આ વિનિત શિષ્યરત્ન ~~[illegible]~~ રાત ના દસ થી સવાર ના છ સુધી, એ દિવસના પણ BREAK વગર, એક કલાકના પણ- BREAK વગર, આખી રાત, ગુરુદેવ સુતા હોય તો પણ, એમને સંભળાવવાનું ચાલુ રાખ્યું છે. આવું સમાધિ મરણ, આવું સમાધિ પુણ્ય, દુનિયામાં દરેક વ્યક્તિ ને મળતું નથી.

જેમણે બીજા ની સમાધિની ચિંતા કરી હોય, જેમણે બીજાના સ્વાસ્થ્ય ની ચિંતા કરી હોય, જેમણે બીજાની સદ્ગતિ અને સમાધિ ની ચિંતા કરી હોય, એમને જ આવી અદ્ભુત સમાધિ મળતી હોય છે.

હવે ગુરુદેવના જે પરમ.. પરમ.. પરમ.. પરમ મિત્ર હતા, ચન્દ્રશેખર મહારાજ- છેલ્લી છેલ્લી તપોવનમાં હતા, અમારી આખી

આ વાત ક્યાંક અમદાવાદમાં હતી, એમણે લલિતભાઈ ધામી ને ORDER કર્યો, હેમચંદ્રસૂરીને કહો અહીંયા આવી જાય. ધ્યાનમાં ન હોય ને- ત્યારે વધારે ભાન માં હોય. ગુરુદેવે કહે કે અમારા પરમ મિત્ર છે, ગુરુદેવના શબ્દોમાં મારા પરમ....પરમ....પરમ....પરમ....ઉપકારી છે! એમણે મને પ્રવચનદાન આપ્યું છે. આંખે- પાટા બાંધી ને વપરાવ્યું છે. બધા કામ પડતા- મુકી ને ત્યાં ચાલો, આપણને યાદ કરે છે. એટલે અમે અમદાવાદ ઓળી માટે આવવાને બદલે તપોવન તરફ નીકળી ગયા.

એ અવસ્થા ચંદ્રશેખર મહારાજની એવી હતી કે પોતાના શિષ્યો ને પણ ઓળખી ના શકે. વર્ષો સુધી સાથે રહેલા શિષ્યોને- પણ ઓળખી ના શકે, એવી અવસ્થા હતી. હું ગુરુદેવની બાજુમાં હતો, અમે FIRST વખતે ત્યાં ગયા ત્યારે, લલિતભાઈએ કે કોઈએ પુછ્યું હશે, આમને ઓળખો છો.. આમને ઓળખો છો... આંખ ખોલી, આ તો મારો જુનો દોસ્ત છે.

આ તો મારો જુનામાં જુનો દોસ્ત છે!

દીક્ષા પહેલાની એવી આત્મીયતા હતી, મુમુક્ષુ પણામાં સાથે હતા, સમ્મેતશિખરજી ની યાત્રાઓમાં સાથે હતા. અને એક સમય એવો હતો, કે ગુરુ મહારાજ કહેતા હતા, આજે જે હજારો ની સભામાં સિંહની જેમ ગાજે છે, એનો એક સમય એવો હતો કે,

મુમુક્ષુ પણામાં માઈક લઈને બોલતા ધુ.. ધુ.. ધુ થઈ જતા હતા. અમે એને કહેતા હતા કે - આમ બોલો ને તેમ બોલો.

એવા ગુરુદેવના પરમ પરમ મિત્ર - ચંદ્રશેખર વિજયજી મહારાજ પન્યાસ, એમના શિષ્ય-રત્ન, જે સારા વ્યાખ્યાનકાર છે, ચંદ્રજિત સૂરી - મહારાજ, એમને આપણી વિનંતી કરીએ !

---

# પૂજ્ય આચાર્ય ભગવંત ચંદ્રજિત સૂરીશ્વરજી મહારાજ

મુનિ જીવનનો સ્વીકાર કર્યા પછી, જન્મ અને મૃત્યુનું તત્ત્વજ્ઞાન મળ્યા પછી, પૂજ્ય હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજના કાળધર્મનું જે દુઃખ છે, એના કરતા વિશેષ પીડાની વાત મને બીજુ એક દેખાય છે. અનાસંગની અંદર, કલિકાળની અંદર, આદર્શો વધતા જાય છે, આલંબન ઘટતા જાય છે.

ધરતીના વિરલા જ્યારે આકાશના તારલા બની જાય ત્યારે, તે આદર્શ બને છે. અને ધરતી બીચારી વાંઝણી થઈ જાય છે. પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પચાસ વર્ષના મુનિ જીવનની અંદર, ઓછામાં ઓછા સો વાર તો મળ્યા જ હશે. જ્યારે પણ હેમચંદ્રસૂરીશ્વરજી-મહારાજ પાસે આવવાનું થાય, ત્યારે પ્રેમસૂરી-શ્વરજીને યાદ કર્યા સિવાય, અમારા મિલન-ક્યારેય પુરા થયા ન હતા.

મેં ગઈ કાલે જ ઉદયવલ્લભસૂરી મહારાજને કીધેલું હતું, જેમ પરમાત્મા મહાવીર-ના હાથે સાક્ષાત દીક્ષીત થયેલા, ધર્મદાસ ગણિ જેટલા કેટલાક મહાત્માઓના નામ આવે છે, એમ પ્રેમસૂરીશ્વરજી મહારાજ દ્વારા, જેમને આસેવન અને ગ્રહણ દીક્ષા પ્રાપ્ત થઈ હતી. જે અમારા-માટે આલંબન બની ને બેઠેલા હોય.

એક વાત સમજી રાખજો, આદર્શ ક્રાંતિ છે!

આલંબન એ ક્રાંતિનો માર્ગ છે!

DATE

જેઓ પોતાના જીવનની અંદર REVOLUTION - લાવ્યા છે, સામા પ્રવાહે ચાલવાનું કામ કર્યું છે. અનેક માન- અપમાનો વેઠ્યા છે. છતાં પણ - પોતાની કહેવાતી નૈતિકતા ને, જરાક પણ છોડી નથી, અને એમના જે આદર્શો ઉભા થયા છે. સમુદાયનું એક જબરદસ્ત પુણ્ય હતું, કે જ્યારે દાનસૂરીશ્વરજી મહારાજ આદર્શ બન્યા, ત્યારે પ્રેમસૂરીશ્વરજી મહારાજ આલંબન બન્યા ! જ્યારે પ્રેમસૂરીશ્વરજી મહારાજ આદર્શ બન્યા, ત્યારે ભુવનભાનુસૂરી મહારાજ આલંબન બન્યા.

જે આપણી સાથે રહે તે આલંબન છે.

આપણી ઉપર ચાલ્યા ગયા તે ~~આલંબન~~ આદર્શ છે.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ ગયા, પણ આ ત્રણસો શિષ્યો ના ગુરુ ! અમારા ગુરુદેવ - જ્યારે આ વાત કરે, અહીંયા વાત મુકાઈ - હેમચંદ્રસૂરી મહારાજ અને મારા ગુરુદેવ પન્યાસ ચંદ્રશેખર વિજયજી મહારાજ, બંને ની દીક્ષા વચ્ચે પંદર દિવસનો ફરક છે. પંદર દિવસ પહેલા - મારા ગુરુદેવની દીક્ષા, અને પંદર દિવસ પછી, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ની દીક્ષા. બનાવ્યું - તેમ, એમને ગુરુદેવ કહેતા હતા, ૨૦- ૨૦ - કિલો વજન T.B. ના કારણે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનું ઘટી ગયુ. ત્યારે મારા ગુરુદેવ - ઈશ્વર ચંદ્ર પંડિત પાસે મુંબઈમાં ન્યાય નો - અભ્યાસ કરતા હતા. અને ન્યાય ના ચાલુ અભ્યાસે, પ્રેમસૂરી મહારાજ કહે, ચંદ્રશેખર -

હેમચંદ્ર મહારાજ ને હોસ્પિટલમાં મોકલ્યા છે. ત્યારે એની સેવામાં જવાનું છે. અમને ગુરુદેવ કહેતા હતા હરકિસનદાસ હોસ્પિટલની અંદર, ચોથા માળની રૂમની અંદર, હું એમની સેવામાં રહેતો હતો.

કલ્યાણબોધિ સૂરીશ્વરજી એ કીધું એમ આંખે પાટા બંધાય, હાથની અંદર નાનકડી કાચલી અપાય, એક એક સહ્રજનનો ડૂકડો-મુકાતો ભય, મોઢામાં જતો ભય, અને ગુરુદેવ કહેતા હતા, કે લગાતાર સેવા દ્વારા, હેમચંદ્ર-સૂરી મહારાજનું ગયેલું વીસ કિલો વજન પાછું-આવે, પાછું ચાલ્યું ભય, ને એવી સ્થિતિની વચ્ચે પણ, આ એક હરોળ હતી જેની અંદર-જયઘોષસૂરી મહારાજ આવે છે,
રાજેન્દ્ર સૂરી મહારાજ આવે છે,
મારા ગુરુદેવ આવે છે,
ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ આવે છે,
જગચ્ચંદ્રસૂરીશ્વરજી મહારાજ આવે છે,
હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આવે છે, અને ગુરુદેવ કહેતા હતા અમે બધા અત્યારે મહારાજજી ની પાછળ પાગલ હતા.

પાગલ હતા એટલે એમના આશિષ, એમની મીઠાશ, એમનો આનંદ કઈ રીતે વધે, એના માટે અમે બધા સતત તત્પર હતા. અને એમાં હેમચંદ્ર મહારાજની વાત ગુરુદેવ કરતા હતા, રાતના ટાઈમે નવ વાગે પ્રતિક્રમણ કરી, અને હેમચંદ્રસૂરી મહારાજ ખુણામાં બેસી કમ્મપયડી ની પાઠ ચાલુ કરે. એકલા જ!

DATE

સવારે પાંચ વાગ્યા સુધી. રાતના નવ વાગ્યાથી સવારે પાંચ વાગે! અને સવારે પ્રેમસૂરીદાદા જાગે, અને સવારે ઉપાશ્રયમાં ROUND મારવા માટે નીકળે, અને ત્યાં સાડા ત્રણે, ઉપાશ્રયના ખુણામાં બેઠેલા એક સાધુ ને જુએ, અને પુછે કોણ છે ? શું છે ? કેમ બેઠો છે, ઉંઘ નથી આવતી ? 60 શિષ્યો સાથે હોય ને બધાની મુલાકાત પ્રેમસૂરીશ્વરજી લેતા હોય.

80-82 વર્ષની ઉંમર એ દ્રશ્યની કલ્પના કરીએ, અમારું આવું સદ્ભાગ્ય નથી કે અત્યારી દીક્ષા પછી પ્રેમસૂરીદાદાના આવા કોઈક દર્શન પ્રાપ્ત થયા હોય. પણ અમને એનો અફસોસ એટલા માટે નથી કે અમને એમનાજ દ્વારા TRAINED થયેલા, એવા ઉત્તમ ગુરુઓની શરણ પ્રાપ્ત થઈ. અને એ શરણ ની અંદર હેમચંદ્ર મહારાજ ખુણામાં બેઠેલા હોય, અને પ્રેમસૂરીદાદા આવે, પોતે આસન ઉપરથી ઉભો થાય, કોણ ? હું ગુરુદેવ હેમચંદ્ર! ક્યારનો બેઠો છે ? ગુરુદેવ આપની કૃપાથી રાતના નવ-વાગે પાઠની શરૂઆત થઈ છે, અને સાડા ત્રણ સુધીમાં હવે કમ્મપયડી ની અંતિમ પાઠ ચાલી રહ્યો છે, અને પાંચ વાગ્યા સુધીમા પુરો થશે અને સવારે, મહાત્માઓની રાઈ મુહપત્તિ ચાલે અને પ્રેમસૂરીદાદા કહે, આજે હેમચંદ્રએ મારું શેર લોહી વધારી દીધું છે, અને રાતના નવથી સવારે પાંચ સુધી કમ્મપયડીનો પાઠ ચાલુ છે. આ કર્મ સિદ્ધાંતો ની તાકાત, હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજ ના આત્મ બળની અંદર, આત્મા ની અંદર, આયુષ્ય બળ પણ મજબુત-

classmate

અને અશાતા વેદનીય બળ પણ મજબુત. એને મજબુત. ક્યારેક અશાતા વેદનીય, આયુષ્ય ને પાડવા માટે મથે, ને પેલું આયુષ્ય કહે કે તારી તાકાત હોય એટલું લડી લે, હું નથી પડવાનું ! અને આ સ્થિતિ નાજુક હોય છે, બહુ નાજુક- હોય છે.

કેટલીક વાર મૃત્યુ કરતા પીડા વધુ ભયાનક હોય છે

ભીંત સાથે માથા પછાડવાનું મન થાય, એવી ભયંકર પીડા ચાલતી હોય. ને પીડાની અંદર માત્ર અરિહંત .... અરિહંત ! ત્રણ દિવસ પહેલા જ, આચાર્ય ભગવંત ના દર્શન કરવા આવવાનું થયું, અને આચાર્ય ભગવંત, પુંડરીકભાઈ ને કહે બહુ પીડા છે. પીડા શબ્દ બોલે છે પણ પીડા દેખાતી નથી મોઢા પર ! આણે શરીર અને આત્માનું ભેદ જ્ઞાન, કર્મ સિધ્ધાંત દ્વારા પ્રાપ્ત કર્યું- હોય, અને એ જ્ઞાન આત્મસાત્ કરેલું હોય ! અને આવી જે TEAM હતી એ TEAM આદર્શ બનતી જાય છે.

સતયુગની અંદર આલંબન વધારે હોય !

કળિયુગની અંદર આદર્શ વધારે હોય !

→ આદર્શ એ સુરજનો તડકો છે,
→ આલંબન એ ઘરનો LAMP છે.

સુરજનો તડકો કાયમ નથી, ઘરનો LAMP કાયમ છે. અને અમારી અફસોસ આં એક જ છે, અમારા જે

આલંબન હતા, જેના આધારે અમે ટકી રહેલા છીએ. આ પચાસ વર્ષ મુનિ જીવનમાં કાઢવા એ કોઈ-આસાન વાત નથી. મારી નવ વર્ષે થયેલી દીક્ષા-અત્યારે 60 વર્ષની ઉંમર, અને એ પચાસ વર્ષોમાં આવા જ આલંબનો.

હું એ વાત કરતો હતો, પ્રેમસૂરીશ્વરજી મહારાજ ગયા, પછી ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ-અમારા માટે આલંબન હતા. તેઓ ચાલ્યા ગયા, પછી જયઘોષસૂરીશ્વરજી મહારાજ આલંબન હતા, તેઓ ચાલ્યા ગયા પછી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ આલંબન હતા, હવે તે પણ ચાલ્યા ગયા.

## આલંબનોનો અભાવ અસ્તિત્વને વધુ અસલામત બનાવે છે

હા, અમારું અસ્તિત્વ હચમચી ગય. હલી ગય, કારણકે આલંબન નથી. અને એવી એક કલિકાળની કમનસીબી છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ ગયા પછી આદર્શો જ રહ્યા, નવા-કોઈ પ્રેમસૂરીશ્વરજી મહારાજ આ સંઘની અંદર-ઊભા ન થઈ શક્યા. આદર્શોની જગ્યા પુરી શકે એવા આલંબનો આ કલિકાળની અંદર જલ્દી-જલ્દી પ્રાપ્ત નથી થઈ શકતા. આ કલિકાળ ઉપર ગોઠવાયેલો મોટામાં મોટો અભિશાપ છે. દરેક ક્ષેત્રની અંદર, મુનિ જીવનના ક્ષેત્રની અંદર ગણો, સામાજીક ક્ષેત્રની અંદર ગણો, રાજકીય ક્ષેત્રની અંદર ગણો, કે પરિવારના ક્ષેત્રની અંદર ગણો, તમારા જીવનની અંદર મોટા, આદર્શો, આલંબનો ગયા પછી, એની જગ્યા સાચવનાર કોણ ?, એવું જ મુનિ જીવનની અંદર, પ્રેમ-ભુવનભાનુ-

સમુદાયની અંદર હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ અમારા માટેનું એક બહુ મોટું આલંબન હતા. એમનું પુણ્ય એમની પરિણતિ, અને એમની પ્રકૃતિ. પણ એમના પુણ્યએ એમની પરિણતિ ને વધુ ને વધુ મજબુત કરી હતી.

* કેટલુંક પુણ્ય હોય જે પતિત કરે.
* કેટલુંક પુણ્ય હોય જે પ્રસિધ્ધ કરે.
* કેટલુંક પુણ્ય એવું હોય કે પ્રશંસા આપે.
* કોઈક જ પુણ્ય એવું હોય કે પરિણતિને બચાવી લે.

હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની એવી પરિણતિ હતી, જ્યારે બહુ જ સ્વસ્થ હતા ત્યારે, લક્ષ્મીવર્ધક સંઘની અંદર મળવાનું થયું. સવારનો સમય, નવકારશી નો ટાઈમ, મારા ભાઈ મહારાજ-ઈન્દ્રજિત મહારાજ, એ જ્યારે મળ ત્યારે એમ કહે કે ચંદ્રશેખર મહારાજના ડોક્ટર આવ્યા. મને સલાહ આપો શું કરાય ? ને ઈન્દ્રજિત મહારાજ સલાહ આપે બે-ચાર. અને એ વખતે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ એક વાક્ય બોલેલા, મને હજુ પણ યાદ છે. મેં કહ્યું સાહેબ આપ અહીંયા પણ એકદમ સ્વસ્થ છો ને ભવિષ્યમાં પણ આપને તો સાક્ષાત સીમંધર સ્વામી મળવાના છે, એમાં કોઈ PROBLEM નથી, કોઈ ફી થાય નથી. ને ત્યારે હેમચંદ્રસૂરી મહારાજ બોલેલા, સવારે કુતરા-ભસતા હોય છે, વાંદરાઓ કુદતા હોય છે ને અહીં કુટાઈ ગયા તો શું ? આ પરિણતિ છે. અમારા ગુરુદેવ પણ આ વાત કરે, હેમચંદ્રસૂરી મહારાજ પણ આ વાત કરે. કારણકે બધાના TUTOR તરીકે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ હતા અને એ

પ્રેમસૂરીશ્વરજી મહારાજે આવા આલંબનો તૈયાર કર્યા- આપણે એક જ પ્રાર્થના કરીએ, પૂજ્યશ્રી ને આપણી શૂન્યાવકાશ પૂરી શકે એવું અદ્ભુત આલંબન- આપના પચાસ શિષ્યોની અંદરથી કોઈ ભુવન- ભાનુ સમુદાય ને પ્રાપ્ત થઈ, એમને એમ લાગે કે નવા હેમચંદ્રસૂરી મહારાજ એમના જ GROUP ની અંદર આવ્યા છે. અને એ આપણા માટે આલંબન બને છે.

વર્તમાનની અંદર આદર્શો નો તોટો નથી,
આલંબનો નો અભાવ છે.

એવા આલંબનને આપણે ફરી પાછું પ્રાપ્ત કરીએ, એવી અભ્યર્થના!

— x — x — x — x — x —

# પૂજ્ય આચાર્ય ભગવંત કલ્યાણબોધિ સૂરીશ્વરજી મહારાજ

DATE

એક દીકરાને જન્મ આપવો એ જુદી વાત છે - અને એક શિષ્યને દીક્ષિત કરવા એ જુદી વાત છે. દીકરો તો ગમે તે રીતે મોટો થઈ જાય, શિષ્યને ગમે તે રીતે મોટો ના થવા દેવાય. જે પળે આપે છે દીક્ષા શિષ્યને એ જ પળે - ગુરુદેવના અંતર ની અંદર એક ભાવના હોય છે કે મારે એને જીંદગીના પરમ શ્વાસ સુધી નિર્મળ આરાધના કરાવવી છે.

આજે ગુરુદેવના પચાસ શિષ્યો, એક આચાર્ય ભગવંતના શબ્દોમાં કહુ, કે હેમચન્દ્રસૂરી મહારાજે જે શિષ્યોને તૈયાર કર્યા છે એવા તૈયાર કે જે બીજા કોઈ GROUP માં કોઈએ તૈયાર કર્યા નથી. દીર્ઘદ્રષ્ટિ વાપરી ને જે સાધુની જે યોગ્યતા છે, જે બુધ્ધિ છે, જે રસ છે, એને અનુરૂપ એની એ માર્ગમાં આગળ વધવા દી. અને આજે અમારા મહાબોધિસૂરી મહારાજે પણ કાગળમાં લખ્યું છે, કે ગુરુદેવે શરૂઆતની જિંદગી ની અંદર આપણને જે વાચનાઓ આપી છે, એ જ વાચનાઓથી આપણે ટક્યા છીએ આજે.

આપણી બુધ્ધિ, આપણી હોંશિયારી કે આપણી પ્રભાવનાથી આપણે નથી ટક્યા. જે વાચનાઓ ના VAXINES આપ્યા છે એ આજે પણ કામ કરી રહ્યા છે. આજે કોઈ શિષ્ય ને હસ્ત લિખિત ગ્રંથનું કામ, કોઈને હાથે લખેલી તાડપત્રી ના કામમાં MASTERY, કોઈક ને શિલ્પ-વિધાનની અંદર MASTERY. જાણે વ્યાખ્યાન-વાચસ્પતિ તો બધા જ. વિદ્વાન તો બધા. દરેક ને આ રીતે!

એક સાધુને તૈયાર કરવા એટલે નવનેજે પાણી-નીકળી જાય, માત્ર વિદ્વાન બનાવવા એ હોંશિયારી નથી. પણ સાચો વિરાગી બનાવવા ને વિરાગી રાખવા એ બહુ મોટી હોંશિયારી છે, જે ગુરુદેવે ચરમ-શ્વાસ સુધી નિભાવી.

જેમની ભાવના ન હતી એવા પોતાના પરણેતર સરસ્વતી બહેનને તો દીક્ષા આપી, પણ દીક્ષા આપ્યા પછી બેનનો વૈરાગ્ય એવો, કે ૬૫ ચોમાસા માંથી ૫-૬ ચોમાસા જ સાથે કર્યા. ચોમાસા પણ સાથે નહિ કરવાના, જીવનના ચરમ શ્વાસ સુધી એમની પણ આરાધના કરાવી ને-સદ્ગતિમાં મોકલ્યા. અને અમારા ગુરુદેવ હેમચંદ્ર-સૂરીશ્વરજી મહારાજના સાડા ત્રણ કરોડ રૂંવાડાની અંદર, માત્ર ને માત્ર પ્રેમસૂરીશ્વરજી મહારાજ હતા.

પાલીતાણામાં જ્યારે ભવન બનાવ્યું-ત્યારે મેં કીધું, હેમચંદ્રસૂરીશ્વરજી ભવન રાખીએ, મને કહે ગાંડો થયો છે, આપણા પરમ ઉપકારી છે, પ્રેમ-ભુવનભાનુસૂરી આરાધના ભવન!

પરિમલની અંદર જ્યારે જ્ઞાન મંદિર બનાવ્યું, મેં કહ્યું ગુરુદેવ એક સ્મૃતિ તો આપની રાખો, પ્રેમસૂરી નું નામ આપ્યું એમાં બધાનું નામ આવી ગયું, એમની કેટલો.. કેટલો.. કેટલો ઉપકાર આપણા ઉપર છે. પ્રેમભુવન શાસન મંદિર!

ચાંદખેડાની અંદર મોટું વિશાળ સાધના-ભવન બનાવ્યું જ્ઞાન મંદિર, એમાં પણ નામ-

પ્રેમસૂરીશ્વરજી શોભન મંદિર! આ પ્રેમસૂરી-
શ્વરજી શ્રુત સદન! જ્યાં જુઓ ત્યાં પ્રેમસૂરી!
દીક્ષા ના શરૂઆતના વરસમાં જે પડખાઓ સેવ્યા,
જે સેવાઓ કરી, હમણાં જ ચંદ્રજિતસૂરીજી એ-
વાત કરી કે નવ-નવ કલાક સ્વાધ્યાય કરે, એની
પાછળ મારી કમ્મપયડી ઉપસ્થિત રહે એ કારણ
ન હતું, પણ સાહેબને સ્વાધ્યાય બહુ ગમે છે,
માટે હું કરું છું. સાહેબ ખુશ થાય છે.

ગુરુ ખુશ થાય એનાથી ચડિયાતી બીજી કોઈ સાધના નથી.

અને કુદરતનું તંત્ર પણ તમે જુઓ
કેટલું વ્યવસ્થિત છે, જે પ્રેમસૂરીશ્વરજી મહારાજ
ઉપર અમારા ગુરુદેવને અનહદ... અનહદ... અનહદ
રાગ હતો, અને એ જ પ્રેમસૂરીશ્વરજી ના નામે.
પાલડીમાં, પરિમલમાં, જે શ્રુતસદનનું નિર્માણ કર્યું,
એ પણ પ્રેમસૂરીશ્વરજી મહારાજ ની બાજુમાં જઈને જ
બેસી ગયા, ત્યાં જ એમનો અગ્નિ સંસ્કાર, ત્યાં
જ પ્રેમસૂરીદાદાની બાજુમાં કાયમી બેસણાં, અને
કાયમી મૈત્રી, દોસ્તી, ગુરુ શિષ્યના ભાવને એમણે
અંકિત કરી નાખ્યું. આ બધા શિષ્યોના હૈયે પણ
પ્રેમસૂરીશ્વરજી મહારાજ બેઠા છે, ગુરુદેવના હૈયે-
પણ પ્રેમસૂરીશ્વરજી દાદા બેઠા હતા, હવે આપણે
ઉદયવલ્લભસૂરી મહારાજ ને પણ વિનંતી કરીએ કે
તેઓ બે શબ્દ કહે!

# પૂજ્ય આચાર્ય ભગવંત ઉદયવલ્લભ સૂરીશ્વરજી મહારાજ

અમારા દીક્ષાની શરૂઆતના વર્ષો હતા, મુંબઈ ગોડીજી ની અંદર એક મોટી સભા હતી. શ્રાવક અગ્રણી શ્રેણિકભાઈ વગેરે આવેલા. પ્રશ્ન હતો સમ્મેતશિખરજી તીર્થ ની રક્ષા માટેનો, એક વખતે 1991-92 માં બિહાર સરકારની ORDINANCE- બહાર આવ્યો હતો. એટલો ભયાનક ORDINANCE હતો, શ્વેતાંબર સંપ્રદાય ના પાંચ,
દિગમ્બર સંપ્રદાયના પાંચ,
તેમને બિહાર સરકારના પાંચ, એમ પંદર જણાની એક સંયુક્ત કમિટી, BOARD, અને એ લોકો GOVERNING કરે, શિખરજી નો વહીવટ કરે ! GOVERMENT ના પાંચ એમાં પાછા ૨-૩ દિગમ્બર હોય. દિગમ્બરના પાંચ તો ખરા જ. અને આપણા જે પાંચ હોય એમાં એક મૂર્તિપૂજક, એક સ્થાનક- વાસી, એક તેરાપંથી, જે મૂર્તિ તીર્થ ને માનતા- ન હોય એવા બધા જ લીધેલા. બહુ જ મોટો ઝટકો આપણને લાગ્યો, આ ORDINANCE ની- વાત આવી. અને એના માટે પ્રચંડ વિરોધ ઉભો થાય ને લોક લાગણી પ્રદર્શિત થાય, ને બિહાર સરકાર ને જાણકારી મળે, તે હેતુ સર બહુ મોટી સભા ગોડીજીમાં હતી. ઉપર નીચે બધું PACK, PUBLIC ઘણું હતું. અને જાગૃતિ લાવવી બહુ જરૂરી હતી.

એ વખતે જુદાં અવાજમાં જે હેમચંદ્રસૂરી મહારાજના STATEMENTS અમે- સાંભળ્યા છે, કોઈ પણ માણસ આંખ મીંચીને કહી શકે કે આ પન્યાસ ચંદ્રશેખર મહારાજના STATEMENTS છે. હું તમને બહુ નોંધ સાથે અને લગભગ એમ માનું છું કે શબ્દ પણ નહિ ફરે

એ રીતે મારા મનમાં છપાયેલા એ વચનો જંબુ નાયકથી મેં સાંભળેલા, બોલનાર હેમચંદ્ર સૂરી-મહારાજ! સાહેબ બોલતા!

તમારે લોકોએ MARKETS બંધ કરવી પડશે! દુકાનો બંધ કરવી પડશે. તિજોરીઓને તાળા-લાગે તો ખાવા-પીવાનું છોડી ને રસ્તા ઉપર-ઉતરવું પડશે, કાયદા-વ્યવહારને હાથમાં નથી લેવાનો પણ આપણી પુરી તાકાત સાથે આપણા વિચારોને વ્યક્ત કરવા પડશે. ભુખ્યા રહેવું પડે તો ઉપવાસ-પર ઉતરવાની તૈયારી રાખવી પડશે. થોડે થોડે જવું પડશે, દિલ્હી જવું પડશે, પટના જવું પડશે, છે-તમારી તૈયારી? કોઈ આજ બંધ કરીને સાંભળીને તો કહી દે કે આ તો પન્યાસજી મહારાજ ના શબ્દો છે. આપણે કઈ રીતે માની શકાય કે અડધા-સુનેલા- અડધા બહેરા, પગથી લઈને ગળા-સુધી કામળી ઓઢેલા, અને સૌમ્ય પ્રકૃતિ જેની પહેચાન એવા મહાત્મા આવું બોલતા હોય, આ મગજમાં ન બેસે.

પણ મને કેવુ થાય છે, અર્થતંત્ર બગડી ગયું હોય તો, ભારત હોય કે અમેરિકા! એક STIMULOUS PACKAGE જાહેર કરે, અને આખું અર્થતંત્ર બેઠું થઈ જાય. એમ સાહેબનું આ STIMULOUS PACKAGE હતું, આમ-અડધા સુનેલા ને બહેરા એવી એમની મુદ્રા-ખાસ નજરમાં આવે. પ્રેમસૂરીદાદા ની પણ-સાક્ષાત મુદ્રા આ જ હતી. એ સમયે જઈને કોઈ કહે કે સાહેબ ઢીલા છો, તમે કોઈ શ્રુત સાહિત્ય ની વાત કાઢો, સાહેબ પાલિતાણામાં

મુનની બહુ આશાતના થઈ, સાહેબ ફટાક દઈને ઉભા થઈ જાય, ચશ્મા ફટાક દઈને કાઢે, બેઠા થઈ જાય, કામળી નીકળી જાય, અને પછી જે વાસુ-પાયની, તમને દેખાય કે શું શાસનને ઘુંટ્યું છે. આ મહાત્માની અશાતના જુદી છે, શાસન પ્રત્યેની લાગણી એટલી અદ્ભુત. ઘણી વખત મેં જોઈ છે, અને અનેક વખત અમે લોકો એ અનુભવી છે.

એ વાત કાઢો ને સાહેબ જે બુલંદીથી- વિશેષ જે સહજીભાવથી, અને એવી અંદરની લાગણીથી બોલતા હોય એમના શબ્દોમાં એ શાસન-નો સુવર્ણ TOUCH તમે FEEL કરી શકો. ઠેરઠેર અનુભવેલું છે, વારંવાર એવા મળે આપણને, - જેમ ચંદ્રજિત મહારાજે કહ્યું રાતથી સવાર સુધી- કમ્મપયડી નો સ્વાધ્યાય કરે, પ્રેમસૂરી મહારાજે, - ભુવનભાનુસૂરી મહારાજ, જે વખતે કહેતા કે આપણે પહેલા મોક્ષે જવાનું, હેમચંદ્રસૂરી મહારાજ કહે કે ત્રણ ભવમાં મળે એવી SCHEME છે આપણે ત્યાં ચોવિયારો છઠ કરીને સાત જાત્રા કરીએ, પણ આપણાથી થાય એવી નથી. ચોવિયારો છઠ થાય તો સાત જાત્રા ન થાય, ને સાત જાત્રા થાય તો ચોવિયારો છઠ ન થાય. જુદુ જુદુ હોય તો થઈ જાય કોઈ-પણ વાંધા વગર. પણ બંને ભેગું કરવાનું ને - તકલીફ ત્યાં છે. અમે મોક્ષનું સંયોજન બતાડ્યું કે આ બંને નું COMBINATION થાય તો જ! સાત જાત્રા હમણાં કરી લઉં ને આવતે મહિને છઠ કરી લઉં, તો મોક્ષ ન મળે.

હેમચંદ્ર મહારાજે એક PROPOSAL આપી પ્રેમસૂરીદાદા ને કે સાહેબ, ચોવિયારો છઠ -

આપણા તીર્થાધીરાજ, આપણો ગિરીરાજ, આપણું જે
સાક્ષાત તીર્થ, એવો કમ્મપયડી નો સ્વાધ્યાય હું
સાત વાર કરું, તો મારો મોક્ષ થાય ?
પ્રેમસૂરીદાદા કહે વિશ્વાસ રાખ, થશે ! ચોવિયારો
છઠ કરવાનો ને કમ્મપયડી નો સાત વાર સ્વાધ્યાય
TOTAL દસ CHAPTER નો સ્વાધ્યાય, જલ્દુ જ
ઝડપથી કરે તો લગભગ પાંચ-સવા પાંચ કલાક
થાય. તમે આમ સામાન્યથી ગણા કરોને તો
લગભગ પોણા બે કલાક થાય, પણ જ્યારે -
સાત ગણાનું TARGET હોય ને ત્યારે તમે
એક કલાકમાં ચડી જ જાય. આમ કમ્મપયડી-
સાત-આઠ કલાક ચાલતું, પણ TARGET હોય
તો પાંચ-સાડા પાંચ કલાકે પુરુ થાય.

ચોવિયારા છઠ ના પચ્ચક્ખાણ લીધા,
અને પહેલો ઉપવાસ પૂરો થાય ને બીજા દિવસની
સવાર પડે, ત્યાં સુધીમાં કમ્મપયડી ની ચાર-
યાત્રા પૂરી કરી. વીસ થી એકવીસ કલાકનો -
સ્વાધ્યાય થાય, શરીર જે થાકેલું, એ હદનું
શ્રમિત કે ઉભા થવાના પણ હોંશ નહિ. પછી
છઠ પુરો કર્યો ને યાત્રા અધુરી રહી. પણ -
આ ઘટના સાંભળ્યા પછી એમ લાગે કે આવા
ભાવ કઈ રીતે જાગે !

આટલો અશાતા નો ઉદય હોય,
શરીર થાક્યું હોય, પહેલેથી શરીરમાં રસ-કસ
ન હતા, એમ કહીએ તો ચાલે, શરીર આખું
પણ વધારે દવાઓના આધારે, ખોરાક વગર ચાલતું.
અને એવી અવસ્થામાં, એક ઉપમા તરીકે -
લેજો, હું ખાસ એમ કહું. અમે એક એવું

બળદગાડુ બનેલું, જેમાં MERCEDES નું ENGINE હતું. ENGINE વારે વારે CHARGE થઈ મચ ને ગાડુ ચાલે નહિ. એવી તાકાત સાથે ENGINE ઘડઘડાટી બોલાવે ને, કે બીજા બધાને દોડતા કરી દે. પણ ગાડુ તો ગાડુ છે ને! એની પણ મર્યાદા છે. પણ સાહેબ લાકડાની તલવારથી - વિશ્વ યુદ્ધ લડતા, એવું લાગે! ત્યારે પ્રશ્ન આવે ~~સંવત~~ ૨૦૨૪, સાબરમતી રામનગરમાં ચાતુર્માસ, પ્રેમસૂરીદાદાના કાળધર્મ પછી તરત જ રામનગરમાં ચાતુર્માસ માટે ગયેલા ને જે ધર્મનગરી બનાવી દીધી.

## સાબરમતી માં જે વરસ્યા છે!

એવા વરસ્યા, લોકો જે ધર્મમાં ભીંજાયા. હું તમને આ વાત કરું છું આજથી ૫૩ વર્ષ પહેલાની! અને એ વખતે સાહેબની ઉંમર કેટલી, ૩૬ કે ૩૭, અને કેવા વરસ્યા હશે! જે વૈરાગ્ય અંદરથી નીતરતો, ભક્તિયોગ એવો નીતરતો. હજુ હમણાં જ થોડા વખત પહેલા મહાત્મા કહેતા હતા, કોઈ શ્રમણી ભગવંત આવેલા. ખુબ અહોભાવથી વંદન કર્યા, ગળગળા થઈ ગયા, સાહેબ કાંઈ ઓળખે નહિ, કહે કે સાહેબ આપના વૈરાગ્યના વ્યાખ્યાનો સાંભળી ને દીક્ષા ની ભાવના થયેલી, મેં વાગડ સમુદાયમાં દીક્ષા લીધેલી છે, સમાચાર મળ્યા, ખુબ જ નાદુરસ્ત તબીયત છે, ખાસ દૂર થી વંદન કરવા આવ્યા. જન્મે અજૈન કુળમાં જન્મેલી દીકરી, ક્યાંથી ભીંજાયા, ક્યારે સાહેબના વ્યાખ્યાનોમાં આવ્યા, દીક્ષિત થઈ ને આજે સુંદર શ્રમણી ભુવનની આરાધના કરે છે ને સાહેબ ને પણ

ખબર નહિ. આવા HIDDEN SECRETS કેટલા હશે જેની આપણને ખબર સુદ્ધા નથી. આ બધી સાહેબની ASSETS માં આવે. આપણે સાહેબની બધી PROPERTIES નું LIST બનાવી-એ પણ આવી અમણી PROPERTY નો કઈ રીતે LIST માં આવે.

જે સાહેબ સાબરમતી માં વરસ્યા છે, એવા વરસ્યા ! અને એ સમયે ઘણા બધા-નવયુવાનો જોડાયા ! એ વખતે હું તમને કહું, હું તમને કેટલાક નામ આપું, કે આ નો કોની જમણી હાથ ગણી શકાય ?, દાખલા તરીકે, પુંડરિક ભાઈ કે ચંદ્રકુમાર ભાઈ જરીવાલા, તમે શું નામ આપશો ?, કુમારપાળ ભાઈ- કલ્પેશભાઈ નું નામ કહીશ તો કોનું નામ કહેશો ?

લલિતભાઈ ધામી- ચંદ્રશેખર મહારાજ-બસ આ લલિત નામનો યુવાન, એમને પુછએ પોતે એ વખતે સાબરમતીમાં, હેમચંદ્ર મહારાજના-સાનિધ્યમાં જોડાયા, બહુ નાની ઉંમર, TEEN-AGE JUST પુરી થયેલી, અને હેમચંદ્ર મહારાજના ધારદાર પ્રવચનોથી ભાવના પ્રગટેલી કે શાસન-માટે કાંઈક કરવું છે. એ વખતે સાબરમતી-સંગીત મંડળ ની સ્થાપના, મુનિ હેમચંદ્ર વિજયની હાજરીમાં થયેલી, જેની પચાસ વર્ષની ઉજવણી વખતે, હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ પધારેલા, એ જ સાબરમતી સંગીત ભવનના હોલમાં, અને સાહેબે મંગલાચરણ કરમાવ્યું, નાદુરસ્ત તબિયતે, અને બધા યાદ કરતા એ દિવસોને, આજે પણ સાબરમતી સંગીત મંડળ ની ધૂમઓ વખણાય,

અને ક્રેડિટ જુઓ, મિત્રતા જુઓ, ઉદારતા જુઓ, કેવા સરસ યુવાનો તૈયાર થયા, અને એમણે લલિતભાઈ ને બોલાવ્યા, એમને કીધું કે મારી એક ઈચ્છા છે, તું સરસ ધર્મ પામ્યો છે. ઘણા બધા શાસનના કાર્યો કરવાની તારી એ ભાવના હોય, તારામાં તાકાત પણ છે ને બધું જ છે, પણ આમાં એવું છે, કે PLATFORM બહુ મોટું કામ કરશે. તુ ચંદ્રશેખર મહારાજ પાસે જ, તારા એ ગુરુ - તારે એમનો પગ પકડી રાખવાનો, તારે એ જેમ કહે તેમ કરવાનું. એમનો પડછાયો બનીને રહેજે. અને એમને ત્યાં સુપ્રત કર્યા.

યાદ આવી ભય અર્જુન -

રામાયણમાં, સુગ્રીવનો અંગત માણસ હતો હનુમાન, વાલી ને હણ્યા પછી સુગ્રીવે કીધું કે તારે રાવણ સામે યુધ્ધ કરવાનું છે, આ મારો માણસ તને બહુ કામ લાગે એમ છે. રામ ને કીધું કે આ હનુમાન ને લઈ જ. આપણે તો હનુમાન ને રામના ચરણ સેવક તરીકે ઓળખીયે, પણ હકીકતમાં સુગ્રીવે આપેલી એક ભેટ હતી. AS PER THEM. એ લોકોમાં એવું લખાણ આવે, આપણને ઘરના યાદ આવે.

હેમચંદ્રવિજય મહારાજે લલિતભાઈ આવ્યા પછી તો ઘણા બધા અંદર જોડાયા ને, સાહેબની સાથે શાસન પ્રભાવના ના કાર્યો કર્યા. અનેક લોકો જોડાયા. નાનપણમાં પ્રસંગો વાંચેલા, ધીરુભાઈ અંબાણી અને રાજીવ ગાંધી ગાડીમાં સાથે જતા હતા, અંગત બંને જ જણા ને DRIVER ન હતો રાખ્યો. ધીરુભાઈ કહે કે હું જ ચલાવીશ

કારણકે અંગત વાતો છે. અને રાજીવ ગાંધીએ કીધું કે મને આવા ROAD ઉપર ગાડી - ચલાવાની મજા આવે છે, આમ તો મને- CHANCE નથી મળતો, LET ME DRIVE ! મને ચલાવા દો. એટલે ધીરુભાઈ આમ આવી ગયા એક મિત્ર ભાવે ને, ગાડી ચાલી. વાતોમાં ધ્યાન ન રહ્યો એટલે એક સિગ્નલ- ઉભા રહેવાની બદલે આગળ ચાલ્યા. હવે જે આગળ ગયા એટલે ત્યાં જે ઉભેલા OFFICER એમણે હાથ કર્યો, ગાડી ઉભી રાખી અને કાચ ખુલ્યો એટલે સલામ મારી ને જવા દીધા. ચહેરો જોઈને તો ઉભા ન રખાય. આગળ- વાળાએ કીધું કે ગાડી ને જવા કેમ દીધી ? WHO IS INSIDE ? તો કહે કે I DON'T KNOW WHO IS INSIDE ! BUT RAJIV- GANDHI IS DRIVING ! હવે એને કોઈ આગળ રોકે નહિ.

આપણને એમ થાય કે આટલા બધા લોકો ભેગા થયા છે, હેમચન્દ્ર મહારાજ માટે - હેમચંદ્રસૂરી મહારાજ છે કોણ ?, તો કહે કે એ એમને ખબર નથી, પણ મોટા પડે તો સેવામાં- ચંદ્રશેખર મહારાજ જતા હતા. આમ સાંભળીને થાય, પ્રેમસૂરીદાદા કોને મોકલે, કેવાને મોકલે! કેવો ગૌરવ ! એમ લાગે કે જીવનમાં અંદરથી ખુબ ઘુંટયું હોય, એમને હમણાં થોડા વખત પહેલા કહેતા હતા, હસતા હતા, હમણાં પાંચ- સાત વાર મળવાનું થયું હશે, કહેતા પ્રેમસૂરી દાદા કહેતા હતા કે મુંબઈમાં પચાસ થશે, એક જે થાય, વૃધ્ધ માંથી કોઈ ઓછા થાય તો

પાછા FIFTY થાય. પણ કહે કે પ્રેમસૂરી દાદા FIFTY બોલેલા ! અમે કહીએ કે સાહેબ આપની મુંબઈ કર્યું તો કહે કે ના.. ના.. પ્રેમસૂરી દાદા-ના શબ્દો કર્યા. બધી જ CREDIT સાહેબના નામ પર આપતા, ખુબ અંદરથી ઘુંટ્યું છે. અને બરોબર એમના જીવનની અંદર જે શાસનની-લાગણી, અને ખાસ કરીને શાસનનો પ્રેમ ઉભો કર્યો.

## શ્રુતને જે રીતે સમર્થન આપીને આગળ લીધું !

અને એમાં પણ એમનું DEEP VISION હતું કે, મૂર્તિનું REPLACEMENT થાય, શાસ્ત્રોનું ના-થાય, મૂર્તિ બનાવી હોય એવી બની જાય, ફકત પ્રાચિનતા ન હોય, બાકી બધું જ હોય. પણ-આવી TOUCH શાસ્ત્રોમાં ક્યાંથી, આજે હરીભદ્ર-સૂરી ક્યાંથી જન્મે ?, યશોવિજયજી ક્યાંથી જન્મે ? એટલે શાસ્ત્રો માટે OPTION નથી, YOU HAVE TO PRESERVE ! શાસ્ત્રોને તમારે સાચવવા જ પડે ! અને જે જ્યારથી છેલ્લા ૪૦-૪૫-૫૦ વર્ષ, એ શાસ્ત્રોના રક્ષણાદિ કાર્યોમાં આવ્યા છે. પુસ્તક નું પાનુ પાનુ આજે ત્રીનું થાય તો નવાઈ નહિ. પોથીઓ પોથીઓ ગાંથી જન્તુ ની ધાર વહે તો નવાઈ નહિ, કેટલાય જ્ઞાનભંડારોમાં-ઉધઈ ઉત્પત્તિ થાય તો નવાઈ નહિ, કારણકે અનેક ના રક્ષણ, અનેક ના પોષણ, અનેક ના ઉદ્ધારક આજે ગેરહાજર છે. એટલે આજે ફકત આપણની જ નહિ, પ્રતોના પાના-પાના ને રડવાનો અધિકાર છે એવા એક મહાપુરુષ ની વિદાય છે. છેલ્લા દિવસોમાં જે બહુ નજીક થી જોવાનું સૌભાગ્ય મળ્યું,

એમણે કેવું અંદર સમાધિ તત્વને ઘુંટયું હશે એ આપણને ખ્યાલ આવે, મુળી બહેને એમની સમાધિ માટે કેટલા ચોમાસા મુંબઈમાં કર્યાને, પોતાના માતુશ્રીને અંતિમ સમાધિ કેવી અદ્ભુત આપી હતી. શ્રી સમર્થ કહેતા કે મેં ધાર્યું હતું એની કરતા મુળી બહેને લાંબુ ખેંચ્યું !

કોઈ નહિ બોલે પણ બધા સાહેબ-માટે આજે આ જ વિચારે છે. સાહેબે વર્ષો ખેંચ્યા, શારીરિક અસ્વસ્થતા એવા પછી કોઈ માની ન શકે કે સાહેબ ૯૦ મા વર્ષને TOUCH કરી શકે. ૬૦ ની આશા ન હતી એ એમના સંસારી ભાઈ બોલે છે. અને ખરેખર આપણને લાગે કે અશાતાની સામે જે લડત ચલાવી છે.

## આયુષ્યને પુરે પુરુ ENCASH કર્યું છે !

અને છેલ્લી ક્ષણ સુધી જબરદસ્ત-સમાધિ સાથે આપણી બધાની વચ્ચેથી ગયા છે. એમના જીવનને ખાસ અહોભાવથી આપણે વંદન કરીએ. એમના જેવી શાસન પ્રત્યેની અદ્ભુત લાગણી, શ્રુત પ્રત્યેનો અકલ્પનીય પ્રેમ, અને વૈરાગ્ય આપણામાં પ્રગટે એવી ભાવના રાખીએ.

× × × ×

આચાર્ય ભગવંત
# પૂજ્ય, સંયમબોધિ સૂરીશ્વરજી મહારાજ

DATE

પાતાંજલ યોગ સૂત્ર નું એક સૂત્ર છે,
બ્રહ્મચર્યપ્રતિષ્ઠાયાં વીર્યલાભઃ।

એક ઘટના આવે છે, જંગલની અંદર ચાર મિત્રો ફરવા માટે નીકળી છે. સામેથી સાવ સુકલકડી યોગી આવી રહ્યો છે, એ મિત્રોને આ પાતાંજલ યોગ સૂત્ર નું સૂત્ર યાદ આવ્યું, કે બ્રહ્મચર્ય જેના જીવનની અંદર સ્થિર, પ્રતિષ્ઠિત હોય એને સ્મરણ શક્તિ પ્રાપ્ત થાય છે. એ સુકલકડી યોગીને જોઈને મશ્કરી સૂઝી કે આ સુકલકડી છે એણે શું આખી જીંદગી બ્રહ્મચર્ય પાળ્યું હશે, આ બધા શાસ્ત્રો બોગસ છે, બેકાર છે, કારણકે પોતાના જીવનની અંદર RESULT દેખાતું નથી. યોગીને તેમના મનની અંદર આવેલ વિચારનો અંદાજ આવી ગયો, ને યોગીએ આ શાસ્ત્રવચનની તાકાત દેખાડવા માટે એક કામ કર્યું, બાજુમાંથી પસાર થયેલા સિંહને કીધું કે, મહેમાન આવ્યા છે જરા ભક્તિ કરજે. અને સિંહ સીધો આ ચાર યુવાનોના પગ ચાટવા માટે જાય છે, યુવાનો ધ્રુજી ગયા, ત્યાં ને ત્યાં કદાચ પેન્ટ ભીનું થઈ ગયું. પગ થર થર ધ્રુજવા મંડયા, એ જોઈને યોગીને ખ્યાલ આવી ગયો કે, આ લોકો ડરી રહ્યા છે, અને યોગીએ સિંહને બાજી એટલું જ કીધું - પતા નહી ચલતા! મહેમાન ગભરા રહે હૈ, ચલો વાપસ ચલે જાઓ, અને આજ્ઞાંકિત કુતરાની જેમ, એ સિંહ પાછો ચાલ્યો ગયો. અને યોગીએ યુવાનોને એટલું જ કીધું, આપને બ્રહ્મચર્ય કી તાકાત દેખી. વીર્ય પ્રતિષ્ઠાન કા મતલબ યે મત કરો કે શરીરમેં તાકાત હો! વીર્ય નો મતલબ એ નથી કે શરીર હટ્ટકટ્ટુ હોય, એવી બાબત માં જઈને પણ

થઈ શકે. પણ તમારા શરીરની અંદર જે વીર્ય-ઉછળે છે ત્યારે, તમારી પાસે જે મનોબળ અને મનોસામ્રાજ્ય પેદા થાય છે, એ અદ્ભુત હોય છે. આ વાત અત્યારે એટલા માટે કરી રહ્યો છું, કદાચ પૂજ્યપાદ ગુરુદેવ માટે એમ કહી શકું, એમના માટે એમ સૂત્ર કહી શકાય,

प्रेमप्रतिष्ठायां वीर्यलाभः।

એમના આત્માની અંદર જે પ્રેમની પ્રતિષ્ઠા થઈ હતી, અને એના કારણે એમનું જે મનોબળ-હતું ને, આ જગતની અંદર કલ્પનાતીત હતું. મનની તાકાત અમે જે જોઈ છે.

## સંકલ્પ સિદ્ધ એ મહાપુરુષ !

મારી એક નાનકડી વાત કરું, મારી દીક્ષા નું પહેલું જ વર્ષ, ઈર્લા સંઘના ચાતુર્માસ ના અંતે, ઉપધાન થયા. ઉપધાન ની પૂર્ણાહુતિ ને બીજે જ દિવસે-ચેંબુર તીર્થમાં ઉપધાન ની શરૂઆત થવાની હતી. ઈર્લામાં બપોરે માળ થઈ, અને ઈર્લા થી ચેંબુર-દૂર જવાનું, વિહાર કરીને રસ્તામાં એક માનપુર કરીને જગ્યા છે ત્યાં રોકાયા, બીજે દિવસે, ત્યાંથી સવારે લગભગ ૧૧ થી ૧૨ કિલોમીટર, ચેંબુર જવાનું હતું. કોઈપણ કારણસર સવારે ઉઠવાની અંદર મોડું થયું. પહોંચવાનો સમય, ઉપધાનના પ્રારંભનો સમય, અઢીસો જેટલા આરાધકો ત્યાં ઉપધાન ની અંદર પ્રવેશ કરવાના હતા. જેઓ ગુરુદેવ ને-ઓળખતા હશે, તેમની વિહારની કલાકની SPEED-MAXIMUM ચાર કિલોમીટરની. MINIMUM ત્રણ કલાક તો લાગે ચેંબુર પહોંચતા. અમે તૈયાર થયા ને ચેંબુર પહોંચવાની માત્ર ~~ઓક~~-

દોઢ કલાકનો સમય બાકી હતો. અને ગુરુદેવે મનની અંદર જે સંકલ્પ કર્યો, મારે સમયસર - પહોંચવું છે. ચાર કિલોમીટર ચાલીને પણ રસ્તામાં પાંચ મિનિટ આરામ કરવો પડે, એવું સ્વાસ્થ્ય લઈને બેઠેલા, ગુરુદેવ મને ઘણીવાર કહેતા કે તું પવનવેગી છે, તું આગળ જ. અને મને વિહારમાં આગળ મોકલતા. એ દિવસે ગુરુદેવ સાથે ચાલવાની મારી ક્ષમતા ન હતી. બાર કિલોમીટર બરાબર દોઢ કલાક-ની અંદર, મુહુર્તના સમયે, ચેંબુર તીર્થના દરવાજે અમે પહોંચી ગયા.

## કલાકના આઠની ઝડપે એ દિવસે ગુરુદેવ ચાલ્યા!

ગુરુદેવના વૈરાગ્યની વાત ઘણાને ખબર છે. ગુરુદેવનું વાત્સલ્ય પણ જગ જાહેર છે. ગુરુદેવનો શ્રુત પ્રેમ પણ જગ જાહેર છે પણ મારે કહેવું છે કે આ તમામના મૂળની અંદર કોઈ હોય તો, વચન સિદ્ધ મહાપુરુષોની વાત ઘણી બધી જગ્યાએ સાંભળી હશે. મારા ગુરુદેવ એમનું એક-એક વાક્યમાં પ્રરુપણ કરવું હોય, એમની ઓળખ આપવી હોય તો એમ કહી શકાય કે એ સંકલ્પ-સિદ્ધ મહાપુરુષ હતા. જીવનમાં જ્યારે- જ્યારે - જ્યાં- જ્યાં, જે- જે સંકલ્પ કર્યા છે, એ સંકલ્પ અવશ્ય ફલીભુત થયા છે અને એના મૂળની અંદર જે હતું, એ પ્રેમતત્વ હતું, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પ્રત્યે નો તો પ્રેમ હતો જ, આમ એટલા બધા પરમ સૌભાગ્યવંતા હતા, એમને પરમ ગુરુદેવ, એમને દાદા ગુરુદેવ, એમને ગુરુદેવ જે મળ્યા, એ આ જગતની અંદર પરમ સંયમી મળ્યા. એમને આસપાસનું જે મિત્ર વર્તુળ

મળ્યું ને, જે પણ આ જગતની અંદર ઈર્ષ્યા થાય
એવું હતું. ગુરુ પરંપરા પણ એમની અદ્ભુત,
મિત્ર પરંપરા પણ એમની અદ્ભુત અને છેલ્લી
શિષ્ય પરંપરા પણ તમે જુઓ ને તો અદ્ભુત !
આ જગતની અંદર કોઈને ગુરુ નું પુણ્ય હોય,
કોઈને મિત્રનું પુણ્ય હોય, કોઈને શિષ્યનું પુણ્ય
હોય, પણ ત્રણે ત્રણ નું પુણ્ય જોવા મળે તો.
મારા ગુરુદેવની અંદર જોવા મળે.

પૂર્વભવની અંદર કોઈ સાધના કરી
હશે, વર્તમાન ભવની અંદર એમણે અંદર સતત
સિંચ્યું હશે ત્યારે આસપાસ નું વર્તુળ, સતત
એમના માટે સહાયક, સતત એમને ઉપર લાવનારું
અને સતત એમને સાનુકૂળ રહેનારું હતું !

સમયનો અભાવ છે, ઘણી બધી
વાતો કરવી છે, જીવનની એક એક ઘડી અને-
એક એક ક્ષણને એમણે સાર્થક કરી છે. કોના
જીવનની અંદર છે ને કદાચ વરસની એક પ્રસંગ
નોંધી શકાય. ગુરુદેવનું જીવન એવું હતું, એમની
પ્રત્યેક ક્ષણ, પ્રત્યેક કલાક અને પ્રત્યેક દિવસ,
એ ઐતિહાસિક ઘટના બની જાય, એવા સંવેદન-
શીલ એ મહાપુરુષ હતા. એમના અંદર રહેલી
પ્રભુશાસન પ્રત્યે ની અદ્ભુત પ્રીતી, મારા બા-
મહારાજ મને કહેતા, પાલીતાણા ચાતુર્માસ, રાજેન્દ્ર-
ભવનની અંદર, સમ્મેતશિખર નો પ્રશ્ન આવ્યો, ને
અત્યંત નાદુરસ્ત સ્વાસ્થ્યની વચ્ચે પણ ગુરુદેવને
જે બેચેન અવસ્થાની અંદર જોયા છે. કલાક-
કલાક સુધી ઉપાશ્રયમાં આંટા મારે, મારા-
સમ્મેતશિખર નું શું થશે ?

પ્રભુશાસનના એક એક અંગ પ્રત્યે આત્મીયતા નો ભાવ, પોતાની પ્રેમની ને હુંફ નો જ ભાવ હતો, અને એટલે જ આ મહાપુરુષ, સામાન્ય થી એમ-કહેવાય, શાસન પ્રભાવક શબ્દ તમે કોના માટે-વાપરો, ખબર છે ?, પ્રભાવક કોને કહેવાય ?, જે જગતની અંદર દાઝતા હોય ને એને શાસન-પ્રભાવક કહેવાય. અમારા ગુરુદેવ માટે કહું કે એ

## SILENT શાસન પ્રભાવક હતા !

કદાચ હજારોની સભાઓ એમની ન હતી થતી. કદાચ પ્રતિ વર્ષે જે દસ-પંદર મોટા આયોજનો થતા હોય તે-ન થતા હોય. પણ SILENTLY એમણે જે શ્રુતના કામો કર્યા છે, SILENTLY જે સાત ક્ષેત્રની ઉન્નતિ-ના કામો કર્યા છે. SILENTLY પ્રભુ શાસનને અંદર થી મજબુત કરવા માટે, પ્રભુ શાસનના એક એક સિધ્ધાંતો ને જડ મુળ કરવાના જે પ્રયાસો-કર્યા છે. જગતની અંદર જગજાહેર શાસન પ્રભાવક ઘણા દેખાય, SILENT શાસન પ્રભાવક તરીકે જો ઓળખવા હોય તો ગુરુદેવ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ હતા. આવા ગુરુદેવ એમની કૃપા અમારા સૌ પર અવિરત વરસતી રહે, એમના પોતાના જીવનની જે કાંઈ પણ ઈચ્છાઓ હતી, એમના અંતર-માની હતા, ઘણીવાર અમને કહેતા કે મારી પાસે શક્તિઓની તો ઘણી છે, મારા શિષ્યો ઘણા શક્તિશાળી છે, પણ જિનશાસનની આ TRAGEDY છે કે જિનશાસનમાં શક્તિઓ અંદરો અંદર ખપાય છે, શક્તિઓ જો ખપાય નહિ, તો શાસનની-ઉન્નતિ થાય. આ જિનશાસનની અંદર ગુરુદેવનું એક સ્થાન હતું, કે બધી જ શક્તિઓ એક-

બીજાના સહકારમાં રહી, અને પ્રભુશાસનની ઉન્નતિ
કરે, જિનશાસન માટેનો એમના આ અરમાન-
સફળ કરવાની શક્તિ, અમારા સૌની અંદર પ્રગટે.
અને બધા જ શાસન પ્રભાવકો એક બીજાની-
સાથે સાંકળની જેમ જોડાય, અને પ્રભુશાસનની
ઉન્નતિ કરીએ.

---

# "પ્રથમ"

DATE 31 07 2021

ગુણાનુવાદનું જેને હાર્દ કહી શકાય, તાત્પર્યાર્થ કહી શકાય, પરમપર ફળ કહી શકાય, પરમ ઉદ્દેશ્ય કહી શકાય, એટલું જ કે જેના ગુણાનુવાદ કર્યા-એ આપણા અંતર ઉપર છવાઈ જાય.

આપણી પાસે વિજાતીય ના ગુણાનુવાદ છે, સ્ત્રીના ગુણાનુવાદ છે, સંપત્તિના ગુણાનુવાદ છે, સત્તાના ગુણાનુવાદ છે, ઘરના ગુણાનુવાદ છે, આપણી પાસે ગુરુના ગુણાનુવાદ છે જ નહિ! વ્યવહાર દ્રષ્ટિએ વિવિધ નિમિત્તો, દીક્ષા તિથિ-પુણ્યતિથિ, વગેરે વગેરે નિમિત્તે, જુદા જુદા ગચ્છોમાં-જુદા જુદા સમુદાયો, ગચ્છો, વગેરેના મહાપુરુષોના ગુણાનુવાદો થયા કરતા હોય છે. નિશ્ચય દ્રષ્ટિએ-ભગતા, સુના, ગમે ત્યાં, ગમે તે સમયે, દુન્યવી વસ્તુઓના ગુણાનુવાદ થયા કરતા હોય છે.

સાચા ગુણાનુવાદ કરવા એટલે શું?
સાચા ગુણાનુવાદ સાંભળવા એટલે શું?

જેની વાત થઈ રહી છે એ જો મારા ઉપર છવાઈ નથી ગઈ, એમના ગુણો ઉપર જો હું આફરીન-નથી, ગાંડો નથી થઈ ગયો, જેના સિવાય જેટલું બધું દુન્યવી છે, એ મને ધૂળ અને રાખ બરાબર લાગતું નથી. તો મેં ગુણાનુવાદ નથી કર્યા મેં નાટક કર્યું છે. બસ આ નાટકો ચાલ્યા કરે છે.... ચાલ્યા કરે છે... એક બોલવાનું નાટક હોય છે, એક સાંભળવાનું નાટક હોય છે, એક સારા-અભિપ્રાય આપવાનું નાટક હોય છે કે, ખરેખર ગુણાનુવાદ બહુ સારા હતા, પ્રવચન આપણા ત્યાં ના ત્યાં છે, હકીકતમાં આપણે નાટક જ કર્યું છે.

એક પ્રયાસ કરવો છે કે સદ્ગુરુ આપણા અંતર પર છવાઈ જાય. બસ આટલું થઈ જાય એટલે આપણું કામ પુરુ થઈ ગયું છે, મોક્ષ માટે હકીકતમાં બીજું કાંઈ જ કરવાનું બાકી રહ્યું નથી. બહુ સરસ મજાની વાત શાસ્ત્રકાર ભગવંતો કરે છે,

जा दव्वे होइ मई अहवा तरुणीसु रूववंतीसु।

જે દ્રવ્યની અંદર મતિ થાય છે, બુદ્ધિ થાય છે, પૈસા.. પૈસા જો જેવા લાગે છે, રૂપવાન કોઈ યુવાન સ્ત્રી હોય એના પ્રત્યે જેવી બુદ્ધિ થાય છે.

सा जइ जिणवरधम्मे करयलमज्झट्ठिया सिद्धी ॥

એ જિનશાસન પ્રત્યે એ જ બુદ્ધિ આવી જાય, એ જ ભાવ, એ જ FEELINGS, એ જ ATTRACTION, એ જ ઉપાદેય બુદ્ધિ આવી જાય, તો પછી મોક્ષ આપણા હાથમાં!

છગને મગનને પુછ્યું કે તને બંગાળી ભાષા આવડે. મગન કહે આવડે એટલે, છગન કહે આમ લખતા- વાંચતા આવડે ? મગન કહે કે લખતા આવડે, વાંચતા ન આવડે, છગન કહે લખી તો બતાવ, અને મગને વાંગડંબાંગડું કાંઈક લખ્યું. છગન કહે કે આ તે શું લખ્યું છે, વાંચ ! મગને કહ્યું કે મેં કીધું ને મને લખતા આવડે છે, વાંચતા નથી આવડતું.

આપણી સ્થિતિ આ છે કે આપણને બોલતા આવડે છે, આપણને સાંભળતા આવડતું નથી. બોલવામાં આપણે બધા બહુ જ હોંશિયાર છીએ, સાંભળવાની આપણી બિલકુલ ઈચ્છા નથી, ને ત્યાં સુધી કે આપણે બીજાનું કાંઈ સાંભળવા

નથી માંગતા, આપણે પોતાનું પણ સાંભળવા-માંગતા નથી. આપણે બહુ સારુ બોલી શકીએ-છીએ. આપણે બીજાને સારુ સમજાવી શકીએ છીએ સારા ઉપદેશો આપી શકીએ છીએ, પણ આપણે જે બોલીએ છીએ ને એ પણ આપણે સાંભળવા-તૈયાર નથી. આપણે જેટલું બોલ્યા એને પણ જો આપણે ખરા અર્થમાં સાંભળીએ, એટલાનો પણ અમલ કરીએ તો પણ આપણું કલ્યાણ થઈ જાય એમ છે પણ આપણને એ પણ ફાવતું નથી. કારણકે આપણે કશું સાંભળવું જ નથી. આપણે બોલવામાં એટલા બધા વ્યસ્ત છીએ, કે આપણી પાસે સાંભળવાનો અવકાશ જ નથી,

SCOPE જ નથી!

આપણે જ્યારે વાણીથી ન બોલતા-હોઈએ, ત્યારે આપણે વિચારોથી બોલતા હોઈએ છીએ, આપણું બોલવાનું તો ચાલુ જ છે, એને સાંભળવા આપણે હરગીઝ તૈયાર નથી.

## સદ્‌ગુરુ એ નિશ્ચય મૌન અગિયારસ છે!

સદ્‌ગુરુ જીવનમાં આવે છે ને આપણી બધી જ બોલતી બંધ થઈ જાય છે. આપણા વિચારો બંધ થઈ જાય છે. બધી જ રીતે મૌન થઈ જવું-અને માત્ર ને માત્ર સાંભળવું એનું નામ-"શિષ્યત્વ"!

## સદ્‌ગુરુ એ નિશ્ચય મૌન અગિયારસ છે!

સદ્ગુરુ ભુવનમાં આવે છે, વાણી બંધ થઈ જાય છે.
વિચારો ને વિકલ્પો મૌન થઈ જાય છે. ઇન્દ્રિયો-
મૌન થઈ જાય છે, વિષયો ની પાછળ દોડની
અટકી જાય છે કષાયો મૌન થઈ જાય છે,
કષાયો થા તો જગતા નથી, ને થા તો એવું-થા
કરી શકતા નથી. શુભશીલતા મૌન થઈ જાય છે,
અનુકૂળતા ની દોટ મૌન થઈ જાય છે. સાંસારીક-
પ્રવૃત્તિઓ મૌન થઈ જાય છે. સાંસારીક ગણિતો
મૌન થઈ જાય છે.

સદ્ગુરુ એ નિશ્ચય મૌન અગિયારસ છે!

રાજસ્થાનની અંદર અમારા વિહારો
હતા, વિહાર કરતા.. કરતા અમે એક પછી એક
ગામમાં જઈ રહ્યા છીએ, એક સ્થાને અમે પહોંચ્યા-
પહોંચી ને સ્વાધ્યાયમાં લાગ્યા, પાત્રા પોરિસિ થઈ-
ફરી સ્વાધ્યાય કર્યો, મહાત્મા ગોચરી નીકળ્યા.
ગોચરી મહાત્મા ફરી રહ્યા છે.. ફરી રહ્યા છે ---
ફરી રહ્યા છે --- રાજસ્થાનની અંદર છે ને,
દાળ-ભાત નું ચલણ ઓછું, અને શાક તો થાય ન
હોય ને હોય તો LIMITED હોય, ચટણી ની જેમ
એ લોકો વાપરે. ગોચરી લઈ ને મહાત્મા ઓ-
આવી ગયા છે, મહાત્માઓ વાપરવા માટે ગોઠવાઈ
ગયા છે. ગોચરી પૂરતી આવી છે. ગોચરીની
કોઈ કમી નથી. પણ ગુરુદેવનો વિશાળ પરિવાર-
મોટી માંડલી, જેમાં TOTAL જે દાળ આવી
તે, એનું TOTAL પ્રમાણ એક વાટકી હતું,
હવે મજાની વાત એ, કે જે મહાત્મા પીરસી
રહ્યા છે, દાળ પીરસવા નીકળ્યા છે, મહાત્માઓ-

DATE

ને ખબર છે, કેટલી દાળ આવી છે. બધાની એ-ભાવના કે બીજાને આ દાળ મળી જાય. એને દરેકની આ ભાવના છે, એટલે કોઈની ભાવના પુરી થતી નથી. પહેલા મહાત્મા ROUND લગાડ્યા કરે માંડલીમાં કે લઈ લો, કોઈએ તો હવે-લેવાની છે, કોઈ લેવા તૈયાર નહિ, ના હું નથી લેવાનો, તમે બીજાને આપો. ગોચરી વાપરવાનું શરૂ થઈ ગયું, મહાત્માઓ વાપરતા જાય છે, જાડી-જાડી રાજસ્થાની રોટલીઓ હાથ મોઢામાં વ્યવસ્થિત થવાયા કરે, સાથે કાંઈ ના હોય એટલે વધારે થવાય, પણ કોઈ એ દાળ લેવા માટે તૈયાર નથી. એકાસણા- બેસણા જેમને જે પણ હતું, એ બધું પુરુ થવા આવ્યું, હવે ઉભા થવા આવ્યા, દાળ એમની એમ પડી રહી છે. છેવટે એક મહાત્મા-ને પરાણે આપવી પડી કે, હવે તમે લઈ લો નહિ તો પરઠવવી પડશે.

હું તમને કહું છું કે એ એમ જ હતા, જે બાળપણમાં ખાવાની વસ્તુ માટે કદાચ ભાઈ-બહેન સાથે ઝઘડ્યા હતા. એ એમ જ હતા જે છાશવારે હોટલ અને લારી એ લાભ આપતા-હતા. એ એમ જ હતા, જે ચોકલેટ, ICE-CREME, કુલ્ફી વગેરે ઉડાવ્યા કરતા હતા. એ એમ જ હતા જે ઘરે આ બનાવો ને તે બનાવોની DEMAND કર્યા કરતા હતા. એ એમ જ હતા જે ખાવાના રસિયા પણ હતા. પણ જીવનમાં સદ્‌ગુરુ આવ્યા, અને ઇન્દ્રિયોની સુજશીલતાનું મૌન એમને મળી ગયું. કારણકે,

સદ્‌ગુરુ એ નિશ્ચય મૌન અગિયારસ છે.

ગુરુદેવનું જે અસ્તિત્વ, ગુરુદેવનું જે સાન્નિધ્ય, ગુરુદેવની જે આજ્ઞા, ગુરુદેવની પ્રેરણા, ગુરુદેવની વાચના.

ગુરુદેવ ગોચરી વાપરવા આવ્યા હોય, કદાચ તમારામાંથી કોઈ ત્યાં બહાર હાજર હોય ને તમે આવ્યા તમે વંદન કર્યા, સાહેબ ગોચરી વાપરવા ગયા, સાહેબ ગોચરી વાપરી ને આવ્યા તમને સો ટકા એમ લાગે કે સાહેબ જોરી મારીને આવ્યા છે, ના.. ના.. આટલી વારમાં કોઈ ગોચરી વપરાય જ નહી હશે !

શાસ્ત્રની અંદર સાધુનું એક વિશેષણ આવે છે,

जायामायाआहारे

સાધુ કેટલું વાપરે ? ચાલે એટલું વાપરે, પરેભરાય મય એટલું વાપરે, ભાવે એટલું વાપરે ! ભૂખ એટલું વાપરે, શાસ્ત્રમાં સ્પષ્ટ જવાબ આપ્યો, આ બધા જવાબો ખોટા છે, સાધુ માત્ર એટલું વાપરે જેનાથી એમની સંયમની યાત્રા બરાબર ચાલે.

ના ગુરુદેવ સ્વાદ માટે વાપરતા, ન ગુરુદેવ વાપરવા માટે વાપરતા, ગુરુદેવ માત્ર સંયમ પુરતા દેહ ને ટકાવી રાખવા માટે, જે સંયમનો નિર્વાહ બરાબર થઈ મય એ માટે વાપરતા. શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું,

न रसट्ठाइ भुंजिज्जा जवणट्ठाइ महामुणी।

વાપરવાનું છે એ સ્વાદ માટે નહિ, રસ માટે નહિ, ઈન્દ્રિયો માટે નહિ, ભાવે માટે નહિ,

આત્મ ને માત્ર યાપના માટે, યાપના નો અર્થ છે, સંયમ નિર્વાહ. ગુરુદેવનું સ્વાસ્થ્ય પહેલાથી નબળુ, ગુરુદેવ તપ ના કરી શકે. વર્ધમાન તપની દસ-ઓળીઓ ગુરુદેવે કરી, એથી ને કરી. ગૃહસ્થપણામાં ૭૫ આગમના એકાસણા કર્યા. શરૂઆતના દિવસોમાં કદાચ થોડા એકાસણા કર્યા. પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ જોયું કે આમની આ સ્થિતિ નથી. અને હું જો આનો આગ્રહ રાખીશ તો સ્વાધ્યાય ઓછો થશે. એ તો શાસ્ત્ર ને મંજુર નથી. અને પ્રેમસૂરીશ્વરજી મહારાજએ, વર્ષોથી એમની પરંપરામાં ચાલી આવેલા એકાસણાની, ગીતાર્થતા વાપરીને, ગુરુદેવ અને એમના જેવા જે મહાત્માઓ, એમને છુટ આપી.

પૂજ્ય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, શાસનના બહુ મોટા પ્રભાવક, વ્યાખ્યાન વાચસ્પતિ, એ સમયે એમનું વ્યાખ્યાન ખુબ જ વખણાય. એમની પણ તબીયત ઢીલી. તપ ના કરી શકે. પણ દાનસૂરીશ્વરજી મહારાજની એટલી કડક કાયદો, કે એમને પણ નવકારશી કરવા મળે નહિ. વ્યાખ્યાન વાપર્યા વગર એમણે આપવાનું, ATLEAST પોરસી નું પચ્ચક્ખાણ એમણે પણ કરવાનું, અને ગુરુ આજ્ઞાથી એ પણ કરતા. અને વ્યાખ્યાન પુરુ થાય, એટલે પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એ વખતે પ્રેમવિજયજી, એ એમના માટે દુધ વહોરવા માટે જતા. કોઈ પુછતું કે આપ આટલા મોટા થઈ ને, ગુરુ થઈને, એમના માટે દુધ વહોરવા જાવ. અને પ્રેમવિજયજી કહેતા કે, મારો રામ શાસનનો મોટો પ્રભાવક થાય એવો છે. તો એની પ્રભાવનામાં મારો

પણ લાગ જોઈએ ને ? આ પરંપરા હતી. એ જ પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ જોયું કે આ આટલા-આટલા સાધુઓ, એવું નથી કે ખાવાની આસક્તિ છે, પ્રમાદ છે, ઢીલાશ છે. પણ, એમની-પરિસ્થિતિ જ એવી છે કે જો એ લોકો વાપરશે નહિ સવારે તો એમનો સ્વાધ્યાય નહિ થાય, માટે તો એમને આભ્યંતર રીતે આગળ વધારવાના છે અને જિનશાસનમાં બાહ્ય તપ પણ અભ્યંતર-તપની પુષ્ટિ માટે છે, બાધક બને એના માટે-નથી. અને પ્રેમસૂરીશ્વરજી મહારાજ બધા મહાત્માઓ-ને નવકારશી કરાવતા.

ગુરુદેવ વિશેષ તપ ના કરી શકે પણ ગુરુદેવનો ત્યાગ, ગજબ ગજબનો, ગુરુદેવ ની-પરિણતિ ગજબ ગજબની,

## તપ કરતા પણ ત્યાગ વધારે થઈ !

હું તમને કહું છું, તમે પણ હજુ જિનશાસનનું હાર્દ સમજ્યા નથી. તપ કરીને પારણાની અંદર ભાવતી-વસ્તુઓ ઉપર તૂટી પડ્યું, કહે કે ભાઈ માસક્ષમણનો થઈ ગયા, પછી હોટલો ઉપર દરોડા પડી જાય.

## ચોરાસી તપનું એક એક બેસણું મિજબાની બની જાય.

આવું બની શકે છે. તપની અંદર વિવેક ન ભળે તો તપની અંદર આહાર સંજ્ઞા ઓર કુદકે ને ભુસકે વધે, એવું બની શકે છે. શાસ્ત્ર આવી તપ-કરવાની સ્પષ્ટ ના પાડે છે. મરણસમાધિ આગમ-ની અંદર બહુ સ્પષ્ટ કહ્યું,

कल्ले कल्ले वि वरं आहारो परिमिओ य पंतो य।

તમે રોજે રોજ વાપરો, એવું નહિ અઠ્ઠમ ના પારણે અઠ્ઠમ, એવું નહિ છઠ ને પારણે છઠ, એવું નહિ ઉપવાસ ને પારણે ઉપવાસ, એકાંતરા ઉપવાસની- એ વાત નથી, તમે રોજ વાપરો, પણ પરિમિત- વાપરો, પ્રાંત વાપરો,

प्रकर्षेणान्ते स्थितमिति प्रान्तम्।

જેને સાદામાં સાદુ કહેવાય, જેને હલકામાં હલકું- કહેવાય, એવું તમે વાપરો.

कल्ले कल्ले वि वरं आहारो परिमिओ य पंतो य।

તમે ઉપવાસો નહિ કરો, છઠ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, માસક્ષમણ, નહિ કરો ચાલશે. તમે ઓળીઓ- કરીને, પાછુ પારણામાં બધુ સાદુ વાળો છો. આવુ તમે નહિ કરો તો ચાલશે, તમે રોજે વાપરો, પણ સાદુ વાપરો ને પરિમિત વાપરો, પરિમિત દ્રવ્યો વાપરો, પરિમિત વાર વાપરો,

न य खमओवि पारणए बहु बहुसो बहुविहो य॥

જો તમે તપસ્વી હો, તમે ઉપવાસો કરો, પણ પારણાની અંદર તમે ઘણી વાર વાપરો, ઘણું બધું વાપરો, અને ઘણા બધા દ્રવ્યો વાપરો, એ સારુ નથી. વાત તમને સમજાય?

ગુરુદેવ પાસે કદાચ ઉપવાસ, છઠ, અઠ્ઠમ, વગેરે નો તપ ન હતો પણ ગુરુદેવની પાસે જે ત્યાગ હતો. ગુરુદેવની જે ઉણોદરી- તપ, બે-ચાર મિનિટની અંદર જે ગુરુદેવ વાપરી લેતા, આવી એમની ઉણોદરી તપ કેવી હશે. હું તમને કહું છું, અઘરું છે! અઠ્ઠાઈ કરી લેવી સહેલી છે, પણ ઉણોદરી રાખીને ભાણે થી ઉભા થઈ જવું એ અઘરું છે.

ગુરુદેવનો વૃત્તિસંક્ષેપ તપ. ગુરુદેવ આ ઉંમરે, આ તબિયતે પણ, મહાત્મા કહે આ વાપરો ગુરુદેવ કહે કે એ મારી દ્રવ્ય ધારેલા છે. બાકી તું જે કહે એ આગ્રાથી લઈ લઉં, બાકી બધું તો હું નહિ લઈ શકું.

જે ઉંમરે કોઈ અભિગ્રહ, કોઈ નિયમ, એ બધું કરવાને બદલે કઈ રીતે શરીર બરાબર-ચાલે, કઈ રીતે અનુકૂળ રહે, કઈ રીતે ગુરુદેવ-નું સ્વાસ્થ્ય સારામાં સારું રહે એવી અમારી દ્રષ્ટિ હોય ને આ ઉંમરે છેલ્લે સુધી ગુરુદેવના કાંઈક ને કાંઈક અભિગ્રહો ચાલુ રહ્યા છે. આ ગુરુદેવનો વૃત્તિ સંક્ષેપ તપ.

## ગુરુદેવનો રસ ત્યાગ તપ!

પાંત્રીસ-પાંત્રીસ વર્ષ સુધી ગુરુદેવે કેરીના-રસનો ત્યાગ રાખ્યો છે. ગુરુદેવે મેવાનો ત્યાગ રાખ્યો છે. અને હરગીઝ ગુરુદેવ લેવા તૈયાર નહિ. આ ગુરુદેવનો રસ ત્યાગ તપ!

હું તમને કહું છું, ઉગ્રમાં ઉગ્ર-તપસ્વીઓનો તપ પણ શરમાય મય, એવો ગુરુદેવ-નો આ બધો તપ હતો.

## ગુરુદેવનો પ્રાયશ્ચિત્ત તપ!

શુદ્ધ આલોચના પ્રેમસૂરીશ્વરજી મહારાજની પાસે કરતા. ચૌદસનો દિવસ હોય-પ્રતિક્રમણ ને ચોથી વાર હોય, ગુરુદેવ, પ્રેમસૂરીશ્વરજી

મહારાજની આગળ વંદન કરીને બેઠા હોય, ગુરુદેવ-
પોતાના અતિચારો, દોષો બોલતા જાય. પ્રેમસૂરી-
શ્વરજી મહારાજ બધું જ મનમાં ધારતા જાય. ગુરુ-
દેવની વાત પુરી થાય. TOTAL થઈ ગયું હોય. અને
પ્રેમસૂરીશ્વરજી મહારાજ કહે કે આ તમારું પ્રાયશ્ચિત
છે. આ ગુરુદેવનો પ્રાયશ્ચિત તપ હતો. આગળ
વધીને ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજની પાસે,
એમની પછી જયઘોષસૂરીશ્વરજી મહારાજ પાસે, અને
એમની પછી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ પાસે -
જીવનના છેલ્લા દિવસો સુધીની શુદ્ધ આલોચના
ગુરુદેવે કરી છે.

હું તમને કહું કે એટલી HEIGHT
ઉપર બેઠેલા એ મહાપુરુષ, આપણને એમ થાય-
કે એમને દોષ પણ શું લાગતા હોય. કદાચ-
દ્રવ્યથી કાંઈ લાગે, એની શાસ્ત્ર છુટ આપતું હોય,
આ ઉંમરે, આ તબિયતે, શાસનની ધુરા તમારા
ખભા ઉપર તમે વહન કરતા હો, બધી જાતની
સ્વાસ્થ્ય માટેની તમને છુટ છે. તમે યોગક્ષેમ-
શાસનનું અને શિષ્યગણનું સારાંમાં સારુ કરો.
શરીર જે રીતે ચાલે ત્યાં સુધીની, કદાચ દોષિત
લેવું પડે, શાસ્ત્રો એની OFFICIALLY છુટ-
આપતું હોય તો આપણને લાગે કે એવા મહાપુરુષે
આલોચના લેવાની પણ શી હોય તો પણ એમની
જે ભવભીરુ ભાવ, એમની જે પરિણતિ, એમની
જે મોક્ષાભિલાષા, એમની જે આત્માર્થીતા,
જીવનના છેલ્લા છેલ્લા સમય સુધી શુદ્ધ આલોચના
એ ગુરુદેવ કરતા રહ્યા, અને પ્રાયશ્ચિત વહન
કરતા રહ્યા, આ ગુરુદેવનો પ્રાયશ્ચિત તપ!

## ગુરુદેવનો વિનય તપ અજબ-ગજબનો !

જેમને એમ પોતાના ગુરુદેવો ની કૃપા મળતી હોતી નથી. આખી જીંદગી જેઓ સમર્પિત રહ્યા હોય, ઔચિત્ય નું બરાબર પાલન કર્યું હોય. ગુરુદેવની ભક્તિમાં કોઈ કચાશ ન રાખી હોય. પોતાનું સ્વાસ્થ્ય કામે તેવું હોય, ગુરુ-દેવે એક વાર જોયું કે પ્રેમસૂરીશ્વરજી મહારાજ, આટલા વિશાળ સમુદાયના ગચ્છાધિપતિશ્રી, એની અત્યારે જે મહાત્મા ટપાલનું કાર્ય કરતા હતા, એ સાથે નથી.

## સહેલું નથી, પોતાનું કર્યું બહુ સહેલું છે!

ગુરુદેવના નામે સિદ્ધાંત મહોદધિ-શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજ તરફથી ફલાણા ફલાણા મહાત્માને શ્રાવક જોગ ધર્મલાભ! આ તમારો પત્ર મળ્યો, એનો આ જવાબ. ગુરુદેવે જણાવ્યો છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતે ના લખી શકે એ-ઉંમરે, ગુરુદેવે બાર મહિના સુધી આખું વરસ, પ્રેમસૂરીશ્વરજી મહારાજનો આખો ટપાલ વ્યવહાર-સંભાળ્યો.

આ વિશ્વાસનું કામ હોય છે, આ-આપ્તનું કામ હોય છે, આ સમર્પિત નું કામ-હોય છે. પોતાનું ચલાવે એનું બિલકુલ કામ નથી હોતું ને, ગુરુ નો આશય સમજીને, યોગ-શબ્દોમાં ઘણું સમજીને, વ્યવસ્થિત ઔચિત્ય-પૂર્વક જે પત્ર લખી શકે એમનું કામ હોય છે ને, એ કાર્ય ગુરુદેવે સંભાળ્યું.

ગુરુદેવે જોયું કે અત્યારે આટલો વિશાળ પરિવાર,
અત્યારે ગોચરી-પાણીની વ્યવસ્થા એમાં જરૂર છે.
ગુરુદેવે એ કાર્ય પણ માથે લઈ લીધું ને ગુરુદેવે
જોયું, અત્યારે કોઈ પ્રવચન આપનાર નથી. અને
પ્રેમસૂરીશ્વરજી મહારાજ ને કદાચ એની પણ ચિંતા છે,
અત્યારે કોણ ? બીજા નાના છે, અને ગુરુદેવે-
એમના ગુરુદેવની આ ચિંતા પણ દૂર કરી. પ્રવચનમાં
પ્રેમસૂરીશ્વરજી મહારાજના છેલ્લા વરસની અંદર,
ટપાલ વ્યવહાર, ગોચરી વ્યવસ્થા, અને વ્યાખ્યાન,
આ ત્રણે કાર્યો ગુરુદેવે સંભાળ્યા ને પ્રેમસૂરીશ્વર-
જી મહારાજ ને સાંત્વના મળી !

ગુરુદેવનો એમના ગુરુદેવ પ્રત્યેનો
વિનય તપ, એમની હાજરીમાં તો હતો, આજ
સુધી અમે જોયું છે. પચાસ-પચાસ-પંચાવન-
પંચાવન વર્ષ, ગુરુદેવના કાળધર્મ ને થઈ ગયા-
હોય. હું તમને કહું છું, તમારી ત્રીજી પેઢીને
તમારું નામ પણ ખબર હશે કે નહિ એ પ્રશ્ન
છે અને અમારા ગુરુદેવની પાંચમી-છઠ્ઠી-
પેઢી થઈ ગયા પછી પણ, પોતાની ઉપર ત્રીજી-
પેઢી એ રહેલા ગુરુદેવને, આમ યાદ કરે એ તો
બહુ નાની વાત, કહેવાય. એકવીસ વર્ષ મારી
દીક્ષાને થયા, છેલ્લા બે ત્રણ વર્ષ મુમુક્ષુ પણામાં
ગુરુદેવ સાથે રહેવાનું થયું. ભલે ટુકડે.. ટુકડે !
ગુરુદેવની મેં અનેકાનેક વાચનાઓ સાંભળી,
હમણાં વાચનાઓ ગુરુદેવે અમને આપી. PERSONAL
અમે બેઠા હોઈએ, કેટલીએ વાતો કરી, હિતશિક્ષાઓ
આપી. ગુરુદેવની એક હિતશિક્ષા કે વાચના
એવી ન હોય, જેની અંદર પ્રેમસૂરીશ્વરજી મહારાજ-
નું નામ ન હોય !

ગયા વરસની વાત કરું. જેઠ સુદ પાંચમ ગુરુદેવ-
નો દીક્ષા દિવસ, અને ગુરુદેવ નાદુરસ્ત તબિયત-
માં પણ, એ દિવસે અમે બધા એ વંદન-
કર્યા, ગુરુદેવને હિતશિક્ષા આપવાની કહી, આમ-
તો મેં આમ કર્યું ને મેં તેમ કર્યું એ બીજા-
પોતાના માટે બોલે, પોતે પોતાના માટે બોલે,
ગુરુદેવ સાથે કહી આવું પણ નથી. પ્રેમસૂરીશ્વરજી
મહારાજની વાત કરતા.. કરતા.. ગુરુદેવ રીતસર
રડી પડ્યા, એમની આંખમાંથી આંસુઓ ચાલ્યા..!

શાસ્ત્રકાર ભગવંતો બહુ મહત્ત્વની વાત
કરે છે,

'धन्नो सो जीयलोए गुरुणो निवसन्ति जस्स हिययम्मि।

તે ધન્ય છે આ જીવલોકની અંદર કે ગુરુઓ જેના
હૃદયમાં વસે છે,

धन्नाण वि सो धन्नो गुरूण हियए वसइ जो उ ॥

પણ જે ગુરુના હૃદયમાં વસી જાય છે, તેઓ
ધન્યાતિધન્ય છે. આપણે ધન્ય પણ નથી બની
શકતા અને ધન્યાતિધન્ય પણ નથી બની શકતા,
હજુ પૈસા વસેલા છે અંતરમાં, હજુ ઘર વસેલું-
છે, હજુ પરિવાર વસેલો છે, હજુ વિજાતીય-
અંતરમાં વસેલા છે. હજુ ગુરુ આપણા અંતરમાં
વસતા નથી. અને હજુ આગળ વધીને આપણી
પાત્રતા એવી હોય, આપણા ગુણો એવા હોય,
આપણી આરાધના એવી હોય, આપણું સમર્પણ-
એવું હોય, કે આપણે ગુરુના હૃદયમાં વસી જઈએ.
આ તો આપણા માટે સપનાથી પણ સપનાની
વાત છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ નૂતન દીક્ષિત-
મહાત્માને હિતશિક્ષા આપતા હોય ને, એમને
એક પ્રશ્ન કરતા, બોલ તું હેમચંદ્રવિજય કેવો

DATE

સ્વાધ્યાય ક્યારે કરીશ. એમ શિષ્ય છે ગુરુદેવના - અને ગુરુદેવના ગુણાનુવાદ કરીએ એ વાત જુદી છે. અમારા CERTIFICATES નું એટલું બધું મુલ્ય નથી હોતું, પણ દાદા ગુરુદેવ પોતે સ્વયં સિદ્ધાંત મહોદધિ, કલિકાલ કલ્પતરૂ, સંયમ સમ્રાટ જેવા ગુરુદેવ, જ્યારે એમને આ CERTIFICATE આપતા હોય ને, ગુરુદેવનો વિનય તપ, પ્રેમ-સૂરીશ્વરજી મહારાજના આદર્શો ને એમણે જે જીવનમાં અપનાવ્યા, જે પચાવ્યા, જે છેલ્લા-શ્વાસ સુધી પકડી રાખવા માટે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ શાસ્ત્રીય બાબતોમાં, ક્યાં-ક્યાં, શું-શું માનતા હતા, શેના માટે એમનું અંતર કકળતું હતું, આ લોકો સમજતા નથી, આના કારણે સંઘમાં ડખા થાય છે. એ એક-એક બાબત, એનો ઝંડો ગુરુદેવ પોતાના જીવનના છેલ્લા શ્વાસ સુધી લઈને બેઠા હતા!

એક એક શાસ્ત્રીય બાબતમાં - પ્રેમસૂરીશ્વરજી મહારાજ શું શું માનતા હતા, એમના શું લખાણો હતા, એમના શું વિધાનો હતા, ગુરુ-દેવ વિહારની અંદર એક પોથી એમની સાથે રાખતા હતા, આપણને થાય કે આનું કશું કામ નથી, પણ એથી કોઈ યોગ્ય વ્યક્તિ મળી હોય ને - ગુરુદેવ એ અંતરના ભાવ સાથે એમને સમજાવવાનો પ્રયાસ કરે, કે સાહેબ આ દ્રવ્ય વ્યવસ્થામાં આમ માનતા હતા, સાહેબ આ સિદ્ધાંતમાં આમ માનતા હતા, સાહેબ આમાં આમ માનતા હતા, આ એના શાસ્ત્ર પાઠો છે ને આ સાહેબે - લેખો કર્યા હતા. સાહેબ આ રીતે સમજાવતા હતા, હું તમને કહું છું કે મારું માનેલું તમે માની લો,

DATE

એનો તો મને ઉલ્લાસ હોય, પણ મારા ગુરુદેવ-
ના વચન, ગુરુદેવની ભાવના, અને એને હું
દુનિયામાં પ્રસારું, અને એનું જ્ઞાન હું આપું,
આ ગુરુદેવનો જીવનના છેલ્લા દિવસો સુધીનો
એમના ગુરુદેવ પ્રત્યેનો વિનય હતો.

ગુરુદેવનો વૈયાવચ્ચ તપ જોવો
ઘણા બધા પ્રકારની વૈયાવચ્ચ હોય છે, ગુરુદેવે-
જીવનના શરૂઆત ના વર્ષોમાં દ્રવ્ય વૈયાવચ્ચ પણ
પુષ્કળ કરી છે, અને એના પછીના વિશાળ જીવન-
ની અંદર, ભાવ વૈયાવચ્ચ પણ પુષ્કળ કરી છે
હું છેલ્લા મહિનાઓની વાત કરું, બે મહિના-
પહેલાની વાત અમે ગુરુદેવની પાસે ઉભા હતા,
કોઈ મહાત્મા ઉભા છે, વાત થઈ રહી છે,
ગુરુદેવ પોતાની વાત કરતા હતા કે મેં કોઈની
વૈયાવચ્ચ નથી કરી. મેં કોઈની સેવા નથી કરી,
તમે મારી ઘણી સેવા કરો છો. મારી વાત નથી-
સેવામાં જે બીજા મહાત્માઓ હતા એમની વાત છે
મેં કોઈની સેવા નથી કરી ને ત્યારે મેં ગુરુદેવને
કહ્યું કે, ગુરુદેવ આપે આખી જિંદગી, અમારા
બધાનું જે યોગક્ષેમ કર્યું છે ને, અમે તો કરી કરી
ને શું કરીએ, આપે અમારાં દરેકે દરેક ની
ઉત્કૃષ્ટ માં ઉત્કૃષ્ટ સેવા કરી છે. ગુરુદેવે જે
સંઘની વૈયાવચ્ચ કરી છે ગુરુદેવે જે શાસનની
વૈયાવચ્ચ કરી છે ગુરુદેવે એક એક શિષ્યોની
જે ભાવ વૈયાવચ્ચ કરી છે, એમને ચોમાસુ-
કરવા પણ મોકલ્યા હોય, ત્યાં અમે શું કરીએ
છીએ, શું નહિ, ગુરુદેવનું બધું ધ્યાન
હોય, ગુરુદેવની બધી Glory હોય !

ગુરુદેવનો સ્વાધ્યાય તપ, પ્રેમસૂરીશ્વરજી મહારાજ
એક દિવસ ની સવારે, બધા મહાત્માઓ રાઈ-
મુહપત્તિ કરી રહ્યા છે, રાઈ મુહપત્તિ પુરી થઈ-
પચ્ચક્ખાણ અપાઈ ગયું. મહાત્મા બેઠા છે,
ને પ્રેમસૂરીશ્વરજી મહારાજ આજે બહુ જ સારા-
MOOD માં લાગે છે, મલકી રહ્યા છે ને-
મહાત્માઓ ને લાગ્યું કે આજે કાંઈ લાગે છે ને
પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ જ મલકાટ સાથે બોલ્યા,

ગઈકાલે હેમચંદ્ર વિજયએ બે પ્રતિક્રમણ સાથે કર્યા!

મને થયું કે આ કઈ મનની-
વાત છે, સવારનું પ્રતિક્રમણ સવારે હોય, સાંજનું
સાંજે હોય, બે પ્રતિક્રમણ સાથે કઈ રીતે-
હોય શકે ને પ્રેમસૂરીશ્વરજી મહારાજએ કહ્યું,
કે હેમચંદ્ર વિજયજી એ ગઈકાલે સાંજનું પ્રતિક્રમણ-
કર્યા પછી, એમણે રાત્રિ સ્વાધ્યાય ચાલુ કર્યો, રાત્રિ
સ્વાધ્યાય ચાલુ છે, દોઢ કલાક.. બે કલાક.. અઢી
કલાક.. ત્રણ કલાક.. સાડા ત્રણ કલાક.. ચાર કલાક..
પાંચ.. છ.. સાત.. આઠ.. નવ.. દસ.. અગિયાર કલાક
અને એ જ આસને સવારનું પ્રતિક્રમણ, માટે એમણે
બે પ્રતિક્રમણ સાથે કર્યા.

પ્રેમસૂરીશ્વરજી મહારાજની ભાવના હતી
કે મારા એક એક શિષ્ય, કર્મ પ્રકૃતિ ગ્રંથ જે અદભુત
ગ્રંથ, જે પરાકાષ્ટા નો ગ્રંથ, જે દ્રષ્ટિવાદ, ચૌદ-
પૂર્વો માંથી પદાર્થો ને લઈને બનાવેલો ગ્રંથ, એમાં
મારા શિષ્યો MASTER થાય. અને ગુરુદેવે જોયું કે
મારા ગુરુદેવની આ ભાવના છે, જે પુરુષાર્થ એની
અંદર કર્યો, ગુરુદેવે કર્મ ગ્રંથ અને કર્મ પ્રકૃતિ ની અંદર

classmate

એવા MASTER બન્યા, ગુરુદેવ પહેલા કર્મગ્રંથનો પાઠ રોજ ન કરતા હતા કારણકે, માત્ર એમાં વ્યાખ્યાઓ છે. બહુ સરળ છે એમને એમ થાઇ રહે એવો છે. ગુરુદેવ બીજા કર્મ ગ્રંથથી પાઠ ચાલુ કરતા, પદાર્થો સ્પષ્ટ ઉચ્ચારો સાથે બોલતા, બોલતા જાય.. બોલતા જાય.. બીજો કર્મ ગ્રંથ.. ત્રીજો કર્મ ગ્રંથ.. ચોથો કર્મ ગ્રંથ.. પાંચમો કર્મ ગ્રંથ.. છઠ્ઠો કર્મગ્રંથ.. એની અંદર કહેવાય કે મગજનું દહીં થઈ જાય, ઉપસ્થિત પદાર્થો, સ્પષ્ટ પદાર્થો, કડકડાટ ગુરુદેવ બોલે જાય, અને એનાથી આગળ કર્મ પ્રકૃતિ-કમ્મપયડી એનો શાસ્ત્ર પાઠ ચાલુ થાય, અને જો ગુરુદેવ પાઠ બોલતા જાય, પાઠ ચાલુ થયો બીજા-કર્મ ગ્રંથથી - કમ્મપયડી નો પુરો થાય, પુરા સાડા-પાંચ કલાકનો રાત્રિ સ્વાધ્યાય. રાતના દસ વાગે, સાડા દસ વાગે, અગિયાર વાગે, બાર વાગે, તમારા બાર વાગે એ વાત જુદી છે. સાધુપણાની અંદર જ્યાં સવારે ચાર- સાડા ચારે ઉઠી જવાનું હોય તમે રાતે દસ વાગે ઉપાશ્રયમાં આવો તો તમારા એક- દોઢ વાગ્યા જેવું વાતાવરણ દેખાય. કારણકે મહાત્માઓ જે વહેલા સુઈને વહેલા ઉઠવાનું હોય અમે સવા નવ- સાડા નવ સુધી પાઠ કરીએ તો અમને થાય કે બહુ થઈ ગયું, અને ગુરુદેવ અગિયાર .. સાડા અગિયાર અને બાર-બાર વાગ્યા સુધી પાઠો કરતા, એમનો ઘોષ ચાલતો હોય ને અહીંયા પ્રેમસૂરીશ્વરજી મહારાજનું સેર-સેર લોહી વધતું હોય.

## ગુરુદેવનો સ્વાધ્યાય તપ અજબ-ગજબનો !

પ્રેમસૂરીશ્વરજી મહારાજ જેવા જેવા

ક્રિયાઓ કરતા, સાધુઓ સ્વાધ્યાય કરે છે પણ-
મારે ઈચ્છે સ્વાધ્યાય ને વધારવો છે. રોજનો-
જેમનો લાભ હોય એ ઓઘો બાંધતા હોય, ને-
સાહેબ માંડલીમાં ક્યારેક મહેરબાન કરે, મારો ઓઘો
બાંધવાનો છે. સાહેબ મને.. મને.. સાહેબ મને
લાભ આપો, મફતમાં નહિ મળે, બોલી બોલવાની
છે, બોલો આજે [struck out] રાતે રાત્રિ -
સ્વાધ્યાય કેટલો કરશો. અને સ્વાધ્યાય ના કલાકો
ની બોલી બોલાય. બોલી ચડતી જાય.. ચડતી
જાય... ચડતી જાય... અને છેવટે છલાંગ લગાવી-
ને ગુરુદેવ એનો લાભ લઈ લે.

**આ ગુરુદેવનો સ્વાધ્યાય તપ !**

**આ એમની ગુરુભક્તિનો તપ !**

ગુરુદેવનો ધ્યાન તપ જોવો, મુમુક્ષુ પણામાં
ગુરુદેવની નજીક સંથારો
કરવા મને મળ્યો હોય, બાવીસ વર્ષ પહેલાની વાત-
કરું. ગુરુદેવનું અપક શ્રેણિ ધ્યાન મેં સાંભળ્યું છે.
વરસો ના વરસો સુધી ગુરુદેવે, રાતે જાગી જાગીને
સ્પષ્ટ અવાજ સાથે, ધીમો અવાજ હોય, ભગવાન-
બોલતા હોય એવું લાગે, જિંદગીમાં તમે સાંભળ્યું
ન હોય ને એકવાર સાંભળો તો જિંદગીમાં કદી
ભુલો નહિ, એવો અવાજ! એવો મધુર અવાજ!
એવો ગંભીર અવાજ! એ રાતની નિરવ
શાંતિ. બાવીસ વર્ષ પહેલા, ગુરુદેવનું મેં સાંભળેલું
અપક શ્રેણિનું ધ્યાન જે હું આજે પણ ભુલી
શકતી નથી. કઈ રીતે ગુરુદેવ ગુણસ્થાનકો માં-

આગળ વધ્યા, ક્યા ગુણસ્થાનકે ક્યા કર્મો ખપાવ્યા, કેવી રીતે ગુરુદેવ બારમા ગુણસ્થાનકે પહોંચ્યા, તેરમા ગુણસ્થાનકે પહોંચ્યા, એ શબ્દો આજે - પણ યાદ આવે, ગુરુદેવની જેમ તો હું નહિ - બોલી શકું પણ શબ્દો એ હતા,

હું પામ્યો છું આજે વિતરાગતા,

બારમા ગુણસ્થાનકની થઈ છે આજે મને સ્પર્શના

ગુરુદેવનો ધ્યાન તપ ! ઉપમિતિ ગ્રંથની અંદર સિધ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, કે સમસ્ત - જિનશાસનનો અને સમસ્ત દ્વાદશાંગી નો કંઈ સાર હોય, તો એ ધ્યાનયોગ છે.

આજે ધ્યાનની પરંપરા બહુ ઓછી થતી જાય છે, એ સમયે ગુરુદેવ ધ્યાનની - બાબતમાં એક પરમ આલંબન હતા. ગુરુદેવના ઉણોદરી તપ વગેરે બાહ્ય તપ, ગુરુદેવના - પ્રાયશ્ચિત વગેરે આભ્યંતર તપ, આની સામે, આજ ના ઉગ્રમાં ઉગ્ર તપો પણ, જેની અંદર - એવા ગુણો ને સાધના ન હોય, એમને શરમાવું પડે, એવો ગુરુદેવનો તપ હતો.

ગુરુદેવ ઉગ્ર તપસ્વીઓ કરતા પણ વધારે ઉગ્ર તપસ્વી હતા !

DATE

## સદ્‌ગુરુ નિશ્ચય પૌષદસમી હોય છે!

પૌષ દસમી નું હાર્દ શું, પાર્શ્વનાથ ભગવાનનો જન્મ! પાર્શ્વનાથ ભગવાનનો નૈશ્ચયિક જન્મ એટલે શું ?

પ્રભુસ્તુલ્યમનોવૃત્તિ:।

**સમતા નો જન્મ એ પાર્શ્વનાથ ભગવાનનો જન્મ!**

સમતા ક્યારે આવે જ્યારે રાગદ્વેષ ભય, રાગદ્વેષ ક્યારે ભય, જ્યારે રાગ-દ્વેષ ના નિમિત્તો ભય, ને રાગદ્વેષ નું તીવ્ર નિમિત્ત, જેનું નામ છે અબ્રહ્મ, જેનું નામ છે મૈથુન!

**બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા થાય તો રાગ-દ્વેષ ભય!**

તો સમતા આવે, તો પાર્શ્વનાથ ભગવાનનો નૈશ્ચયિક જન્મ થાય, તો નિશ્ચય દ્રષ્ટિ એ પોષદસમી આવે. બ્રહ્મચર્ય ના દસ સમાધિ સ્થાન ઉત્તરાધ્યયન સુત્રમાં બતાડ્યા, અને એ દસ સ્થાન એને જે પાળે તે નિશ્ચય પૌષ દસમી!

સદ્‌ગુરુ નિશ્ચય પૌષદસમી હોય છે. કારણકે એ પોતાના જીવનમાં અને પોતાના આશ્રિતો ના જીવનમાં આ દસ વિધ સમાધિ સ્થાનોનું પાલન કરે છે.

બ્રહ્મચર્યનું પહેલું સમાધિ સ્થાન છે વસ્તિ શુધ્ધિ! વસ્તિ ની અંદર, મકાનની અંદર, ક્યાંય વિજાતીય ન હોવા જોઈએ. આ સાધુનો આચાર, જ્યાં વિજાતીય રહેતા હોય, તમે કહો ઉપર

DATE

જોઈએ, આમ થાશે, તેમ થાશે, કશું ના થાશે.
ગુરુદેવના સંયમ યુવનના જાળપણ ની ઘટના!
પ્રેમસૂરીશ્વરજી મહારાજની નિશ્રામાં ગુરુદેવ વિહાર
કરી રહ્યા હતા. વિહારો માં બધી ઉપાશ્રયો -
હોય જ એવું જરૂરી ના હોય. ક્યાંય રાતવાસો
કોઈ એવી જગ્યાએ કરવો પડે, દિવસે પણ
એવી કોઈ જગ્યાએ રહેવું પડે કે આપણા ધર્મનું
સ્થાન ના હોય. કોઈ ધર્મશાળા હોય, કોઈ મંદિર
હોય. કોઈ જૈનેતર ધર્મનું સ્થાન હોય આવું પણ
બને, ત્યાં જીજ્ઞ કોઈ ધર્મનું મંદિર હતું.
અને ત્યાં સાંજે વિહાર કરીને બધા પધાર્યા -
પ્રેમસૂરીશ્વરજી મહારાજ છે, વિશાળ પરિવાર છે,
ગુરુદેવ પણ છે.

સાંજનો વિહાર કર્યો છે થાક લાગ્યો
હોય, પ્રતિક્રમણ થયું હોય. મહાત્માઓ સ્વાધ્યાય
કરે છે, સંથારા નો સમય થયો છે. સંથારા-
બિછાવી રહ્યા છે, અને એ સમયે, એ-
મંદિર ના આગળ જેવું હતું. એના હોલની સામે
મંદિરનું COMPOUND જેવું દેખાય. ત્યાં બાકડો
હતો ને બાકડે કોઈ COUPLE આવી ને બેઠું.
કોઈ યુવાન- યુવતી હતા. પરસ્પર વાત કરવા લાગ્યા
પરસ્પર મજાક- મશ્કરી કરવા લાગ્યા, ને વાત-
એનાથી પણ આગળ વધી. પ્રેમસૂરીશ્વરજી મહારાજ
નું ધ્યાન ગયું ને એમણે વિચાર્યું કે આવું તો
ન જ થાશે. સાધુની વસ્તિ માં, સાધુ ના
રહેવાસ ની પાસે આવું દ્રશ્ય, આવું શ્રવણ,
દેખાતું ના હોય માત્ર સંભળાતું ન હોય એ
પણ ના ચાલે. પ્રેમસૂરીશ્વરજી મહારાજએ
કોઈને મોકલાવી ને એમને કહેવડાવ્યું કે ભાઈ

આજે અહીંયા સાધુ ભગવંતો પધાર્યા છે, આવી એમની મર્યાદા નથી કે આવું જ્યાં ચાલતું હોય ત્યાં રહી શકે, માટે તમને વિનંતી છે, કે તમે બીજે જતા રહો, એમણે સાંભળ્યું નહિ, એમણે એમની પ્રવૃત્તિ ચાલુ રાખી.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, રાતના દસ વાગ્યા છે, ગાઢ અંધકાર છે. સુમસામ સ્થાન છે. સાધુઓ થાક્યા-પાક્યા હવે સંથારાની તૈયારી કરી રહ્યા છે. એ સમયે પ્રેમસૂરીશ્વરજી મહારાજએ ઘોષણા કરી, કે બધાએ અત્યારે જ અહીંયાથી આગળ વિહાર કરવાનો છે. હું તમને પુછુ કે - રાતના દસ વાગે વિહાર કરાય ? પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે ગીતાર્થના હતી, વિવેક હતો, કે - રાતના દસ વાગે વિહાર ન કરાય, ઈર્યાસમિતિ ન પાળી શકાય, કદાચ કોઈ જીવની હિંસા પણ થઈ જાય, એ દોષ નાનો છે, પણ અહિંયા જ્યાં - બ્રહ્મચર્યનું ભંજન છે, આવી સ્ત્રીથી સંસક્ત વસ્તિ, જ્યાં આવા શબ્દો; જ્યાં આવા દ્રશ્યો જોવા મળે, ત્યાં તો સાધુના સંયમની હત્યા થઈ જાય, એ અનેકગણો દોષ,

આયવયં તુલિજ્જા લાહાકંખી વ વાણિયઓ।

તમે વેપારની અંદર જેમ નથી જોતા કે આટલી ઝરો થાય છે તો આ કામ કેમ કરવું. MARKETING થતું હોય, ADVERTISING થતું હોય, ધંધો EXPAND થતો હોય, તમને વધારે નફો દેખાતો હોય, એક સમય માટે તમે થોડું નુકશાન પણ કરી લો, ઝરો પણ કરી લો, આગમે ગીતાર્થ ગુરુ ભગવંતો ને સ્પષ્ટ કહ્યું, તમે એકાંતે કોઈ વિધાન ને પકડતા નહિ, શાસનનો આ શબ્દ છે

એને પકડી લો, રીતે વિહાર કોઈ હિસાબે ન કરાય.

एगंतो मिच्छेत्तं जिणाणमाणा अणेगंतो।

કઈ રીતે લાભા-લાભ છે, કઈ રીતે હિતા-હિત છે કઈ રીતે નફો-નુકશાન છે, વધારે લાભ થાય-ને ઓછું નુકશાન થાય, એવું તમે કરજો.

હું તમને કહું છું કે પ્રેમસૂરીશ્વરજી મહારાજે જોયું કે, આ વાતાવરણ એ સંયમ ને અનુરૂપ-નથી, અને એમણે વિહાર નું એલાન કરી દીધું, અમારે શું કરવાનું ?

(કિંમત) સંયમ ની મર્યાદા ની શાસ્ત્રોમાં જે VALUE બતાડી, આ મહાપુરુષો ના અંતરમાં જે VALUE હતી, હું તમને પુછુ, તમારા માંથી-કોઈ ની એવી VALUE ખરી ? એક શ્રાવક એવો ખરો, તમે જ્યાં પણ રહેતા હો, તમારો જે પણ સંઘ હોય, એ ઉપાશ્રયની અંદર-સવારમાં તમે આંટો મારી ને જોઈ લો કે અહીંયા કોઈ સંયમ બાધક તો નથી ને ? ઉપાશ્રયના ખુણે ખાંચરે કોઈ એવી વસ્તુ તો-નથી પડી ને જે સંયમમાં બાધક હોય. મારા-આ સાધુ ભગવંતો, મારા જિનશાસનના-અણગાર ભગવંતો એમના સંયમમાં કોઈ બાધા-ન જ થવી જોઈએ, હું તમને પુછુ તમને-આની VALUE ખરી ?

એક શ્રાવક એવા હોય જે કુહી પડે આવા કપડા, ઘરે ઘરે આવા કપડા પહેરતા હોય, આ રસ્તે આવા કપડા કાલે ને પરમ દિ જાતા હોય, આવું તો હરગીઝ ના ચાલે.

DATE

હું આવું ઈરછીશ નહિ ચાલવા દઉં, આવું તો બિલકુલ ના ચાલે, હું તમને પુછુ છું, એક શ્રાવક એવા ખરા ?, તમારા ગલ્લા-તલ્લા છે, તમારા બહાના છે, સાહેબ હવે બધું આવું જ ચાલે છે, સાહેબ કોઈ સાંભળતું જ નથી, સાહેબ કોઈ માને એમ નથી, સાહેબ હવે આ બધી વાત ભુલી જવી પડશે, હું તમને કહું છું બધા ખોટા તમારા બહાના છે, તમે ઈરછો તો બધુ કરી શકો છો.

જે કાળે સેંકડો દીકરીઓ દીક્ષા-લઈ રહી હોય, હું તમને પુછુ છું, એ કાળની-અંદર તમે એક દીકરી ને શ્રાવિકા ન બનાવી શકો. હું તમને પુછુ છું તમારે શાસનની ઉત્કૃષ્ટ સેવા-કરવી છે ?, એક દીકરીને દત્તક લો. સંઘની એક દીકરી તમે દત્તક લીધેલી હોય. તમારે એને જમાડવાની નથી, તમારે એની SCHOOL ની FEES નથી ભરવાની, તમારે એને તમારા ઘરે નથી રાખવાની, તમારે એના સંસ્કારોની અને જ્ઞાન ની જવાબદારી-લઈ લેવાની છે. તમારે સાધ્વીજી ભગવંત કે કોઈ એવા શિક્ષિકા, એની અને દીકરીની વચ્ચે કડી બનવાનું છે. તમારે એ દીકરીને કહી દેવાનું કે જેટા એક વરસમાં જો તું આટલો COURSE કરીને રોજનો એક શ્લોક ... રોજના બે શ્લોક, જેટા તુ આટલું પુરુ કરે, તો એક વર્ષ પછી મારે તને સોનાના ચેઈનની પ્રભાવના બહુમાન તરીકે આપવાની.

હવે આપણને ભાવના છે કે શત્રુંજય જઈને દાદા ને સોનાની ચેઈન ચડાવવી છે. હવે આપણને ભાવના છે, સોનાના ભગવાન ભરાવવા છે તો બહુ સરસ, હું કહું છું, જુજ-જુજ તમારી

અનુમોદના છે. પણ જે સંઘ પોતે પચ્ચીસમો -
તીર્થંકર છે, જે સંઘ પોતે ભગવાન છે, એ
ભગવાન ઉપર જાણે હથોડા ના પ્રહારો થઈ રહ્યા -
છે, ઘણ ના ઘા પડી રહ્યા છે. એ ભગવાન
ઓગળી રહ્યા છે, એ ભગવાન વિખેરાય રહ્યા છે,
એ ભગવાન સમાપ્ત થઈ જવાની તૈયારીમાં છે,
એ ભગવાન સમાપ્ત થઈ જાય પછી શત્રુંજય -
એ શત્રુંજય નહિ હોય, આદિનાથ- આદિનાથ
નહિ હોય, આનો વિચાર આપણને આવે ખરો ?

ગુરુદેવના ચરણોમાં આટલા વરસો-
માં અનેકાનેક વાર કલાકો સુધી હું બેઠો છું,
ગુરુદેવે દિલ ખોલી ને મારી આગળ એમની વાત
કરી છે, એ પીડા વ્યક્ત કરી છે, આજની
તમારી વિહારધામો ની પરિસ્થિતિ, આજના -
તમારા જડજડતા ઘરો, આજના કહેવાતા ઉપાશ્રયો,
આજના ઉડતા મર્યાદાના ચીરેચીરાઓ, આજના
ભેખમી રસ્તાઓ આ બધુ જોઈને, ગુરુદેવનું -
હૈયું કકળતું.

રાતના બધા મહાત્માઓ તૈયાર, ગુરુ-
દેવનો આદેશ, બધે ઉપધિ પોતે બાંધી દીધી છે,
તૈયાર થઈ ગયા છે, ઓઘો બાંધી દીધો છે, બધે
દાંડાની અંદર દંડાસન ભરાઈ ગયા છે, એક-
પછી એક મહાત્માઓ પ્રેમસૂરીશ્વરજી મહારાજની
સાથે સાથે, વિહાર કરવા નીકળી રહ્યા છે ને
દ્રશ્ય જોઈને પેલુ COUPLE ડઘાઈ જાય છે,
પહેલા એમણે હસવામાં લીધું, LIGHTLY
લીધું, આ લોકો તો બસ કીધા કરે આપણે-
કરવું હોય તે કરવાનું, આપું એમણે માન્યું ને

જ્યારે આ દ્રશ્ય જોયું, ને એમને પસ્તાવો થયો, એમને આઘાત લાગ્યો, આપણે સાધુઓને દર્શન-કર્યા, આપણે આ લોકોને આ સમયે વિહાર કરાવી રહ્યા છીએ, જેનું એમને ભાન થયું. માફી માંગીને એ COUPLE ત્યાંથી વિદાય થઈ ગયું.

હું તમને નિશ્ચય પાંચ દસમીની વાત કરવા માંગુ છું.

ગમે તેટલા વૈરાગ્યથી અમે દીક્ષા-લઈએ, અહીંયા જો મર્યાદા ના હોય, અહીંયા જો વ્યવસ્થા ના હોય, અહીંયા જો ગુરુદેવની આવી કાળજી ના હોય, ને હજુ આગળ વધીને કહું, સંઘની એવી કાળજી ના હોય, તો સંયમનું પાલન કરવું દુષ્કર બની જાય છે.

જે રંગે-ચંગે, પાંચ હજાર, દસ-હજાર, પંદર હજાર, પચ્ચીસ હજારની સભાઓ કરીને આપણે જે આત્માને સંયમના પંથે મોકલતા-હોઈએ છીએ. એમના સંયમના મૂળમાં આગ-લગાડવાનું કામ આપણા ઉદ્ભટ વેશો દ્વારા, - મર્યાદાના લીરેલીરા દ્વારા, આપણે કરી રહ્યા હોઈએ છીએ, જેનું આપણને ભાન સુધ્ધા હોતું નથી.

સવાલ આજે કોઈ સમજે નહિ, એનો નથી!

સવાલ એનો છે કે આપણા-અંતરમાં હજુ હજુ શાસન પ્રત્યેની સંવેદના જાગી છે નથી.

ઘર લુંટાતું હશે એ દિવસે તમે કેટલું રડવાના છો.

આજે શાસન લુંટાઈ રહ્યું છે, સંયમ લુંટાઈ રહ્યું છે,
હું તમને પુછુ, તમારી ભૂમિકા શું છે ?

ગુરુદેવે આ નિશ્ચય પોષ દસમી, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસેથી વારસામાં મેળવી. પિંડવાડા, રાજસ્થાનની અંદર અમારું ચોમાસું હતું, ગુરુદેવ સવારે તો કલાક-દોઢ કલાક દહેરાસર જઈ આવ્યા હોય, પણ હજુ ગુરુદેવ ધરાયા ના હોય. બપોરના સમયે બે વાગે... ત્રણ વાગે, એકાંતમાં દહેરાસરની અંદર ભગવાનની ભક્તિ કરવા પહોંચી જાય.

પ્રાસાદ: એક દિવસ ગુરુદેવ પિંડવાડાના વીર વિક્રમ પ્રાચીન જિનાલય જ્યાં પ્રેમસૂરીશ્વરજી-મહારાજે પ્રતિષ્ઠા કરી. અદ્ભુત ભગવાન, અદ્ભુત જિનાલય ! ગુરુદેવ દહેરાસરમાં પહોંચ્યા છે. ગુરુદેવે જોયું કે બહારનો જે રંગમંડપ છે, ત્યાં બહેનો પૂજા ભણાવી રહ્યા છે. આમ જોઈએ તો નડતર નથી. પોતે અંદરના રંગમંડપમાં-એકાંત ના મળે, પણ જગ્યા જુદી-જુદી છે, તો ભગવાન સામે ગુરુદેવ બેઠા હોય તો પાછળ તો પીઠ જ થવાની છે, તો કાંઈ દેખાવાનું નથી. ગુરુદેવ ત્યાં પહોંચ્યા ત્યારે એક વૃધ્ધ મહાત્મા-ત્યાં હતા, એ વૃધ્ધ મહાત્માએ મને વાત કરી એ દિવસે, કે ગુરુદેવ છે ને મારી પાસે આવ્યા, અને ગુરુદેવે મને કહ્યું કે જે હું અહીં છું ને, ત્યાં સુધી તમે પણ અહીંયા રહેજો, તમે જતા નહિ ! વાત સમજાય તમને ? ગુરુદેવ-એકાંત માટે ગયા છે, ગુરુદેવને જે મહાત્મા-લઈ જાય તો, એને પણ કહી દે હવે તું જ !

DATE

ગુરુદેવે આ વાતની પૂજ્ય બહેનને એ દિવસે વિચાર કર્યો હશે કે, હવે જરાક ભક્તિ કરીને નીકળી જઈએ પણ એ જરાક સમય પણ ફક્ત બહેનો-હોય અને પોતે હોય, આ ગુરુદેવને મંજુર નથી. અને માટે ગુરુદેવે મહાત્મા ને કહ્યું કે, તમે પણ-હું છું ત્યાં સુધી રહેજો, જતા નહિ! એ મહાત્મા-એ મારી આગળ વાત કરેલી કે, હવે સાહેબની આ ૭૫-૭૬ વર્ષની ઉંમરે, ગુરુદેવને પાછળના-રંગમંડપમાં બહેનો હોય, એમાં કોઈને વાંધો-રાખવાની જરૂર શું ?

## નિશ્ચય પોષ દસમી !

ગુરુદેવે આટલી પ્રતિષ્ઠાઓ કરાવી, એ ગુરુદેવની વ્યવહાર સ્તુતિ છે. પણ ગુરુદેવના અંતરની અંદર કેવું ભગવાન અને ભગવાનનું શાસન-પ્રતિષ્ઠા પામ્યું હતું, એની વાત એ ગુરુદેવની નિશ્ચય સ્તુતિ છે.

ગુરુદેવે કેટલી દીક્ષા ઓ આપી એ ગુરુદેવની વ્યવહાર સ્તુતિ છે, પણ દીક્ષા એ, ગુરુદેવને કેટલું બધું આપ્યું, ગુરુદેવના જીવનમાં દીક્ષા કેવી પ્રસરી, કેવી ઉંડાણ વાળી બની, કેવી સ્થિર બની, એની વાત એ ગુરુદેવની-નિશ્ચય સ્તુતિ છે.

ગુરુદેવના કેટલા ભક્તો હતા એની વાત કરવી એ ગુરુદેવની વ્યવહાર સ્તુતિ છે પણ ગુરુદેવના અંતરમાં, દેવ-ગુરુ-સંઘ અને શાસન પ્રત્યેની ભક્તિ કેટલી હતી, એની વાત

કરવી એ ગુરુદેવની નિશ્ચય સ્તુતિ છે.

ગુરુદેવે કેટલા ગ્રંથોના પુનરોદ્ધાર - કરાવ્યા, એની વાત કરવી એ ગુરુદેવ ની - વ્યવહાર સ્તુતિ છે, પણ દાયકા ઓના દાયકાઓ સુધી, જિનશાસનનાં ગ્રંથો ને ઘૂંટી ઘૂંટીને, ગુરુદેવે ભવસાગરમાંથી પોતાના આત્માનો ઉદ્ધાર કર્યો, એની વાત કરવી એ ગુરુદેવની નિશ્ચય સ્તુતિ છે.

2) છવ્વીસ વરસ પહેલાની ઘટના, મારું દીક્ષા પછીનું પહેલું ચોમાસુ, ચોમાસુ- પુરુ થયું છે, અને પરાવર્તનનો દિવસ આવ્યો છે. લાભાર્થી ની ભાવના હોય, સાહેબ મારા ઘરે રોકાય. ગુરુદેવે સંયમ મર્યાદા સાચવી ને, સાંજ સુધી કે બપોર સુધી, લાભાર્થી ને ત્યાં- રોકાય. બીજા બધા મહાત્માઓ ને ઉપાશ્રયે મોકલી દીધા હોય. LIMITED મહાત્મા ત્યાં ગુરુદેવની સાથે હોય. બપોરનો બાર વાગ્યા નો સમય ગુરુદેવ પ્રવાહી લઈને જાપ કરવા બેસે, એવો- રોજિંદો ક્રમ, ગુરુદેવનું વાપરવાનું બસ પુરુ થવા- આવ્યું હતું, મારે જાપ નું આસન ગોઠવવાનું હતું. મેં રૂમમાં એક જગ્યાએ ઈશારો કરીને પુછ્યું ગુરુદેવ અહીંયા આપનું ગોઠવી દઉં ? ગુરુદેવે એક સેકંડ ના પાડી ને, ફક્ત ના પાડી એટલું નહિ, મોઢા ઉપર અણગમા નો ભાવ દર્શાવ્યો. ચાલો જગ્યા નથી પસંદ, નથી બેસવું, ને ના પાડી એ તો ઠીક પણ એમાં અણગમાની વાત ક્યાં આવી. એક સેકન્ડ માટે મારા મનમાં પ્રશ્ન થયો કે ગુરુદેવનો આશય શું છે ?

રહસ્ય શું છે આ જવાબનું ? અપનું ગોઠવવાનું છે, અમે ઘણી વાર પાટ ઉપર ગોઠવતા હોઈએ, બેસવામાં અનુકૂળતા રહે, અને આ થોડી ઉંચી જગ્યા હતી ને, મને આખા રૂમમાં સારી જગ્યા એ લાગી, મને થયું કે ગુરુદેવને અહીંયા અનુકૂળ રહેશે, માટે મેં ત્યાંનું પુછ્યું, અને ગુરુદેવે ફર હઈને મોઢું બગાડીને ના પાડી. એક સેકન્ડ માટે મને પ્રશ્ન ઉગ્યો ને મને જ જવાબ મળી ગયો. કારણકે જે જગ્યા મેં બતાડી હતી ને, એ DOUBLE BED ની જગ્યા હતી. ગાદી લઈ લીધી હતી, આપણ-અમારી બાળ બુદ્ધિમાં પાટ જેવું લાગે. પણ કઈ જગ્યા છે એ ગુરુદેવને ખબર છે. અણગમો ન હતો,

## એ અબ્રહ્મનો ગમો હતો !

હું તમને કહું છું કે આખી જિંદગી બ્રહ્મચર્યનું પાલન કરવું સહેલું છે. વિજાતીય થી દૂર રહેવું પણ સહેલું છે. શાસ્ત્રો ભણવા, મેલા કપડા પહેરવા - તપસ્યાઓ કરવી એ પણ સહેલું છે. પણ આવા પ્રસંગો, વ્યક્ત થઈ જતો સંયમનો પ્રેમ, બ્રહ્મચર્યનો પ્રેમ, અને અબ્રહ્મનો અણગમો, એ આટલી સહેલાઈ થી પ્રદર્શિત થઈ જાય, આ બહુ અઘરી વસ્તુ છે.

ઉત્તરાધ્યયનનું બ્રહ્મચર્ય સમાધિ-અધ્યયન એ ગુરુદેવમાં રોજ્જ્સ વાંચી શકાય. ગુરુદેવની જે પરિણતિ, ગુરુદેવની અમારા-ઉપર ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપકાર એ હતો, કે ગુરુદેવે એમના ગુરુદેવની વારસો લીધો,

DATE

અને એમને આપ્યો. સદ્‌ગુરુ જ્યારે પોતાના ગુરુ નો વારસો, પોતાના શિષ્યને આપતા હોય છે, ત્યારે સદ્‌ગુરુ, પ્રવંત સુધર્મા સ્વામી ભગવાનને આપતા હોય છે. પ્રવંત મહાવીર સ્વામી ભગવાનને આપતા હોય છે.

ગુરુદેવ, નિશ્ચય પોષ દસમી બનીને અમારા દસ બ્રહ્મચર્ય સમાધિ સ્થાનોનું આપ્રવન પોષણ કરતા રહ્યા. હું તમને છેલ્લા વર્ષની - વાત કરું. ગયું ચોમાસુ ગુરુદેવે સંઘ ઉપર - કરુણા કરીને, મહાત્માઓના ચોમાસા આપે, અમદાવાદ માત્ર ની અંદર દસ - દસ સ્થાનોમાં - ગુરુદેવના, એમના શિષ્યોના ચોમાસા સંઘની અંદર. ગુરુદેવે પોતાના શિષ્યનું ચોમાસુ આપ્યું હતું, પ્રહલાદ નગર સંઘ. મારા ગુરુભાઈ પૂજ્ય - જ્ઞાનપ્રેમ વિજયજી મહારાજ સાહેબ. એમનું ચોમાસુ ગુરુદેવે ત્યાં આપ્યું.

હજુ ચોમાસુ શરૂ નથી થયું, પ્રવેશ નથી થયો, તો ગુરુદેવને ખબર પડી, કે જે સંઘ- માં મેં મારા શિષ્યનું ચોમાસુ આપ્યું છે, ત્યાં સાધુ- સાધ્વી ના ઉપાશ્રય એક જ COMPOUND માં છે. હું તમને પૂછું ચાલે ?

આજે તમારી પાસે કોઈ સંયમની પ્રોફિટ જ રહી નથી.

ગુરુદેવે ટ્રસ્ટીઓને બોલાવ્યા છે, ગુરુદેવે કહી દીધું કે જ્યાં સુધી આ બે ઉપાશ્રય ની વચ્ચે COMPOUND માં, તમે દિવાલ નહીં ચણી દો, ત્યાં સુધી હું મહાત્મા ને નહિ મોકલું.

ત્યાં કેટલા શ્રીમંતો છે, કરોડપતિઓ છે, કેટલા-
અબજોપતિઓ છે, મારું કેટલું કામ થાય એમ છે,
આવો કોઈ વિચાર ગુરુદેવને કદી સ્પર્શ્યો નથી.
સંઘ ઉપર નિઃસ્વાર્થ વાત્સલ્ય ગુરુદેવે વરસાવ્યું-
છે. સંયમ મર્યાદામાં બાધા આવે છે, બીજું બધું
જ ગૌણ કરીને, પહેલા નંબરમાં સંયમ, અને-
બીજા નંબરમાં બીજી બધી વાત. આ ગુરુદેવની
ટેક. ટ્રસ્ટીઓ સારા, સમજુ, સમર્પિત, એમના
જેવી જોડ નહિ, ટ્રસ્ટીઓએ કહ્યું કે ગુરુદેવ
આપની વાત સાચી છે, આ વસ્તુ બરાબર નથી
એ હવે અમારી સમજમાં આવે છે. અમે દિવાલ
ચણી પણ દઈએ પણ ગુરુદેવ એ જ COMPOUND
માં વ્યાખ્યાન બેસે છે. અમે જે દિવાલ ચણી
દઈએ તો વ્યાખ્યાન બેસશે કઈ રીતે?

ગુરુદેવની જે કુશાગ્ર બુદ્ધિ,
ગુરુદેવે વળતી પળે જવાબ આપ્યો કે, હવે એવું
કરો, એક એવો દરવાજો બનાવો કે જે વ્યાખ્યાન
વખતે સરકી જાય, વ્યાખ્યાન સિવાયના સમયમાં
એને બંધ કરીને તાળું મારી દીધું હોય, તો એ
દિવાલની ગરજ સારે, આવું તમે કરો, પછી જ
હું મહાત્માને મોકલીશ.

## નિશ્ચય પાંચ દસમી!

યા તમે સાધુને બગાડો છો, યા બગડવા દો છો.
અને પછી બદનામી કરો છો, તમે નથી તમારા
સંતાનોના મા-બાપ બની શકતા, નથી અમારા
મા-બાપ બની શકતા. પૂર્વના શ્રાવકો એવા હતા,
સંતાનોના જે મા-બાપ બનતા, એમના સંસ્કારોની,

એમની વતુર્ણુકની પુરી જવાબદારી મા-બાપની રહેતી, આજે તમારા સંતાનો છતે મા-બાપે અનાથ જેવા-થઈ ગયા છે. પૂર્વના શ્રાવકો અમારા મા-બાપ બનતા. અમે કાંઈક આઘા-પાછા થયા હોઈએ તો, પચાસ-સો વર્ષ પહેલાના શ્રાવકો, આવીને મહાત્માને વાત્સલ્ય સાથે એકાંત માં, હિતશિક્ષા-આપીને, જરૂર પડે તો ઠપકો આપીને, એમની-ભુલ સુધારતા. આજે તમારી પાસે એ મા-બાપ પણ પણ રહ્યું નથી.

હું કહું છું તમે એ સંઘમાં ભવનો એ દરવાજો હશે એના દર્શન તમે કરશો. એ દરવાજો નથી,

એ નિશ્ચય પૌષધસમો છે, બ્રહ્મચર્ય સમાધિ છે.

ગુરુદેવની અપરંપાર કરુણા છે, એના કણ-કણની અંદર ગુરુદેવનું વાત્સલ્ય, અને ગુરુદેવની કાળજી સમાયેલી છે. અપરંપાર ગુરુદેવના ગુણો છે, અને એનો અંત એમ નથી. આજે સમય થયો છે.

x x x x x

# "પ્રથમ્"

DATE 01 08 2021

૭૦- ૭૫ વર્ષ પહેલાની ઘટના, પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ગુરુદેવનો હાથ પકડીને- વિહાર કરી રહ્યા હતા. વિહાર કરી રહ્યા છે... કરી રહ્યા છે... કરી રહ્યા છે... વિહાર એ રીતે હતો કે, સાથે ૪૦-૫૦ ઠાણા હોય, જ્યાં પહોંચવાનુ છે ત્યાં એટલી બધી જગ્યાની અનુકૂ- ળતા ના હોય, ત્યારે ટુકડીઓ પાડવી પડે. આઠ- દસ કિલોમીટર જવાનું હતું, વચ્ચે બે- બે કિલોમીટર ના અંતરે, જુદા જુદા ગામ આવે ની ત્યાં ટુકડીઓને ગોઠવી હતી, પ્રેમસૂરીશ્વરજી- મહારાજ ધીમે- ધીમે ચાલે. ગુરુદેવ એમની સાથે. મહાત્માઓ લગભગ બધા આગળ નીકળ્યા હોય, બે કિલોમીટર ગયા છે, પહેલું ગામ આવ્યું છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ત્યાં ગામમાં લઈ જતી જે ગલી હોય, ત્યાં વળી રહ્યા છે. ગુરુદેવે કહ્યું કે આપણે આગળ જવાનુ છે, આ ગામે તો બીજા મહાત્મા રહેવાના, આપણે તો છેલ્લા ગામે ઉતરવાનુ છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ કહ્યું કે મને ખબર છે. પણ મારે ખબર કાઢવા જવું છે. નિશ્ચય પાંચ દસમી તરીકે સદ્ગુરુ કેવી રીતે પોતાની જવાબદારી નીભાવતા હોય છે, એની વાત મારે તમને કરવી છે.

અમે વિહાર કરતા હોય, કોઈક- પગલાની વિનંતી કરે, ક્યાંક અંદર જઈને દહેરાસરે દર્શન કરવાના હોય, એમને થાય આ ક્યું આવ્યું. સમય જશે, વિહાર વધશે, થાક વધશે, એટલું- સીધા સીધા પહોંચીએ એટલું સારું આવું અમારું

ગણિન ! આવા મહાપુરુષો પોતાની જવાબદારી - બરાબર સમજતા. દીક્ષા આપવા માત્રથી કામ પતી જતું નથી. છેલ્લા શ્વાસ સુધી શુદ્ધ આરાધના-કરાવવાની જવાબદારી જે માથે રાખીને બેઠા હોય-એનું નામ સદ્ગુરુ !

ગુરુદેવ દીક્ષા આપી પણ જાણતા-હતા, અને આ જવાબદારી નિભાવી પણ જાણતા હતા. કોઈ સંઘ વાળા આવે અમારે અહિયાં-આ રીતે જીર્ણોદ્ધાર નું કામ છે, આ રીતે-અહીંયા દહેરાસર બનાવવું છે, ને આપ નિશ્રા આપો, ને ગુરુદેવ પ્રાયઃ કરીને જવાબ આપતા કે તમે બીજા પાસે કરાવી લો, મારે કોઈ PROJECT લેવો નથી. કોઈ કદાચ ગુરુદેવને સમજાવે કે સાહેબ આ બહુ મહત્વનું કાર્ય છે, બહુ ડંકો વાગે એવું કાર્ય છે, બહુ યશ મળે એવું કાર્ય છે, બીજા સામેથી કહે છે અમને આ કામ કરવા દો, અમે તમને બધુ કરી આપીએ, પૈસા પણ લાવી આપીએ, બીજુ બધી વ્યવસ્થા-પણ કરી આપીએ, બધુ બનાવી ને અમે તમને આપી દઈએ. ગુરુદેવ આપના સારા નામથી, ઉજળા યશથી, આપના પ્રત્યેના સદ્ભાવથી-સામે ચાલીને આપની પાસે આવું કામ આવતું હોય, ત્યારે ના પાડવાની જરૂર શું ?

એ સમયે ગુરુદેવ જવાબ આપતા, કે વાત બધી સાચી છે. શાસનનું કામ, કદાચ યશ માટે આપણે ના કરીએ, પણ ભગવાનનું કામ, દહેરાસરનું કામ, એ કદાચ કરી પણ લઈએ, પણ એ બધું કરવામાં મારે જે સમયનો ભોગ

આપવી પડે, જેમાં મેં જે શિષ્યોને દીક્ષા આપી - એમનું યોગક્ષેમ, એમનું ઘડતર, એમની સમય આમાં જતો રહે, મેં આ બધાને દીક્ષા આપી છે. શિષ્યો છે, મારા છે એ વાત સાચી છે, એક અપેક્ષા એ કહી શકાય એ એમના મા-બાપ-ની થાપણ છે. તેમને પાછી નથી આપવાની, પણ મારા વિશ્વાસે એમણે આ એમના દીકરાઓ મને સોંપ્યા છે.

**થાપણ ઓળવવી એ શ્રાવકોનો પણ અતિચાર કહેવાય.**

તો મારાથી આ થાપણ કઈ રીતે ઓળવાય ? ગુરુદેવ મોટી મોટી શિબિરો કરતા હતા, દસ - દિવસની, વીસ દિવસની, મહિનાની, જબરદસ્ત શિબિરો. અંદર યુવાનો ઉભરાતા હોય, વૈરાગ્ય - પીરસાતુ હોય, તત્વજ્ઞાન પીરસાતુ હોય, જીવન પરિવર્તનો થતા હોય, કેટકેટલા નવા વર્ગો ગુરુદેવ સાથે જોડના હોય, જે દિવસથી ગુરુદેવે હારમાળા બદ્ધ દીક્ષાઓ આપવાનું શરૂ કર્યું, એ દિવસથી ગુરુદેવે આ શિબિરો કરવાનું બંધ કર્યું. મારે હવે સાધુઓને તૈયાર કરવા છે, એમને વાચના - આપવી છે, એમને પાઠ આપવા છે, એમનું - ઘડતર કરવું છે.

**એમને નિર્મળ સંયમી બનાવવા છે !**

એને હવે મેં હું શિબિરો કરું, અને એવી મોટી મોટી શિબિરો હોય, જેમાં કારણે શ્રાવકો, યુવાનો, કિશોરો એ તૈયાર થાય પણ સાધુઓ માટે નો સમય એટલા દિવસો માટે હું ઓછો આપી

શકું, કે ન જાણી શકું એ મને મંજુર નથી.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ નો હાથ-ગુરુદેવે પકડ્યો છે, પહેલા ગામે અંદર ગયા છે, ઉપાશ્રયે પહોંચ્યા છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજને જોઈ ત્યાં પહોંચેલા મહાત્માઓ ગાંડા-ઘેલા થઈ જાય છે.

ગુરુદેવ આપ પધાર્યા !

અને પ્રેમસૂરીશ્વરજી મહારાજ કહે હા. તું બરાબર આવી ગયો અહિંયા ? હા ~~ગુરુ~~ ગુરુદેવ આપની કૃપા. ગુરુદેવનો હાથ પકડીને પ્રેમસૂરીશ્વરજી-મહારાજ, જે ઉપાશ્રય ની અંદર એક ઓરડીમાં

શિષ્યોના ભવભ્રમણ ના આંટા મટાડી દે એવા જે ઓરડા,

પોતાના ભવભ્રમણ ની ચપરીઓ અંત લાવી દે, એવા એ ઓરડા ! ભગવતી સુત્ર ની અંદર પ્રશ્ન કર્યો, એક ગુરુ છે ને શિષ્યોનું શાસ્ત્ર [illegible] જે, અપ્રમત્ત ભાવે, સુંદર યોગક્ષેમ કરે છે, એનો સંસાર કેટલો બાકી ?

જેને સમ્યક્ત્વ ની સ્પર્શના થઈ, જેને શ્રાવકત્વ ની સ્પર્શના થઈ, જેને સર્વવિરતિ ની સ્પર્શના થઈ, ભાવ ચારિત્ર જેમને મળ્યું, શાસ્ત્રો કહે છે સાત-આઠ ભવથી વધારે જેમનો સંસાર હોતો નથી.

સત્તટ્ઠં પુણ ભવગ્ગહણાઈં ણાઇક્કમઇ

આ પ્રશ્ન છે ગુરુ માટે, સાધુ માટે નહિ.

ગચ્છનું, શિષ્યવૃંદનું યોગ્ય યોગક્ષેમ કરે, એમનો MAXIMUM સંસાર કેટલો ?, ભગવતી સૂત્ર જવાબ આપે છે,

अत्थेगइया तेणेव भवग्गहणेणं सिज्झंति

કેટલાક ગુરુ એવા હોય છે જે એ જ ભવે - કેવળજ્ઞાન પામી ને મોક્ષે જાય છે. કેટલાક ગુરુ એવા હોય છે જે એના પછીના ભવે મોક્ષે જાય છે. અને જે સાચા ગુરુ હોય એમનો MAXIMUM સંસાર કેટલો ?,

तच्चं पुण भवग्गहणं नाइक्कमइ।

એમનો ત્રણ ભવથી વધારે સંસાર હોતો જ નથી. ગુરુદેવ રાતે ઉઠીને, રાતે આંટા લગાવી દેતા, મારા કયા શિષ્યો ક્યાં છે, કોઈનો સંથારો ખાલી તો નથી ને ?, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પણ આંટા લગાવતા, અને ગુરુદેવ પણ આંટા લગાવતા. અને આ આંટા, શિષ્યોના અને પોતાના ભવભ્રમણના આંટા ઘટાડી દેતા.

જે કર્યું હોય તે હવે કરો, સંયમ પાળો, ન પાળો, ના ભણો. હવે હું કેટલી તમારી ચોકીદારી કરું. મારે મારા કામ છે, મારે ભગવાનની ભક્તિ કરવી છે, મારે સ્વાધ્યાય - કરવો છે, મારે આટલા આટલા કાર્યો કરવા છે, મારી પાસે અનુકૂળતા નથી, આવી ભૂમિકા કદી સાચા ગુરુની હોય જ ના શકે.

આજે તમારે INTERNATIONAL SCHOOL માં છોકરાઓને મુકીને, કલાક જતા થાય, કલાક આવતા થાય, આઠ કલાક સ્કૂલમાં થાય, દસ કલાક તમારે છુટ્ટા થવું છે, એમને ફી આપીને છુટ્ટા થવું છે,

classmate

T.V. સામે CARTOON FILM જોતા બેસાડીને છુટ્ટા
મૂકો છો. તમને ખબર નથી એ કે- જે વર્ષના છોકરા-
ને CARTOON FILM ના નામે બેસાડી તદ્દન-
ઉદ્ભટ વેષોથી ભાવિત કરી કરીને તમે એનું નખ્ખોદ
વાળવાનું શરૂ કરો છો. અને આવી કાચી ઉંમરમાં
શીલ શબ્દ એ શબ્દકોશ સુદ્ધામાં નથી, એવામાં
વિદેશ ની બહાર મોકલીને એનું સત્યાનાશ વાળી
નાખો છો.

જે અમારા ગુરુદેવો જે સમજદારીને
સમજતા ને નિભાવી જાણતા, સાચા મા-બાપ બનીને
એમણે વચન મૂક્યું હું તમને કહું છું, તમને તમારી
જવાબદારી નો કોઈ ખ્યાલ ખરો ? માનતા જ નથી,
સમજતા જ નથી, સાહેબ અમે તો ઘણું કહીએ-
છીએ, કહીએ તો સામા થાય છે. તમારી જવાબ-
દારી તમે ભુલ્યા હો છો, તમે એમને બગાડવામાં
નિમિત્ત બની ચુક્યા હો છો, ને એ બગડી ગયા
પછી તમે એમની ફરિયાદો કર્યા કરો, શાંતિથી-
તમે વિચારશો તો તમને પોતાને અંદરથી-
સ્પષ્ટ લાગશે કે દીકરાને કતલખાને કપાવી-
નાખવા કરતા, પણ એને વિદેશ મોકલવો એ
વધારે ભયાનક વાત છે. અને ઉપરથી તમને
એવી ખુશી છે કે મારો દીકરો તો AUSTRALIA
ભણે છે, AMERICA ભણે છે, ઢાંકણી માં પાણી
લઈને ડુબી મરવા જેવી વાત છે. મોઢું સંતાડીને
મોટે મોટેથી રોવા જેવી વાત છે કે તમે તમારા
દીકરા- દીકરી ને વિદેશ મોકલો છો. અનંત પુણ્યના
ઉદયથી એ જે આર્ય દેશ, જૈન કુળ, આ દેવ-
ગુરુ, સંઘ, આ જિનાલય, આ ઉપાશ્રય, આ
પાઠશાળા, આ શિબિરો, આ ધાર્મિક અનુષ્ઠાનો

DATE

એનાથી સભર વાતાવરણ મળ્યું એ બધા પુણ્યની એક ઝટકે ઘાત કરીને, આવી અનાર્ય ભૂમિ!

સભાનો પ્રશ્ન:- પણ સાહેબ, વિદેશમાં દેરાસર, ઉપાશ્રય, ધર્મની અનુકૂળતાઓ, અને તેઓ પૂજા-સેવા વગેરે બધું જ કરતા હોય તો જવામાં શું વાંધો છે?

પૂજ્યશ્રીનો ઉત્તર:- એક ભાઈ હતા, તમે - અહીંયા રહીને બોલો છો, હું ત્યાંની વાત કરું છું. GREEN CARD કાઢીને પાછા આવી ગયા. ત્યાં કોઈનામાં સત્ય નથી હોતું, ત્યાંના લોકો ત્યાંની નબળી વાત પ્રાય: નહિ કરે, કારણકે એમાં એમને શરમાવાનું છે. ત્યાંનું શું CULTURE છે, ત્યાંનું શું વાતાવરણ છે, દેરાસરમાં કેટલો સમય, બહાર કેટલો સમય, પર્યુષણ કરી દેવાથી માનવ ભવ સફળ નથી થઈ જતો. હું આ પાટ ઉપરથી મારા હોઠે - બોલી ના શકું, એવું ત્યાંનું વાતાવરણ. હું કહું છું, ધાર્મિક ક્રાઈટ ની વાત જવા દો, અહીંયા આવી ને પૈસા બહુ વાપરતા ને બધા ને એમ થઈ જાય કે, અમેરિકામાં બહુ પૈસા! આવી એક માન્યતા બંધાય જાય, એ લોકો કદી સાચું કહેશે નહિ કે ત્યાં એ લોકો શું કામ કરે છે? હું ધાર્મિક ક્રાઈટ ની વાત નથી કરતો. અહીંયા જે - કામ કરવા તમે હરગિજ તૈયાર ન થાવ, ત્યાં એ કામ કરવું જ પડે અને એ કામથી છુટકારો ન થાય. એવા હજારો ને લાખો લોકો ત્યાં છે. વધારે મારે વિષયાંતર નથી કરવું, એક પુસ્તકનું નામ તમને આપુ છું, શાંતિ થી વાંચજો, તમારી

classmate

બધી જ દલીલો શાંત થઈ જશે. પુસ્તકનું નામ છે, "અમેરિકા જતા પહેલા" વાત માત્ર AMERICA-ની નથી, AUSTRALIA
GERMAN
EUROPE
CANADA, બધું અંદર આવી ગયું. આ પુસ્તકની અંદર બધા જ જવાબો લખેલા છે SHORTમાં તમને કહી દઉં, તમારી ધર્મ ભાવનાં-છે, તમે કદાચ ટકી જશો. તમારા છોકરાને એમનો તમારું લોહી બળતું હશે ને તમારી ત્રીજી-પેઢી જૈનત્વ નહિ પાળતી હોય ને નામશેષ થઈ ગઈ હશે.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ ત્યાંથી-નીકળ્યા છે, ઉપાશ્રય વગેરે બરાબર જોયું, મારા શિષ્ય, મારા ધર્મ પુત્ર કહેવાય એમને ત્યાં હું મુકી રહ્યો છું, ત્યાં સંયમમાં કોઈ-પણ બાધક તો નથી ને, એ જોવાની ફરજ મારી જ છે, એની કાળજી લેવાની જવાબદારી મારી છે. આ પ્રેમસૂરીશ્વરજી મહારાજની ભાવના, આટલી ૭૬ વર્ષે તંદુરસ્ત તબિયત હોય, ચાલીને વિહાર કરતા હોય, દસ કિલોમીટરનો વિહાર હોય, અને એના બાર.. ચૌદ.. પંદર કિલોમીટર કરી દેતા તેઓ થાકતા નહિ. ત્યાંથી પાછા-બહાર નીકળ્યા છે, બીજું ગામ બે કિલોમીટર, ત્રીજું ગામ બે કિલોમીટર, ચોથું ગામ બે કિલો-મીટર, પાંચમાં ગામે પોતે પહોંચ્યા છે, વચ્ચે બધા મહાત્માઓને મળતા ગયા છે. વાત્સલ્ય-વરસાવતા ગયા છે! ગુરુદેવ એમની જે વાત કરે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ જે શિષ્યોની આટલી

કાળજી લેતા હતા, જે પ્રેમસૂરીશ્વરજી મહારાજના શબ્દો છે, બીજા મહાત્માઓ ની ચોમાસા માટે-મોકલું એટલે એમની મને ચિંતા રહે છે, એક રાજેન્દ્રવિજય, અને એક હેમચંદ્રવિજય, આ બેની મને કોઈ ચિંતા નથી. આ પરમગુરુના - CERTIFICATE.

૨૫-૩૦ વર્ષની ઉંમર હોય, સુંદર-રૂપ હોય, મોહક વ્યક્તિત્વ હોય, જબરદસ્ત વ્યાખ્યાન શક્તિ હોય, સારું પુણ્ય હોય, અને છતા પ્રેમસૂરી-શ્વરજી મહારાજને કોઈ ચિંતા ન થાય, એના મુળની અંદર, શિષ્યની કેવી યોગ્યતા અને પાત્રતા હશે એની વાત મારે તમને કરવી છે. નિશ્ચય પોષ દસમી-શિષ્ય માટે જે બની શકે છે, જે પોતાના જીવનમાં નિશ્ચય પોષ દસમી બન્યા હોય છે. બ્રહ્મચર્ય સમાધિ સ્થાનો ને જેમણે ચુસ્તતાથી પકડ્યા હોય છે, જીવનની અંદર એનું ઉચિત પાલન હોય છે, ગુરુ સાથે-હોય, ગુરુ સાથે હોય કે ગુરુ ક્યાંક દુર દેશાની અંદર, ત્યાં ચોમાસુ બિરાજમાન હોય, ગુરુને આમ છાતી ઠોકીને ખાતરી હોય, મારા શિષ્યો ના બ્રહ્મચર્ય સમાધિના સ્થાનોની અંદર, બિલકુલ આઘા-પાછા નહિ થયા હોય અને પરમપિતા, સિધ્ધાંત મહોદધિ-એવા પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમને જેમના ઉપર આટલો ભરોસો હોય, એવા ગુરુદેવશ્રી એ એમના ગુરુદેવશ્રીની કેટલી કૃપા લીધી હશે.

ગુરુદેવની દીક્ષા થઈ, ગુરુદેવ-યાદ કરે ૭૦ વર્ષ પહેલાની ઘટના ભલે ગઈકાલની વાત હોય, ક્યાં વર્ષો ના વર્ષો વીતી ગયા, સંયમની મસ્તિ માં, ગુરુદેવ કહે દીક્ષા ના આગલા દિવસે-

DATE

પ્રેમસૂરીશ્વરજી મહારાજ અમારા ઘરે પધાર્યા હતા.
પ્રેમસૂરીશ્વરજી મહારાજ ઘરના રસોડામાં ઉભા હતા,
પ્રેમસૂરીશ્વરજી મહારાજ ના હાથમાં પાત્રુ હતું,
અને અમે એ પાત્રાની અંદર શ્રીખંડ વહોરાવ્યો
હતો.

બીજો દિવસ થયો છે, દીક્ષાનો દિવસ છે, દીક્ષાના દિવસની સવાર છે, મંડપ ભરાઈ ગયો છે, ચિક્કાર ભીડ છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાટ ઉપર બીરાજમાન થયા છે આજ ગુરુદેવની દીક્ષા ન હતી, એક સાથે પાંચ દીક્ષા હતી. પાંચ મુમુક્ષુઓ, એમના ક્રમ અનુસાર ઉભા છે, એક અમારી વિધિ છે, એક સાથે દીક્ષા થાય ને, ધારોકે એક ૬૦ વર્ષના ભાઈ છે, એક ૫૦ વર્ષના, એક ૪૫ વર્ષના, ૩૫ વર્ષના, ૨૫ વર્ષના, પંદર વર્ષના તો જે પંદર વર્ષના હોય ને એમનો નંબર છેલ્લે આવે. જે ઉંમરના ક્રમ મુજબ ઉભા રહેવાનું હોય, અને ગુરુદેવ એ પાંચે મુમુક્ષુઓમાં સૌથી નાના હતા. જે ક્રમ મુજબ ઉભા હોય, એટલે જે ૬૦ વર્ષના હોય એ સૌથી મોટા કહેવાય! આગળ જેમની દીક્ષા થઈ એ તો મોટા હોય જ જે સાથે દીક્ષા લે છે એમાં જે આગળ ઉભા રહ્યા, બાકીના જે મુમુક્ષુઓ હોય એમની દીક્ષા થઈ જાય, એમના વડિલ કહેવાય, આજી-જિંદગી, એ બધા એમને વંદન કરે ભલે સાથે દીક્ષા થઈ છે, પણ એમનો પર્યાય ને આમનો પર્યાય, એમાં સુક્ષ્મ ફરક ગણાય. ગુરુદેવનો વાસક્ષેપ જેમના માથે પહેલો પડ્યો તે મોટા, પાછળના નાના. એમની આગળના એમનાથી

classmate

નાના, આ રીતે અમારી વિધિ હોય, સામાન્યથી ક્રમ હોય. પણ ગીતાર્થ મહાપુરુષ એમને આમાં ફેરફાર કરવાનો અધિકાર હોય. ગુરુદેવ ઉંમરમાં સૌથી નાના, ગુરુદેવ સૌથી છેલ્લા ઉભા હતા, પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાટ ઉપર બિરાજમાન થયા, અને ગુરુદેવને ઈશારો કરીને બોલાવ્યા, ગુરુદેવ ગયા, અને પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ કીધું કે - તમારે અહિંયા સૌથી પહેલા ઉભા રહેવાનું છે.

ગુરુદેવે વૈરાગ્ય સભર પ્રવચન ચુવ્યા, ગુરુદેવ કર્મ - પ્રકૃતિના પાઠો ની અંદર મગ્ન બની ગયા, ગુરુદેવે એમના પ્રવચનથી પરમ ગુરુદેવને પરમ સંતોષ પમાડયો, એ બધી પછી ની વાત છે. ગુરુદેવનું સંસારી નામ હતું હીરાભાઈ, હીરાભાઈ નું હીર - પ્રેમસૂરીશ્વરજી મહારાજએ દીક્ષા ની પહેલેથી પારખ્યું હતું એના કારણે પ્રચલિત વિધિમાં ફેરફાર કરીને ગુરુદેવને આગળ બોલાવી ને, ગુરુદેવને પાંચે - મુમુક્ષુઓમાં સૌથી વડિલ બનાવ્યા.

મહાત્માઓ પ્રેમસૂરીશ્વરજી મહારાજને રાઈ મુહપત્તિ કરી રહ્યા છે, રાઈ મુહપત્તિ કર્યા પછી પચ્ચક્ખાણનો વારો આવ્યો છે, ગુરુદેવ ની તબિયત સારી નહિ, ગુરુદેવને નવકારશી નું પચ્ચક્ખાણ ગુરુદેવ નવકારશી બોલ્યા, એક મહાત્મા ને ઉપવાસ હતો, એમને એમ કે ઉપવાસનું પચ્ચક્ખાણ - પહેલા આપશે, ઉપવાસ એમ કરીને એમણે પ્રેમસૂરીશ્વરજી મહારાજ નું ધ્યાન દોર્યું, કે મને ઉપવાસ છે. અને સાહેબ બહુ સહજતા થી બોલ્યા, કે તારા ઉપવાસ કરતા આમની નવકારશી ચડી ગઈ !

ફરી કહું તમારા CERTIFICATES નું મુલ્ય નથી, અમે તો ગુરુદેવના બાળક કહેવાઈએ, કે ગુરુદેવના પિતા હતા, પરમપિતા હતા, એવા પ્રેમસૂરીશ્વરજી મહારાજ જ્યારે CERTIFICATE આપતા હોય ને એ નિશ્ચય પોષ દસમી.

ગુરુદેવના પુસ્તકો અહીંયા રાખેલા છે, એક પુસ્તક છે, જેનું નામ છે ત્રિલોક-તીર્થ વંદના, ગુરુદેવની પાંચ વર્ષની મહેનત. પ્રભુ ભક્તિનું અદભુત નજરાણું, ગુરુદેવ આખી જિંદગી જે ભક્તિ કરતા રહ્યા એનું દોઈ સમું આ પુસ્તક. ગુરુદેવે આ પુસ્તકનું નિર્માણ કર્યું. મુંબઈ MULTI GRAPHICS વાળા આ-પુસ્તકનું કાર્ય કરી રહ્યા હતા. પુસ્તક લગભગ તૈયાર થઈ ગયું છે, READY TO PRINT છે, PRINT માં જઈ રહ્યું છે, MULTI-GRAPHICS વાળા મુકેશભાઈ, એમની ભાવના થઈ કે ગુરુદેવની આટલા વર્ષો ની મહેનત છે અને આટલું અદભુત નજરાણું છે, તો ગુરુદેવનો ફોટો તો આમાં હોવો જ જોઈએ. નથી ગુરુદેવે કહ્યું કારણકે ગુરુદેવ તો કહે જ નહિ, નથી શિષ્યો એ કહ્યું કારણકે શિષ્યો ને ખબર છે, કે ગુરુદેવ ને ઈચ્છા નથી. મુકેશભાઈએ પોતાની રીતે આટલી મોટી SIZE નું પુસ્તક એમાં એક FULL PAGE એક અદભુત ગુરુદેવનો એક ફોટો અંદર લઈ લીધો. PROOF ગુરુદેવ પાસે આવ્યું ને જોયું કે આ રીતે અંદર ફોટો મુકેલો છે. ગુરુદેવે બહુ જ કડક થી કહી દીધું, કે આ ફોટો જો લેવાનો હોય, તો આ પુસ્તક નહિ છપાય!

તમારા- મારા જેવા કહાય ખુશ થઈ જાય. રોમ રોમ રાજી થઈ જાય. અંદર ગલગલિયા થઈ જાય. એવું નિમિત્ત સામે આવ્યું હોય ને ગુરુદેવની આ નિઃસ્પૃહતા, હું તમને કહું છું. બ્રહ્મચર્યનો અર્થ માત્ર વિજાતીયથી દૂર રહેવું એટલો નથી. પાંચે ઇન્દ્રિયોના વિષયથી દૂર રહીએ, આને બ્રહ્મચર્ય કહેવાય. હજુ આગળ વધીને આપણો ચહેરો અરીસામાં જોવો, કોઈક - એવું વાસણ હોય, પાણી હોય, વગેરે વગેરે ની અંદર જોવો. નિશિથ છેદ સૂત્ર આગમની અંદર - એનું પણ પ્રાયશ્ચિત બતાડ્યું છે. એ પણ વર્જિત છે, જો અરીસામાં ન જોવાય, તો પછી આપણો ફોટો કઈ રીતે જોવાય. અને આપણો - ફોટો જ જોવાય નહિ,

તો આપણો ફોટો મુકાય કઈ રીતે ?

પુસ્તક આજે પણ વિદ્યમાન છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ, ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, પદ્મવિજયજી મહારાજ, જયઘોષસૂરીશ્વરજી મહારાજ, યશોદેવસૂરીશ્વરજી મહારાજ, જેમના ફોટા એમની અંદર છે, ગુરુદેવનો ફોટો નથી. પણ ગુરુદેવ એમની આ ભૂમિકા, આ નિઃસ્પૃહતા, આ નિર્લેપતા, બ્રહ્મચર્ય સમાધિ, એ અંદર પાને પાને બોલી રહી છે.

હજુ આગળ વધીને કહું, અમુક ભાગ્યશાળીઓએ, એની નકલોના લાભ લીધા, ગુરુદેવના સંસારી પરિવાર, ગુરુદેવના સંસારી ભાઈ- પુંડરિક ભાઈ, એમણે પણ એની અંદર લાખોનો લાભ લીધો. જે ભાગ્યવાનોએ લાભ લીધો હોય, એની અંદર વાત આવી હોય, એમના ઉપકારી માતા-

પિતા, એમના ફોટા લેવાના હોય, ગુરુદેવનો સંસારી
પરિવાર, એમણે જે નકલો છપાવી, એની અંદર
પરિવાર ના ફોટા લખ્યા છે, ગુરુદેવના સંસારી-
પિતાશ્રી એમનો ફોટો અંદર છાપેલો છે. ગુરુદેવના
સંસારી માતુશ્રીનો ફોટો અંદર છાપેલો નથી. બીજા-
પણ અનેક પુસ્તકો જે એમના સંસારી પરિવારે
લાભ લીધો હોય, જહુ જહુ [illegible] ગુરુદેવના
સંસારી પિતાશ્રીનો અંદર ફોટો છે, ગુરુદેવના સંસારી
માતુશ્રીનો ફોટો એમાં અંદર નથી. તમે સમજી
શકો ? હું કોઈ હિરોઈન ના ફોટાની વાત નથી-
કરતો, હું કોઈ અન્ય ફોટાની વાત નથી કરતો.
હું તમને નિશ્ચય પોષ દસમી ની વાત કરવા માંગુ છું,
આખી જિંદગી, ગુરુદેવે જે શ્રુતનું કાર્ય કર્યું,
શતાધિક પુસ્તકો પોતાના હાથે લખ્યા. એક હજારથી
વધારે શાસ્ત્રો, આગમો, ગ્રંથો, એનો પુનરોધ્ધાર
કર્યો. એક લાખથી વધુ હસ્તપ્રતિઓનો ઉધ્ધાર-
કર્યો. બે કરોડથી વધુ હસ્તપ્રતિઓના પ્રાચીન-
પાનાઓનો ઉધ્ધાર કર્યો, અને આટલા ગ્રંથોની
અંદર, ક્યાંય પોતાનો ફોટો નથી, ક્યાંય પોતાના
સંસારી માતુશ્રીનો ફોટો નથી, કોઈ લાભાર્થી
કહે કે આમાં મારા સંસારી માતુશ્રીનો ફોટો લેવો જ
છે. ધારોકે કોઈએ આવું કહ્યું, તો એમને-
લાભ ન મળે. પણ કોઈપણ સ્ત્રીનો ફોટો-
એ ગુરુદેવના કોઈ પુસ્તક, ગ્રંથ, વગેરે ની અંદર
કદી પણ આવ્યો નથી. મારા માતુશ્રી એ પછી
છે, પહેલા એ સ્ત્રી છે. અને જિનશાસનની મર્યાદા
આ છે, કે સાધુ કદી પણ સ્ત્રીનું ચિત્ર કે ફોટો
મુકે નહિ, એ ચાહે પોતાના માતુશ્રી પણ હોય,
તો પણ આ મર્યાદાનો ભંગ કરે નહિ. દીક્ષા
લીધા પછી ગુરુદેવે ક્યારેક એવો પ્રસંગ બન્યો હોય,

સંસારી ઘરે પ્રેરણા પત્ર લખવો હોય, પોતાના ભાઈઓના નામ લખ્યા હોય, માતુશ્રીનું કદી નામ ના લખ્યું હોય, હું તમને મર્યાદાની ઝલક દેખાડવા માંગુ છું કે પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ ગુરુદેવને આપી.

## આજે તમારી છોકરીઓએ માઝા મુકી છે !

સાધ્વી સગી મા નું નામ ન લેવાય, આ કઝાની મર્યાદા. ગુરુદેવે ભાઈઓના નામ લખીને લખે, અને તમારા માતુશ્રી. મહાત્મા પાસે કોઈ બહેન બેઠા છે, દાદા ગુરુદેવ ભુવનભાનુ સૂરીશ્વરજીએ મહાત્માને બોલાવ્યા, કેટલી વારથી તારી પાસે કોઈ બહેન બેઠા છે, સાહેબ મારા સંસારી માતુશ્રી છે, મહાત્માનો વિરોધ નથી, મહાત્માને એમકે ગુરુદેવને ખ્યાલ નથી, ઓળખ્યા નહિ હોય, ખ્યાલ નહિ હોય, એમ ને એમ કોઈ બહેનને નથી બેસાડ્યા, મારા-સંસારી માતુશ્રી છે, અને દાદા ગુરુદેવે એ મહાત્મા-ને સહજતાથી એટલું કીધું, ભાઈ તારી "મા" છે, આ બધા સાધુઓની તો "મા" નથી ને !

હું તમને કહું છું સગા દીકરા-મહારાજ ને મળવા જવામાં પણ, તમારી મર્યાદા-ખરી કે તમારા પરિવાર સાથે તમારા કોઈ સગા મહાત્માને વંદન કરવા જતા હો, તમારી દીકરી, તમારી ભત્રીજી, તમારા પરિવાર ના બહેનો, તમે ઘરેથી નીકળતા એમને ખખડાવી નાખ્યા ખરા કે, તમે ક્યાં જઈ રહ્યા છો એનું ભાન છે કે આવા કપડા પહેરીને ઉપાશ્રય જવાના હશો, મારી નાખશો સાધુઓને ! હું તમને કહું છું, ઉપાશ્રયે નહિ આવો તો ચાલશે, પણ ગમે તે રીતે આવ્યા,

એટલે તમારા સગા મહાત્માના હિસાબે પણ આવા સાધુની કદાચ ભાવ હત્યા કરવામાં તમે નિમિત્ત-બની જશો.

## સાધુ એ કોઈ સિધ્ધ નથી, સાધુ એ સાધક છે !

સિધ્ધ થવાની યાત્રા કરી રહ્યા છે. સાધુ પણ છદ્મસ્થ છે. સાધુ પણ નિમિત્તો ને-આધીન છે. એમને વિપરીત નિમિત્ત આપણા-તરફથી આપવું, આ પણ

## સાધુની એક પ્રકારની હિંસા છે !

આજે એક બાજુ તમારી ભક્તિ ચરમ ચુકી છે. છેલ્લા સો વર્ષમાં સાધુ-સાધ્વીજી ભગવંતો ની જે-ભક્તિ ના થઈ હોય, એ ભક્તિ તમારા તરફથી થઈ રહી છે. કરોડો રૂપિયા દર વર્ષે વૈયાવચ્ચની-માટે તમે જ વાપરો છો. અને બીજી બાજુ એવા નિમિત્તો આપી ને, સાધુને પછાડવાનું, પટકવાનું, ક્રમસેક્રમ માનસિક પતન સુધી લઈ જવાનું નિમિત્ત સાધુ ટકી જાય તો એમાં સાધુની વિશેષતા છે તમારી નથી, પણ એમનું માનસિક પતન થાય, એવી સંભાવના પણ એમની પાસે લઈ જવી, હું તમને કહું છું આ સાધુ પરના પરિષહ અને ઉપસર્ગ ના-કહેવાય !

શું આવવું સાધુ પાસે અને તમારી પાસે વિવેક ખરો કે કોઈક થેલી ની અંદર તમે સાધુ પાસે કાંઈક લઈ ગયા. કાંઈક વહોરાવવા-લઈ ગયા હતા, કોઈક ચારિત્ર ઉપકરણો હતા,

થેલી ની અંદર ની વસ્તુ સંયમને બાધક ન હતી, સંયમના ઉપકરણ રૂપ હતી. પણ એ થેલી ઉપર- તમારા કોઈ MALL, તમારા કોઈ STORE એની ADVERTISMENT હોય, જેમાં સ્ત્રીનું ગમે તેવું ચિત્ર હોય, હું કહું છું તમારી દ્રષ્ટિ એ શાલીન-પણ ચિત્ર હોય,

## સાધુ પાસે લઈ જવાય ખરું ?

તમે એટલા બધા સહજ અને નિખાલસ થઈને- વર્તતા હો છો કે અમારા ખુબ ચીરાઈ જતા હોય છે. કોઈ વિચાર જ નહિ, કોઈ વિવેક જ નહિ, તમારો કોઈ પ્રસંગ છે, ભલે ધાર્મિક પણ છે, અંદર બહેનોના ફોટા છે, એવી પત્રિકા છે. હું- તમને પુછુ કે સાધુને અપાય ખરી ? એમાં પાછા તમે FASHION SHOW બનાવ્યો હોય, ગમે તેવી વેશભુષા કાઢી હોય, કોઈ જાતની મર્યાદા ન હોય, હું તમને કહું છું, મર્યાદા સાથે ના પણ ફોટા, વિજાતીય ના હોય, એ સાધુ- સાધ્વીજી ભગવંતો ને- હરગીઝ ના અપાય. તમારા મર્યાદા વગર ના ગમે તેવા ફોટા હોય, ભલે ધાર્મિક સાહિત્ય હોય, ભલે પુસ્તક- હોય, ભલે પત્રિકા હોય, તમારા પારણાની કે માળ ની ગમે તે હોય, આ સાધુ પ્રત્યે નું બહુમાન છે, આ સાધુ નુ આમંત્રણ છે કે આ સાધુની એક પ્રકારની મશ્કરી છે, આશાતના છે, એનો વિચાર તમને આવે ખરો ?

છેલ્લા મહિનાઓની વાત કરું, એક નોટ મારી પાસે હતી, ગુરુદેવને વંદન કરવા ગૌતમ-સંઘથી, ગોદાવરી સંઘમાં હું ગયો છું. વંદન કર્યા છે,

રોકવું પડે કે ટાઈમ જાય માટે નોટ હંમેશા સાથે રાખું, સમય મળે એનો ઉપયોગ થઈ શકે, લખી શકાય, ગુરુદેવે પુછયું શું છે ? મેં નોટ ગુરુદેવના હાથમાં - આપી. લખાણ હતું, ગુરુદેવે જોયું, ફેરવતા COVER PAGE આવ્યું, અને COVER PAGE ની અંદર - કોઈ લાભાર્થી હોય, એમના મા-બાપ ના ફોટા હશે, અને ગુરુદેવે એ જ સેકંડે બોલ્યા, આને કાઢો ! તમે કોઈ પણ મહાત્મા પાસે જઈને પુછો, નોટ - અમને નિર્દોષ મળે, જ્ઞાન પંચમી એ રાખેલી હોય, અમારે SPECIAL મંગાવવી ન પડે, અમને સહજ - નિર્દોષ મળી જાય, અમે વાપરીએ. ભલે લાભાર્થીની કૃતઘ્નતા, મા-બાપના ફોટાઓ અંદર મુકયા. પણ હવે સાધુ પાસે આવી એટલે સાધુએ મર્યાદા મુજબ વાપરવાની, કાગળની થવારણી એને એવી રીતે - ચોંટાડી કે બહેનનો ફોટો દેખાય નહિ. એ રીતે રાખવાની અમારી મર્યાદાને ગુરુદેવને કહ્યું કે હજુ ગઈ કાલે જ લીધી, અને આ કરવાનું રહી ગયું છે, હું કરી લઈશ !

## નિશ્ચય પોષદસમી !

## સદ્‌ગુરુ નિશ્ચય ફાગણ-સુદ-તેરસ હોય છે !

ફાગણ સુદ તેરસ, તમારી ભાષામાં ફાગણ ફેરી કહેવાય. ફાગણ ફેરી નો શાબ્દિક - અનુવાદ કરીએ, તો થાય વસંત-વિહાર. વસંત - ઋતુ સોળે કળાએ ખીલી હોય, ઉપવનો ફુલોથી લચી પડયા હોય, સુગંધનું સામ્રાજ્ય છવાઈ ગયું હોય, એમાં મસ્તીથી ફરવા મળે. એનું નામ - - વસંત ઋતુ !

DATE

તમે મને પુછો કે સદ્ગુરુની SHORTEST શબ્દોમાં વ્યાખ્યા કરવી હોય તો શું કહેવાય ? મારી પાસે જવાબ છે,

મસ્તી !

જે મસ્તીમાં હોય એ સદ્ગુરુ, હું તમને કહું છું, શિષ્યો ના હોય, ભક્તો ના હોય, શાસન પ્રભાવના-ના હોય, પ્રવચન ના હોય, કશું જ ના હોય, તો પણ સદ્ગુરુ હોય શકે છે. પુત્ર વગર માતૃત્વ-સંભવીત નથી, પણ શિષ્ય વગર ગુરુત્વ સંભવીત છે, આ અંતરંગ મસ્તી છે.

★ "જ્યાં ખુશી થવા માટે કોઈ પણ વિષયોની જરૂર નથી, એનું નામ વસંત વિહાર"!

★ "જ્યાં કષાયોના નિમિત્તો ભોંઠા પડી જાય એનું નામ વસંત વિહાર"!

★ "જ્યાં આત્મિક આનંદનો ઉઘાડ અનુભવાય એનું નામ વસંત વિહાર"!

★ "જ્યાં પરમાનંદની મસ્તી ના ઝરણા ફુટી ફુટી ને વહ્યા જ કરે એનું નામ વસંત વિહાર"!

આપણે છે ને ઘટનાઓને, પ્રસંગોને, સંવાદોને, આ બધાને સમજુએ છીએ,

વળાંકો વગરના રસ્તાને આપણે સમજુ શકતા નથી.

સીધો રસ્તો આપણને રસ્તો જ લાગતો નથી.

ગુણાનુવાદમાં કોઈ ઘટના આવે ને તો આપણે જરા CHARM માં આવી જઈએ, પ્રસંગ આવે ને - આપણને MOOD આવી જાય. પણ જે ઘટનાઓથી પણ પરમ ઘટના છે, પ્રસંગો માં પણ પરમ - પ્રસંગ છે, જે મસ્તી છે, જે ઉત્કૃષ્ટ પ્રસંગ હોય - છે, એને આપણે સમજી શકતા નથી.

| ચિદાનંદ કી મોજ મચી હૈ, સમતા રસ કે પાન મેં

આ ગુરુદેવના પ્રિય સ્તવનની, પ્રિય પંક્તિ, ગુરુદેવ જિનાલયની અંદર બોલી રહ્યા - હોય ને ઝૂમી રહ્યા હોય, આનું નામ વસંત વિહાર!

ગુરુદેવ ઉપાશ્રયની અંદર પાટ ઉપર બેઠા છે, સ્વાધ્યાયની અંદર ગુરુદેવ મગ્ન છે, ગુરુદેવ મૌન છે. પણ એમનું રોમ - રોમ બોલી રહ્યું છે.

ભજનો અધિકારી બની બૈઠે, પ્રભુ ગુણ અખંડ ખજાને કે

આનું નામ વસંત વિહાર!

અડધી રાતે ગુરુદેવ બેઠા થઈ ગયા - હોય, ભુવનમાં જેટલા જિનાલયોના દર્શન કર્યા, - એની સાક્ષાત, મનથી, આંતરચક્ષુથી, ભાવ યાત્રા - ચાલુ હોય, એવા સમવસરણના ધ્યાન, ઊપક - શ્રેણીનું ધ્યાન આવું કોઈ ધ્યાન ચાલી રહ્યું હોય અને ગુરુદેવના આત્મા નો પ્રદેશે પ્રદેશ ભીંજતો - હોય,

ઐસે મગન ભયે પ્રભુ ધ્યાનમેં !

આનું નામ વસંત વિહાર!

DATE

કેવુ મસ્તીને સમજવા માટે આપણો પનો ટૂંકો પડે.
ગુરુદેવની જે પરિણતિ, ગુરુદેવની જે સ્વાધ્યાય મગ્નતા,
ગુરુદેવની જે પ્રભુભક્તિ, સિત્તેર વર્ષનો ચારિત્ર-
પર્યાય અને એની પહેલાના પણ જે જે જિનાલયો
માં એમણે દર્શન કર્યા, એના મુળનાયક ભગવાન -
સાક્ષાત આંતરચક્ષુથી જોઈ શકે, એવી ગુરુદેવની -
સ્મૃતિ! કેટલાય દહેરાસરોમાં મુળનાયકની આજુબાજુ
ના ભગવાન કયા છે એની પણ ગુરુદેવને સ્મૃતિ!
કલાકો સુધી ગુરુદેવે આ રીતે હજારો રાતોમાં, પોતે
કરેલા દર્શનોની ભાવ યાત્રા કરી છે. ગુરુદેવે હજારો
રાતોમાં ભગવાનના ધ્યાનની મગ્નતા અનુભવી છે.
ગુરુદેવના અંતરમાં પરમાત્મા વસ્યા હતા, માટે ગુરુદેવને
બારે માસ વસંત હતી. કદાચ આપણા અંતરમાં
સંસાર વસ્યો છે, માટે આપણને બારે માસ -
પાનખર હોય છે.

વિહારના કેટકેટલા એવા અનુભવો,
વચ્ચે ભગવાન એવા આવી ગયા, દહેરાસર એવું -
આવી ગયું, અને ગુરુદેવનો આગળનો PROGRAM
બદલાઈ જાય, વિહારમાં રાતવાસા માટે આવ્યા હોય,
ભગવાન એટલા ગમી ગયા, રાજસ્થાનનું સેવાડી તીર્થ
હોય, પાલીતાણા પાસે કિર્તીધામ હોય, જે ગુરુદેવ
ભક્તિમાં ઝુમે, આગળનો PROGRAM બદલાઈ જાય.

રાજસ્થાનની અંદર પિંડવાડા મુકામે
ગુરુદેવ બિરાજમાન હતા. પેશુઆ સંઘની આગ્રહ
ભરી વિનંતી, ૫૦ વર્ષ એમના દહેરાસરને પુરા થાય
છે, મોટો મહોત્સવ કરવો છે, ગુરુદેવની નિશ્રા -
એમણે માંગી છે, ગુરુદેવે કૃપા કરી છે. રાજસ્થાનમાં

DATE

પેશુઆ ગામ. રાજસ્થાનીઓનો મહોત્સવ, તમે કેટલી કલ્પના કરી શકો, એનાથી વધારે ઘણો ભવ્ય જેવો મહોત્સવ! ગુરુદેવની ભાવના કે મારે નાંદિયા-જવું છે, ત્યાં ભગવાનની ભક્તિ કરવી છે, અને પછી પેશુઆ આવી જશું. અમુક મહાત્માઓ સાથે ગુરુદેવ નાંદિયા ગામે પધાર્યા. ભગવાનની ભક્તિ, જીવિત-સ્વામી. મહાવીર સ્વામી ભગવાન, ગુરુદેવ જે ભક્તિમાં ઝૂમે, જે ગાંડા બને, કલાકો ના કલાકો સુધીની પ્રભુ ભક્તિ!

પેશુઆ સંઘના શ્રાવકો દોડી ગયા, ગુરુદેવ આપ આજે પહેલા દિવસે પધાર્યા નહિ, કાલે પધારો, ગુરુદેવે કહ્યું કે મારે હજુ-ભગવાનની ભક્તિ કરવી છે. પહેલો દિવસ ગયો, બીજો દિવસ ગયો, રોજ શ્રાવકો ભય. નાંદિયા-ગામની બહાર જૈનોના ઘરો ઓછા, ત્યાં ઇતરની-ગોચરી લેવાની, ત્યાં અગવડતા-સગવડતામાં રહેવાનું અહીંયા બધા ઘર ખુલી ગયા હોય, તે તે શહેરમાં રહેતા લોકો વતને આવી ગયા હોય. જોરદાર મહોત્સવ ચાલુ થઈ ગયો હોય, રોજ લગનના જમણવાર જેવી DISH હોય પણ, ગુરુદેવ માટે તો ભગવાન જ લગનની DISH છે. રોજ શ્રાવકો ભય, પછી શ્રાવકો બીજુ ત્રીજુ રીતે વાત કરે, અહીંયા મહાત્મા-ઓને તકલીફ પડે છે, અહીંયા ગોચરી ની વ્યવસ્થા નથી, સાહેબ પેશુઆ પધારો. ગુરુદેવે મહાત્માઓને પુછ્યું તમને કોઈ તકલીફ, મહાત્માઓએ કહ્યું-અમને કોઈ જ તકલીફ નથી, આપની ઈચ્છા-અહિંયા રહેવાની છે, આપ સુખે થી રહો, આપ ખુશી થી રહો, અમે જે છે એ બધું જ SET કરી દેશું.

ત્રીજે દિવસ, ચોથો દિવસ, ગુરુદેવના નામે મહોત્સવ, ગુરુદેવની નિશ્રામાં મહોત્સવ, અહિંયા આટલી બધી PUBLIC, અહિંયા આટલા બધા ભક્તો, અહિંયા આટલા બધા PROGRAMS, નાહિંયા ગામ આપણી દ્રષ્ટિએ સુમસામ, ને ગુરુદેવની દ્રષ્ટિએ જીવિતસ્વામી દ્વારા સંપૂર્ણ હર્યુ-ભર્યુ.

ખુબ આગ્રહ ભરી વિનંતીથી ચોથે/ પાંચમે/ છઠ્ઠે દિવસે, ગુરુદેવ પધાર્યા. ધુમધડાકા-ભર્યુ ગુરુદેવનું સામૈયું, બે-ત્રણ મિનિટ માત્રની-અંદર, અગિયાર લાખ રૂપિયાના ગુરુપુજનની ચડાવો. સો-સો રૂપિયાની સામૈયાની અંદર પ્રભાવના. અને મારી નજર ગુરુદેવના ચહેરા સામે, ગુરુદેવ તદ્દન-નિઃસ્પૃહ! જે ભગવાન અને ભગવાનના શાસનની પાછળ લેપાય ગયા હોય એ બીજે ક્યાં લેપાય!

પાસણાની અંદર અષ્ટાપદ તીર્થ, એની પ્રતિષ્ઠા, હિમાંશુસૂરીશ્વરજી મહારાજ લખીને-ગયા હતા, હેમચંદ્રસૂરી પાસે પ્રતિષ્ઠા તમે કરાવજો. ગુરુદેવને જેમણે અંજનશલાકાની અંદર જોયા હોયને, આખી જિંદગીમાં તમે ભુલી ના શકો, એવો ગુરુદેવ-નો ભાવાવેશ. એ ભગવાન પ્રત્યેની ભક્તિ. જન્મ કલ્યાણક હોય, જન્મનો સમય નજીક આવ્યો હોય,

ભગવાનના વિશેષણો, ભગવાનની ભક્તિના પદો, જે ભાવાવેશની સાથે ગુરુદેવ બોલતા હોય. ગુરુદેવ માત્ર ન બોલતા હોય એમના રોમે રોમ બોલતા હોય, આત્માના પ્રદેશે પ્રદેશ બોલતા હોય. જેમણે એક-પણ માટે પણ ગુરુદેવને અંજનશલાકાના અનુષ્ઠાનની અંદર જોયા હોય, એ શ્લોકો બોલતા જોયા હોય, એ ભાવાવેશ જોયો હોય, જિંદગીની અંદર ભુલી ન શકે,

सर्वेन्द्रवन्द्याय जितेन्द्रियाय
प्रसूतभद्राय जिनेश्वराय ।

અને આ શબ્દો બોલતા-બોલતા, ગુરુદેવના હોઠેથી નહિ, ગુરુદેવ ગળેથી ન હતા બોલતા, ગુરુદેવ હૃદયથી ન હતા બોલતા, ગુરુદેવ માત્ર નાભિથી ન હતા બોલતા, ગુરુદેવ આત્માના પ્રદેશે પ્રદેશથી બોલતા હતા, ગુરુદેવ પાગલ બની જતા, ગુરુદેવ ગાંડા બની જતા, નિર્વાણ અભિષેક હોય અને એ અભિષેક થઈ ગયા પછી એક વિધિ હોય છે, નિર્વાણ કલ્યાણક વખતે, એની પહેલા કેવળજ્ઞાન-કલ્યાણક, એની વિધિ, અંજનશલાકા રૂપે હોય છે અને અંજનશલાકા પછી સવારે, ભગવાનની પહેલી-દેશના હોય છે.

એ દેશના તમે સાંભળોને, ગુરુદેવ ભગવાનના પ્રતિનિધિ તરીકે ભગવાનની-બાજુમાં, ત્રિગડા ઉપર ભગવાન બિરાજમાન હોય, ખુરશી ઉપર ગુરુદેવ બેસે, ને દેશના આપે, સાક્ષાત તીર્થંકરની દેશના,

હે ભવ્ય જીવો, આ સંસાર અનાદિ છે, આ જીવ અનાદિ છે, મને નહિ આવડે ગુરુદેવ જેવું બોલતા, અષ્ટાપદની પ્રતિષ્ઠા થઈ, એ અંજન-શલાકા થઈ, દાદા ગુરુદેવ ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ, એમના બહેન મહારાજ પણ ત્યાં-હાજર હતા, ભાવુક થઈ ગયા હશે, ગળગળા-થઈ ગયા હશે, ગુરુદેવને ઉપાશ્રયમાં વંદન-કરવા આવ્યા, બીજું કશું ન બોલી શક્યા, એટલું બોલ્યા, સાહેબ પછી આપ છો. અને ગુરુદેવ વળતી પળે જ બોલી ઉઠ્યા, સાહેબ જ છે.

DATE

બહેને મહારાજસાહેબ ને કહેવાનો ભાવ એવો હતો કે સાહેબની જે પ્રભુ ભક્તિ હતી, અષ્ટાપદ તીર્થ પ્રત્યેની ભક્તિ, સાહેબનો વારસો કહીએ ભક્તિ સ્વરૂપે રાખ્યો હોય તો એ આપે રાખ્યો છે.

## સાહેબ પછી આપ છો!

અને ગુરુદેવના આ શબ્દો, હું તો કાંઈ, કહાય. કાંઈ મળ્યું છે તો એ સાહેબથી મળ્યું છે.

પાક્ષિક પ્રતિક્રમણની અંદર એક-વિધિ આવે છે, ચાર ખામણાની! છેલ્લા ખામણામાં અમે પણ લગભગ પ્રતિવચન બોલતા હોઈએ ને તમે પણ, ઈચ્છામિ અણુસટ્ઠિ બોલતા હો, એમ દરેક ખામણામાં અમારે પ્રતિવચન બોલવાનું હોય છે. ત્રીજું ખામણું, એમાં શિષ્ય ગુરુ ને કહે છે કે, આપે મને રજોહરણ વગેરે ઉપકરણો આપ્યા, ગાથા-આપી અર્થ આપ્યો પાઠ આપ્યો, આપે મને-સારણા- વારણા વગેરે આપ્યું, આપે મને કેટલું બધું આપ્યું. અને મેં કાંઈ અવિનયથી લીધું હોય, તો એનું મિચ્છામિ દુક્કડં. અને ત્યાં ગુરુ પ્રતિવચન બોલે છે,

आयरिअ संतिअं।

મારું કશું પણ નથી, મેં તને જે આપ્યું એ મને મારા ગુરુ એ આપ્યું છે. શિષ્યે કહાય દાદાગુરુને જોયા સુદ્ધા ન હોય, શિષ્ય ઉપકાર માને છે, ગુરુદેવ આપે મને કેટલું બધું આપ્યું અને ગુરુનો આ જવાબ છે, મારું કશું છે જ નહિ. શાસ્ત્રો-માત્ર દિશા બતાવે, અંગુલી નિર્દેશ કરે, સુચન કરે,

સુચનાત્ સુત્રમ્ ।

આપણે એનાથી આગળ જવાનું હોય છે, આપણે એઈએ

DATE

ગુરુદેવ કહે છે સાહેબ જ છે. મારું જે બધું છે એ ગુરુદેવનું નહિ, ગુરુદેવ જ છે.

૭) જિભ્યરની અંદર ગુરુદેવ બિરાજમાન હતા, દહેરાસરની ENTRY, ને ENTRY ની આગળ જઈએ ને, તો પહેલો જ સિરોહી ઉપાશ્રય આવે, અમે બધા ગુરુદેવની નિશ્રામાં છીએ, સાંજનો સમય છે, પાણી ચુકવ્યું છે, ભગવાનની ભક્તિ કરવા માટે ગુરુદેવ દાદરો ઉતરી રહ્યા છે. મેં ગુરુદેવનો હાથ પકડ્યો હતો દાદરો ઉતરી ને ગુરુદેવ MAIN ENTERENCE પાસે આવ્યા છે ત્યારે એક વ્યક્તિ સામે આવી. અબજોપતિ એ માણસ, જીરાવલા તીર્થના ટ્રસ્ટી, કરોડો ના સુકૃતો દર વર્ષે કરતા હોય, એવા માણસ જેમને બધા સામેથી બોલાવ- બોલાવ કરતા હોય, એવા એ માણસ! વગર બોલાવે ગુરુદેવને વંદન કરવા આવ્યા છે, ગુરુદેવ જાગ્યા છે એવો ખ્યાલ આવ્યો હશે. વંદન કરવા સામેથી આવ્યા છે, હું તમને પૂછુ, હવે શું થાય? PROGRAM બદલાઈ જાય? તમે કે હું હોઈએ તો કદાચ વંદન કરવા જ ન જઈએ. હજુ આપણને ઉત્સર્ગ આવડતો નથી ને અપવાદમાં પાવરધા થઈ ગયા છીએ. ગુરુદેવનો PROGRAM બદલાયો નહિ, ગુરુદેવે એમની સામે જોયું, ગુરુદેવે એમને ઓળખ્યા, ગુરુદેવે સૌજન્યશીલતા થી એટલું કહ્યું રમણભાઈ છે! એમણે હા પાડી, ગુરુદેવે આશિર્વાદ આપ્યા. બીજુ કોઈ પણ પ્રકારની વાત કર્યા વગર, ગુરુદેવ જીનાલયે પહોંચી ગયા. અને પ્રભુ ભક્તિમાં રંગાઈ ગયા!

DATE

ગુરુદેવના કેટલા અજબગજબ વાતો હતા એ ખરો સવાલ છે જ નહિ, ખરો સવાલ એ છે કે કેટલા અજબગજબ જાં પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ ધારણ કરીને, ગુરુદેવ ભગવાન અને ભગવાનના શાસન પ્રત્યે લાલાયિત હતા! જે ભગવાન અને ભગવાનના શાસનમાં જ રમણ થઈ ગયા હોય, એ રમણભાઈનું શું કરે? અને ગુરુદેવની આ HEIGHT જબર હોય, ને માટે જ રમણભાઈને વંદન કરવા આવવાનું મન થતું હોય.

કે.પી. સંઘવી વાળા બાબુભાઈ. એ પણ ગુરુદેવની આ HEIGHT ઓળખી ગયા હતા, વધારે કશું નથી કહેતો, આજે પણ તમે રાજસ્થાન, પાવાપુરી તીર્થની અંદર જાઓ, એની MAIN OFFICE, જ્યાં MANAGING ટ્રસ્ટી અને MANAGER બેસે, એ OFFICE ની અંદર, બે મોટા ફોટા તમને દેખાશે. બંને ચાંદીની FRAME થી મઢેલા હશે, એક ફોટો છે પૂજ્ય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજનો, અને બીજો ફોટો છે, ગુરુદેવનો! ગુરુદેવની આ વસંત વિહાર ઓળખે, ગુરુદેવનો આ આંતર વૈભવ ઓળખે, એ શ્રીમંતો ને પણ પોતાની જાત ગરીબ લાગતી હતી.

ગુરુદેવના સંસારીપણા નો પ્રસંગ, મુંબઈથી પોતે અમદાવાદ જવા નીકળ્યા છે, સાથે એમના માતુશ્રી છે, ટ્રેનમાં બેઠા છે, એક પછી એક સ્ટેશન આવતા જાય છે, ટ્રેન આગળ જતી જાય છે... જતી જાય છે... જતી જાય છે, એમ કરતા આણંદ સ્ટેશન આવે છે, જમની ઘટના! આણંદ સ્ટેશને ગુરુદેવે બારીમાંથી જોઈ રહ્યા છે, સ્ટેશનની પાસે એક દેરાસર દેખાય છે, આપણે હોઈએ તો શું કરીએ?

"નમો જિણાણં"

વાત પુરી થઈ ગઈ. ગુરુદેવનું અંતર ભર્યું ન રહ્યું. ગુરુદેવ ટ્રેનમાંથી ઉતરી ગયા. ગુરુદેવ દોડી ગયા, ગુરુદેવ દહેરાસરની અંદર પહોંચી ગયા. દર્શન કરીને તરત પાછુ આવવાનું હતું, ટ્રેન ઉપડી જાય, ત્યાં ભગવાનના દર્શન કર્યા. ગુરુદેવ ભાન ભુલી ગયા, બધો સમય ભુલી ગયા, પોતે ક્યાંથી આવ્યા, કઈ જગ્યાએથી આવ્યા, પાછા જવાનું છે, બધું જ ભુલી ગયા, ભક્તિમાં મગ્ન થઈ ગયા, ભક્તિ કરીને ગુરુદેવ પાછા PLATFORM પર આવ્યા, ત્યારે ગાડી જતી રહી હતી. ગુરુદેવ અને એમના માતુશ્રી બંનેની ટિકિટ એમના માતુશ્રી પાસે હતી.

## ગુરુદેવના ખીસ્સામાં એક પણ રૂપિયો ન હતો!

આપણે તરત પુછી લેશું પછી ? આપણા પહેલાના ઠેકાણા નથી ને પછી ની વાત કરીએ છીએ. હું કહું છું પહેલું લાવી દો, પછી ની કોઈ ચિંતા-કરવાની જરૂર જ નહિ પડે. અને પહેલું એ નહિ હોય, પછી ની ગમે તેટલી ચિંતા કરો પછીની-ગમે તેટલી ગોઠવણ કરો. પછીમાં ઉપાધિ અને-ઉધામા સિવાય બીજું કશું હશે નહિ.

★ ગુરુદેવ નિશ્ચય ફાગણ-સુદ-તેરસ હતા!

★ નિશ્ચય ફાગણ-ફેરી હતા!

★ નિશ્ચય વસંત-વિહાર હતા!

★ સાક્ષાત મસ્તી હતા!

આ છે સદ્ગુરુ હતા. ગુરુદેવની ઘણી બધી વાતો બાકી છે, આજે સમય થયો છે.

# "પ્રથમ"

DATE 03 08 2021

ગુરુદેવની ગાડી છુટી ગઈ હતી, માટે જ ગુરુદેવે ગાડી પકડી લીધી હતી. આપણી ગાડી કદી છુટી નથી હતી, માટે જ આપણે ગાડીને પકડી શક્યા-નથી. ગુરુદેવ કઈ રીતે પહોંચ્યા એનો વિચાર-છોડીને આપણે એનો વિચાર કરીએ, કે આપણે કઈ રીતે પહોંચશું ?

**સદ્ગુરુ નિશ્ચય ફાગણ-સુદ-તેરસ હોય છે !**

ફાગણ-સુદ-તેરસ ના દિવસે શત્રુંજ્ય-ની છ ગાઉની પ્રદક્ષિણા કરવાની હોય છે. સદ્ગુરુ-શું કરે છે ? સદ્ગુરુ આજીવન આંતર શત્રુઓના વિજય સ્વરૂપ, એવા જિનશાસનની પ્રદક્ષિણા કરતા હોય છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, પરિસ્થિતિ, કંઈપણ હોય, કેન્દ્રમાં સદ્ગુરુ માત્ર ને માત્ર જિનશાસનને રાખે છે.

ભગવાનની આજ્ઞા, શાસ્ત્રનું વચન, જ્ઞાની સિવાય સદ્ગુરુ માટે કોઈ લક્ષ્ય હોતું નથી, આથી વધુ કોઈ આદર્શ હોતો નથી. ગુરુદેવ મુનિ વૃંદ સાથે વિહાર કરી રહ્યા છે, એક જગ્યાએ રાતવાસો રહ્યા છે. સવારે વિહાર કરીને આગળના ગામે જવાનું છે. ઉઠીને બધા પ્રતિક્રમણ કરે છે, પડિલેહણ કરે છે, ઉપધિ બાંધે છે, વિહાર શરૂ કરે છે. પા- અડધો-કલાક થયો ને બધાને વિચાર આવ્યો કે હજુ સુર્યોદય થયો નહિ, કલાક- દોઢ કલાક, બે કલાક, હજુ સુર્યોદય થયો નહિ, ક્યાં સુરજની ભુલ છે, ક્યાં આપણી ભુલ છે. સામેનું ગામ આવી ગયું પણ હજુ સુર્યોદય નહતો થયો. છત્રીસ વર્ષ સુધી ગુરુદેવે સંયમ પર્યાયમાં, ઘડિયાળ રાખી નથી. સાદામાં સાદી પણ ઘડિયાળ નહિ, ચાવી વાળી ઘડિયાળ પણ નહિ,

નહિ એટલે નહિ, પોતાની પાસે નહિ, કોઈની પણ-
પાસે નહિ, એમને એમ અંદાજના આધારે, કુદરતના
આધારે, બધા વ્યવહાર કરવાના. ક્યારેક આવું થઈ જાય,
ગુરુદેવે એમને વાચનામાં વાત કરી એમ બધા શિષ્યો
હસી પડ્યા, ગુરુદેવ કહે ભલે તમે બધા હસો પણ
એમાં જે સંયમની મસ્તી હતી, મજા હતી, આખી-
જિંદગીમાં ક્યારેક આવો એક દિવસ આવી ગયો, પણ
આખા GROUP માં કોઈની પાસે ઘડિયાળ જ નહિ,
ગામમાં શાસનની હિલના ન થાય માટે ગુરુદેવ ગામ-
ની બહાર, એક કલાક બેઠા, પાંચ વાગે પહોંચી ગયા
હતા, પછી છ વાગે ગામની અંદર ગયા.

ગુરુદેવ વિહાર કરી રહ્યા હતા એકવાર
વચ્ચે પાટા ઓળંગવાના હતા, હજુ તો જ્યાં જાય-
એની પહેલા આગગાડી આવી ગઈ. એનું જે-
ENGINE, એનો જે ધુમાડો, એનો જે અવાજ,
ધડાધડ આગગાડી જઈ રહી છે, જઈ રહી છે,
જઈ રહી છે, ગુરુદેવ ઉભા તો રહી ગયા, પણ-
ગુરુદેવ એના પણ રહી ગયા. ગુરુદેવ ગંભીરતાથી
વિચાર કરી રહ્યા હતા, વિચારમાં ગુરુદેવ મગ્ન થઈ
ગયા અને, ગુરુદેવ વિચારમાં લાગ્યા કે આ,
આગગાડી આના જે પાપ, આના જે આરંભ સમારંભ,
આની અંદર જે હિંસા, આવા ENGINES, આવા
ડબ્બાઓ પાટા ઉપર દોડી જાય, આવા જે ધુમાડા-
નીકળે, એમાં જે કોલસા. ષટ્કાયના જીવોની ભયંકર
આવી વિરાધના, ભલે મેં સંયમ લીધું, ભલે હું
પગપાળા ચાલુ, ભલે મારે આગગાડી માં બેસવાનું નથી
પણ ક્યારેક હું ટપાલ લખું છું, તો આગગાડીની
અંદર ટપાલનો પણ એક વિભાગ હોય છે, તો એ
ટપાલ એ હું પોસ્ટના ડબ્બામાં નખાવું છું તો,

આ આગગાડી જે ચાલી, એની જે વિરાધના થઈ, એની અંદર મારો પણ ભાગ છે. આમાં મારી ભૂમિકા હોય એ તો હરગીઝ ના ચાલે, અને એ દિવસથી ગુરુદેવે વર્ષો સુધી, જ્યાં સુધી ચાલ્યું, ત્યાં સુધી ટપાલ લખવાનું બંધ કર્યું.

હું તમને રોગણ ફેરીની વાત કરું છું.

હું તમને જિનશાસનની પ્રદક્ષિણાની વાત કરું છું.

આપણા કેન્દ્ર સ્થાને શું છે ? અને સદ્ગુરુના કેન્દ્ર સ્થાને શું છે ? હજુ જ્યાં સુધી આપણે સમજશું નહિ, ત્યાં સુધી હજુ આપણે મૂળ જ સમજ્યા નથી.

અમારી દીક્ષાનું પહેલું વરસ, મુંબઈ પાસે આદિધામ કરીને એક નાનું તીર્થ જેવું, ઉનાળામાં બાળકોની શિબિર ત્યાં રાખી હતી. ગુરુદેવ પ્રાય: નિવૃત્ત જેવા. બીજા મહાત્માઓ વાચના વગેરે આપે, વિહાર કરીને ત્યાંથી અમારે મુંબઈ પાછુ આવવાનું હતું, આદિધામ થી નીકળ્યા, રાત્રિવાસો એક ગામની અંદર કર્યો, બીજા દિવસે સીધું ભીવંડી પહોંચવાનું હતું. ભીવંડી સીધા અમે પહોંચીએ એટલે લગભગ ૧૮-૨૦ કિલોમીટર થાય, ડોળી વાળા ગુરુદેવ માટે હતા, ડોળીવાળાઓને એટલું ચાલવું અનુકૂળ ન હતું, વચ્ચે રોકાઈએ, મહારાષ્ટ્રનું ગામ એમાં નિર્દોષ ગોચરીના કોઈ ઠેકાણા પડે નહિ. વચલો રસ્તો એવો કાઢ્યો ગુરુદેવે, અમને મોટા ભાગના મહાત્માઓ ને સીધા ભિવંડી મોકલી દીધા, પોતાને ગણી ને ચાર ઠાણા, ડોળી વાળાને ૧૦-૧૨ કિલોમીટર ચાલવું અનુકૂળ હતું, ત્યાં જે ગામ આવતું હતું, ત્યાં કોઈક સ્કૂલનું મકાન

હતું ત્યાં ગુરુદેવ રોકાયા ! અમને બધાને સીધા મોકલ્યા, ભીવંડી ના શ્રાવક ગુરુદેવને વાત કરે સાહેબ બધી જ વ્યવસ્થા થઈ જશે, અને ગુરુદેવે કહ્યું કે બધી વ્યવસ્થા નથી કરવાની. નિર્દોષ ની કોઈ આશા ન હતી. કદાચ-ત્યાં રસોડું કરવા માટે શ્રાવકો તૈયાર પણ હતા પણ ગુરુદેવ એના માટે તૈયાર ન હતા. શ્રાવકો એ કહ્યું સાહેબ અમે ભિવંડીથી બધુ લઈ આવશું, અને ગુરુદેવે કહ્યું બધું નથી લાવવાનું. શાસ્ત્રની અંદર કયા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં કેવો અપવાદ લેવો એ પણ બતાડ્યું છે ને એની સાથે કેવો સાપેક્ષ ભાવ જોઈએ એ પણ બતાડ્યું છે.

એક મહાત્મા છે, પથારીવશ છે, માંદગી એટલી છે, લકવો થઈ ગયો છે. અડધું અંગ એમનું કામ કરતું નથી અને એમના ગુરુદેવ પધારે છે બે હાથે હાથ ના જોડી શકે, તો મહાત્મા એક હાથ જોડે. જે થાય એ પણ આપણે નથી કરવું, એનો અર્થ આપણને કરવામાં રુચિ જ નથી. તમે કહો કે ધંધા નું એટલું બધું TENSION, એટલી બધી વ્યસ્તતા રહી છે કે ધર્મ કરી શકાતો જ નથી. અને તમે છાશવારે ફરવા પહોંચી જતા હો, તમે MOBILE મચડતા હો, તમે TIME- PASS કરતા હો, અને ધંધા ના નામે બધો દોષ નો ટોપલો નાખતા હો, આનો સાચો અર્થ એ છે કે તમને ધર્મની-સાચી રુચિ જ નથી. બહુ સરસ મજાની વાત મલધારી હેમચંદ્ર સૂરી મહારાજા પુષ્પમાળા ગ્રંથમાં કરે છે.

જે સત્ય છે એ પણ તમે શા માટે નથી કરતા, અને એ પણ નથી કરતા તો તમને કોઈ માફી

નહિ મળે, કારણકે તમારે કરવું જ નથી.

ગુરુદેવે શ્રાવકોને કહી દીધું, તમે ૨૫-૩૦ શ્રવ્યો લઈ આવશો જે મને પાલવશે નહિ, લાવવું તો પડશે, અમે રોકાવાના, અમારા બધાની સ્થિતિ નથી કે અમે ઉપવાસ કરીએ. તમારે માત્ર ને માત્ર બે દ્રવ્ય લાવવાના એક રોટલી ને બીજું દાળ! શ્રાવકો સ્તબ્ધ થઈ ને સાંભળી રહ્યા છે, અને ગુરુદેવ આગળ બોલે છે. એટલું પણ તમારે, તમારા ઘરે માત્ર બનાવીને નથી લાવવાનું, તમારે ત્યાં કેટલો ઘણા છે, તમારી BUILDINGમાં જે ઘણા હોય. તમારે એમને વાત કરવાની કે આવા PURPOSE માટે અમારે, આ રીતે લઈ જવાનું છે. બધાના ઘરેથી બે-ત્રણ.... બે-ત્રણ... બે ત્રણ રોટલી લઈ લેવાની, લોકો રાજુ-થઈને આપશે, અને દાળ પણ આ રીતે થોડી થોડી લઈ લેવાની. રોટલી અને દાળ આ બે વસ્તુ લઈને આપવાનું! શાસ્ત્રકાર ભગવંતો જે કહ્યું કે જે અપવાદ જિનાજ્ઞાને સાપેક્ષ હોય, ઉત્સર્ગ ને સાપેક્ષ હોય પરિસ્થિતિ એવી છે, માટે અપવાદ સેવવો પડે છે. અમે ભીવંડી ગયેલા મહાત્માઓ, ત્યાં તદ્દન નિર્દોષ-ગોચરી ચર્યા કરીએ. ઘરો ચિક્કાર, અને ત્યાંથી અમે જે નિર્દોષ લઈને વાપરીએ, એનું અમને જે ફળ મળે, એટલું જ ફળ, શાસ્ત્રકાર ભગવંતો કહે છે, એ વરસના ગામની અંદર ગુરુદેવે યતના કરીને, આ સાપેક્ષ ભાવ રાખીને, મનમાં ડંખ રાખીને, રોટલી અને દાળ એ પણ આ રીતના લાવેલા, એ વાપરે, એની અંદર રહેલું છે. ઓઘ નિર્યુક્તિની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

जा जयमाणस्स भवे विराहणा सुत्तविहिसमग्गस्स।

જે [illegible] શાસ્ત્રીય વિધિમાં બિલકુલ ઓછું કરતા નથી, જે સૂત્ર વિધિ સમગ્ર છે,

classmate

જે પરિસ્થિતિ ને વશ છે ને કરવું પડે એ વાત જુદી, નથી વિધિમાં જામી, નથી સાપેક્ષ ભાવમાં જામી, નથી જયણામાં જામી, નથી યતનામાં જામી,

सा भव निज्जरफला अज्झत्थविसोहिजुत्तस्स ।

અને અધ્યાત્મિક વિશુદ્ધિ જેમની પાસે હોય, જેમને એ યતના કરતા, એ અપવાદ સેવતા જે વિરાધના-થાય, એનું એમને ફળ શું મળે ? કર્મની નિર્જરા ! ૭૫ આગમો નો સાર, સમગ્ર છેદ સુત્રોનો સાર-કોઈ હોય તો એ પ્રામાણિક ભાવ છે.

## BE HONEST !

કઈ રીતે પ્રાયશ્ચિત આવે એક જ હોય, જે જાણે સેવ્યો છે. આ દોષ સેવ્યો આ પ્રાયશ્ચિત. શાસ્ત્રો આવું નથી કહેતા. શાસ્ત્રો કહે છે તમે કઈ-પરિસ્થિતિમાં સેવ્યો, કઈ મન સ્થિતિમાં સેવ્યો, અને શાસ્ત્રને તમે કેટલા સાપેક્ષ રહ્યા, તમારું હૈયું કેટલું ડજતું હતું, જે દ્રવ્ય વાપર્યા, એમ કેટલા-મહાન, એમ કુઓ કેવી યતના કરી તો એ વાત પુરી થઈ ગઈ. આની સાથે ગુરુદેવ ને ડંખ હોય, કે આ રીતે શ્રાવક લઈને આવે, એ પણ-આચાર નથી. આ ગાડીમાં આવે, એ પણ ઉત્સર્ગ નથી. એનો દોષ પણ એમને લાગ્યો છે. આ ખોટું થયું છે.

अणुतप्पई ।

આનો અનુતાપ હોય, ત્યાં એ યતનાની સંપૂર્ણતા છે. બહારગામ ગયે હોટલની ઘૂર તમે રાજી હોય, હું તમને કહું છું, બીજું કોઈ જ સાધન નથી, ઉપાય નથી, વિકલ્પ નથી, ધારોકે એવી પરિસ્થિતિ છે, પ્રાય: ના હોય તમે નાસ્તાનો ડબ્બો વગેરે લઈ જઈ

શકો. ફ્રીજ વગેરે વાપરી શકો. ધારોકે એવી જ પરિસ્થિતિ છે. ચાલો આપણે આટલી તો છુટ રાખી હતી, ત્યાં તો હોટલમાં જવાતું નથી, અહીંયા આવવા મળ્યું છે ને આજે બરાબર લાભ આપી દો, જે ખાવાનું, ગમતું, ફાવતું, સારામાં સારું સ્વાદિષ્ટ આપણને લાગે છે, ફરી ક્યારે બહારગામ જઈશું, ફરી ક્યારે છુટ મળશે, હું કહું છું તમારો નિયમ નિશ્ચયથી તુટ્યો છે, ભલે તમે છુટ રાખી હોય! તમારો સાપેક્ષ ભાવ નથી, તમને જેમ થાય, બસ જે દ્રવ્ય રાખેલી-છૂટ, આપણે બીજું કશું જોઈતું નથી, હોટલમાં વાપરવું પડે એ જ ખોટું છે.

**આરાધનાનો ભાવ હોય તો એ પ્રામાણિકભાવ છે!**

બહુ સરસ મજાની વાત એક કવિ એ કરી છે,

"ટોપમાં પત્તા નથી તો શું થયું,
કુકડું મનમાં રમાતું હોય છે"

આપણે ધંધામાં પગ જોડાડી, અને ધર્મમાં પગ જોડાડી, આપણે કુકડું રમ્યા કરીએ, તો એવા ધર્મથી, થોડું- પુણ્ય મળશે, સદ્ગતિ કદાચ મળશે, મોક્ષ નહિ મળે! આ ધર્મ માત્ર એકાદ- બે સદ્ગતિ માટે નથી, ભૌતિક સુખ માટે નથી, એ પણ બધું ધર્મથી મળશે, પણ એનું ULTIMATE ફળ મોક્ષ છે, તે જો એ ના મળે તો આપણા ધર્મનું ફળ શું? મારી વાત સમજાય છે?

**ગુરુદેવની આ પ્રતિજ્ઞા અમે જોઈ છે!**

ગુરુદેવના કુલ પંચાવન શિષ્યો, લગભગ અમે સાથે વીસ- પચ્ચીસ હોઈએ, ગુરુદેવ વિહાર લેશે

એની કોઈ કલ્પના પણ ન હતી. કોઈ શિષ્યની કલ્પના ન હતી. ગોદાવરીના ઉપાશ્રયમાં છેલ્લા લગભગ ચાર મહિના, ગુરુદેવના ચાલીસ- ચાલીસ શિષ્યો, એક ઉપાશ્રયની અંદર ગુરુદેવની છાયા બનીને રહ્યા. તમે જો સગા ભાઈઓ સાથે રહી શકતા નથી. ઝઘડ્યા વગર રહી શકતા નથી. છુટા પડ્યા વગર રહી શકતા નથી.

શું ગુરુદેવના સંસ્કારો હશે !

શું ગુરુદેવનું વાત્સલ્ય હશે !

શું ગુરુદેવનું યોગક્ષેમ હશે !

ભલભલા પ્રવચનકારો પણ હોય, ગુરુદેવ જુદા ચોમાસા મોકલતા પણ હોય. ચાલીસ- ચાલીસ શિષ્યો ! મારે જે તમને વાત કહેવી છે એ હવે આવે છે. અમને જ્યારે પ્રશ્ન થાય ત્યારે સીધા અમે ગુરુદેવ પાસે દોડી જઈએ, સીધા પુછી લઈએ, અમે વર્ષોનો MARK કર્યું છે, ગુરુદેવ માત્ર ફટ દઈને સીધો જવાબ આપી દે એવું ન કરે. ગુરુદેવ પાસે જે દીર્ઘ-દ્રષ્ટિ, ગુરુદેવ પાસે જે શાસ્ત્ર દ્રષ્ટિ, ભલે બહુ સાદો સવાલ હોય, એક ઊંડાણની અંદર ગુરુદેવ ડુબકી લગાડતા અને અમને શાસ્ત્રીય દ્રષ્ટિએ- એવી પરિસ્થિતિમાં શું કરવું જોઈએ એનું સચોટ માર્ગદર્શન આપતા, અમારો માત્ર બે-ચાર વર્ષનો પર્યાય હોય, હજુ અમે એવું કાંઈ ભણ્યા ન હોઈએ, આજે ભણ્યા પછી એ જવાબો યાદ આવે તો અમે ગુરુદેવ માટે ઓવારી જઈએ. ગુરુદેવે અમને કેટલું બધું આગમોનું, છેદ સૂત્રોનું, આ બધાનું નવનીત

કાઢીને આ પરિસ્થિતિમાં જે કરવું જોઈએ, એનું માર્ગદર્શન આપ્યું હતું, જેનું કોઈ મુલ્યાંકન ના થઈ શકે. અને એ ગુરુદેવના જવાબોનો સાર શું હતો તો જિનશાસનની ~~[illegible]~~ પ્રદક્ષિણા !

ફાગણ સુદ તેરસે યાત્રા કરીએ ને એટલે શત્રુંજયની બધી બાજુથી સ્પર્શના થઈ જાય. સદ્ગુરુનો અર્થ જ જિનશાસનની સર્વાંગીણ સ્પર્શના છે. સદ્ગુરુ મળે છે, સદ્ગુરુ સ્પર્શે છે એટલે આખું જિનશાસન સ્પર્શે છે. અને હેબીતી દ્રષ્ટિએ ગણ-તેરવું કરી લો, સદ્ગુરુ નથી સ્પર્શ્યા તો આપણે-જિનશાસનથી ઘણા બધા દૂર છીએ.

ફાગણ- સુદ- તેરસે યાત્રા થઈ જાય ને, પછી યાત્રાળુઓની ભક્તિ માટે ઘણા બધા પાલ-રાખ્યા હોય છે.

## સદ્ગુરુ એ નિશ્ચય ફાગણ સુદ તેરસ છે !

જે પુદ અઠળક પાલ બની ને, આપણી ભક્તિ કરતા હોય છે. આપણે તો શું સદ્ગુરુની ભક્તિ કરવાના. અમે ઘણી વાર વિચારીએ, અમે-શું કર્યું છે, ચાલો ચોવીસે કલાક અમે ગુરુદેવની-સાથે હોઈએ, અમે કરી કરીને શું કરીએ છે ક્યારેક કપડાની કાપ હોય એમાં અમને લાભ મળે પડિલેહણ કરીએ. આમ સમય ગણીએ તો કેટલી છે કેટલા ટકા છે એ પણ ક્યા LEVEL ની ભક્તિ ને સદ્ગુરુ અમારી જે ભક્તિ કરે. ગુરુદેવે અમારા શરીરની-કાળજી કરી છે, અમારા મનની કાળજી કરી છે.

અમારા આત્માની કાળજી કરી છે. ગુરુદેવે જે યોગક્ષેમ કર્યું, જે સાચું માર્ગદર્શન આપ્યું, જે સારણા- વારણા કર્યા, નાના શિષ્ય હોય કે મોટા શિષ્ય, ગુરુદેવ એમને છેક સુધી જગાડવી- શકતા હતા. ગુરુદેવને ક્યારેક હળવાશમાં કહેતી કે ગુરુદેવ મને હમણાં ઘણા સમયથી જગાડ્યો- નથી, ક્યારે જગાડવશો ?

છેલ્લે છેલ્લે આ જ ગોદાવરી ઉપાશ્રય ની અંદર મને બરાબરનો જગાડ્યો છે ગુરુદેવે! અને ગુરુદેવનો પ્રેમ અને વાત્સલ્ય એવું, તમે જુઓ તો તમને થાય કે સાહેબ તો હવે ચાલતી પકડશે, અને અમને ગુરુદેવને વધારે વળગવાનું મન થાય !

સદ્ગુરુ જે ભક્તિ કરી છે, વિવિધ પાલ- દ્વારા,

★ એક સહિષ્ણુતાની પાલ હોય છે.
★ એક સરળતાની પાલ હોય છે.
★ એક બ્રહ્મચર્યની પાલ હોય છે.
★ એક સંયમની પાલ હોય છે.
★ એક તપસ્યાની પાલ હોય છે.
★ એક કરુણાની પાલ હોય છે.
★ એક શાસ્ત્રબોધની પાલ હોય છે.
★ એક વૈરાગ્ય ની પાલ હોય છે.
★ એક સંવેગની પાલ હોય છે.
★ એક નિર્વેદની પાલ હોય છે.
★ એક સ્વાધ્યાયની પાલ હોય છે.
★ એક ધ્યાનની પાલ હોય છે.
★ એક શુદ્ધક્રિયાની પાલ હોય છે.
★ એક અપ્રમાદની પાલ હોય છે

અગણિત અને અઢળક પાઠો દ્વારા, સદ્ગુરુ-
એમના આશ્રિતોની ભક્તિ કરી છે. માટે,

સદ્ગુરુ નિશ્ચય વૈશાખ-સુદ-તેરસ હોય છે!

ગુરુદેવ એક વાર વિહાર કરીને-
એમ નગરમાં પધાર્યા. ત્યાં પૂજ્ય મુનિરાજ શ્રી હિતરુચિ
વિજયજી મહારાજ સાહેબ બિરાજમાન હતા. ગુરુદેવ પહેલા
માળે રોકાયા હતા, તેઓ બીજે માળે હતા, તેમની
તબિયત ખૂબ જ નાદુરસ્ત, ગુરુદેવને ખ્યાલ હતો, ગુરુદેવ
પોતે આસન ઉપરથી ઉભા થઈ ને, એક મહાત્માનો હાથ
પકડ્યો, પોતે ઉંમરમાં મોટા છે, પર્યાયમાં મોટા છે,
પદમાં મોટા છે, ૮૮ વર્ષની ઉંમરે, ૭૮ વર્ષના દીક્ષા
પર્યાયે, ગુરુદેવ પોતાનાથી નાના મહાત્માને શાતા પુછવા
માટે દાદરા ચડી ને બીજે માળે પહોંચ્યા. પૂજ્યશ્રી એમને
જોઈને ગળગળા થઈ ગયા, સાહેબ મારી શાતા પુછવા-
આવ્યા! ગુરુદેવ એમની બાજુમાં બેઠા, એમની શાતા પુછી,
જરાક વાત થઈ હશે, અને પૂજ્ય હિતરુચિ વિજયજી-
મહારાજ સાહેબે કહ્યું કે સાહેબ, આપનો મારા ઉપર ઘણો
બધો ઉપકાર છે. ગુરુદેવે કહ્યું મારો કયો ઉપકાર?
પૂજ્યશ્રી એ કહ્યું કે સાહેબ, આજથી લગભગ ૨૫ વર્ષ-
પહેલા, આપ પ્રાર્થના સમાજ, મુંબઈની અંદર બિરાજમાન હતા.
આપની અદ્ભુત પ્રવચનની ધારા ચાલુ હતી. એ પ્રવચનોની
અંદર હું પણ આવતો હતો, ગૃહસ્થપણામાં! અને એ
પ્રવચનો સાંભળીને મને વૈરાગ્ય થયો. ગુરુદેવની હાજરીમાં-
પણ અમે ગુરુદેવ માટે લખાણ કર્યું છે. ગુરુદેવના બીજા
શિષ્યો એ પણ લખાણ કર્યું છે, હજુ પણ લખાણો થઈ
રહ્યા છે, પછી પણ થશે. ગુરુદેવના દળદાર સ્મૃતિગ્રંથો
પણ કદાચ બહાર પડશે. ગુરુદેવ હોય કે કોઈપણ મહા-
પુરુષ હોય, એમના બધા કાર્યો, એમના બધા ગુણો,

એને ગણે તેવા દળદાર સ્મૃતિ ગ્રંથમાં સમાવવા શક્ય જ હોતા નથી, કારણકે આપણી જિંદગી પુરી થઈ જાય, પણ આપણે બધું ભેગું કરી જ ના શકીએ.

કોઈ સાધ્વીજી ભગવંત આજે પણ વાત કરે કે, ભલે મેં દીક્ષા આ સમુદાયમાં લીધી પણ મને વૈરાગ્ય, હેમચંદ્રસૂરીશ્વરજી ના પ્રવચનો થી થયો હતો. ગુરુદેવનો જે વૈરાગ્યનો પાવર હતો જેના દ્વારા, એમણે અગણિત ભવ્યાત્માઓને આવા વૈરાગ્યની પ્રભાવના કરી હતી. એમના જીવન ઉત્થાનમાં નિમિત્ત બન્યા હતા. કોઈક સંઘમાં અમારું વિચરણ હોય ને એ સંઘવાળા કહે કે અમારા ઉપર ગુરુદેવે આવો આવો ઉપકાર કર્યો હતો, કોઈ શ્રાવક વ્યક્તિગત રીતે કહે કે મારા ઉપર આવો આવો ઉપકાર હતો.

★ સદ્ગુરુ નિશ્ચય અજાયબીઓ હોય છે !

અજાયબીમાં કોઈ ભાર હોય તો એ આશ્ચર્યનો છે.

★ ગુરુદેવ અદ્ભુત ઉર્મિના સ્વામી હતા !

વિશ્વગામ ની અંદર અમારું ચોમાસું હતું. એક બાળક ગુરુદેવની પાસે આવ્યો વંદન કર્યા, ગુરુદેવને કોણ ભણે, મને અમુક શ્રાવકો એ કીધું છે અમે ગુરુદેવ પાસે બેસીએ ને, જે આપણા મનની વાત હોય એ જ ગુરુદેવ બોલે છે. એક શ્રાવક મને કહે કે જ્યાં જતા હોઈએ, આપણા મનની ચોરી ગુરુદેવ પકડી પાડે, આપણે કશું બોલ્યા નથી. એક શ્રાવક મને કહે કે મારા મનમાં જે પ્રશ્ન

ઘુમરાતી હોય એનો ગુરુદેવે સામેથી જવાબ આપી દે.
છોકરાએ વંદન કર્યા છે ને ગુરુદેવે એને પુછ્યું છે,
વાત છોકરાના મનમાં ઘુમરાતી ન હતી, વાત એને
ઉપયોગી હતી, એના સબંધી વાત હતી.

ગુરુદેવે એને પુછ્યું કે તુ કંદમુળ ખાય છે ?

છોકરાએ જવાબ આપ્યો કે ઘરે નાં
ખાધી બનતું, પણ અમારી એક લોજ છે, અને લોજમાં
શાક વગેરેમાં કંદમુળ વપરાય છે. અને ગુરુદેવે એ
બાળકની સાથે, બાળકની જ ભાષામાં બહુ સરળતાથી
એકાદ વાક્ય કહ્યું કે જેમાં અનંતા જીવો હોય, કંદમુળ
ખાવાથી બહુ જ પાપ લાગે. બાળક હતો, ઘરે ગયો,
અને પપ્પા ને વાત કરી, પપ્પા એ વિચાર કર્યો, ધંધા
નો સવાલ છે, ધંધો ઘટી જાય એવી પુરી શક્યતા છે.
પણ એના પપ્પા એ નિર્ણય કરી લીધો કે સાહેબે કહ્યું
છે ને, આજથી આપણી લોજમાં કંદમુળ બંધ! આશ-
જેવા કદાચ એક કલાક સમજાવટ કરે ને એનું RESULT
DOUBTFUL હોય. ગુરુદેવના સીધા સાદા શબ્દોની
પાછળ, ગુરુદેવનાં પુસ્તકો અહીંયા રાખેલા છે,
જુદા જુદા પ્રકાર ના પુસ્તકો, અમુક પ્રભુ ભક્તિ ના -
અમુક શ્લોકાનુવાદ ના, અમુક જુદા-જુદા વિષયના
અમુક પુસ્તકો માત્ર ને માત્ર ગુરુદેવના મૌલિક ચિંતનો-
ના છે. એ પુસ્તકો વાંચીએ ને ત્યારે ખરેખર આ
મદુર્ઈ પુસ્તકો હોય એવું લાગે, બહુ સરળ!
અમારી જેમ કોઈ અનુપ્રાસ આવે તેમ કરી દીધો ને
કંઈક ચમત્કાર ને એવું કાંઈક કરી દેવું, આવું ના હોય
ગુરુદેવના ચિંતનમાં, બહુ સરળ શબ્દો, અને છતા
બહુ મદુર્ઈ શબ્દો. ગુરુદેવના મદુર્ઈ શબ્દોની પાછળ
એમના સંયમની ભરપૂર ઉર્જા હતી, એમની આત્મિક

અદ્ભુત ઉર્મિ હતી, અને એના કારણે એની ધારી અસર થયા વગર રહેતી ન હતી.

એ ભાઈએ એ દિવસથી લોજમાં- કંદમુળ બંધ કર્યું, એટલું જ નહિ, લોજની અંદર BOARD (બોર્ડ) મુક્યું, આચાર્ય હેમચંદ્રસૂરીજી ની- પ્રેરણાથી કંદમુળ બંધ છે. એ ભાઈ પાસેથી પ્રેરણા લઈ- ને એ ગામમાં જે કંદોઈ હતા, કંદમુળનો ઉપયોગ કરતા હતા, એમણે કંદમુળ બંધ કર્યું. ધંધો પહેલા ઘટી ગયો, અને પછી વધી ગયો.

## નિશ્ચય અધ્યાય-તૃતીયા !

## ગુરુદેવ અદ્ભુત પ્રભાવના સ્વામી હતા !

પ્રાયઃ વિક્રમ સંવત ૨૦૧૫ ની સાલ, સુરેન્દ્રનગર ! પ્રેમસૂરીશ્વરજી મહારાજ ની નિશ્રા.

## ૫૪ સાધુઓનું ચોમાસુ !

વિજય કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પણ સાથે, ગુરુદેવની તબિયત સારી નહિ, અને ગુરુદેવની કોઈ દવા ચાલતી હતી, વૈદે કંઈક દહીં જેવું લેવાનું કહ્યું હતું, અને એના ઉપર જ રહેવાનું. ગુરુદેવના એક શિષ્ય, દહીં લેવા માટે દિવસમાં આઠથી નવ વાર કોઈ- રબારી ની ત્યાં જતા. નિર્દોષ થઈ જાય, ત્યાં સહજ હોય ! પહેલા વહોરાવે ભાવથી, પ્રેમસૂરીશ્વરજી- મહારાજ ને થોડા દિવસ પછી ખબર પડી. આમ બધે INVOLVE ના હોય, ખ્યાલ આવ્યો. પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ પેલા શિષ્ય ને કહ્યું કે, એક જૈન

ચોક્કિત હોય, આપણે ક્યારેક વહોરીએ એ તો બરાબર છે, પણ રોજ વહોરીએ ને એ પણ આઠ થી નવ વાર વહોરીએ દિવસમાં. તો કદાચ એના ભાવ પડી પણ જાય. એટલે આપણે તો ઘણા વિકલ્પો છે, આપણે એમને ત્યાં ના જવું. ગુરુદેવના શિષ્ય એ કીધું નહિ! ત્યાં જવાનું બંધ કર્યું. બીજા દિવસની સવાર પડી, મોઢિતું હતું એ આવી ગયું, બીજા ઘરમાંથી. પણ પેલા તો રાહ જોતા રહ્યા, સુરજ ચડતો જાય છે, હજુ મહારાજ ના આવ્યા, હજુ મહારાજ ના આવ્યા, હજુ મહારાજ ના આવ્યા, બપોર થઈ, એક વાગ્યા.. બે વાગ્યા.. ત્રણ વાગ્યા.. ચાર વાગ્યા ને હવે પેલાથી રહેવાયું નહિ, દોડી આવ્યા એ રબારી ભાઈ ઉપાશ્રયમાં. ગુરુદેવની પાસે આવીને ઉભા રહી ગયા, મહાત્માઓ ભેગા થઈ ગયા. પેલા ભાઈ-રડી પડ્યા કે મહારાજ કેમ નથી આવતા અમારે ત્યાં અમારી ભુલ શું થઈ, કોઈ વાંક હોય તો કહો, કેમ અમને લાભ તમે આપતા નથી.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ પણ જાણ્યું ને વિસ્મય પામી ગયા કે આ ભાઈના આટલા ભાવ છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ કીધું કે આવું છે તો ભલે-એમને ત્યાં લાભ અપાય. હજુ પેલા ભાઈ ઉભા છે ને એમણે આગળ વાત કરી કે તમને ખબર નથી કે આ જે બિમાર મહાત્મા માટે હું વહોરાવું છું, એ કેવા પ્રભાવશાળી છે. એની ભાષામાં એ કહેતા હતા. કે એમના માટે દહીં વહોરાવી દીધું હોય ને પછી જે દહીં બચે, એ હું જેને આપતો હતો, એના બધા રોગો-મટી જતા હતા. અમારા ઘરમાં અમે જે લેતા એના કારણે અમારા ઘરમાં પણ કોઈ માંદુ પડતું ન હતું. તમે શા માટે મને લાભ આપવાનું બંધ કરી દીધું?

ગુરુદેવ અખુટ પ્રભાવના સ્વામી હતા!

કેટલીક વાતો હોય છે જે કહેવા જેવી હોતી નથી, અને એવું બને કોઈ શંકા કરે કોઈ ચર્ચા કરે. ક્યારેક એવું પણ બને કે બધા પોતાના ગુરુ નો પ્રભાવ વિસ્તારવા કંઈ ને કંઈ વાત કરે ને બધાના મન ચકુળવકુળ - થાય એટલે મારે એવી વાતો લેવી નથી.

ગુરુદેવે મહેરમાં કદી એવી વાત કરી નથી, પણ મારા જેવા એમની પાસે બેઠા હોય, ઈતિહાસને વાગોળતા હોય, અનુભવો, પ્રસંગો, ઘટનાઓ બધું કહેતા હોય. ઘણી વાતો એવી કરી છે, જેમાં ગુરુદેવના સંકલ્પથી, ગુરુદેવના જપથી, ગુરુદેવના - પ્રયાસથી, અનેક ચમત્કારોનું પણ સર્જન થયું હતું.

## ગુરુદેવ અજાય સમાધિ ના નિધિ !

વિહાર કરતા કરતા ગુરુદેવ માતર - તીર્થે પધાર્યા છે. પૂજ્ય ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ નું ત્યાં મિલન થયું છે, સાથે શિષ્યો - પ્રશિષ્યો છે, સાથે અમુક મુમુક્ષો પણ છે. પૂજ્ય વિદ્યાનંદ સૂરી- શ્વરજી મહારાજ, જે સમર્થ મુનિ પણામાં સાથે છે, એમના પિતાજી જયવર્ધન વિજયજી મહારાજ સાહેબ માતર તીર્થ માં ગુરુદેવ એમને જ્યાં ભેગા થયા છે. અને એ મહાત્મા SERIOUS થઈ ગયા. ગુરુદેવ તરત જ બધુ છોડી ને એમની પાસે બેસી ગયા ને, એમની નિર્યામણા કરવાનું ચાલુ કરી દીધું. આરાધનાનો અમૃત વરસાદ જાણે શેતસર મહાત્મા ઉપર વરસવા લાગ્યો, અદ્ભુત ગુરુદેવની સમજુતી અદ્ભુત આત્મ દ્રષ્ટિ, આત્મજ્ઞાન આપવાની કળા, પીડા માં ધ્યાન ન લઈ જવા દેવાની કળા, અને આત્મા પરમ સમાધિ સાથે પ્રાણ છોડે, એના માટે ની સંપૂર્ણ ગુરુદેવનો પ્રયાસ !

અને બધા મહાત્માઓ સ્તબ્ધ થઈને જોઈ રહ્યા છે કે આ LEVEL ની નિર્યામણા કરાવી રહ્યા છે. એ સમયે દાદા ગુરુદેવની સાથે એક મુમુક્ષુ જેમનું નામ હતું રજનીભાઈ, એ રજનીભાઈ ને ભાવના થઈ ગઈ, કે મારે - જ્યારે અંતિમ સમય હોય, ત્યારે મને નિર્યામણા કરાવનાર વ્યક્તિ નહીં કે આ હેમચંદ્રવિજયજી મહારાજ જ હોવા જોઈએ. એ રજનીભાઈ એટલે આગળ જઈને, પરમ પૂજ્ય આચાર્ય - દેવ રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ !

ગુરુદેવ મુંબઈ, મુલુંડમાં ચોમાસુ હતા, એક ભાઈ ગુરુદેવની પાસે આવ્યા, ઉંમર વાળા હતા, નામ હતું માવજી ભાઈ. એમણે અનશન કરવાની ભાવના - વ્યક્ત કરી, ઘરેથી પણ રજા હતી, ગુરુદેવે પણ યોગ્યતા જોઈને અનશન કરવાની સંમતિ આપી. ઉપવાસ એમના ચાલુ થયા છે, શાંતપૂર્વક, સુખપૂર્વક એમનું અનશન ચાલી રહ્યું છે, ગુરુદેવની નિશ્રામાં. ગુરુદેવ રોજ એમના ઘરે મહાત્મા ને તો મોકલે જ એટલું જ નહીં, રોજ વ્યાખ્યાન પછી, ગુરુદેવ દાંડો હાથમાં લે, અને એક શિષ્યને - સાથે લઈને, એક શ્રાવકને સમાધિપાન કરાવવા, એમના ઘરે ગુરુદેવ જાય. લગભગ ત્રણ મહિના સુધી એમના ઉપવાસ ચાલ્યા, ગુરુદેવે નિશ્રા આપી પણ ખરી, નિશ્રા નિભાવી પણ ખરી, અને એક આત્મા જે પોતાના - શિષ્ય નથી, સમુદાયના નથી, જે સાધુ સુધ્ધા નથી, એક શ્રાવક છે, પણ મારી નિશ્રામાં એમણે અનશન લીધું, એની જવાબદારી ગુરુદેવ પોતે સમજતા હતા, અને જવાબદારી બરાબર નિભાવી ખરી.

દાદા ગુરુદેવના એક શિષ્ય હતા પૂજ્ય પન્યાસ શ્રી જયતિલક વિજયજી મહારાજ સાહેબ, એમણે - ગુરુદેવની એક વાર નિર્યામણા જોઈ હતી, ગુરુદેવ કોઈને

કરાવી રહ્યા હતા, એને જોઈને એમણે દૃઢ સંકલ્પ કર્યો, ૧૮
અને નિર્યામણા કરાવનાર હેમચંદ્રસૂરી મહારાજ જ જોઈએ.
આ ભાવનાને પુરી કરવા માટે, જીવનના છેલ્લા દસ-
બાર-તેર વર્ષ, પ્રાયઃ હજુ થોડા વધારે વર્ષ, એ
મહાત્મા અમારી સાથે રહ્યા! એમના શિષ્ય કાળધર્મ
પામી ગયા હતા, એમના કોઈ શિષ્ય ન હતા. ગુરુદેવે
એમની સેવામાં સાધુઓ ગોઠવ્યા, એમની બધી જ
શાતા સમાધિની વ્યવસ્થા કરી. મહાત્મા પણ આખો
દિવસ, સ્વાધ્યાય જાપ વગેરે કરતા હોય. દસ-બાર
વર્ષ પહેલાની ઘટના, અમદાવાદમાં અમે હતા ને
એ મહાત્મા SERIOUS થઈ ગયા. પરિમલ પાસે
એક હોસ્પિટલમાં એમને ADMIT કરવામાં આવ્યા.
ગુરુદેવના આટલા બધા શિષ્યો, હું તમને કહેવા માંગું
છું કે,

## જિનશાસન શું છે!

એવા સમર્થ શિષ્યો પણ હોય કે જે સંભળાવી શકે,
નિર્યામણા કરાવી શકે, બધું સાચવી લે. એ શિષ્યોને
મોકલી દીધા, તો હું ક્યાં આજ થી આમ ફર્યા કરું,
કેટલી તકલીફ પડે. મારી પોતાની ઉંમર થઈ. મારી
પોતાની તબીયત સારી નથી, આ બધું મારી જવાબ-
દારીમાં જ ન આવે, આવું પણ વિચારી શકાય.
પણ ગુરુદેવે આવો વિચાર કર્યો નહિ, હવે હોસ્પિટલ
ની અંદર પૂજ્યશ્રી છે, ICU ની અંદર -
VANTILATOR ઉપર છે, ગુરુદેવ ઉપાશ્રય પકડીને
ના બેઠા, ગુરુદેવ બરાબર હોસ્પિટલ ની સામે-
એક FLAT, તપાસ કરાવડાવી ને, એમાં કોઈ
FLAT ખાલી હતો, ત્યાં ગુરુદેવ ઉતર્યા. ગુરુદેવ
ત્યાં જઈ જઈ ને સમાધિ પાન કરાવે, ગુરુદેવ ત્યાં

DATE

અમુક સાધુઓ સાથે, હૉસ્પિટલમાં ગમે ત્યારે જઈ શકાય, આ ગુરુદેવની દીર્ઘદ્રષ્ટિ હતી ! અને અમે બધા જૈનનગર ઉપાશ્રયમાં હતા ત્યાંથી UP DOWN કરતા. એવું લાગે કે મહાત્માની તબિયત સારી નથી. આજે થોડુંક વધારે સ્વાસ્થ્ય બગડ્યું છે. ગુરુદેવે હૉસ્પિટલની અંદર રાતવાસો કરે. અડધી રાતે એક-દોઢ-બે વાગ્યા હોય, ગુરુદેવ સંથારામાંથી બેઠા થયા હોય, કોઈને જગાડવાના નહિ, ઉભા થઈ પોતાનું આસન પોતાના હાથે ઉંચકીને, ત્યાંથી Room માંથી નીકળીને સામે ICU માં જતા રહે, ગુરુદેવને જોઈને પેલા મહાત્મા ગળગળા થઈ જાય, સાહેબ અડધી રાતે મારું આટલું ધ્યાન રાખો છો !

## હું કહું છું આ જિનશાસન છે !

અહીંયા તો બધું આવું જ છે, અહીંયા બધો અહમ્ છે, મમ છે, પોતાનું નામ, પોતાનો સમુદાય, પોતાનો ગચ્છ, ને પોતે ને અહીંયા બધું આવું જ છે, તમે આવો વિચાર પણ કર્યો ને સમજુ લો તમે મરી ગયા. આવા એક સદ્ગુરુ નહિ, આજની તારીખમાં જિનશાસનની અંદર આવા અનેકાનેક સદ્ગુરુઓ છે. જેમના હૃદયની અંદર શાસન વસ્યું છે, નિ:સ્વાર્થ વાત્સલ્ય વસ્યું છે, નિ:સ્વાર્થ કરુણા, નિ:સ્વાર્થ પરોપકારભાવ, વિશુદ્ધ સંયમ, જિનાજ્ઞા, અને તમે બોલો કે બધું આવું જ છે. અઢીદ્વીપના - ત્રણે કાળના અનંતાનંત સદ્ગુરુઓની આશાતનાનું પાપ તમે એટલી પાંચ સેકન્ડમાં બાંધી લેશો, જે તમને આવો વિચાર સુધ્ધા આવ્યો છે. અને આ પાંચ સેકંડની અંદર, આખી જિંદગી તમે કરેલી બધી આરાધના, કદાચ બળીને ખાખ થઈ જશે. પેલો મરીચિ બોલ્યો હતો,

कविला इत्थंपि इहयंपि

ત્યાંય ધર્મ ને અહીંયા ય ધર્મ. એક કોડાકોડી-સાગરોપમ સંસાર એ મરીચિ નો વધી ગયો. જેની અંદર સાતમી નરકમાં પણ જવાનું થયું, ચોથી નરકમાં પણ જવાનું થયું, અસંખ્ય કાળ-એકેન્દ્રિય ની અંદર ભમવાનું થયું એમ કહેતા કે ત્યાં પણ ધર્મ છે ને અહિંયા પણ ધર્મ છે. તમને એવો ભાવ આવ્યો કે અમે અહિંયા જે દાન, પૌષધ, સામાયિક વગેરે કરીએ એ ધર્મ, બાકી સાધુ સંસ્થામાં તો બધું આવું જ છે. ભલે તમે શબ્દસ ના બોલો, એ તમારો ભાવ આવી છે, તમે મરી ગયા સમજો. 50/50 રાખવામાં પણ એ આટલું ભયાનક ફળ આવતું હોય, તમે સો ટકા તમારી સાઈડ રાખીને, સામે શ્રમણ સંસ્થાને ભાંડવાનું કામ કરો, તો તમારું થશે શું ?

એ વાત મહાત્માની ગઈ, બે વરસ પછી અમે સુરતમાં ચોમાસુ હતા, મહાત્માની તબિયત-ઘણી બગડી છે, ગુરુદેવે નક્કી કર્યું છે કે હોસ્પિટલ-માં આપણે નથી લઈ જવા, ઉપાશ્રયમાં જે ઉપચાર થાય, એ રીતે કરીને એમને સમાધિ આપવી છે. ગુરુદેવ સમયને પારખી ગયા હતા. જરૂર હોય તો હોસ્પિટલ માં મુકીએ, ICU માં મુકીએ, VANTILATOR ઉપર પણ મુકીએ, પણ જ્યાં સમાધિ નો સવાલ હોય ત્યાં પછી સમાધિની PRIORITY હોય. આજે તમારી પાસે આ પણ નથી. બે દિવસનું આયુષ્ય ખેંચાવવા માટે ચૂંથી નાખવા, અને સમાધિનું બારમું થઈ જાય, તમને IMPORTANCE શાનું ? બે દિવસનું કે સમાધિ નું ? મહાત્માને હોસ્પિટલ માં મુકવાના ન હતા, જે સેવામાં ડૉક્ટર હતા એમણે કહ્યું, કે અમુક CHECK-UP કરાવી લઈએ, પાછા લઈ આવશું.

DATE

ત્યાં ADMIT પણ નથી થવાનું. ગુરુદેવે કહ્યું ચલો, મહાત્મા પહોંચ્યા છે, CHECK-UP નું બધું ચાલુ છે. અને એ દરમ્યાન મહાત્માની પરિસ્થિતિ એટલી ગંભીર થઈ ગઈ, કે એમને પાછા ન લાવી શક્યા હોસ્પિટલમાંથી. DOUBLE NUMONIA ત્યાંથી આવવું શક્ય નહિ, મહાત્માજી ત્યાં સમાધિ આપી રહ્યા છે, ઉપચારો ચાલુ છે. મહાત્માને લાગ્યું કે હવે વધુ સમય કાઢે એવું નથી. ગુરુદેવ ને સમાચાર મોકલ્યા, ગુરુદેવ ઉભા.. ઉભા.. એમ ગુરુદેવને જોયા છે આવા અવસરમાં ગુરુદેવ જુવાન બની જાય છે. એમની તકલીફ, એમની પીડા, એમનો રોગ, એમની ઉંમર, બધું જ ભુલી ને દોડે ગુરુદેવ! અને ગુરુદેવ પહોંચ્યા છે, સુરત ની મહાવીર હોસ્પિટલમાં ICU ની અંદર ગુરુદેવે પ્રવેશ કર્યો છે. સમાધિ આપવાનું ચાલુ કર્યું છે, એ દરમ્યાન મહાત્માને ઉલટી થઈ છે, OXYGEN નું MASK લાગેલું છે, ને એ MASK ના કારણે ઉલટી બહાર નથી ફેંકાતી, અને પાછી અંદર ફેફસામાં થઈ જાય છે. ડોક્ટરો એ કહ્યું કે હવે અમારે જે કરવું છે ને તમે બધા બહાર નીકળો, બધા બહાર નીકળી ગયા, ગુરુદેવે વિચાર્યું કે પરિસ્થિતિ નાજુક છે, ગંભીર છે, હવે ડોક્ટરો કેવા પ્રયોગો કરતા હોય તે કહી ના શકાય. હવે એ આત્માની અંતિમ સમાધિનો સવાલ છે. ગુરુદેવ પાછા ICU માં ગયા ને ડોક્ટર ગરમ થઈને બોલ્યા, તમે બહાર જતા રહો. ચંદ્ર જેવા સૌમ્ય ગુરુદેવ, આવા અવસરે મહાત્માની સમાધિ માટે કડક થયા, ડોક્ટરને સ્પષ્ટ કહી દીધું, હવે અમારે કોઈ TREATMENT કરાવવી નથી, તમે બહાર જતા રહો, અમારે અમારી વિધિ કરવી છે. ડોક્ટર પણ ડઘાઈ ગયા, અને ડોક્ટરને પસ્તાવો થયો, ડોક્ટરે કહ્યું એમ કરો તમે તમારી વિધિ કરો, અમે અમારી TREATMENT કરીએ છીએ, ગુરુદેવે કહ્યું ઠીક છે.

સમાધિનું અમૃત, પુષ્કરાવર્ત મેઘ બનીને, ગુરુદેવ... વરસાવવા લાગ્યા, મોટા મોટા મશીનો, સેવામાં જે મહાત્મા હતા તે, એમને વાત કરે એ સાંભળી ન શકીએ, મહાત્મા કહે એ ગભરાય જઈએ એવા મોટા-મોટા મશીનો રાખ્યા હતા. અને ઘણી વાર ઘાતક-ઉપાયો, ઉગ્ર ઉપાયો પણ હોય, આપણે જોઈ ના શકીએ સાહેબ ને આ બધાની કોઈ અસર નહિ, સાહેબનું ધ્યાન, માત્ર ને માત્ર ગુરુદેવના વચનોમાં, ગુરુદેવની આંખોમાં આંખ પરોવી છે, સમાધિ નું અમૃત ઝીલી રહ્યા છે... ઝીલી રહ્યા છે... ઝીલી રહ્યા છે.... ગુરુદેવ વરસાવી રહ્યા છે... સાહેબ ઝીલી રહ્યા છે.... અને એ દશામાં પરમ સમાધિ સાથે, ગુરુદેવે જોયું, આંખ માંથી જીવ ગયો, માથાના ભાગમાંથી જીવ જાય, નિયમા દેવલોક ગયો હોય, આ ગુરુદેવે આપેલી

## અજેય સમાધિ !

હું તમને કહેવા માંગું છું આ જિનશાસન છે!

એક ઘરડા મહાત્માને ગુરુ નથી, ગુરુભાઈ નથી, શિષ્ય નથી. કોઈ કમાઉ દીકરા જેવા શિષ્ય હોય ને, ઉમળકા થાય એ વાત જુદી છે. એક આત્મા મારી નિશ્રામાં, મારી આશાએ, મારી જવાબદારી.

હું તમને કહું તમારા સંસાર પાસે તમને આશા છે. છેલ્લી ઘડીએ તમારી ગણાની દશે ને તમારા દીકરાઓ તમારું મોત બગાડી શકે. વહુઓ ત્યાં ઊભી રહીને તમને મેણા-ટોણા મારતી હોય, અંદર... અંદર ઝઘડતી હોય.

અહીંયા તમે કણસી રહ્યા હો, ઘરના એક ખુણે કોઈક શરમજનક ગુસપુસ થઈ રહી હોય, જેને વગાડના તમે અડધા અડધા થઈ જતા હતા, એ તમારો પૌત્ર-ચાર દિવસે મહાપરાણે તમારું મોઢું જોવા આવ્યો હોય ને તમને જોવાને બદલે મોબાઈલમાં માથુ નાખીને બેઠો હોય. આ તમારો સંસાર છે!

બાળી દેવા જેવો છે સંસાર, ફેંકી દેવા જેવો છે સંસાર

સાવ નકામો છે તમારો સંસાર!

હજુ તમને એ વહાલો લાગે છે, મારો લાગે છે, અડધા અડધા થઈ જાવ છો જેની પાછળ, જે તમને અનંત નરક સીવાય, અનંત ભવભ્રમણ સીવાય, નિગોદના અનંતકાળ સીવાય, બીજું કશું આપી શકે એમ નથી, એ સંસાર હજુ તમને તમારો લાગે છે ને, જે જિનશાસન તમારું અનંત ભવિષ્ય સુધારી દેવાનું છે, એ પારકું લાગે છે. કેટલી બધી ઉદાસીનતા જિનશાસન-માટે, કેટલી બધી નિષ્ક્રિયતા, સંઘ તમને મારો લાગે, શાસન તમને મારું લાગે, તીર્થ તમને મારું લાગે, તમને શું પોતાનું લાગે છે, તમે કહો છો, એટલા માત્રથી તમારું થઈ જતું નથી, જ્યાં સુધી તમને આત્મીયતા ની સંવેદના નથી, ઘર જેવી લાગણી તમને શાસન પ્રત્યે નથી, મારા પણાનો ભાવ નથી, ત્યાં સુધી જિનશાસન તમને તમારું લાગ્યું નથી, અને ત્યાં સુધી

સાધુ જૈનત્વ પ્રગટ્યું પણ નથી!

જ્યાં સંબંધનો છેક સુધી આ રીતે નિર્વાહ છે, એનું નામ જિનશાસન!

જ્યાં સ્વાર્થ તુટ્યો અને સંબંધ પુરો થયો, આનું નામ સંસાર.

ગુરુદેવના જીવનના અંતિમ વર્ષમાં ગુરુદેવના ત્રણ શિષ્યોના કાળધર્મ થયા. ગુરુદેવની સંસારીપણામાં જેમની સાથે સગાઈ થઈ હતી, એ સાધ્વીજી ભગવંત એમનો પણ કાળધર્મ છેલ્લો વર્ષે થયો. ગુરુદેવે આ ચારે આત્માઓને પોતાના જીવનના છેલ્લા વર્ષે પોતાની પીડા, રોગ, ઉંમર, શરીર હાથમાં ના હોય, એ સ્થિતિની અંદર પણ, પુરા આરાધનાના સામર્થ્ય સાથે, સમાધિના સામર્થ્ય સાથે, પુરા પરિશ્રમ સાથે, ગુરુદેવે પૂર્ણ સમાધિ આપી.

એમાંના ૮૦ વર્ષના પૂજ્ય જયપ્રેમ-વિજયજી મહારાજ હોય, એમાંના ૯૨ વર્ષના, પૂજ્ય સંવેગવર્ધન વિજયજી મહારાજ સાહેબ હોય, એમાંના ૭૪-૭૫ વર્ષના પૂજ્ય નિર્મલચંદ્ર વિજયજી મહારાજ-હોય, કે જેમની સાથે સગાઈ થઈ હતી એ-સાધ્વીજી ભગવંત, એ પણ એવા મહાન આત્મા, અને એમની ઉંમર પણ ૮૭-૮૮ વર્ષની હશે, એમને જે સમાધિ આપી, આખી જિંદગી અનેકાનેક આત્માઓને સમાધિ આપનાર ગુરુદેવ, એમણે પોતાની અંતિમ સમાધિને પહેલાથી RESERVED કરી દીધી હતી.

ગુરુદેવને અંતિમ સમયે, બિલકુલ પીડા ન હતી, ગુરુદેવના અંતિમ દિવસોમાં, કોઈ પણ પ્રકારનું સમાધિનું વિઘ્ન ન હતું. ચતુર્વિધ શ્રી સંઘની, ભગાભગ ત્રણ દિવસ અખંડ, અરિહંત, નવકાર વગેરેની અહાલુન ધુન!

ગુરુદેવ એમના માટે મૃત્યુ ન હતું, ગુરુદેવ માટે એ ઉત્સવ હતો!

જે ધુન જે ચાલતી હતી, અમે હોલ-માંથી બહાર નીકળ્યા હોઈએ કોઈ કારણે, હવે ના સંભળાય ત્યાં પહોંચ્યા હોઈએ પણ એ તો સંભળાયા કરે. ગુરુદેવના ગયા પછી પણ બધાની અંદર એ ધુન ચાલતી હતી. એ દિવ્ય વાતાવરણ, એ VIBRATIONS, એ ધુન. પૂજ્ય આચાર્ય ઉદયવલ્લભસૂરીશ્વરજી મહારાજા એ સમાધિના, ગુરુદેવની ફ્લાઈટ એ જે ઉત્સવ, એના સાક્ષી હતા, એમના શબ્દો હતા! કે આ સમાધિએ મળતી હોય ને, અત્યારે પૂજ્ય હેમચંદ્રસૂરીશ્વરજી એ જે શૈયા ખાલી કરી છે, એ શૈયા ઉપર હું હમણા સુઈ જવા માટે તૈયાર છું.

એક છ'રી પાલિત સંઘ નીકળતો હોય છે, એ સંઘ નીકળે એ પહેલા મહોત્સવ થતો હોય છે. અકડેઠઠ ચતુર્વિધ સંઘની ભીડ હોય છે. દબદબા ભર્યા કાયક્રમો હોય છે. એ મહોત્સવો થાય છે. પછી - બેન્ડ- વાજા સાથે પુષ્કળ ભીડની વચ્ચેથી એ છ'રી - પાલીત સંઘ યાત્રાનું પ્રયાણ થાય છે.

## ગુરુદેવનું મહાપ્રયાણ હતું!

એની પહેલાનો આ માહોલ હતો. ચતુર્વિધ શ્રી સંઘ - આરાધનાનું અમૃત, સમાધિનું પાન, અને એ જ - દબદબા ભર્યા માહોલની વચ્ચે બેન્ડ- વાજા સાથે, ગુરુદેવે પ્રયાણ કર્યું. ગુરુદેવને પંદર દિવસ પહેલાથી ખબર હતી કે હવે બસ હું પંદર દિવસ છું, એમને વાત પણ કરી હતી. મારા જેવા માનવા તૈયાર ન હતા એ વાત જુદી હતી પણ ગુરુદેવ તૈયાર હતા.

ગુરુદેવના રૂંવાડામાં પણ કોઈ મૃત્યુનો ભય ન હતો.
ગુરુદેવે એમના અંગત શ્રાવકોને પણ આ વાત
કરી હતી, શ્રાવકો મારી પાસે આવ્યા ને કીધું ગુરુદેવે
અમને આવી વાત કરી ને પાછા હસતા હસતા કરી !
ગુરુદેવના શબ્દો હતા,

જેમ નરેન્દ્ર મોદી ગુજરાતના CM-માંથી ભારતના PM બનવા ગયા, એ જે રીતે ગયા, એ રીતે મારે અહીંયાથી જવાનું છે. અદ્ભુત વાતો ગુરુદેવના પોતાના સમાધિ પર્વની, થોડી બાકી છે, આજે સમય થયો છે.

x — x — x — x — x

# "प्रथम"

DATE 04 08 2021

તમારો સંસાર વિચિત્રતા ભર્યો, દીકરા, વહુઓ, પૌત્રાઓ, બધા વિચિત્ર અને એ નકામો સંસાર કદાચ નાખી દેવા જેવો લાગે એ વાત કદાચ હજુ સમજાય! અમારો સંસાર ઘણો સારો છે, બધા અમને સાચવે છે, અમારી પાછળ ગાંડા.. ગાંડા થાય છે, અમે માંદા હોઈએ તો તેઓ ગમગીન હોય છે, રડતા હોય છે, આટલો સારો સંસાર અમારો જો હોય, તો પછી આ બધી વાત લાગુ પડે કે નહિ?, મારો તમને સવાલ ની સામે સવાલ છે, કે કદાચ સંસાર સારો પણ તમારો હોય, અત્યારે હોય, એ ક્યાં સુધી સારો રહેશે એનો ભરોસો નથી. ધારોકે તમારા છેલ્લા શ્વાસ સુધી તમારા સ્વજનો અને પરિવાર-ના સભ્યો ને તમારા ઉપર લાગણી હોય, ધારોકે એવું થયું, તો એ એમના મમત્વ દ્વારા, એમના પ્રત્યેના સ્નેહ દ્વારા, તમે તમારો સંસાર વધારવાના, ભવ-ભ્રમણ વધારવાના, અને દુ:ખી થવાના એ નક્કી છે.

**સંસાર પાસે દુ:ખથી વધારે કોઈ આશા રાખો નહિ!**

કારણકે, સંસાર એથી વધુ કંઈ આપી શકે એમ જ નથી, ભગવાને સ્પષ્ટ કહી દીધું, કેવળજ્ઞાનમાં જોઈને કહી દીધું, FINAL થઈ ગયું,

दुक्खफले दुक्खरूवे दुक्खाणुबंधी।

સંસાર દુ:ખ રૂપ છે, સંસાર નું ફળ દુ:ખ છે, સંસારની પરંપરા પણ દુ:ખ સિવાય બીજુ કશું જ નથી. સંસાર પાસે દુ:ખ સીવાય બીજુ કોઈ આશા જ નથી. સંસાર તમારો છે જ નહિ, સંસાર તમારો હતો પણ નહિ ને થશે પણ નહિ. જે આપણો નથી એની પાછળ પડવું, અને જે આપણું છે જિનશાસન એની અવગણના કરવી, એના કરતા વધારે મુર્ખામી બીજુ કોઈ જ નથી! ગુરુદેવે એક અદ્ભુત સુત્ર આપણને આપ્યું હતું.

| DATE | | |

જહામણો છે સંસાર, અને સોહામણું છે સંયમ !!

ગુરુદેવના પ્રવચનો અને દેશનાઓનો આ મુખ્ય વિષય હતો. એક બાજુ સંસારની ગુરુદેવ અસારતા સમજાવે, અને બીજુ બાજુ જિનશાસનની સારતા સમજાવે. ગુરુદેવ માટે બહુ SHORT માં કહું, તો આપણી RANGE કરતા તદ્દન જુદી RANGE હતી. આપણા વિચાર, આપણા વર્તન, આપણું વલણ, મહાપુરુષ બનવું બહુ અઘરું છે. મહાપુરુષ નું વર્ણન - કરવું, એમની વ્યાખ્યા કરવી, એ પણ અઘરી છે. સામાન્યથી ગુરુ થવું એટલે શું ? થોડો આધુનિક ભાષામાં કહું તો, જેટલા શિષ્ય હોય, એટલી - CHANNEL વાળા T.V. SET હોય, એનું નામ ગુરુ ! પંચવસ્તુક ગ્રંથની અંદર હરીભદ્રસૂરી મહારાજાએ બહુ સ્પષ્ટ કહ્યું,

ચિત્તા ચિત્તસહાવા

શિષ્યો વિભિન્ન હોય છે, અને એમના સ્વભાવ પણ વિભિન્ન હોય છે. દરેક શિષ્ય ને એના સ્વભાવના - અનુકૂળ થઈ ને, એમની પ્રસન્નતા સાચવી ને, આરાધના માં આગળ જે વધારે, એનું નામ ગુરુ ! જરૂર પડે ઠપકો એ અપાય, સારણા - વારણા એ કરાય, બહુ સરસ મઝની વાત મહાભારત ની અંદર કરી,

ન શ્રેય: સતતં તેજો ન શશ્વત્ શ્રેયસી ક્ષમા ।

તમે સતત તપેલા હો એ પણ શ્રેયસ્કર નથી, અને સતત તમે બધુ જ જતુ કરતા હો, એ પણ શ્રેયસ્કર નથી. ગુરુત્વ ના સંદર્ભમાં પણ અમુક અપેક્ષાએ આ નિતિ લાગુ પડે. ગુરુ કદાચ બહુ કડા હોય તો, વિવિધ પ્રકારના શિષ્યો બધાનું કલ્યાણ ના થઈ શકે. સતત ગરમ રહે, શિષ્યો નો ભાવ તુટી જાય આવું પણ બને.

ગુરુદેવની અંદર એવા અદ્ભુત ગુણોનું સંમિશ્રણ હતું, કે ૫૫-૫૫ શિષ્યોના હૃદય સિંહાસન ઉપર ગુરુદેવ - બિરાજમાન હતા.

સાબરમતીની અંદર ગુરુદેવ, શિયાળાની ઋતુ, ઉપર એક માળ જેવું ચડીએ ને ત્યાં એક રૂમ આવે, તો ગુરુદેવે ત્યાં સંથારો કરવા માટે આસન ફેરવ્યું હતું, રાતે ગુરુદેવને ખબર પડી કે એક નાના શિષ્ય, નૂતન દિક્ષિત શિષ્ય, એમને ઉલટી થઈ રહી છે નીચે. શિષ્યની ઉંમર વીસેક વર્ષ, ગુરુદેવની ઉંમર - ૮૫ વર્ષ. ગુરુદેવ ત્યાં બીજે માળેથી નીચે ઉતરીને પહેલા માળે પેલા શિષ્ય છે, ત્યાં આવ્યા છે, એમની પાસે બેઠા છે, હવે કેમ લાગે છે, સારું છે કે નહિ, શિષ્ય ગળગળા થઈ ગયા. આટલા વર્ષોમાં અમે આટલા શિષ્યો, ક્યારે પણ માંદગી આવી, ગુરુદેવ પોતાના આસને થી ઉઠ્યા છે, પોતાનું પદ, પર્યાય, વય, વગેરે નો વિચાર કર્યા વગર, ગુરુદેવ અમારા આસન સુધી આવ્યા - છે, બેઠા છે.

મારી વાત કરું ને ગુરુદેવે મારા ઉપર - સૌથી વધારે ગરમ થઈ ને ઠપકો આપ્યો હોય ને, ગયા - વર્ષે! સખત ઠપકો! મારી જિંદગીમાં મેં ગુરુદેવનો ખાધેલો HIGHEST ઠપકો. REASON શું? ગુરુદેવે મને જોગમાં બેસાડ્યો હતો, જોગમાં વચ્ચે અમુક આયંબિલ આવવાના હતા. ગુરુદેવે મને પુછ્યું, જ્યારે હું વંદન કરવા - ગયો હતો, બાજુના સંઘમાં અમે હતા, મને પુછ્યું - કેટલા આયંબિલ થયા, મેં કહ્યું સાત થયા ને ગુરુદેવ, સખત ઠપકો! મને આપવા લાગ્યા, સાત આયંબિલની બદલે ત્રણ અને ચાર ટુકડે આયંબિલ થઈ શકતા હતા. જોગની વિધિ મુજબ. મેં જોગા લઈ લીધા. મેં શા માટે

આટલી તકલીફ લીધી અને ટુકડે ટુકડે લેત તો મન શાતા રહેત. આ મુદ્દે ગુરુદેવે ઠપકો આપ્યો.

વરસો પહેલાની એક ઘટના યાદ આવે, ગુરુદેવ એટલું બોલ્યા સવારે, કે આજે બપોરે વાપરીને હોસ્પિટલ, મહાત્માની શાતા પુછવા માટે જવું છે. મારે સાથે જવાનું હતું. ગુરુદેવનું ચપરી માં વપરાશ થય. મારે આયંબિલ હતું, મેં વિચાર્યું કે રોજની જેમ - આયંબિલ કરું ને ગુરુદેવ રાહ જુએ. મેં આયંબિલની માત્ર પ્રવાહી મંગાવ્યું, ગુરુદેવ ઉભા થયા ને તરત મારું પણ પતી ગયું. હું તૈયાર થઈ ને પહોંચી ગયો, પધારો ગુરુદેવ, અને ગુરુદેવ ચમક્યા! ગુરુદેવ નારાજ થઈને બોલી ઉઠ્યા કે આટલી વારમાં આયંબિલ કરી લીધું. એમ, હવે હું તને નહિ લઈ જાઉં. ગુરુદેવ ખરેખર બીજા મહાત્મા ને લઈ ગયા. ગુરુદેવની મારા પ્રત્યેની નારાજગી એ હતી કે મારા શિષ્ય માત્ર આટલું આયંબિલ કરે એ ના ચાલે, આવી રીતે કરે તો આગળ ઓળી કઈ રીતે થાય.

ગુરુદેવ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી જુદા- ચોમાસા મોકલે પત્ર આવે, શરીરની કાળજી માટે અંદર એટલું બધું લખ્યું હોય, કે શરીરની બરોબર કાળજી લેજો. ગુરુદેવના શબ્દો કે આપણે એ આપણું શરીર શાસનને સોંપી દીધું હોય તો એની કાળજી લેવાની - આપણી ફરજ છે. આવી રીતે જ ગુરુદેવે બધા ની - કાળજી કરી છે.

બધાની પોતપોતાની વાતો હોય છે. ગુરુદેવની વિદાય બાદ, ગુણાનુવાદ સભાની અંદર મોટા- નાના બધા મહાત્માઓએ જે પોતાની વાત

કરી છે. અદ્ભુત વાતો છે !

એમની એમ શક્તિઓ પ્રગટ થતી નથી !

જેમ વૃદ્ધ મહાત્માને એમની સમાધિ - આપવા, આટલી બધી મહેનત લીધી. ગુરુદેવનું આ પરમ ઔચિત્ય જે આધ્યાત્મિક પરિણતિનું પ્રતિબિંબ હતું. ન લોકૈષણા હોય, ન વિષય-તૃષ્ણા હોય, ન સુખશીલતા હોય, ન વિશિષ્ટ રાગ-દ્વેષ હોય, ન વિશિષ્ટ કષાયોના ઉદય હોય, ત્યારે

શુદ્ધ ઔચિત્યનું પાલન શક્ય હોય છે !

ગુરુદેવ એમની પાસે વિશિષ્ટ આધ્યાત્મિક શક્તિ હતી!

વિશિષ્ટ યોગ શક્તિ હતી !

શાસ્ત્રકાર ભગવંતો જે વિશિષ્ટ યોગ- શક્તિઓના સ્વામીઓના લક્ષણો દર્શાવ્યા તે ગુરુદેવમાં સંપૂર્ણ ઘટતા હતા.

अलौल्यमारोग्यमनिष्ठुरत्वं गन्धः शुभो मूत्रपुरीषमल्पम् । (शुभः)

એક લક્ષણ બતાડ્યું ગંધ: શુભ ! જેમનામાં યોગનું ઐશ્વર્ય પ્રગટ થયું, એમનું શરીર સુગંધી હોય ! ગુરુદેવનું શરીર સહજ સુગંધી હતું. ગુરુદેવના કપડા- માંથી સુગંધ આવતી હતી. ક્યારેક એમ નહિ, અમે અમારી દીક્ષાથી લઈને છેલ્લા દિવસ સુધી રિમાર્ક કર્યું છે. ગુરુદેવના કપડામાંથી સહજ સુગંધ આવતી. અંધારાની અંદર ચાર કપડા ભેગા કરીને રાખી દીધા હોય, ત્રણ કપડા બીજા મહાત્માના હોય અને એક કપડો ગુરુદેવનો હોય. કશું દેખાય નહિ, ઓળખાય નહિ,

ખબર પડે નહિ, ગુરુદેવના શિષ્યો માત્ર સુગંધના આધારે આ ગુરુદેવનો કપડો અને આ બીજા કપડા, આ રીતે ગુરુદેવનો કપડો જુદો તારવી શકતા.

ગુરુદેવ મુંબઈની અંદર વિહાર કરી રહ્યા હતા, ગુરુદેવ દાદરની અંદર બિરાજમાન હતા, એક અમજ્યા ભાઈ આવ્યા, શિષ્યો તેમને ઓળખે નહિ. ગુરુદેવને વંદન કરીને જતા રહ્યા. વિહાર શરૂના ચાલુ હતા, ગુરુદેવ વિહાર કરીને માટુંગા પધાર્યા. એ ભાઈ ત્યાં વંદન કરવા આવ્યા, વંદન કરીને જતા રહ્યા. ત્યાંની કોઈ વ્યક્તિ આવી શકે, ત્યાં ને ત્યાંની સ્થિરતામાં, અથવા કોઈ ભક્તિની વ્યક્તિ હોય, ભક્ત હોય ગુરુદેવના-અંગત વ્યક્તિ રોજ આવે એ પણ અલગ અલગ લાંબા DISTANCE વાળા સ્થાને. ત્રીજા દિવસે ગુરુદેવ વિહાર કરીને સાયન પધાર્યા, ત્યાં એ ભાઈ આવ્યા, વંદન કરીને જતા હતા, ગુરુદેવના એક શિષ્યથી રહે-વાયું નહિ, ગુરુદેવના શિષ્ય એ કહ્યું કે, તમે કોણ-છો ? ને તમે રોજ આ રીતે આગળ-આગળના સ્થાને વંદન કરવા આવો છો. અને ભાઈએ મહાત્માને કહ્યું કે સાહેબ, ગુરુદેવનો અમારા ઉપર ખુબ જ-ઉપકાર છે. મારા મોટાભાઈ ને કેન્સર થયું હતું, ઘણી દવા કરી હતી કોઈ ફરક પડ્યો ન હતો, ડોક્ટરો એ હાથ ઉંચા કરી દીધા હતા. એમના માથે અમે ગુરુદેવનો વાસક્ષેપ નખાવ્યો, અને એ કેન્સર નાબુદ થઈ ગયું, એમને નવું જીવન મળ્યું, અમારો પરિવાર જે દુઃખના દરિયામાં ડુબી ગયો હતો, એ બહાર આવી ગયો.

ગુરુદેવનો અમારા ઉપર ખુબ ઉપકાર છે !

DATE

આજે હું ગુરુદેવને વંદન કરવા આગળ-આગળના સ્થાને આવ્યો છું. શાસ્ત્રોની અંદર ૨૮ લબ્ધિના વર્ણન- આવ્યા છે, જેમાંથી એક લબ્ધિનું નામ છે, આમસ ઔષધિ લબ્ધિ, આમસ નો અર્થ છે સ્પર્શ, સ્પર્શ દ્વારા, મહાત્માને જે યોગ શક્તિ ઉત્પન્ન થઈ, એમના સ્પર્શથી બીજાના રોગો મટી જાય. આમસ ઔષધિના ઉદાહરણમાં આવ્યું કે મહાત્મા ક્યાંક નગરની બહાર કાર્યોત્સર્ગ કરે છે, રાજકુમારને સાપ કરડ્યો, ઝેર ચડ્યું, મુર્છિત થઈ ગયો, નાડી બેસી ગઈ અંદ થઈ ગઈ પકડાય નહિ, એમની સ્મશાન યાત્રા નીકળી છે, મહાત્મા અહિંયા ઉભા છે, રાજકુમાર સૌ દૂર આગળ ક્યાંક છે, ઠાઠડીમાં રાજકુમાર સુતો છે, જ્યાંથી મહાત્માને પવન TOUCH થઈ ને જાય છે, અને પવન ત્યાં રાજકુમાર ને TOUCH થાય છે, જાગૃત થઈ ને રાજકુમાર ત્યાં ઠાઠડી માં ~~બેસ~~ બેઠા થવાનો પ્રયાસ કરે છે. લોકો બધા ચોંકી જાય છે. રાજકુમારને નવું જીવન મળે છે.

વાસક્ષેપની અંદર એવા મહાપુરુષો સ્પર્શ કરે, અને એ સ્પર્શ કરેલો વાસક્ષેપ એ રોગી ના માથે પડે, અને એના રોગ મટી જાય, આવું પણ બને. યોગ ગ્રંથો ની અંદર, યોગીના લક્ષણ બતાવ્યા,

कान्तिः प्रसादः स्वरसौम्यता च

આજે છે ને તમારી પાસે જાત જાતના પ્રસાધન ના- સાધનો છે, BEAUTY PARLOURS વધતા જાય છે. એક BEAUTY PARLOUR વાળાએ બોર્ડ લગાડ્યું હતું,

"અમે ઉપર વાળાની બધી ભુલો સુધારી આપીએ છીએ."

સુધરે તો ક્યાંથી, વધુમાં વધુ તમે ઢાંકી શકો.

પાવાપુરી ની અંદર અમારું ચોમાસું હતું, તીર્થ ના MAIN સંચાલક, શેઠ ગુરુદેવ પાસે આવે, એક દિવસ ગુરુદેવ પાસે બેઠા હતા, બીજા મહાત્મા હતા, ગુરુદેવની કાંઈક અનુમોદના કરી રહ્યા હતા, અને એ ભાઈ બોલી ઉઠ્યા, સાહેબની ચામડી-કેવી છે, એકદમ રેશમ જેવી, અમે સાબુ ઘસીઘસીને મરી જઈએ છીએ તો એ કાંઈ પનુ નથી.

कान्तिः प्रसादः स्वरसौम्यता च योगप्रवृत्तेः प्रथमं हि चिन्हम्।।

* સ્વરની સૌમ્યતા,
* શરીરની કાંતિ,
* મુખનું તેજ,
* જુદીજ ઓરા,

ગુરુદેવ પાસેથી જવાનું મન જ ના થાય! બધાને આવવાનું મન થાય, બેસવાનું મન થાય, કેટલી-બધી શાંતિ અનુભવાય.

* શાંત હોય એ શાંતિ ફેલાવી શકે!
* અશાંત હોય એ અશાંતિ ફેલાવી શકે!

* સદ્ગુરુ નિશ્ચય અક્ષય-તૃતીયા હોય છે!
* ગુરુદેવ અક્ષય સમાધિ ના નિધિ હતા!

ઘણી બધી વાતો છે, ખૂટવાની નથી, છતા અવસરે આપતી રહેશે, વગર ગુણાનુવાદ પણ,

હેલ્લી કેટલીક વાત કરું, ગુરુદેવ છેલ્લા બે વર્ષથી - એવું માનતા હતા કે, તમારી તબિયત સારી છે એવું કહીએ ને તો તબીયત બગડી જાય. વખાણની ખિચડી દાઢે વળગી. ગુરુદેવને સારું ના હોય તો વાત જુદી છે, સારું હોય ને કોઈ પુછે કેમ છે તબીયત, કોઈ એમ પુછે સારું છે, સાહેજ હવે કેવું છે. ગુરુદેવ સારું હોય ને તો એવો જવાબ આપતા, જેમ છે એમ છે. એટલે સારું છે એમ ના કહેવું પડે, ને ખોટું ના બોલવું પડે.

ગુરુદેવને છેલ્લા થોડા દિવસોમાં મેં કહ્યું હતું ગુરુદેવ, આપ આવું માનો છો ને જેમ છે એમ છે એમ કહો છો ને સારું છે એમ કહેતા નથી, તો એ તબિયત છે એ સારી નથી. હવે ગુરુદેવ એવું ચાલુ કરી દો, એકદમ સારું છે. એવો જવાબ - આપવાનો !

ગુરુદેવ મારી માતા હતા !

ગુરુદેવ મારા પિતા હતા !

ગુરુદેવ મારા ભાઈ હતા !

ગુરુદેવ મારા અંગત મિત્ર હતા !

ગુરુદેવ આગળ દિલ ખોલીને વાત કરવામાં મેં કાંઈ બાકી રાખ્યું નથી ને ગુરુદેવે પણ પ્રાય: કોઈ કસર રાખ્યા - વગર, મારા ઉપર વિશ્વાસ મુકીને મને પણ લગભગ બધી જ વાતો કરી છે. સિવાય કોઈ આલોચના વગેરે હોય, એ કહેવાનો આધાર નથી, બીજાની આલોચના.

રમુજ જેવી મેં વાત કરી, પ્રાયઃ ગુરુદેવે રમુજ માં જ - લીધી, ગુરુદેવની વિદાયના બે દિવસ પહેલાની - વાત, અરિહંતની ધુન ચાલુ હતી, હોલમાં બધા બેઠા હતા, હું ગુરુદેવની નજીક હતો, વચ્ચે વચ્ચે - પુછતો હતો, ગુરુદેવ સાંભળો છો! ગુરુદેવ આમ માથુ હલાવી ને જવાબ આપતા હતા. સામાન્ય આમ માથુ હલાવે, કોઈક એવું કાંઈક પુછે, તો એ રીતે માથુ હલાવી ને જવાબ આપે. ના કહેવુ હોય તો ના કહે, હા કહેવું હોય તો હા કહે, વચ્ચે મેં ગુરુદેવને પુછ્યું, ગુરુદેવ સારું છે, અને ગુરુદેવે એકદમ તીવ્ર વેગ સાથે માથુ હલાવી ને સંમતિ સૂચક જવાબ આપ્યો.

આ જવાબની અંદર શબ્દ ન હતા !

ઈશારો હતો પણ એનો અર્થ એવો - થતો હતો કે, મને એકદમ - એકદમ સારું છે. એના મૂળમાં મારી પેલી સલાહ ન હતી પણ

ગુરુદેવની અંતરંગ સમાધિ,

એમની મસ્તી, અને

મનની પ્રસન્નતા હતી !

ગુરુદેવમાં ત્યારે થોડુંક ઘેન પણ હતું, સાંભળતા હતા, સમજતા હતા, જવાબ આપતા હતા, થોડીક દવાઓ ને કારણે આવી અસર, પણ ગુરુદેવ જાગૃત હતા, સભાન - હતા, જે વ્યક્તિએ બે વરસમાં ક્યારે આવો જવાબ ન હતો આપ્યો અને સ્પષ્ટ તીવ્ર વેગ સાથે, મને એકદમ એકદમ સારું જે એવા અર્થનો જવાબ !

ઉત્તરાધ્યયન આગમની અંદર, એક અધ્યયન છે જેનું નામ છે, અકામ મરણ- સકામ મરણ. મરણ એ જ આ અધ્યયનનો વિષય છે. અકામ મરણ એટલે જે માણસ મરવાથી ડરે છે, મારે નથી મરવું, ના હું હરગીઝ મરવા નથી માંગતો, મારે જીવવું છે, મારે જીવવું છે, ના.. મને મોત ન આવે, અને માણસ મરી જાય આને અકામ મરણ કહેવાય.

ઉત્તરાધ્યયન સુત્ર કહે છે પાપીનું અકામ મરણ થાય!

ધર્મી હોય, સાધુ હોય, સર્વવિરત હોય, પામેલા શ્રાવક હોય, એનું સકામ મરણ થાય.

कामेन सह वर्तते इति सकामम्।

જેમાં ઈચ્છા સાથેનું મૃત્યુ છે, મારે મરવું છે, મને - બસ હવે મરવાની ઈચ્છા છે, અને મરવું છે. શાબ્દિક રીતે આ સકામ મરણનો અર્થ થાય. પણ ઉત્તરાધ્યયન સુત્ર કહે છે, અહીંયા આ રીતે અર્થ નહિ કરવાનો,

મૃત્યુની ઈચ્છા એ પણ એક પ્રકારની અસમાધિ છે.

શ્રાવકના અતિચારની અંદર લખ્યું છે, સુખ આવે - જીવીતવ્ય વાંછ્યું, દુઃખ આવે મરણ વાંછ્યું, જીવનની ઈચ્છા એ પણ એક પ્રકારની અસમાધિ છે. મરણની ઈચ્છા એ પણ એક પ્રકારની અસમાધિ છે. આચારાંગ સુત્રની અંદર સુધર્મા સ્વામી ભગવાન સ્પષ્ટ કહે છે,

जीवियं नाभिकंखेज्जा मरणं नो वि पत्थए।

તમારે સમાધિ મૃત્યુ જોઈતું હોય, તમારે અંત સમયે સંપૂર્ણ સમાધિ ટકાવી રાખવી હોય, ત્યારે તમારી એવી ભાવના હોવી જોઈએ, ન જીવનની ઈચ્છા હોય, ન મરણની પ્રાર્થના હોય. સાધુનું વિશેષણ ઔપપાતિક આગમની અંદર

DATE

જનાડ્યું,

जीवियआसमरणभयविप्पमुक्का।

જેમની જીવનની આશા નથી ને, મૃત્યુનો ભય નથી, અને આ બંનેથી જે અત્યંત, અત્યંત મુક્ત છે, એનું નામ "સાધુ"!

ઉત્તરાધ્યયન સૂત્રની સકામ મરણની - વ્યાખ્યા તમારે આવી ચીલા-ચાલુ કરવાની નથી, એની જે સમાસની જે વિગ્રહ છે એ જુદી રીતે - બોલવાની છે તમારે, કઈ રીતે બોલવાની ? ઉત્તરાધ્યયન વૃત્તિ ની અંદર શાંતિસૂરીજી મહારાજ જનાડે છે,

सकाममिव सकामम

મણે ઈચ્છા સહિત હોય એના જેવું માટે સકામ! એક માણસને આપણે સિંહ કહીએ આ સિંહ છે, પણ સિંહ ને તો પુંછડું હોય, કેસરા હોય આ બધું શું છે ? એ કંઈ સિંહ છે એમ નહિ, સિંહ જેવો છે. ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે,

सकाममिव सकामम।

મણે ઈચ્છા સહિત હોય, એવી મહાત્માની મસ્તી, એવી પ્રસન્નતા, એવી એમની નિર્ભયતા, કેવો - એમનો ઉત્સવ જેવો માહોલ, અને એના કારણે - મણે ઈચ્છા સહિત હોય, એવું એમનું મૃત્યુ હોય, માટે એને અમે ઈચ્છા સહિત જેવું માટે એને સકામ મરણ કહીએ છીએ.

ગુરુદેવે આખી જિંદગી જે શ્રુતની અંદર, શિષ્યો ની અંદર, શાસનના પ્રશ્નોની અંદર, જિનશાસનના સાત ક્ષેત્રોની અંદર, જે રસ લીધો હોય, જે રૂચિ લીધી હોય, આત્ર સુના હોય,

શ્રુતની વાત આવે, તબીયત સારી હોય ના હોય, ગુરુદેવ તૈયાર થઈ જાય, અને જે શ્રુત માટેનું માર્ગદર્શન - આપે. એવા વિષયોની અંદર પણ, છેલ્લે ગુરુદેવ ઉદાસીન બની ગયા !

પ્રેમસૂરીશ્વરજી મહારાજે આખી જિંદગી - પોતાના શિષ્યોની કાળજી લીધી, શાસન માટે કામ - આવે એવા શિષ્યોની અનેકગણી કાળજી લીધી, એમાંથી એક શિષ્ય એટલે પૂજ્યપાદ ચંદ્રશેખર વિજયજી મહારાજ, જેમની દીક્ષા પહેલાથી પ્રેમસૂરીશ્વરજી - મહારાજ, પોતે સજ્જ બની ગયા હતા કે ક્યા પરિવાર માંથી આવે છે, કેવી શારીરિક પ્રકૃતિ છે, શાસનના રત્ન બને એવા છે, ને માટે એમને કઈ રીતે - સાચવવાના છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજે એની તૈયારી કરી હતી !

આખી જિંદગી જે શિષ્યની કાળજી કરી છે, ૨૦૨૪ ની સાલ ખંભાતની અંદર પ્રેમસૂરીશ્વરજી - મહારાજ બિરાજમાન, અંતિમ એમની અવસ્થા, અહીંયા થી એમના મુખ્ય શ્રાવક રમણલાલ વજેચંદ ગયા હોય, સાહેબ ને વંદન કર્યા હોય, સમાચાર આપ્યા હોય, સાહેબ ચંદ્રશેખર મહારાજ, આટલો શ્રમ લે છે, બે-બે - ત્રણ-ત્રણ કલાક કેટલું બોલે છે. સાહેબ એમનું શરીર ખલાસ થઈ જશે, સાહેબ શરીરમાં પોષણ બરાબર - નથી લેતા, શરીરનું ધ્યાન નથી રાખતા. સાહેબ - આપ એમને કાંઈ કહો, પહેલાના વર્ષોમાં આવી કોઈ વાત આવે, ને સાહેબ એમની ચિંતા, એમની - કાળજી, એમનું વાત્સલ્ય, મન મુકીને વરસતા હોય, એને આમ કહેજે, એને કહેજે સાહેબે કહ્યું છે એને પત્રમાં આ રીતે લખી દે, આ રીતે શરીરની કાળજી લે,

શરીરને શાસન માટે ચલાવવાનું છે. અત્યારે ખલાસ નથી કરી દેવાનું. સાહેબ કેરફેરની હિતશિક્ષાઓ - આપતા.

છેલ્લી અવસ્થાની અંદર, આવા એક વિશિષ્ટ શિષ્યની વાત આવી, અને પ્રેમસૂરીશ્વરજી મહારાજ, સહજતાથી એટલું બોલ્યા, "એને કહેજો કે તબિયત સાચવે". વાત પૂરી. પૂર્ણ નિર્લેપતા. આખી જિંદગી બધાનું કર્યું, હવે માત્ર મારો આત્મા.
અંતિમ સમયે શિષ્યનું મમત્વ હોય એને પણ - શાસ્ત્રોએ અસમાધિ કહી છે. તમારા ઘરેણા, ~~[illegible]~~ તમારા પૈસા, તમારો પરિવાર, તમારું - શરીર, આ બધું ભેગું થઈને, જેમને ભેગું કરવા તમે જિંદગી બગાડી છે. એ બધું ભેગું થઈને, તમારું મોત નહિ બગાડી દે ને, એની ચિંતા - તમને ખરી ?

જેનું મમત્વ રહી ગયું એ હળાહળ ઝેર થઈ જશે!

આવા અનંત મૃત્યુનું કારણ થશે, આની ચિંતા તમને ખરી ?

વસ્તુ છોડવી એ સ્થૂળ વસ્તુ છે!

મમત્વ છોડવું એ સૂક્ષ્મ વસ્તુ છે!

સ્થૂળને નથી છોડી શકતા એમનું સૂક્ષ્મ ક્યાંથી છૂટશે. આની ચિંતા તમને ખરી ? અમે ન હતા ઈચ્છતા કે ગુરુદેવ આવી તૈયારી કરી લે. અમે ન હતા ઈચ્છતા કે ગુરુદેવ વિદાય લઈ લે. હું ગુરુદેવને વારંવાર

કહેતી ગુરુદેવ હજુ દસકો બાકી છે. ગુરુદેવ આવું આપ મનથી ના વિચારો કે હવે જવાનું છે.

ગુરુદેવના એક શ્રાવક અહીંયા બેઠા છે. હસ્તપ્રતનો વિભાગ સંભાળે. ગુરુદેવનું મન એમની મય, ગુરુદેવ આ બધી તૈયારી બંધ કરે. સામગ્રી લઈને ગયા, ગુરુદેવ અહીંયા PERMISSION મળી ગઈ છે, અહીંયા જે હસ્તપ્રતોનો પુનોદ્ધાર થઈ શકે એમ છે. બસ હવે નમે સાહેબ આ દેરાસર ઉપાશ્રય, સાહેબ આપની પ્રેરણાથી અમે આ કાર્ય ચાલુ કર્યું હતું, આ નકશો, બસ હવે નમે .

ગુરુદેવની નવી ચોપડીનું PROOF પહેલી વાર આવ્યું છે, ગુરુદેવ પાસે હું લઈને ગયો છું, કશું બોલ્યાં નથી. ગુરુદેવને બતાવી રહ્યો છું, એક શૂન્ય દ્રષ્ટિ ગુરુદેવે ફેંકી દીધી. મારી ચોપડીનું PROOF આવ્યું, ચાલો જોઈ લઉં, આવી ગુરુદેવના ચહેરા ઉપર કોઈ રેખા ન હતી.

ગુરુદેવ છેલ્લા ત્રણ મહિનાથી લગભગ અનશન જેવું કરી રહ્યા હતા. પ્રવાહી સીવાય કંઈ લઈ રહ્યા ન હતા, છેલ્લે પ્રવાહી પણ ગુરુદેવને બંધ કર્યું હતું, છેલ્લા પંદર દિવસથી કહેતા હતા, મને ફક્ત નવકાર આપો ને મને પાણી આપો. બીજું મારે કશું જોઈતું નથી. આનો અર્થ અમે સમજતા હતા, આના અર્થને અમે સ્વીકારવા તૈયાર ન હતા. અમે ગુરુદેવને ગોચરી વપરાવવાનો આગ્રહ કરતા હતા, જે અમારા પ્રયાસો હતા. ગુરુદેવ બધા જ અમારા ભાવો સમજે ને ગુરુદેવના શબ્દો, તમારે મારું આયુષ્ય વધારવું છે, પણ ચોથની પાંચમ થવાની નથી.

DATE

મહાપુરુષ ના સહજ નીકળેલા ઉદ્‌ગારો, ચોથની રાતે ૨.૪૨ એ ગુરુદેવે મહાપ્રયાણ કર્યું. પાંચમની સવાર પડી નહિ !

પરમ સમાધિ સાથે, પરમ સર્વસંગના ત્યાગ ની સાથે, ઉત્તરાધ્યયન સૂત્ર ની અંદર ગૌતમ-સ્વામીને, મહાવીર સ્વામી ભગવાને કઈ હિતશીક્ષા - આપી છે,

वोच्छिंद सिणेहमप्पणो कुमुयं सारयं व पाणियं ।

તું તારો સ્નેહ છોડી દે, તું તારો બધો જ સ્નેહ - છોડી દે, છોડી દે એટલું જ નહિ એનો ઉચ્છેદ કરી દે, એટલું જ નહિ એનો વિશેષ ઉચ્છેદ, જે રીતે કમળ નું પત્ર હોય એના ઉપર પાણીના ટીપા નાખવામાં આવે, પત્ર એનાથી જરાય લેપાય નહિ. પાણી પત્ર - ની ઉપર છે છતાં પત્ર એનાથી અલગ છે.

से सव्वसिणेहवज्जिए ।

તું સર્વ સ્નેહ વર્જિત થઈ જ, ગૌતમ તું નિઃસ્નેહ થા, ગૌતમ તુ બધો સ્નેહ છોડી દે, ગૌતમ સ્વામી કદાચ ભગવાનની હાજરીમાં, આ વાતને સ્વીકારી બરાબર ના શક્યા. અને ભગવાનની વિદાય થઈ ને રુદન કર્યું, અને રુદન પછી ગૌતમસ્વામી ના કાનમાં આ શબ્દો ગુંજતા હતા, ગૌતમ તું નિઃસ્નેહ થા !

से सव्वसिणेहवज्जिए ।

એ ગુરુદેવની સર્વ સ્નેહ વર્જિત દશા હતી. પરમ સમાધિ સાથે,

સમાધિના એક ઉત્સવની સાથે,

ગુરુદેવે દેહ છોડ્યો છે. ગુરુદેવની આ તૈયારી, આ સજ્જતા, કઈ રીતે આવી, એમાં તો એમના -

આખા જીવનની પરિણતિ અને સાધના કારણ હતી, પણ સમય કઈ રીતે ખબર પડે કે ભાઈ હવે સમય થઈ ગયો. જુદા જુદા એના કારણ હોય છે. યોગશતકની અંદર હરીભદ્રસૂરી મહારાજ, મૃત્યુ જ્ઞાનના અમુક કારણો બતાડે છે. આ કોઈ દુકાન માંડવા માટે નથી હોતું, આતો કહી દીધું ને આતો કહી દીધું ને દસ ભગત વધ્યા- એના માટે નથી હોતું, મહાત્માને અનશન ક્યારે લેવું એની ખબર પડે, અંતિમ આરાધના ક્યારે શરૂ કરવી એ ખબર પડે. આયુષ્ય ઘણું બાકી હોય ને અનશન લઈ લે, અને આયુષ્ય પુરૂ થવા આવ્યું હોય ને ગફલત માં રહી જાય.

શાસ્ત્રકાર ભગવંતો એ અંતિમ સમાધિને એટલું બધું મહત્વ આપ્યું છે. પુષ્પમાલામાં મલધારી હેમચંદ્રસૂરી મહારાજ કહે છે,

सुचिरं पि तवं तवियं चिन्नं चरणं सुअं च बहु पढिअं

બહુ લાંબો સમય તમે તપ તપ્યા, શ્રુત ભણ્યા, તમે સંયમ બહુ નિર્મળ પાળ્યું,

अंते विराहइत्ता अणंतसंसारिणो भणिया

પણ અંત સમયે જો એની વિરાધના કરી, અંત સમયે જો અસમાધિ આવી, આર્ત-રૌદ્ર- અશુભ ધ્યાનમાં મન ગયું, તો આખી જિંદગી કરેલું એના ઉપર પાણી ફરી વળે અને બની શકે કે એ આત્માનો અનંત સંસાર બાકી હોય.

અંત સુધર્યો એનું બધું સુધર્યું !

અંત બગડ્યો એનું બધું બગડ્યું !

તો અંતને મળવો કઈ રીતે હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

नाणं चाऽऽगम देवय पइहा- सुमिणंधरा दिट्ठिओ।

આગમથી, શાસ્ત્રથી જ્ઞાન થાય, કે મારું મૃત્યુ ક્યારે છે. આને પણ જેવા જેવા શાસ્ત્રો છે, જેમાં જેવા લક્ષણો બતાવ્યા. જ્યોતિષ શાસ્ત્ર એ પણ એક આગમનો પ્રકાર કહી શકાય. શુકન શાસ્ત્ર એ પણ એનો પ્રકાર-કહી શકાય.

★ પહેલા નંબર નું કારણ આગમ,
★ બીજા નંબર નું કારણ દેવતા,
★ ત્રીજા નંબર નું કારણ પ્રતિભા,
★ ચોથા નંબર નું કારણ સ્થાન,

★ પાંચમા નંબર નું કારણ તમે અરીસાની સામે ઉભા રહ્યા, અને તમને તમારી આંખની કીકી જ ના-દેખાઈ. આંખની કીકી છે, બીજાને દેખાય છે, તમે અરીસાની સામે ઉભા રહ્યા ને તમને આંખની કીકી ના દેખાઈ, સમજુ લો મૃત્યુ નજીક છે. તમે અરીસાની સામે ઉભા રહ્યા તમને તમારું માથું દેખાતું નથી, સમજુ લો તમારું મૃત્યુ નક્કી છે. નક્કી તો બધાનું છે પણ નજીકમાં છે. તમારી પડછાયો તમે જુઓ છો એમાં તમારું માથું દેખાતું નથી, સમજુ લો-મૃત્યુ નજીકમાં છે.

णासच्छिद्दे तारिगा दंसणाओ ।

તમે અરીસા સામે ઉભા છો તમને નાક દેખાતું નથી. સમજુ લો મૃત્યુ નજીક માં છે.

कण्णाणं सवणाओ ।।

તમારા કાન એકદમ સારા છે, પણ અચાનક સંભળાનું બંધ થઈ ગયું, આવા કોઈ અનિષ્ટ થી તમને ના સંભળાય સમજુ લો મૃત્યુ નજીક છે. ગુરુદેવને પહેલા-ત્રણ કારણથી મૃત્યુનું જ્ઞાન થયું હતું. પહેલું આગમ, જ્યોતિષ શાસ્ત્ર દ્વારા, શાસ્ત્ર દ્વારા, ગુરુદેવને જ્ઞાન થયું હતું.

બીજું દેવતા, એમના દ્વારા જ્ઞાન થયું હતું. ત્રીજું - પ્રતિભા- પ્રતિભા એટલે પોતાને સહજ થતો પ્રતિભાસ ઘણા ગૃહસ્થો ને પણ થતો હોય છે, હવે જસ્ટ હું આટલો પૂછવાનો, અને સાચું પણ પડતું હોય છે, એને પ્રતિભાસ કહેવાય.

યોગશતક વૃત્તિ ની અંદર હરીભદ્ર સૂરી મહારાજ ને પ્રશ્ન કર્યો કે, બીજું બધું તો હજુ અમને સમજાય છે પણ દેવતાથી મૃત્યુ જ્ઞાન થાય આ કઈ રીતે ? હરીભદ્ર સૂરી મહારાજ યોગ શતક ની ટીકાની અંદર આ સવાલનો જવાબ આપે છે.

चारित्री दैवतापरिगृहीतो भवति ।

જે સંયમી મહાત્મા હોય, એ પ્રાય: કરીને કોઈ દેવતાના અધિષ્ઠાન વાળા હોય, કોઈ દેવતા એમનું સાનિધ્ય કરતા હોય, અવાર નવાર પરોક્ષ રૂપે પણ એમની પાસે આવતા હોય,

तस्योचितमन्यदपि देवता कथयत्येव ।

અને એ મહાત્માને યોગ્ય જે કહેવા જેવું હોય, મૃત્યુની તો વાત કરે, અને એ સિવાય ની પણ વાત, એ એમને કરે.

ગુરુદેવની વિદાયના થોડા દિવસ પહેલા એક વ્યક્તિ દ્વારા, ત્રણ દિવ્ય સંદેશ પ્રાપ્ત થયા. દેવતા એ કહેલો સંદેશ દિવ્ય સંદેશ, USA એક વ્યક્તિ, ગુરુદેવને મળ્યો હતો. એમાં પહેલો સંદેશ એનો વિષય એ હતો, કે આપનું મહાપ્રયાણ ક્યારે થશે. બીજો સંદેશ, આપ મહાપ્રયાણ કરીને પરલોકમાં ક્યાં - ઉત્પન્ન થશો. ત્રીજો સંદેશ, આપનો મોક્ષ ક્યારે - અને કેવી રીતે થશે ! કોઈ પણ સંયમીને પૂછનના - અંતિમ સમયે પ્રાય: કરીને આ ત્રણ જિજ્ઞાસા હોય !

અને આ ત્રણ જિજ્ઞાસા ના જવાબ રૂપે, ગુરુદેવને આ ત્રણ સંદેશ મળ્યા હતા. પહેલો સંદેશ, મહાપ્રયાણ ક્યારે થશે એનો જે જવાબ મળ્યો હતો, થોડા દિવસ પહેલા, એ જવાબ સાચો પડ્યો હતો. બીજો પ્રશ્ન પરલોકમાં ગુરુદેવ ક્યાં ઉત્પન્ન થશે, એનો જવાબ બીજા સંદેશ તરીકે મળ્યો હતો → વૈમાનિક બીજા - દેવલોકમાં. ત્રીજો સવાલ, ત્રીજી જિજ્ઞાસા, ગુરુદેવ-નો મોક્ષ ક્યારે અને કેવી રીતે થશે. એના જવાબ રૂપે ત્રીજો જવાબ મળ્યો હતો, ત્રીજો સંદેશ! આવતી ચોવીસીના અગિયારમા તીર્થંકર મુનીસુવ્રત સ્વામી - ભગવાન, બીજું નામ સુવ્રત સ્વામી ભગવાન, એમના ગણધર થઈને ગુરુદેવનો મોક્ષ થશે.

પહેલો સંદેશ સાચો પડ્યો. એનાથી - આપણને એવી પ્રતીતી થાય કે, બાકીના બે સંદેશ પણ સાચા હોવા જોઈએ. આગમની અંદર ગણધર - નામ કર્મની જે યોગ્યતા બતાડી છે, યોગબિંદુ વગેરે ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજના જે શબ્દો છે,

स्वजनादिगतं तु यः

એ યોગ્યતા ગુરુદેવની અંદર, સ્પષ્ટ શાસ્ત્ર દ્રષ્ટિએ દેખાતી હતી. એટલી જ નહિ એનાથી પણ વધારે યોગ્યતા દેખાતી હતી. એ યોગ્યતાનું ફળ ગુરુદેવને ન મળે એ કાંઈ ન બનવા જોગ નથી. ભગવતી - સૂત્ર નો પાઠ છે,

तच्चं पुण भवग्गहणं नाइक्कमइ।

સદ્ગુરુ નો ત્રણ ભવથી વધારે સંસાર ન હોય. આ આગમની પણ સાક્ષી છે. છતા આવી બાબતો એના દાવા પણ ના હોય, એના પુરાવા પણ ના હોય, બધા પોતપોતાના ગુરુ ને તીર્થંકરની આત્મા બનાવી દે. આવી કદાચ પ્રવૃત્તિ ચાલુ થઈ જાય.

નિરાધાર આવી વાત કદી પણ કરી ના શકાય. માનવું ન માનવું એ વ્યક્તિગત બાબત હોય છે. જેને જે-માનવું હોય તે માની શકે. પણ આવા મહાપુરુષ-આસન્ન સિધ્ધિક હોય, અને ત્રીજ ભવે એમનો મોક્ષ થાય. અને ગણધર થઈને મોક્ષે જાય. એમાં કાંઈ ન બનવા જોગ કાંઈ છે નહિ.

પહેલા સંદેશાનું જે સત્યત્વ પુરવાર થયું, એને આંશિક પુરાવો કહી શકાય. ગુરુદેવ નું જીવન, એમના ગુણો, એમની પરિણતિ, એને પણ પુરાવો-ગણી શકાય.

## ગુરુદેવ અમારી દુનિયા હતી !

ગુરુદેવ ગયા એટલે બધું જ ખાલી ખમ થઈ ગયું હોય-એવું લાગે.

## સદ્‌ગુરુ નિશ્ચય અક્ષય તૃતીયા હોય છે !

અક્ષય-તૃતીયા એટલે દાનનું પર્વ, બધુ જ ખાલી કરીને ગુરુદેવ ગયા છે. ગુરુદેવ બધું જ ફરીથી ભરી દે એવી પ્રાર્થના સાથે ગુરુદેવના ગુણાનુવાદ સમાપ્ત કરું છું.

---